



# શાસ્ત્ર મંથન

ભાગ-૩

## સમયસાર શાસ્ત્ર સુગમ પ્રવેશ



શ્રી કુંદકુંદાચાર્ય દેવ







પંડિતરત્ન શ્રી હિંમતભાઈ શાહ

# શ્રદ્ધાંજલી



## નૂતનબેન યોગેશભાઇ ગાંધી

:: જન્મ ::
૦૪ / ૧૧ / ૧૯૫૬
બરવાલા (ઘેલાશા)

:: દેહ પરિવર્તન ::
૦૧ / ૦૮ / ૨૦૨૧
મુંબઇ

અમારા આદરણીય અગ્રજ બહેન નૂતનબેન અમારા પરિવારના અગ્રણી સમાન હતા. અમારા માતુશ્રી રમાબેનના દેહ પરિર્તન પછી અમારા પિતાશ્રી અને અમે સૌ ભાંડુઓને શાંતિ અને સમાધાન રખાવવામાં તેમનું અનન્ય યોગદાન હતું. નૂતન બહેનને પરમ પૂજ્ય કહાન ગુરુદેવ અને ભગવતી માતા પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો. છેલ્લા બે, ત્રણ વર્ષથી તેઓ નિયમિત સ્વાધ્યાય અને આત્મહિત માટેનો ઉગ્ર પુરુષાર્થ કરતા હતા.

તેમનું દેહ પરિવર્તન ટૂંકી માંદગીમાં અને જાગૃત અવસ્થામાં થયું. તેમના અંત સમયે એક વિદ્વાન શ્રી એ ફોનમાં વાત કરવા પ્રયાસ કર્યો પરંતુ નૂતનબહેન તે પહેલાં બોલી ઉઠ્યા, હું પર્યાયથી કે રાગથી શૂન્ય છું. હું માત્ર શુદ્ધ ચૈતન્ય આત્મ સ્વરૂપ છું. ચૈતન્યની વેલડી મને લેવા આવી પહોંચી છે.

નૂતનબહેનની ''જીવન જ્યોત'' અમારા જીવનમાં જાગૃતિનું કારણ બની છે. તેમના આત્મ કલ્યાણ અર્થે તત્વરીતથી ભરપૂર આ પુસ્તકના પ્રકાશનનો લાભ મેળવી અમે ગૌરવ અનુભવીયે છીએ...



✦ લી. ✦

**રાજુલ રાકેશ શાહ - ફ્લોરીડા, USA**



# પ્રકાશકીય

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી અને પૂજ્ય બહેન શ્રી ચંપાબેન પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સરળ, સુગમ અને લોકભોગ્ય શૈલીમાં રજુ કરવાની ભાવના સાથે અમોએ અગાઉ ''જૈન તત્વદર્શન : ભાગ ૧ થી ૫'' પ્રકાશિત કરેલ છે. આ ઉપરાંત સમયસાર, પ્રવચનસાર અને પંચાધ્યાયી જેવા ગહન શાસ્ત્રોનું 'સમયસાર સેતુ', 'પ્રવચનસાર પિયુષ' અને 'પંચાધ્યાયી પરિમલ' નામે સુગમ શૈલીમાં કરાયેલા આ પ્રકાશનો પ્રાથમિક મુમુક્ષુઓ માટે માર્ગદર્શિકા સમાન છે.

આ શ્રેણીમાં **'શાસ્ત્ર મંથન'** ના પાંચ ભાગ બહાર પાડવાનું આયોજન છે. આ અગાઉ બહાર પડેલ 'શાસ્ત્ર મંથન : ભાગ ૧ – અનેકાંતનું સ્વરૂપ' અને 'શાસ્ત્ર મંથન : ભાગ ૨ – જીવના અસાધારણ ગુણો' ના પ્રકાશનને સારો પ્રતિભાવ મળેલ છે. આ શૃંખલા આગળ વધારતા **'શાસ્ત્ર મંથન : ભાગ ૩ – સમયસાર શાસ્ત્રમાં સુગમ પ્રવેશ'** નું પ્રકાશન કરતાં હર્ષ અનુભવીએ છીએ.

પૂ.ગુરુદેવશ્રી, સોનગઢ અને સમયસાર પર્યાયવાચી શબ્દો બની ગયા છે. પૂ. ગુરુદેવશ્રીએ સમયસારના ગહન રહસ્યો ખુલ્લા કર્યા છે તેના કારણે અત્યારે આખો જૈન સમાજ તેમાંથી સમયસારનો અભ્યાસ કરતો થયો છે. સમયસાર શાસ્ત્રના પ્રવેશને સુગમ બનાવવા માટે અહીં યત્કિંચિત્ પ્રયત્ન કરવામાં આવ્યો છે. તો તેનો મુમુક્ષુ સમાજ ભરપૂર લાભ ઉઠાવશે તેવી ભાવના છે.

આ પુસ્તક www.atma-darshan.org પર ઉપલબ્ધ છે અને ફ્રી ડાઉનલોડ કરી શકાય છે.

આ પુસ્તકના અભ્યાસ દ્વારા સૌ શાસ્ત્ર મંથનનાં સાર રૂપ 'સમયસાર શાસ્ત્રના મંથન'ને પામે એવી પવિત્ર ભાવના....

૧૫, પંચનાથ પ્લોટ,
રાજકોટ-૧

અધ્યક્ષ શ્રી,
શ્રી કુંદ કુંદ કહાન પરિવાર યુવક મંડળ ટ્રસ્ટ – રાજકોટ

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૦૧ | ઉપોદઘાત | ૦૦૧ |
| ૦૨ | નવતત્વ | ૦૦૨-૦૦૩ |
| ૦૩ | સમયસાર શાસ્ત્રના આધારે નવતત્વ | ૦૦૪-૦૦૭ |
| ૦૪ | પૂર્વ રંગ | ૦૦૮ |
| ૦૫ | સમયસાર પૂર્વ રંગ | ૦૦૯-૦૫૫ |
| ૦૬ | જીવ - અજીવ - અધિકાર | ૦૫૬-૦૭૫ |
| ૦૭ | સમયસાર કર્તા-કર્મ અધિકાર | ૦૭૬-૦૮૭ |
| ૦૮ | આસ્ત્રવ અધિકાર | ૦૮૮-૦૯૬ |
| ૦૯ | સંવર અધિકાર | ૦૯૭-૧૧૧ |
| ૧૦ | નિર્જરા અધિકાર | ૧૧૨-૧૨૫ |
| ૧૧ | બંધ અધિકાર | ૧૨૬-૧૩૪ |
| ૧૨ | મોક્ષ અધિકાર | ૧૩૫-૧૬૦ |
| ૧૩ | ભવ્ય જીવનો ઇતિહાસ | ૧૬૧-૧૬૬ |

# ઉપોદ્‌ઘાત

મુમુક્ષુ સમાજમાં સમયસાર શાસ્ત્ર અને પૂ. ગુરુદેવ શ્રી સમાનવાચી શબ્દો જેવા થઈ પડ્યા છે. પૂ. ગુરુદેવની જેમ કુંદકુંદાચાર્યનું સમયસાર શાસ્ત્ર ઘણાં જીવોની પરિણતિ ફરવામાં નિમિત્ત થયું છે. પૂ. ગુરુદેવ બંને આચાર્ય ભગવંતોનો ઘણો આદર અને મહિમા કરતા હતા.

સોનગઢમાં પૂ. ગુરુદેવે પહેલેથી છેલ્લે સુધી સળંગ સ્વાધ્યાય અઢાર વખત કર્યો છે અને મુમુક્ષોને કરાવ્યો છે. તેથી બધા મુમુક્ષોઓને આ શાસ્ત્રનો મહિમાપૂર્વક અભ્યાસ પણ થયો છે. વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં પણ થતો રહેશે. વિજ્ઞાનના વિકાસને કારણે આજે પણ મુમુક્ષુઓને શાસ્ત્ર સ્વાધ્યાય સમયના પૂ. ગુરુદેવના ભાવ અને રણકાનો અનુભવ થાય છે.

સમયસાર શાસ્ત્રનો સ્વતંત્ર સ્વાધ્યાય કરવા માગનારા કે એ આશયથી પૂ. ગુરુદેવની ટેપ સાંભળવા બેસનાર મુમુક્ષોઓને દરેક અધિકારનું તાત્પર્ય સર્વપ્રથમ લક્ષમાં આવે એવા એક વિનમ્ર પ્રયાસ આ લખાણમાં કરવામાં આવ્યો છે.

આ પવિત્ર શાસ્ત્રનો ગુજરાતી ભાષામાં ભાવ સહિત રૂપાંતર કરવાનો અલભ્ય લાભ આદરણીય પં.શ્રી હિંમતભાઈને મળ્યા એ એમનું અને સૌભાગ્ય છે અને સાથો સાથ આપણું પણ સૌભાગ્ય છે કે આપણને આપણી માતૃભાષામાં સહેલું થયું.

આ શાસ્ત્રના અલગ અધિકારોના તાત્પર્યને તેની પ્રયોજનભૂત ગાથાઓના માધ્યમ વડે પ્રાથમિક માહિતી પ્રાપ્ત થાય એ આશયથી આ લખાણ કરવામાં આવ્યું છે.

# નવતત્વ

આત્મકલ્યાણ માટે છ દ્રવ્યની જેમ નવ તત્વ નો અભ્યાસ આવશ્યક છે. તે આપણે સરળતાથી સમજવાનો પ્રયત્ન કરીએ.

| <u>જીવ</u> | | <u>અજીવ - આ બંને પરિણમતા દ્રવ્યો છે.</u> | |
|---|---|---|---|
| ભાવ પુણ્ય | | દ્રવ્ય પુણ્ય | બંધ તત્વ |
| ભાવ પાપ | | દ્રવ્ય પાપ | |
| ભાવ આસ્રવ | | દ્રવ્ય આસ્રવ | |
| ભાવ બંધ | | દ્રવ્ય બંધ | |
| ભાવ સંવર | | દ્રવ્ય સંવર | સાધક તત્વ |
| ભાવ નિર્જરા | | દ્રવ્ય નિર્જરા | |
| ભાવ મોક્ષ | | દ્રવ્ય મોક્ષ | પરમાત્મ તત્વ |

શિક્ષક : આમાં જીવ અને અજીવ બે દ્રવ્ય છે અને અન્ય સાત તેમની પર્યાયો છે. જીવના પરિણામની આગળ 'ભાવ' સંજ્ઞા અને અજીવના પરિણામની આગળ 'દ્રવ્ય' સંજ્ઞા લાગુ પડે છે. જીવના સમસ્ત પરિણામને કર્મના પરિણામ સાથે નિયમભૂત નિ.નૈ. સંબંધ છે. નવ તત્વનો વિચાર કરીએ ત્યારે અજીવમા માત્ર પુદ્ગલ દ્રવ્ય આવે છે અને તેમાં પણ દ્રવ્ય કર્મ જ લેવા માંગે છે. આ રીતે જીવના બધા પરિણામોને અશુદ્ધ દ્રવ્યના પરિણામો કહે છે કારણકે ત્યાં દ્રવ્ય કર્મની સાપેક્ષતા અનિવાર્ય છે. બધા ભવ્ય જીવોના અનાદિથી અનંતકાળ સુધીના બધા પરિણામોનો ઇતિહાસ એ નવ તત્વ છે. તેમાં અજીવ અને જીવના બધા પરિણામોનો અભ્યાસ કરવાનો છે. જીવમાં આપણો જીવ લેવો.

હવે પરિણામનો વિચાર કરીએ ત્યારે પ્રથમ પુણ્ય-પાપ આસ્રવ અને બંધનો અભ્યાસ કરીએ. એ જીવના વિભાવ પરિણામ છે. તેને ઔદયિક ભાવ કહે છે. કારણ કે તેમાં દ્રવ્ય કર્મના ઉદયની સાપેક્ષતા છે. જીવના શુભ અને અશુભ ભાવોનું સ્વરૂપ વિસ્તારથી સમજવું આવશ્યક છે. તેથી તેનો અલગથી અભ્યાસ કરવો યોગ્ય છે. એ ચારિત્ર ગુણની અશુદ્ધ પર્યાયો છે. મિથ્યાત્વ ના પરિણામ પણ અશુદ્ધ છે એ અજ્ઞાન દશામાં તેની જ મુખ્યતા છે. તે પરમાર્થે જીવને ચાર ગતિ પરિભ્રમણ નું મૂળ કારણ છે. શુભ અને અશુભ ભાવો સંસાર લાંબા સમય સુધી ચાલુ રહેવાનું કારણ બને છે.

દ્રવ્ય કર્મ જીવની સાથે બંધાવા માટે આવે છે તેને બંધ કહે છે. જીવના વિભાવને કારણે નવા કર્મો બને અને જીવ સાથે બંધાવા માટે આવે છે તેથી વિભાવને આસ્રવ તત્વ કહે છે. આસ્રવ એટલે કર્મોનું મર્યાદામાં રહીને બનવું. દ્રવ્ય કર્મ બને તેને દ્રવ્ય આસ્રવ કહે છે. જીવના જે ભાવને નિમિત્તે તે બને છે તે વિભાવ ભાવને આસ્રવ કહે છે. દ્રવ્ય કર્મનું બનવું અને જીવ સાથે બંધાવું એ સંસાર અવસ્થામાં એક સળંગ પ્રક્રિયા છે પરંતુ પ્રયોજન વશ તેને બે ભાગમાં સમજાવવામાં આવે છે.

સંવર એટલે જીવની અપૂર્ણ શુદ્ધ પર્યાયની પ્રગટતા અનાદિનો અજ્ઞાની જીવ જ્યારે જ્ઞાની થાય ત્યારે તે શુદ્ધ પર્યાયની પ્રગટતા કરે છે. તે શુદ્ધતાના અંશો વૃદ્ધિગત થઈને છેવટે પરિપૂર્ણ શુદ્ધતા રૂપે પરમાત્મ દશા રૂપે થાય છે. શુદ્ધતાની પ્રગટતા વૃદ્ધિ એ સંવર તત્વ છે. શુદ્ધતાની પ્રગટતા અને વૃદ્ધિ સાથે અશુદ્ધ પર્યાયો, આસ્રવ તત્વનો અભાવ થતો જાય છે, તેથી સાધક દશામા આંશિક શુદ્ધતા તથા આંશિક અશુદ્ધતા બંને લક્ષગત થાય છે. સંવર અને સાધક દશા બંને સમાનાર્થી નથી કારણકે સંવરમાં માત્ર શુદ્ધતાની જ વાત કરવામાં આવે છે.

# સમયસાર શાસ્ત્રના આધારે નવતત્ત્વ

જીવ અનાદિકાળથી જે રીતે પરિણમી રહ્યો છે ત્યાંથી તેને પરમાત્મદશા સુધી પહોંચાડવો જરૂરી છે. તેથી અનાદિકાળથી જે માર્ગ છે તેનું નિરૂપણ નવતત્વના અભ્યાસમાં છે. આપણે તેનો અભ્યાસ કર્યો છે. હવે સિદ્ધાંતની પુષ્ટિ માટે આગમાર્થ જરૂરી હોય છે. સમયસમાર શાસ્ત્રમાં નવતત્વનું વિસ્તારથી કથન છે. વળી પૂ. ગુરુદેવશ્રીને તે શાસ્ત્ર વિશેષ પ્રિય હતું તેથી તેનો આધાર લઈને ફરી સંક્ષેપમાં અભ્યાસ કરીએ.

જીવ અને અજીવ બે તદ્દન પૃથક દ્રવ્યો છે. જે શાશ્વત છે. પરિણામ તરફથી જોઈએ તો જીવ અનાદિકાળથી પુદ્ગલના વણથંભ્યા નાચમાં સાથે જોડાવા જાય છે. જીવ પ્રેક્ષક થઈ તે નાચને સાક્ષીભાવે જુએ તેમાં કોઈ દોષ નથી પણ સંસાર અવસ્થામાં જીવનું જે ક્ષેત્રાંતર જોવા મળે છે. તે પુદ્ગલના સંગને આભારી છે. સિદ્ધ પરમાત્મા એક જ સ્થાને સ્થિર છે. તેથી પુદ્ગલના નાચ સાથે નાચવા જવું જીવને ભારે પડે છે. તે જીવ ત્યારે તેનાથી થાકે છે ત્યારે આત્મકલ્યાણના માર્ગે વળે છે.

જીવ પુદ્ગલ પરમાણુ સાથે નથી જોડાતો તે માત્ર સ્કંધથી જ અભિભૂત થયો છે. જીવના પુદ્ગલ સાથેના સંબંધને ત્રણ અલગ રીતે લક્ષમાં લેવામાં આવે છે. નિયમરૂપે દ્રવ્યકર્મ સાથે શરીર સાથે અને સંયોગો સાથે એ ત્રણમાં અલગ અલગ રીતે અને પછી બધાનો સાથે અભ્યાસ કરવામાં આવે તો સંપૂર્ણ ચિત્ર મનોભૂમિમાં સ્પષ્ટ થાય. આચાર્યદેવે ૨૯ ભેદ દ્વારા આ દર્શાવ્યું છે. અજ્ઞાની જીવ પોતાને સંયોગાધીન શરીરની સ્થિતિને આધીન તથા કર્મોદયને આધિન માનીને પોતાને લાચાર માને છે. સાચુ શું છે. તે જ્ઞાની જાણે છે. બધા સ્વતંત્ર છે તે વાત મુખ્ય રાખીને ''જીવના ભાવની સાથે કુદરત બંધાયેલી છે'' એમ જાહેર કરે છે. પુદ્ગલ સાથે નાચવાનો સંબંધ માન્ય કર્યો તો તે દુઃખી છે. જો તે પુદ્ગલથી તલાક લઈ લે તો સંસાર આટોપાય જાય. તેથી જીવ અજીવ અધિકારમાં બંને ને તેના નિશ્ચિત-અસાધારણ લક્ષણથી તદ્દન ભિન્ન લક્ષમાં લેવાનો અનુરોધ કરે છે. જીવ તો જ્ઞાન સ્વભાવ છે. વિભાવને કરે તેવો સ્વભાવ નથી. તેથી જે પોતાને અરૂપી જ્ઞાયક રૂપે સ્થાપે છે અને તેને અનુસરે તો જ્ઞપ્તિ ક્રિયા જ પ્રગટ થાય છે અને વિભાવધારા ક્ષીણ થતી જાય છે.

પરિણામ તરફથી લક્ષમાં લેવામાં આવે તો પરિણમતા જીવ દ્રવ્યમાંથી સાત પ્રકારની પર્યાયો પ્રગટે છે. તેનો બે ભાગમાં વિચાર કરવામાં આવે તો જ્ઞાની-અજ્ઞાની એવા ભેદ પડે છે. ત્રણ ભેદથી લક્ષમાં લેવું હોય તો જ્ઞાનીમાં સાધક અને સિદ્ધ એવા બે ભેદ અને અજ્ઞાની ગણીને ત્રણ ભેદ છે. તેમાં આપણે પુણ્ય-પાપ-આસ્રવ-બંધ એ ચાર બહિરાત્મ-અજ્ઞાન દશાનો વિચાર કરીએ છીએ નવતત્વમાં કર્તા કર્મની વાત નથી. પરંતુ અજ્ઞાન દશા એ કર્તા કર્મ પ્રવૃતિ જ છે. તેથી ૭૪ ગાથાઓ દ્વારા આચાર્ય દેવ કર્તા કર્મનું સ્વરૂપ સમજાવે છે. તેમાં જીવ અને પુદ્ગલ વચ્ચેના

અસમાનજાતીય દ્રવ્ય પર્યાયનું વર્ણન કરે છે. જે વિષય આચાર્યદેવે જીવ-અજીવ અધિકારમાં વિસ્તારથી લીધો છે. તેના સિદ્ધાંતો કર્તા કર્મ અધિકારમાં સમજાવ્યા છે. અજ્ઞાની જીવકર્તા થઈને અભિપ્રાયમાં પોતાને પરદ્રવ્યના પરિણામનો કર્તા માને છે. પરંતુ તે ખરેખર પરનો કર્તા થતો નથી. તે પોતાના વિભાવનો કર્તા થાય છે. અજ્ઞાનીની માન્યતા-ભાવ મિથ્યાત્વ ખોટી છે. તે સિદ્ધ કરવા માટે પ્રત્યેક દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે. તેના પરિણામમાં કોઈ નિમિત્ત રૂપની પરાધીનતા પણ નથી. તેથી કર્તા કર્મ અધિકારમાં દ્વિક્રિયાવાદનો નિષેધ દર્શાવ્યો છે. દ્વિક્રિયાવાદમાં બે અપેક્ષા આવે છે. કેટલાક કાર્ય એક દ્રવ્યથી શક્ય નથી. બે કે અધિક મળીને જ તે કાર્ય થાય છે એમ માને છે. 'એક હાથે તાળી ન પડે', 'એક શાકથી ઊંધીયું ન બને', 'એક વાજીંત્રથી ઓરકેસ્ટ્રા ન થાય' વગેરે દૃષ્ટાંત આપીને 'વિના સહકાર નહીં ઉદ્ધાર' આવી અજ્ઞાનીની માન્યતા છે. તે ઉપરાંત એક દ્રવ્યમાં અધિક શક્તિ હોય તો તે બીજાને મદદ કરે એવું પણ દ્વિક્રિયાવાદ માને છે. પરંતુ તે બધું ખોટું છે. બે પદાર્થના સંગના પરિણામને લક્ષમાં લઈએ ત્યારે પણ દરેક દ્રવ્ય પોતાના પરિણામને જ કરે છે. સ્વભાવનો જ ફાળો આપે છે. દૃષ્ટાંત - એકરસ ફીણેલી ખીચડીમાં પણ ચોખા કાર્બોહાઈડ્રેટ આપશે અને મગની દાળ પ્રોટીન આપશે.

પુણ્ય-પાપ-આસ્રવ-બંધનો સાથે વિચાર કરવાથી અજ્ઞાનમય પરિણામ સમજી શકાય છે. તે વાત મુખ્ય રાખીને ભેદથી વિચારીએ તો આસ્રવ બંધ જ મુખ્ય છે. પુણ્ય-પાપ તો તેમાં ગર્ભિત છે. તેમ છતાં એક અલગ અધિકાર લેવાનું પ્રયોજન એ છે કે જે સાચુ સમજવા આવે છે તે આર્યવૃત્તિવાળો જીવ છે. અશુભ તો છોડવા લાયક જ છે એટલું તો એણે નક્કી કરી જ લીધું છે. તેથી તેને 'પુણ્ય-પાપ બંને ચાંડાલના પુત્રો છે' એવાં દૃષ્ટાંત દ્વારા બંનેનો બંધમાર્ગમાં સમાવેશ થાય છે તે મુખ્યપણે સમજાવવા માગે છે.

આસ્રવ-બંધનો સાથે જ વિચાર કરવો જરૂરી છે. કારણ કે તે એક સળંગ પ્રક્રિયા છે. માત્ર આસ્રવ તો બાર-તેર ગુણસ્થાનમાં જ હોય છે. બંધનમાં મિથ્યાત્વ જ મુખ્ય છે. અવિરતિ કષાય તે ચારિત્રનો દોષ છે. સમયસાર શાસ્ત્રમાં આસ્રવ પછી સંવર અધિકાર લીધો છે અને મોક્ષ પહેલા બંધ અધિકાર લીધો છે. ત્યારે આપણે વિચાર કરતા થઈ જઈએ. સંવર થતા માત્ર આસ્રવ રોકાય અને કર્મબંધ ચાલુ રહે તેમ તો બને નહીં. તેથી આ ક્રમનો આશય સમજવો જોઈએ.

જીવ અને (અજીવ) દ્રવ્યકર્મની પર્યાયના જે રીતે નામ આપ્યા છે તે કઈ અપેક્ષાથી આવ્યા છે. તે લક્ષમાં લેશો તો ખ્યાલ આવશે કે દ્રવ્યકર્મને મુખ્ય રાખીને નામ આપ્યા છે. દ્રવ્ય કર્મ બને છે તે આસ્રવ. દ્રવ્યકર્મ જીવ સાથે બંધાય છે તે બંધ. દ્રવ્યકર્મ બનતા અટકે છે તે સંવર. બંધાયેલા કર્મો ખરતા જાય છે તે નિર્જરા. પરમાર્થ નવા કર્મો બંધાતા અટકે અને બંધાયેલો કર્મો ખરતા જાય તે સંવરપૂર્વક નિર્જરા. બંધનો સર્વથા અભાવ તે મોક્ષ. આ રીતે લક્ષમાં લેતા જો કર્મો આવતા જ અટકે તો બંધાવાનો પ્રશ્ન ન રહે. તેથી આસ્રવ પછી સંવર અધિકાર લીધો છે. વળી બંધનો સર્વથા અભાવ થાય તે જ મોક્ષ છે. મુકાવું છે. તેથી બંધ પછી મોક્ષ અધિકાર લીધો છે.

દ્રવ્યકર્મો બને છે અને જીવ સાથે બંધાય છે તે અજ્ઞાન દશા પરમાર્થે એક પ્રક્રિયા છે. તેમાં નિમિત્ત કારણમાં મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ રૂપ દ્રવ્યાસ્રવો છે આ ચાર અજ્ઞાન દશામાં સાથે જ છે પરંતુ કર્મબંધનો વિચાર કરીએ તો યોગ ને અનુસરીને પ્રકૃતિ અને પ્રદેશ બંધ થાય છે. અન્ય ત્રણ અનુસાર સ્થિતિ અને અનુભાગ બંધ થાય છે. માટે આસ્રવ-બંધને અલગ લેવામાં આવે છે. અલગરૂપે વિચારવામાં આવે છે ''જીવના ભાવની સાથે કુદરત બંધાયેલી છે'' જીવ અરુપી જ્ઞાયક છે. સ્વભાવે બધા દ્રવ્યોની જેમ નિરપેક્ષ શુદ્ધ છે. પરંતુ જીવને પર્યાયની મુખ્યતાથી જોવામાં આવે ત્યારે તેને સ્વાભાવિક પરિગમન ઉપરાંત સ્વભાવથી વિરુદ્ધ રીતે પરિણમવાની પણ ચાલ છે. તે જીવની યોગ્યતા છે. તે જીવની વૈભાવિક શક્તિ છે. તે પરિણામ પરાશ્રયે જ શક્ય છે. તે રીતે થયેલા પરિણામ અશુદ્ધ જ છે. જીવ જ્ઞાન સ્વભાવી છે છતાં તેને જ્ઞાની રહેવાને બદલે અજ્ઞાનીરૂપે જીવન જીવવાની છૂટ છે. બધા જીવો અનાદિકાળથી આ રીતે અજ્ઞાની રહીને અજ્ઞાનમય જીવન જીવી રહ્યા છે. એ અસમાનજાતિય દ્રવ્ય પર્યાયનો ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે આવા અજ્ઞાની જીવના અજ્ઞાનમય જીવનને આભારી છે. જ્ઞાયક સ્વભાવી આત્મા જ્ઞાતાભાવ રૂપે પરિણમીને વિશ્વના સમસ્ત પદાર્થોને જાણે તે જીવની સર્વજ્ઞ દશા-મોક્ષ છે. તે આખા વિશ્વ સાથે નિર્દોષ જ્ઞે.જ્ઞા. સંબંધમાં આવે છે. તે દશા અનંત સુખરૂપ છે. અજ્ઞાની જીવ વિભાવરૂપે (અજ્ઞાનભાવ રૂપે) પરિણમીને દ્રવ્યકર્મ મારફત શરીર અને સંયોગો સુધી પહોંચે છે. આ પરિણામ અશુદ્ધ છે - વિકૃત છે તેના અભિપ્રાયમાં વિશ્વના બધા પદાર્થો પોતાને આત્માને માટે ભોગ-ઉપભોગની સામગ્રી લાગે છે. જીવ અને પુદ્ગલ બંને સ્વતંત્ર છે અને બે વચ્ચે અતુટ અસ્તિ-નાસ્તિ છે. બે દ્રવ્યે કર્તા કર્મ કે ભોક્તા ભોગ્ય સંબંધ શક્ય જ નથી.પરંતુ અજ્ઞાની જીવ પોતાના અજ્ઞાનના કારણે તરંગની દુનિયામાં પોતાને વિશ્વનો સ્વામી-માનીને ચેષ્ટા કરે છે.

વિશ્વની નિર્દોષ વ્યવસ્થાને યોગ્ય રીતે સમજીને જે જ્ઞાની થાય છે તે પોતાના સ્વભાવની મર્યાદામાં આવે છે. તરંગની દુનિયા છોડીને, ચારગતિ પરિભ્રમણ છોડીને, નાટકના સભ્ય થવાને બદલે તેનાથી છૂટીને પ્રેક્ષકની ગેલેરીમાં સ્થાન પામે છે.

બધા જીવો આ રીતે સુખી થાય એવા હેતુથી કુંદકુંદાચાર્ય દેવે આ સમયસાર શાસ્ત્રની ''નાટક સમયસાર'' રૂપ રચના કરી છે. હાલમાં મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર ભગવાનની વાણી સાંભળીને અહીં પધારેલા આપણા પૂ.ગુરૂદેવશ્રીના કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર શાસ્ત્ર હાથમાં આવતા પોતાની પરિણતિ પલટી અને તેનો લાભ આપણને આપ્યો છે.

શ્રી કુંદકુંદાચાર્ય દેવ શાસ્ત્રના શરૂઆત કરી ત્યાર પહેલાના જ ''સમય'' શબ્દને કેન્દ્રમાં રાખીને તે શબ્દ છ પ્રકારના ભાવ માટે વાપરવામાં આવે છે. તેમાં ત્રણ ભાવ મુખ્ય છે. તે અંગે આપણને જાગૃત કરવામાં આવે છે. તે શબ્દો છે જ્ઞાન સમય, શબ્દ સમય અને અર્થ સમય. એક અપેક્ષાએ ત્રણે એ જ ક્રમમાં સમજવા જરૂરી છે. બીજી રીતે વિચારતા ગુરુ અને શિષ્ય વચ્ચે સંબંધ કઇ રીતે થાય છે. તેનું પણ તેમાં નિર્દશન છે. જ્ઞાન સમય શબ્દ દ્વારા જ્ઞાની

ગુરુની વાત છે. તેમાં દેવ-ગુરુ કે પંચ પરમેષ્ટિ બધાનો સમાવેશ થાય છે. પરમેષ્ટિ જ ગુરુ છે તે વાત શિરોમાન્ય કર્યા બાદ આત્મજ્ઞાની પણ ગુરુ છે. તે લક્ષમાં લેવું જરૂરી છે. શ્રી ગુરુના નિકટ પરિચયમાં આવતા પાત્ર ભવ્ય જીવ જ્ઞાનીની અંતરંગ પરિણતિને જાણી લે તે ઉત્તમ છે. એમ ન બને ત્યારે શિષ્યને સમજાવવા માટે વચન વ્યવહાર અનિવાર્ય બને છે. તે બોલાયેલા અને લખાયેલા ઉપદેશ રૂપ છે. તેમાં પ્રત્યક્ષ ગુરુ પાસેથી ઉપદેશ મેળવવો જેને દેશના લબ્ધિ કહે છે. એની મુખ્યતા છે ત્યાં જ્ઞાનની-વિચારોની આપ લે છે. ક્યાંય પરાધીનતા નથી આ વચન વ્યવહાર તે 'શબ્દ સમય' છે. વાચક એવા વચનોનું વાચ્ય શુદ્ધાત્મા છે. પાત્ર ભવ્ય જીવ આ રીતે ગુરુપ્રસાદથી સ્વાનુભૂતિ તરફનો પુરુષાર્થ ઉપાડે છે. તેને અહીં 'અર્થ સમય' કહે છે. શબ્દ સમયનું વાચ્ય અર્થ સમય છે.

આખું ચિત્ર લક્ષમાં રાખીને અમૃતચંદ્રાચાર્ય દેવ નમસ્કાર રૂપ માંગલિક કરે છે. તેમાં પ્રથમ નમઃ ભાવાય અર્થાત ઐકત્વ-વિભક્તરૂપ સ્વરૂપ અસ્તિત્વ સત્તા અને તેના મુળમાં રહેલ દ્રવ્ય સામાન્ય સ્વભાવને નમસ્કાર કરે છે. ત્યારબાદ ''નમઃચિત્સ્વભાવ'' શબ્દ દ્વારા આત્માને નમસ્કાર કરે છે. ત્યારબાદ પોતાના સ્વભાવને લક્ષમાં રાખીને ''નમઃસમય સારાય''રૂપે અદભૂત માંગલિક કરે છે. જ્ઞાન જેને જાણે તેને સંપૂર્ણ ભેદ સહિત જાણે છે. અહીં જ્ઞાનમાં સ્વાનુભૂતિ મુખ્ય છે.

# પૂર્વ રંગ

પૂ. ગુરુદેવશ્રીના હૃદય કમલમાં બિરાજમાન શ્રી સિમંધર ભગવાન – કુંદકુંદાચાર્યદેવ અમૃતચંદ્રાચાર્ય-સમયસાર શાસ્ત્ર–સતચિત આનંદ સ્વરૂપ નિજ શુદ્ધાત્મા. જેને ક્ષેત્ર કે કાળની મર્યાદા નથી એવા વિશ્વમાંથી શુદ્ધાત્માને શોધવાનો છે. દરીયામાં ખોવાયેલી સોઈ શોધવા જેવું ભગીરથ કાર્ય છે. કોઈ કડી મળે તો શોધ સુગમને દરેક પદાર્થની સ્વતંત્રતાને બાધા ન આવે એવી સમાનજાતિય દ્રવ્ય પર્યાય અને અસમાનજાતિય દ્રવ્ય પર્યાયો છે. અસમાનજાતિય દ્રવ્ય પર્યાયના બે સભ્યો છે. જીવ અને પુદ્ગલ...પુદ્ગલમાં પણ માત્ર સમાનજાતિય દ્રવ્યપર્યાય રૂપ સ્કંધો સાથે જીવને સંબંધ છે. છ પ્રકારના સ્કંધોમાં પણ મોટા ચાર સ્કંધો સાથે સંબંધ છે. બે સૂક્ષ્મ સ્કંધો તથા જે અસલ પુદ્ગલ દ્રવ્ય રૂપ છે એવા અનંતાનંત પરમાણુઓ સાથે જીવને સંબંધ નથી. આ રીતે સંબંધનું વર્તુળ ધીમે ધીમે નાનુ કરતા જવાનું છે.

વિશ્વ કહેતા સાદશ્ય અસ્તિત્વરૂપ મહાસત્તા એ મહાસત્તા–એકત્વરૂપ સત્તા છે. તે પદાર્થની એક સત્તા જેવી અદ્વૈત સત્તા નથી. તે અનાદિથી અનંતકાળ સુધી ચાલતું નાટક છે. નાટકનું સ્ટેજ અમર્યાદ વિશ્વ છે. એમાં પણ ખરી રંગભૂમિ અસંખ્ય પ્રદેશી લોક છે. આ ચારગતિ પરિભ્રમણ રૂપ નાટકના મુખ્ય પાત્રો છે જીવ અને પુદ્ગલ. વિશ્વના જાતિ અપેક્ષા એ છ અને સંખ્યા અપેક્ષાએ અનંતપદાર્થો બધા સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે. બધા અણકૃત અને શાશ્વત છે. અર્થાત બધા કાયમ માટે વિશ્વના સભ્યરૂપે સ્વરૂપ અસ્તિત્વ સત્તા રૂપે શોભાયમાન છે. જીવ ચેતન સ્વભાવી છે, અરુપી છે, શક્તિ અપેક્ષાએ પરમાત્મા છે. પુદ્ગલ જડ છે તે પણ જડેશ્વર છે, રૂપી છે. આ રીતે જીવ અને પુદ્ગલના નિત્ય સ્વભાવની સ્થાપના થઈ.

નાટકમાં ભાગ લેનાર દરેક સભ્ય પોતાના સ્વભાવરૂપ પરિણમન દ્વારા એકબીજા સાથે સંબંધમાં આવે છે. વિશ્વના છ દ્રવ્યો કઈ રીતે સંબંધમાં આવે છે તેની જાણકારી સર્વજ્ઞ પરમાત્માને છે. દ્રવ્ય પર્યાય રૂપ વ્યવસ્થા–બધા પદાર્થોમાં છે. આ દરેક પદાર્થની સ્વરૂપ અસ્તિત્વ સત્તાની એક રૂપ અર્થાત સમાન છે. જેની નિત્ય સ્વભાવ રૂપે સ્થાપના કરવામાં આવી છે તે અભેદ દ્રવ્ય સામાન્ય સ્વભાવ પોતાના ગુણ ભેદ અને પર્યાય ભેદ સહિત જ કાયમ હોય છે. આ રીતે ભેદાભેદ રૂપ નિત્ય–અનિત્યના અંતરંગના સમસ્ત ભેદ પ્રભેદો તાદાત્મ્ય સંબંધમાં સદાય માટે રહેલા છે.

દ્રવ્ય → પર્યાય બધા પદાર્થોની સ્વાધીનતાને બાધા ન આવે એ રીતે તે વિશ્વના નાટકમાં ભાગ ભજવે છે.
↓
ગુણો

વિશ્વની આવી સુંદર અણકૃત વ્યવસ્થાને જાણનાર સર્વજ્ઞ પરમાત્મા છે. તે એક અપેક્ષાએ નાટકના પ્રેક્ષક છે. નાટકના જોનારા તો હોવા જોઈએ ને ! નાટકમાં મુખ્ય સુત્રધાર જીવ છે. જ્ઞાનીનું વચન છે.

# સમયસાર પૂર્વ રંગ

(ગાથા ૨ થી ૪)

ગાથા નં. ૨

(૧) શાસ્ત્રની શરૂઆત માંગલિક બાદ તુરંત જ મૂળ વાત ઉપર આવે છે. છ દ્રવ્ય સ્વરૂપ વિશ્વમાંથી સર્વ પ્રથમ જીવને જુદો પાડે છે.ગા. ૨ માં સમયનો અર્થ આત્મા કરે છે. જાણવું અને પરિણમન કરવું એવી બે ક્રિયા એકી સાથે કરે તે આત્મા. ત્યાં જાણવું એ તો જીવનો અસાધારણ સ્વભાવ છે. તેથી એ લક્ષણથી જીવ બધાથી જુદો–અલગ લક્ષગત થાય છે. 'પરિણમવું' એ બધા પદાર્થોને લાગું પડતું લક્ષણ છે. ''ટકીને બદલવું એ વસ્તુના અનેકાંત સ્વરૂપનું પ્રકાશક છે. ટકવું અને બદલવું, નિત્ય અને અનિત્ય. આ બે પરસ્પર વિરોધી દેખાતા ધર્મો અનેકાંત સ્વરૂપ છે. પર્યાયમાં આદિ–મધ્ય અંતમાં દ્રવ્ય સ્વભાવ જ વ્યાપે છે. પર્યાય નાશ પામે છે. તેથી તેમાં વ્યાપેલ સ્વભાવ પણ નાશ પામવો જોઈએ. પરંતુ એમ નથી. 'છોડયા વિના જ સ્વભાવનો ઉત્પાદ–વ્યય–ધ્રુવ યુક્ત જે'. નિત્ય સ્વભાવના નિત્યપણાને બાધા ન આવે એ રીતે પર્યાયનો ક્ષણિક પ્રવાહ પણ અનાદિથી અનંતકાળ સુધી ચાલે છે.

દ્રવ્ય કર્તા છે. પર્યાય એનું કર્મ છે – દ્રવ્યમાંથી પર્યાયની પ્રગટતા એ ક્રિયા છે. આ રીતે કર્તા–ક્રિયા–કર્મ એ સમજાય છે. તેને વિસ્તારથી સમજવા માટે ષટકારકના ભેદ લેવામાં આવે છે. જીવ પોતાના પરિણામને કરે છે. અને તે પર્યાયને તે સમયે જ ભોગવે છે. ષટકારકને સમજવા માટે જે કર્તા–કર્મ–પ્રવૃતિ છે. તે અભિન્નકારક છે. ત્યાં જે માટી ઘડારૂપે પરિણમી ગઈ તે તો હવે ઘડા રૂપ જ છે. નવા વાસણ માટે નવી માટી જોઈએ. પરંતુ એમ નથી. તેથી કર્તા અંશમાં કર્તાકારક અને અપાદાન કારક બે ની વાત આવે છે. આ રીતે અપાદાન કારકને મુખ્ય રાખીને વિચારતા એ અપાદાનકારક જ ભિન્ન–ભિન્ન કર્તાકારક અનુસાર નવી નવી પર્યાય પ્રગટ કરે છે. ખરેખર દ્રવ્યપર્યાયરૂપ વ્યવસ્થાને સમજવી ગહન છે.

જીવ નામનો પદાર્થ કેવો છે. તે દર્શાવવા માટે છ દ્રવ્ય સ્વરૂપ વિશ્વની રચનાની સ્થાપના કરીને તેમાંથી જીવને જુદો પાડીને દર્શાવે છે. તે આ રીતે ટીકામાં જે વાત વિસ્તારથી લીધી છે. તે જોઈએ. છ પ્રકારના પદાર્થોનું સમાનપણું દર્શાવવા માટે સદાય પરિણમનશીલ સ્વભાવ લીધો. વસ્તુત્વ અને દ્રવ્યત્વનો સમન્વય કરીને ટકીને બદલવું લીધું.

(૨) ''અનેક ધર્મોમાં રહેલું એક ધર્મીપણું''માં અનંત ગુણોમય એકત્વરૂપ દ્રવ્ય સ્વભાવ લીધો તેમાં જે દ્રવ્ય સ્વભાવે એક છે તે ગુણ ભેદ અપેક્ષાએ અનેક છે. તેમાં તેવા અનેકાંતમાં કયાંય વિરોધ નથી. (૩) દ્રવ્ય સામાન્ય સ્વભાવ અભેદ એક રૂપ મહા સત્તા છે તે સદાય ગુણ ભેદ અને પર્યાય ભેદ સહિત જ છે. ત્યાં પર્યાય ક્રમરૂપ ભેદ છે. અને ગુણો અક્રમ રૂપ (નિત્ય) છે. (૪) લોકના પ્રત્યેક પ્રદેશમાં છ પ્રકારના દ્રવ્યો– (સંખ્યાએ અનેક) સામાન્ય એક

ક્ષેત્રાવગાહ સંબંધ રૂપ રહેલ છે. તો પણ તે દરેકની સ્વરૂપ અસ્તિત્વ સત્તા તદ્દન ભિન્ન જ છે. જેમ દ્રવ્ય સામાન્ય ગુણ અને પર્યાયો – અભેદ અને તેના બે પ્રકારના ભેદો આ વ્યવસ્થા સદાય એમ જ છે. તેથી તેને એક રૂપે લક્ષમાં લઈને તેને સ્વતંત્ર સ્વરૂપ અસ્તિત્વ સત્તા ગણવામાં આવે છે. આ રીતે જે દ્રવ્ય સામાન્ય સ્વભાવ છે. તેને ભેદ સહિત લક્ષમાં લેતા તે સ્વરૂપ અસ્તિત્વ સત્તા નામ પામે છે. પરંતુ દ્રવ્ય સામાન્ય સ્વભાવના ભેદોને ગોણ કરીને ''નહોવા બરોબર'' કરવાથી જીવમાં દૃષ્ટિનો વિષય લક્ષગત થાય છે. આ રીતે માત્ર અતદભાવરૂપે જ દ્રવ્ય સામાન્યનું લક્ષ કરી શકાય છે. છ દ્રવ્યો પોતાના સ્વરૂપ અસ્તિત્વને સલામત રાખીને જ લોકના એક ક્ષેત્રે રહેલા છે. આ સત્તાઓ ભેળસેળ રૂપ થતી નથી. આ ચાર રીતે વિશ્વમાં રહેલા પદાર્થોનું પ્રભુત્વ દર્શાવ્યું. હવે જીવનું અસાધારણપણું દર્શાવે છે.

(૪) ચૈતન્ય સ્વરૂપ જીવ : ચેતન્ય તે જીવનો અસાધારણ ગુણ છે. બાકીના પાંચ દ્રવ્યો અચેતન છે. જેમ પુદ્ગલમાં સ્પર્શ–રસ–ગંધ અને વર્ણએ ચાર અસાધારણ રૂપી ગુણો છે. તેમ જીવમાં પણ ચેતન ઉપરાંત અન્ય સાત અસાધારણ ગુણો છે. ચૈતન્ય ગુણ વડે અન્ય પદાર્થથી અસ્તિ–નાસ્તિ સિદ્ધ થાય છે. દરેક સ્વરૂપ અસ્તિત્વ સત્તાને પૂરી સ્વતંત્રતા આપ્યા બાદ જયારે વિશ્વને સાદશ્ય અસ્તિરૂપ લક્ષમાં લેવામાં આવે ત્યારે દરેક પદાર્થ પોતાના સ્વાભાવિક પરિણમન વડે વિશ્વવ્યાપી સંબંધમાં લક્ષગત થાય છે. જીવ પોતાના દર્શન–જ્ઞાન સ્વભાવ અને તેના પરિણામ વડે વિશ્વવ્યાપી સંબંધમા આવે છે. દેખવું અને જાણવું આ કાર્યને જુદા પાડી શકાતા નથી. જેમ વસ્તુ ટકે પણ છે અને બદલે પણ છે. એમ કહેવાના સ્થાને વસ્તુ ટકીને બદલે છે. તે વાસ્તવિક છે તે રીતે જાણવાની ક્રિયા થાય ત્યારે તે જ્ઞાનનો વિષય એક જ છે. દર્શન જેને દેખે છે. તેને જ જ્ઞાન ભેદ સહિત જાણે છે. તેથી જીવના અસાધારણ લક્ષણમાં ચેતન–દર્શન અને જ્ઞાનને સ્થાન છે. તે ગુણની મુખ્યતાથી જીવને ચેતયિતારૂપે, દર્શક રૂપે અને જ્ઞાયક રૂપે દર્શાવવામાં આવે છે. (૫) જે સ્વભાવ છે તેનું શક્તિ રૂપે સામર્થ્ય અમર્યાદ જ હોય. પરિણામનો (જીવના પરિણામ માં) વિપરીતતા અને ઊણપ લક્ષગત થાય છે. પરંતુ સ્વભાવતો પરિપૂર્ણ જ છે. આ રીતે આ બોલમાં જ્ઞાનનો સ્વપર પ્રકાશક સ્વભાવ દર્શાવ્યો છે. જે કોઈ સત્મય છે તે બધું જ્ઞાનનો વિષય થાય છે. જીવ પોતાનું ભિન્ન અસ્તિત્વ સલામત રાખીને વિશ્વના બધા પદાર્થોને જાણે છે તેથી જ્ઞાનની પર્યાયમાં સ્વ અને પરના અત્યંત ભિન્નપણાનો વિવેક જરૂરી છે. જીવ પરદ્રવ્યને જાણે છે પરંતુ પોતાનું જુદાપણું સલામત રાખીને આ રીતે બધા દ્રવ્યો પોતાના સ્વભાવ રૂપે પરિણમે છે. પરિણમીને એકબીજા સાથે સંબંધમાં આવે છે. દરેક પદાર્થ પોતાના સ્વાભાવિક પરિણમન દ્વારા વિશ્વના નાટકનો સભ્ય થાય છે. ફરીને સમયની વ્યાખ્યામાં વિચાર કરીએ તો માત્ર જીવ જ જાણવાનું અને પરિણમનવાનું કાર્ય કરે છે.

હવે જીવના બે પ્રકારના પરિણામનો વિચાર કરીએ. ઉપયોગ એ આત્માનો સ્વભાવ છે અને ઉપયોગ એ આત્માના પરિણામ છે. જ્ઞાયકએ આત્માનો સ્વભાવ છે અને ઉપયોગ એ આત્માના પરિણામ છે. જ્ઞાયકએ આત્માનો સ્વભાવ છે અને જ્ઞાન એ આત્માના પરિણામ છે.એ રીતે સમયએ આત્મા છે અને સમયએ આત્માના

પરિણામ છે. દ્રવ્ય સ્વભાવ એક રૂપ છે અને પર્યાયના અનેકભેદ છે. આત્મા એકરૂપ હોવા છતાં પરિણામ અપેક્ષાએ બે ભેદ પડે છે. જ્ઞાનીએ પોતાના જ્ઞાયક સ્વભાવમાં હુંપણું રાખ્યું છે અને જ્ઞાયક રૂપે પરિણામે છે. અજ્ઞાનીએ જીવ અને અજીવના સંયોગી એકત્વમાં હુંપણું રાખ્યું છે અને અજ્ઞાનરૂપ પરિણમે છે. હુંપણું કરનાર જીવ છે માટે તેને માટે જીવ સ્વ છે અને અજીવ પર છે.

જ્ઞાન સ્વ પર પ્રકાશક છે. દરેક પર્યાય સ્વ પર પ્રકાશક છે. જ્ઞાની સ્વને પ્રકાશકતા સ્વ રૂપે એટલે જ્ઞાતારૂપે પરિણમે છે. અજ્ઞાની જીવના ચૈતન્યનો વેગ પર પ્રત્ય છે તેથી તેને પર પ્રકાશકપણાની મુખ્યતા છે. આ રીતે તે પુદ્ગલને જાણે છે અને પુદ્ગલને જાણે છે અને પુદ્ગલ રૂપે પરિણમે છે. તે પર સમય પ્રવૃતિ છે. આ રીતે જીવનો એક જ સ્વભાવ છે. જીવ ચૈતન્ય અને જ્ઞાન સ્વભાવી જ છે. તેના પરિણામો પણ ચૈતન્યમય અને જ્ઞાનરૂપ જ સહજ રીતે હોય છે. પરંતુ અજ્ઞાની જીવ પર એવા અજીવનો (પુદ્ગલનો) સંગ કરીને પર રૂપે પણ પરિણમે છે. પુદ્ગલમાં સ્કંધો સાથે જ સંબંધ છે. તેમાં દ્રવ્ય કર્મો શરીર અને સંયોગો આવે છે. અજ્ઞાની દ્રવ્યકર્મ સાથે વિશિષ્ટમૈત્રી રૂપે પરિણમે છે. અજ્ઞાની જીવ પોતાનામાંથી 'જ્ઞાન' લે છે. ખરેખર તો જ્ઞાન સ્વભાવ હોવાથી તે પ્રકારનું પરિણમન અનિવાર્ય છે. અજ્ઞાની પરમાં મોહનીય કર્મમાંથી મોહ-રાગ-દ્વેષને અનુસરે છે. આ રીતે અજ્ઞાનીના અજ્ઞાનમય પરિણામમાં મોહનીય કર્મની સાપેક્ષતા છે. તેની સાથે ઉભય બંધથી જોડાય છે. શ્રદ્ધાએ અભિપ્રાય છે. માન્યતા છે અને ચારિત્રની પર્યાય આચરણ રૂપ છે. ચારિત્ર મોહનીય કર્મ રાગ-દ્વેષ અને શુભા શુભ ભાવ રૂપ છે. તેથી અજ્ઞાનીના પરિણામમાં રાગ-દ્વેષ અને શુભા શુભ ભાવો લક્ષગત થાય છે. જીવના આ પરિણામ માત્ર દ્રવ્ય કર્મ પુરતા મર્યાદિત ન રહેતા અઘાતિ કર્મો દ્વારા શરીર અને સંયોગો સુધી ફેલાઈ છે. આ રીતે અજ્ઞાનીની પર્યાયનો વ્યાપ આખું વિશ્વ થાય છે. પરમાત્મા નિર્દોષ જ્ઞે.જ્ઞા. સંબંધ દ્વારા વિશ્વવ્યાપી સંબંધમાં આવે છે અને અજ્ઞાની મોહ-રાગ-દ્વેષ રૂપે વિશ્વ વ્યાપી સંબંધમાં આવે છે. તે આ રીતે ભાવ કર્મ-દ્રવ્ય કર્મ-નો કર્મ આ પ્રકારના નિ.નૈ. સંબંધો છે. નો કર્મમાં શરીર બદ્ધનોકર્મ છે અને સંયોગો અબદ્ધનોકર્મ છે.

સ્વ સમય અને પર સમય એવા બે પ્રકારના પરિણામ કરવાની જીવને સ્વતંત્રતા છે. પરંતુ પસંદગી નથી. બધા જીવો અનાદિકાળથી પર સમય પ્રવૃતિ જ કરી રહ્યા છે તે સાબિત કરે છે કે જીવે પર સમય પ્રવૃતિ પસંદ નથી કરી. પર સમય પ્રવૃતિ દ્વારા આ જીવ ચારગતિ પરિભ્રમણ કરી છે. અનાદિકાળથી અનંતકાળ સુધીનું વિશ્વવ્યાપી નાટક પણ અણકૃત જ છે. એ નાટક તેનું મુખ્ય પાત્ર જીવ જ છે. તેથી નાટક ચાલે તે માટે જીવનું અજ્ઞાન અનિવાર્ય છે.

ચાર ગતિ પરિભ્રમણ અનાદિનું હોવાથી અજ્ઞાની માટે સહજ સ્વાભાવિક થઈ ગયું છે. તોપણ સરવાળે જીવ દુઃખી જ રહે છે. તેથી કોઈને કોઈ દુઃખમાંથી છૂટવાનો પ્રયત્ન પણ કરે તે પણ એટલું જ સ્વાભાવિક છે. જીવ અસલમાં જ્ઞાયક છે. સ્વ સમય પ્રવૃતિ તે સ્વાભાવિક છે. તેથી એવું પરિણમન કાયમ માટે અટકાવી ન શકાય. જ્ઞાન સ્વભાવને અનુસરીને જ્ઞાતાધારા વડે તે શક્ય છે. શુભ ભાવ દ્વારા જીવને સંસારમાં ઝકડી રાખવા માટે અનુકૂળ સંયોગો છે. ઉપરાંત

સંજ્ઞીપણું મનના સંગે જ્ઞાનની ખિલવટ થઈ શકે તેવી જોગવાઈ છે. જેટલા જીવો આ રીતે જ્ઞાયકને અનુસરીને મોક્ષ પામે છે. તેટલા પ્રમાણમાં નિત્ય નિગોદના જીવો વ્યવહાર રાશીમાં આવીને ચાર ગતિ નાટકને ચાલતું રાખે છે.

પર સમય પ્રવૃતિનું આ રીતે સ્વ સમય પ્રવૃતિમાં રૂપાંતર થાય છે. ગાથા (૩) ''એકત્વ વિભક્ત'' એ સ્વરૂપ અસ્તિત્વ સત્તા દર્શાવવા માટેની સરળ વાક્ય રચના છે. આ ગાથામાં ''એકત્વ'' ઉપર વજન છે. એકત્વ શબ્દ આવે એટલે સાથો સાથ એક અને અનેક યાદ આવે. અંતરંગના અનેકાંતને યોગ્ય રીતે સમજવા માટે સર્વ પ્રથમ એક-અનેક-એકત્વ આ રીતે એક માં દ્રવ્ય અને અનેકમાં ગુણ ભેદ-અભેદ અને ભેદ આ રીતે નિત્યપક્ષની સ્થાપના જરૂરી છે. જે એક છે તે અપેક્ષા બદલતા અનેક હોય તો જ પર્યાયની રચના શક્ય છે. એકાંતિક એકમાં પર્યાયની બદલતી અવસ્થા સમજાવી ન શકાય. ઉત્પાદ-વ્યય-ધ્રુવ રૂપ પ્રવાહ સમજાવી ન શકાય. એકવાર દ્રવ્ય એક અને ગુણાભેદ અનેક એવા ભેદ લીધા પછી-બે પરસ્પર વિરોધી દેખાતા ધર્મો પણ અવિરોધપણે રહીને વસ્તુના એક સ્વભાવને સ્થાપે છે. એકવાર આરીતે દ્રવ્ય સ્વભાવ અભેદ અને ગુણાભેદ તથા પર્યાય ભેદ એમ ત્રણેનું તાદાત્મ્યપણું લક્ષમાં લેતા અંતરંગ અનેકાંત લક્ષિત થાય છે. તેને આ રીતે દર્શાવી શકાય.

| | | |
|---|---|---|
| સ્વરૂપ અસ્તિત્વ | દ્રવ્ય સામાન્ય સ્વભાવ ——— | પર્યાય ભેદ |
| સત્તા | અભેદ \| | |
| ભેદાભેદ અભેદ | ગુણો ભેદ | |

દ્રવ્યની આ રીતે એકત્વ સ્વરૂપ એક રૂપે સ્થાપના કર્યા બાદ વિશ્વમાં આવી સ્વરૂપ અસ્તિત્વ સત્તાઓ અનંત છે. સાદશ્ય અસ્તિત્વમાં એ બધી સત્તાઓ વિશ્વના સભ્યરૂપે સંબંધમાં હોવા છતાં બધાની સ્વતંત્રતાને બાધા આવતી નથી. તે રીતે જીવને માટે પોતે એક છે તો એના જેવી બીજી અનંત સ્વરૂપ અસ્તિત્વ સત્તા સાથે સંબંધ હોવા છતાં મજબૂત અસ્તિ-નાસ્તિ છે. અર્થાત એક સ્વરૂપઅસ્તિત્વ સત્તામાં જેવું તાદાત્મ્યપણું છે. એવું તાદાત્મ્યપણું બે પદાર્થ વચ્ચે અશક્ય છે.

''સમસ્ત વિરુદ્ધ કાર્ય અને અવિરુદ્ધ કાર્યના હેતુપણાથી જેઓ હંમેશા વિશ્વને ઉપકાર કરે છે ટકાવી રાખે છે.'' આ વાકયનો ભાવ હવે સ્પષ્ટ રીતે સમજાશે. દરેક સ્વરૂપ અસ્તિત્વ સત્તા-હેતુ અર્થાત કારણ છે તે બે જાતના પરિણામ વડે વિશ્વને ઉપકાર કરે છે. અવિરુદ્ધ કાર્ય એટલે સહજ સ્વાભાવિક પરિણમન ત્યાં પદાર્થના અંતરંગ એકત્વનો નિર્દેશ છે. પદાર્થની દ્રવ્ય-ગુણ-પર્યાય રૂપ એકત્વ જેમાં તેના બધા સભ્યો એક સત રૂપે-એક સ્વભાવ રૂપે-એક ક્ષેત્ર રૂપે તાદાત્મ્ય સંબંધથી જોડાયેલા છે. આ નિત્ય તાદાત્મ્ય સંબંધ છે. આ એક પરિવાર છે તે પરિવારમાં ક્યારેય કોઈ પ્રકારના ફેરફાર નથી. ''અમે પરદેશમાં ક્યાં આવી ચડ્યા અમારે અમારા સ્વદેશમાં જવું છે. જ્યાં બધા

અમારા છે. દ્રવ્ય સામાન્ય સ્વભાવ અને તેના કહેવાય એવા અનંતગુણો તેમાં કાળ-કાળાંતરે કોઈ ફેરફાર શક્ય નથી. નિત્ય સ્વભાવ રૂપ દ્રવ્ય અને ગુણો અનાદિથી અનંતકાળ સુધી વ્યવસ્થિત રૂપે પરિણમન કરે છે. આમાં અન્ય કોઈની મદદ કે દખલગીરી માન્ય નથી. શક્ય નથી. અન્યની સાપેક્ષતા વિસંવાદ ઉત્પન્ન કરે છે. જે વિશ્વને માન્ય નથી. બે પદાર્થ દ્વૈત છોડીને એક થઈ જાય એવી કોઈ વ્યવસ્થા જ નથી. અર્થાત 'વિખવાદિની' કહેતા આવો વિસંવાદ શક્ય જ નથી. વિશ્વની સાદશ્ય અસ્તિત્વ સત્તા આ રીતે જ શોભાયમાન છે.

''વિરુદ્ધ કાર્ય'' પદાર્થના અવિરુદ્ધ કાર્યનો ઉપરોક્ત રીતે અભ્યાસ કર્યા બાદ હવે વિરુદ્ધ કાર્ય શું છે. તે સમજવાનો પ્રયત્ન કરીએ. બે પદાર્થ વચ્ચેની અસ્તિ-નાસ્તિ, અનંત સ્વતંત્ર પદાર્થો વચ્ચેની અસ્તિ-નાસ્તિનો વિચાર કરીએ તો 'નાસ્તિ સર્વ અપિ સંબંધ આત્મ તત્વયોઃ' આત્માને વિશ્વના કોઈ પદાર્થ સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી. આ નક્કર વાસ્તવિકતા સમજવી મુશ્કેલ છે. અજ્ઞાની જીવ વિશ્વ વ્યાપી સંબંધ જોડાયેલો છે. તેમાંથી નિકળી શકતો નથી. હવે વાત આવે છે કે દરેક પદાર્થ પોતાના સ્વાભાવિક પરિણામ વડે વિશ્વના નાટકનો સભ્ય છે. આ વિરુદ્ધ લાગે છે પરંતુ ખરેખર વિશ્વની નિર્દોષ વ્યવસ્થાનો ભાગ જ છે. એ રીતે જ સાદશ્ય અસ્તિત્વ રૂપ વિશ્વની નાટક રૂપે મહાસત્તા સાબિત થાય છે. જીવ જાણનાર છે. અને જ્ઞાન વડે વિશ્વનો સભ્ય થાય છે.જીવના જ્ઞાનનો લાભ વિશ્વના સમસ્ત પદાર્થને મળે છે. અચેતન પદાર્થો પોતાને જાણતા નથી. એવા અચેતન પદાર્થોની જાણકારી પ્રસિદ્ધિ જ્ઞાન મારફત જ થાય છે. જ્ઞાનનો લાભ પરજ્ઞેયોને પણ મળે છે. પરમાત્મા આવી સાદશ્ય અસ્તિત્વ સત્તાને જાણે છે.

અજ્ઞાની જે રીતે અજ્ઞાન ભાવ રૂપે પરિણમે છે. તે પ્રકારે વિશ્વની વાસ્તવિકતા નથી. અજ્ઞાની ભાવ કર્મ-દ્રવ્ય કર્મ-નોકર્મ રૂપે શરીર મારફત સંયોગો સુધી પહોંચે છે. અજ્ઞાનીના અભિપ્રાયમાં વિશ્વના પદાર્થો ભોગ ઉપભોગની સામગ્રી છે. તેને ભોગવતા તેને સુખ દુઃખ થાય છે. તે અનુસારએ ચારિત્ર અપેક્ષાએ પરિણમે છે. ઈચ્છા અને ભોગવટાના ભાવો કરે છે. ઈચ્છાનો ભાવ આકુળતા રૂપે અને ભોગવટાનો ભાવ સુખ રૂપે અનુભવે છે. આ બધું અજ્ઞાનીના અજ્ઞાનની ઉપજ છે. તેની માન્યતા છે, કલ્પના છે. ખરેખર વિશ્વમાં એમ બનતું નથી.

અજ્ઞાનીને તાદાત્મ્ય સંબંધ અને નિ.નૈ. સંબંધ વચ્ચેના તફાવતનો ખ્યાલ નથી. બે પદાર્થો વચ્ચેના સંબંધોને નિ.નૈ. સંબંધ કહેવામાં આવે છે. તે ગમે તેટલા ઘનિષ્ઠ હોય તો પણ તાદાત્મ્યપણું શક્ય જ નથી. જ્ઞે.જ્ઞા. સંબંધ એ પણ નિ.નૈ. સંબંધ જ છે પરંતુ તે નિર્દોષ છે. વિશ્વની સાદશ્ય અસ્તિત્વરૂપ મહાસત્તામાં બધી સ્વરૂપ અસ્તિત્વ સત્તાઓ અવાંતર સત્તા રૂપ રહેલ છે. મહાસત્તાનાં સભ્યના દાવે બધા પદાર્થો પોતાના સ્વાભાવિક પરિણમન રૂપે નાટકના સભ્ય થાય છે. તેમની વચ્ચે વ્યાપ્ય વ્યાપક કે કર્તા-કર્મ સંબંધ શક્ય જ નથી. દ્રવ્ય વ્યાપક અને તેની પર્યાય તે તેનું વ્યાપ્ય એ જ રીતે કર્તા અને કર્મ તેમજ ભોક્તા અને ભોગ્યપણું એક જ દ્રવ્ય અંતર્ગત શક્ય છે. જેમની વચ્ચે તાદાત્મ્યસિદ્ધપણું છે ત્યાં જ આ શક્ય છે. દરેક પદાર્થની સ્વરૂપ અસ્તિત્વ સત્તા અંતર્ગત જ વ્યાપ્ય વ્યાપક અને કર્તા-ભોક્તાપણું હોય છે. બે પદાર્થો વચ્ચે અશક્ય છે.

છતાં અજ્ઞાની અજ્ઞાનને કારણે લાભ-નુકસાન માનીને ચારગતિ પરિભ્રમણ કરે છે. બે પદાર્થો વચ્ચે અસ્તિ-નાસ્તિ ટકાવીને સંબંધ છે તે વિરુદ્ધ કાર્ય નિર્દોષ છે. પરંતુ જે જીવ જ્ઞાન વડે નહીં પરંતુ કરોતિ ક્રિયા વડે વિશ્વવ્યાપી સંબંધમાં આવે છે. તે ખરેખર વિરુદ્ધ કાર્ય છે અને તેનું સ્થાન માત્ર અજ્ઞાની જીવમાં જ છે. તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદામાં છે. વિશ્વની નિર્દોષ વ્યવસ્થા તૂટતી નથી. અજ્ઞાની જે રીતે લાભ નુકસાન અનુભવે છે તે માત્ર ભ્રમણા છે એ વાત સમજવી મુશ્કેલ છે.

ગાથા - ૪ : ''શ્રુત પરિચિત-અનુભૂત સર્વને કામ ભોગ બંધનની કથા'' આ અજ્ઞાનીનું અજ્ઞાનમય જીવન છે. આ અજ્ઞાનીનું વિશ્વ છે. તેને માટે આ એટલું બધું વાસ્તવિક છે કે તેને દરેક પદાર્થની સ્વતંત્ર સત્તા માન્ય નથી. તેને જે વાસ્તવિક લાગે છે. તે જેને અનુભવ સિદ્ધ માને છે તે સો ટકા ભ્રમ છે એ કડવું સત્ય તે સ્વીકારી શકતો નથી. પર દ્રવ્યો જીવથી અત્યંત ભિન્ન છે. અજ્ઞાની માને છે અને પરિણમે છે એ પ્રમાણે વિશ્વમાં બનતું નથી. એક પક્ષે જિનાગમના સિદ્ધાંતો છે. અર્થાત વિશ્વની નિર્દોષ વ્યવસ્થા છે અને સામે પક્ષે અજ્ઞાનીઓનો અનુભવ છે. અજ્ઞાનીના અજ્ઞાનને પોષણ મળે એવું ચાર ગતિ પરિભ્રમણ પણ વિશ્વની વ્યવસ્થાનો એક ભાગ જ છે. સ્કંધોની અનેક પ્રકારની રચનાઓએ વિશ્વને મ્યુઝિયમનો દરજ્જો આપે છે. ત્રણ કાળનું મહાન નાટક છે. એ રચનાઓની રચના કરનારા અનંતાનંત પરમાણુઓ છે. બીજા ચાર અચેતન દ્રવ્યો ગૌણ રીતે નિષ્ક્રિયરૂપે નાટકના સભ્યો છે. અજ્ઞાની જીવ પણ આ નાટકમાં જોડાયેલો છે. તેના અભિપ્રાયમાં વિશ્વ એક પ્રદર્શન રૂપ છે. જેમાંથી પોતાના રાગ-દ્વેષ અનુસાર વિષયો મેળવી શકાય છે. અજ્ઞાની રાગ-દ્વેષ વડે મેળવેલ પુણ્ય પાપ રૂપ સિક્કા વડે વિષયો મેળવે છે. સ્કંધો તો ક્ષેત્રથી ક્ષેત્રાંતર કરતા જ રહે છે. તેથી મને મળ્યા એવી અજ્ઞાનીની ભ્રમણા છે. તેને મેળવવા સંબંધી ઈચ્છા અટકી તે ઈન્દ્રિય સુખ રૂપે અનુભવાય છે તેને અજ્ઞાની ભોગવ્યા એવું માનીને રાજી થાય છે. નવી નવી વસ્તુઓ બનતી રહે છે અને અજ્ઞાની તેની પાછળ દોડે છે. અઘાતિ કર્મોદય દ્વારા આ ત્રણ લોકમાં ભટકવા માટે શરીર મળે છે. શરીરોની સંખ્યા ૮૪ લાખ છે. તેમાંથી તિર્યંચ શરીરની સંખ્યા ઘણી મોટી છે તેથી તે મળવા સુલભ છે. અજ્ઞાની જીવ આ રીતે અનાદિકાળથી બાહ્ય વિષયો તરફ આકર્ષાતો જાય છે. તેને માટે આ ભ્રામક દશા હોવા છતાં અજ્ઞાનના કારણે તે વાસ્તવિક લાગે છે. તેથી તેને ''પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભના''નાના બાળકને અરીસાની કેરી સાચી લાગે છે. તે તેનો ભ્રમ સુધારી લે છે. તે અરીસાનો ઉપયોગ ચાલુ રાખે છે. પણ ભ્રમ નથી કરતો. અરીસામાં પોતાનું મોઢું જોઈને પોતાના કપાળમાં ચાંદલો કરે છે. કાળ ક્રમે કોઈને કોઈ નિકટભવી જીવ સત્ય સમજે છે અને ભ્રમ દૂર કરીને પોતાના જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપીને નિજ કલ્યાણ કરી લે છે. આવા ભવ્ય જીવોના હિત ખાતર હવે આચાર્ય દેવ સુખી થવા માટે સર્વ પ્રથમ કેવા પ્રકારનો નિર્ણય કરવો તે સમજાવે છે.

(ગાથા ૫ થી ૭)

બીજી ગાથાથી આચાર્ય દેવ સમયનો અર્થ આત્મા કરતા આવ્યા છે. ત્યાં પણ છ અપેક્ષાથી છ લક્ષણથી સમજાવ્યું ત્યાં ચાર તો બધા દ્રવ્યોને લાગુ પડતા સિદ્ધાંતો છે માત્ર બે જ જીવને જુદી દર્શાવવા માટેના છે. વિશ્વની છ દ્રવ્યરૂપ વ્યવસ્થા, વિશ્વના અનંત પદાર્થોમાંથી પોતાના આત્માને જુદો પાડીને લક્ષમાં લેવા માટે ''એકત્વ વિભક્ત'' એવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે. તે સ્વથી એકત્વ અને પરથી વિભક્ત બે પ્રકારના અનેકાંતની સંધિ દર્શાવે છે. ત્રીજી ગાથામાં આ વિષય બધા દ્રવ્યોને લાગુ પાડવામાં આવ્યો અને તે અનુસાર જીવને પણ જુદો અનુભવમાં લઈ શકાય છે. દ્રવ્ય બંધારણને જો ન માનવામાં આવે તો વિસંવાદ થવાની શક્યતા છે પરંતુ તે અશક્ય છે. જીવના પરિણામ અપેક્ષાએ સ્વ સમય અને પર સમય બે ભેદ પડે છે. પરંતુ જીવનો તો એક જ પ્રકાર છે. જીવનો જ્ઞાન એ એક જ સ્વભાવ છે.

આચાર્યદેવ આ પાંચમી ગાથામાં એ એકત્વ વિભક્ત આત્માનું સ્વરૂપ દર્શાવવાની પ્રતિજ્ઞા લે છે. પોતે પોતાના સમ્યક્જ્ઞાન અનુસાર-સ્વાનુભવપૂર્વક વાત કરવાના છે. સમજાવવાના છે તેને (સ્વાનુભૂતિને) પોતાનો વૈભવ ગણે છે. પોતાને એ વૈભવ કઈ રીતે પ્રાપ્ત થયો તે આ ગાથામાં અમૃતચંદ્રાચાર્ય દેવ વિસ્તારથી સમજાવે છે.

બધા જીવો સર્વજ્ઞ સ્વભાવી બડ છે. નિરપેક્ષપણે શુદ્ધ છે પરંતુ અનાદિથી અજ્ઞાનભાવે પરિણમે છે. આવા પરિણામ પરાશ્રયે થયા છે. કોઈ જીવ સાચુ સમજીને પરમાત્મા થાય છે. તે અશુદ્ધતાને મૂળમાંથી નાશ કરીને પરમાત્મા થાય છે. રાગનો અભાવ કરીને વીતરાગ થાય છે. જે સંપૂર્ણ વીતરાગ થાય છે. તે સર્વજ્ઞ થાય છે તેના જ્ઞાનમા વિશ્વનું યથાર્થ સ્વરૂપ પ્રતિભાસે છે. વિશ્વમાં જે કાંઈ છે તે બધું સત્મય છે. સત્ શાશ્વત છે અને અનેકાંત સ્વરૂપ છે. પરમાત્માના જ્ઞાનને અનુસરીને દિવ્યધ્વનિ છૂટે છે. જેમાં વિશ્વનું સ્વરૂપ વિસ્તારથી આવે છે. તેને અનુસરીને બાર અંગની રચના થાય છે અને એની પરંપરામાં આચાર્ય ભગવંતો દ્વારા બધા જીવો સુધી પહોંચે છે. અત્યારે ભરતક્ષેત્રમાં ભગવાન મહાવીરનું શાસન ચાલે છે. ગૌતમ ગણધર દેવ દ્વારા બાર અંગની રચના થઈ છે. તેની પરંપરામાં વિશ્વનું સ્વરૂપ કુંદકુંદાચાર્ય સુધી પહોંચ્યું છે.

શ્રોતા સર્વપ્રથમ પુરુષ પ્રમાણ કરે છે. પછી યુક્તિ પ્રમાણ અને આગમ પ્રમાણ કરે છે. છેલ્લે અનુમાન પ્રમાણ કરીને છેવટે સ્વાનુભૂતિ પ્રગટ કરે છે. ટીકાકાર આચાર્યદેવ દિવ્યધ્વનિને શબ્દ બ્રહ્મ કહે છે. શબ્દો વાચક થઈને વાચ્યની પ્રગટતા કરાવે છે. ભગવાનના જ્ઞાનમાં અને દિવ્યધ્વનિમાં વિશ્વનું સંપૂર્ણ સ્વરૂપ આવ્યું છે. પરંતુ પ્રયોજન તો પોતાના શુદ્ધાત્માની પ્રાપ્તિ કઈ રીતે થાય તે જ છે. તેથી આચાર્યદેવ પોતાના પ્રગટ જ્ઞાન વૈભવ દ્વારા શુદ્ધાત્માના સ્વરૂપને દર્શાવવાની પ્રતિજ્ઞા કરે છે. એકત્વ વિભક્ત આત્મા દર્શાવવા માગે છે. પં. હિંમતભાઈએ સમયસાર સ્તુતિમાં સુંદર રીતે રજુઆત કરી છે. ભગવાન મહાવીરના પક્ષે સુધા-અમૃતની સરિતા, તેને શોષાતી દેખીને વીતરાગી કરુણા વડે આચાર્યદેવે સંજીવાની રૂપે શાસ્ત્રની રચના કરી છે. અમૃતચંદ્રાચાર્ય કહે છે કે અમારા ગુરુ અમારા ઉપર ઉપકાર કરીને

અનુગ્રહપૂર્વક આ ઉપદેશ અમને આપ્યો છે. બધા જ્ઞાનીઓએ આ રીતે ગુરુ અને શિષ્યો વચ્ચેના સંબંધો શબ્દો દ્વારા કેવી રીતે સધાય છે તે દર્શાવ્યું છે. પૂ. ગુરુદેવ શ્રી આપણને કહેતા હતા કે અમે તો આડતીયા થઈને આ વાત કરીએ છીએ.

"સારા કામમાં સૌ વિઘ્નો" આવું પણ બનતું હોય છે. તેથી આચાર્ય દેવ માંગલિક કર્યા બાદ પોતાનો સંકલ્પ પ્રતિજ્ઞા રૂપે પ્રગટ કરે છે. પોતે સ્વાનુભવપૂર્વક જે સ્વરૂપ સમજાવવા માગે છે. તે સ્વરૂપ અનાદિકાળથી જ્ઞાનીઓ પરમાત્માઓ દર્શાવવા આવ્યા છે. જૈન દર્શન કોઈ સંકુચિત માનસની ઉપજ નથી. તે પરમાર્થે વિશ્વદર્શન છે. તેથી જો પહેલાનો સંકલ્પ પૂર્ણતાને પામે તો, બધા ભવ્ય જીવોને અનુરોધ કરે છે કે તમે તેને પ્રમાણ કરજો. શિરોમાન્ય કરજો પછી સાવચેતીના સૂર કાઢે છે. જીવને સાચું સમજવામાં અટકવાના કારણોમાં તત્વમાં શંકા કરીને તથા ગુરુની અવગણના કરીને આ બે વાત મુખ્યપણે લેવામાં આવે છે. તેથી કહે છે કે મારી વાતમાં સાચા સિદ્ધાંતોમાં કોઈ દોષ ગ્રહણ ન કરતા. અજ્ઞાની એકાંતવાદીને આ અનેકાંત વસ્તુ સ્વરૂપ સમજવામાં મુશ્કેલી પડે છે. તેથી તેનો નિષેધ કરતા રહે છે. તેથી કહે છે કે સાચી વાતને અવશ્ય પ્રમાણ કરજો. સાચી વાત યુક્તિથી ગ્રહણ કર્યા પછી પણ કોઈ કુતર્કનું આલંબન ન આવે તેની સાવધાની માટે કહે છે કે વીતરાગ પુરુષનો પુરુષાર્થ પ્રધાન મોક્ષમાર્ગ સ્વીકાર્યો પછી ચલિત ન થતા. અનુમાન પ્રમાણ સુધી પહોંચીને સ્વાનુભૂતિ અવશ્ય પ્રાપ્ત કરજો. નિઃશંક્તિ એ સમ્યગ્દષ્ટિ જીવનું અગત્યનું અંગ છે. જીવને અટકવાના કારણોમાં બીજા બે પણ છે. તે આ પ્રમાણે કાર્ય શરૂ જ ન કરીને અટક્યો અથવા અધુરો પુરુષાર્થ કરીને અટક્યો. આ રીતે આચાર્યદેવ માત્ર જીવને યોગ્ય માર્ગદર્શન આપે છે કે જેથી તે વર્તમાન ભવમાં જ ભવના અભાવનું કાર્ય કરીએ.

"એકત્વ વિભક્ત આત્મા" કહેતા તે સ્વરૂપ અસ્તિત્વ સત્તા છે. શ્રુતજ્ઞાનની ભાષામાં કહીએ તો તે નયજ્ઞાનનો વિષય નથી.પરંતુ પ્રમાણજ્ઞાનનો વિષય છે. તેથી કોઈને એમ લાગે કે તે આપણે તો શુદ્ધનયના વિષય સુધી પહોંચવાનું છે. તો પછી આચાર્યદેવ અહીં કેમ અટકી ગયા ? તેનું સમાધાન એમ છે કે આપણે માનીએ છીએ એવું દ્વૈત નથી. સ્વરૂપ અસ્તિત્વ સત્તા મહાસત્તા અને દ્રવ્ય સામાન્ય સ્વભાવ તે અવાંતર સત્તા નથી. અભેદ રૂપ દ્રવ્ય સામાન્ય સ્વભાવ છે તે ગુણ અને પર્યાયના ભેદ સહિત જ છે. તેમાંથી રહિત ક્યારેય નથી. તેને જેમ છે તેમ લક્ષમાં લેતા તે પદાર્થ કહેવાય છે. સ્વરૂપ અસ્તિત્વ સત્તા નામ પામે છે. દૃષ્ટાંત :- લગ્નનું આમંત્રણ-કોઈ વ્યક્તિના નામે આવે પછી આગળ લખ્યું હોય વ્યક્તિગત અથવા સહકુટુંબ ત્યાં તે વ્યક્તિ એક જ છે બે નથી. ગુણ અને પર્યાયના ભેદનો ગૌણ કરીને અભૂતાર્થ કરવામાં આવે તો તે દૃષ્ટિનો વિષય થાય છે. વાક્ય રચના ફેરવીને કહીએ તો પદાર્થ 'મહાસત્તા અને દ્રવ્ય ગુણ, પર્યાય, ઉત્પાદ, વ્યય, ધ્રુવ એ એની અપેક્ષાએ અવાંતરસત્તાઓ એમ નથી.

આ ગાથામાં પ્રતિજ્ઞા કર્યા બાદ પોતાની ભાવના અનુસાર શાસ્ત્ર પૂર્ણ થયું ત્યારે જેમ નાટક પૂર્ણ થતાં બધા નટ એકી સાથે સ્ટેજ ઉપર આવે એવા ભાવથી સર્વ વિશુદ્ધ જ્ઞાન અધિકારમાં પણ જીવ અને પુદ્ગલ બંને પોતાના સ્વતંત્ર ત્રણકાળના સંક્ષિપ્ત ઈતિહાસને અંતરંગમાં ગર્ભિત રાખીને ગા. ૩૦૮ થી ૩૧૧ માં હાજર થાય છે. ત્યાં બંનેના

સળંગ સ્વતંત્ર પ્રવાહ દર્શાવ્યા છે. પહેલેથી છેલ્લે સુધી ક્યાંય બે વચ્ચેના સંબંધની વાત નથી કરી. આ રીતે એ ગાથાઓમાં પણ જીવ અને પુદ્ગલની અલગ સ્વરૂપ અસ્તિત્વ સત્તાઓની સ્થાપના કરી છે. દ્રવ્યને જ્યારે લક્ષમાં લેવામા આવે ત્યારે કોઈ એક વર્તમાન પર્યાય રૂપે જ લક્ષગત થાય છે. આપણે પર્યાયને ગૌણ કરીને સ્વભાવ સુધી પહોંચવાનું છે.

આચાર્ય દેવના ફરમાન અનુસાર આપણે તેમને પ્રમાણ કરીએ એને એમાંથી જરાપણ પલાયમાન ન થઈએ તો જ આપણે આચાર્ય ભગવંતના અનુયાયી કહેવાડાવવાને પાત્ર થઈએ.

(ગાથા : ૬)

શીર્ષક : એવો શુદ્ધાત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ?

અત્યાર સુધી ''એકત્વ વિભક્ત'' શબ્દનો જ પ્રયોગ થતો હતો, ટીકાકાર આચાર્યદેવે બે નવા શબ્દો વાપર્યા, સર્વપ્રથમ તો એકત્વ વિભક્ત શબ્દ બધા પદાર્થોને લાગુ પડતો હતો તેના સ્થાને માત્ર આત્માની જ વાત છે માટે તેને માટે ''જ્ઞાયક'' શબ્દ આવ્યો. બાકીના વિશેષણો તો બધા પદાર્થોને લાગુ પડે છે. જેમ બીજી ગાથામાં સમયને સમજાવવા માટે છ પ્રકારે કહ્યું હતું તે ટીકાની ત્રણ લીટીમાં લીધું.

''એકત્વ વિભક્ત આત્મા'' એ સ્વરૂપ અસ્તિત્વ સત્તા છે. સાદા શબ્દોમાં પદાર્થ છે. તે દ્રવ્ય પર્યાય રૂપે જ સદાય જણાય છે. દ્રવ્ય સ્વભાવએ અપેક્ષાએ સ્વાંગ વિનાનો ક્યારેય જોવા મળતો નથી. અનાદિથી અનંતકાળ સુધીના બધા પરિણામને બે ભાગમાં, બે નય વડે સમજાવવામાં આવે છે. દૃષ્ટાંત પ્રકાશના અનંત ભેદને સમજાવવા માટે અજવાળુંઅને અંધારુ આટલું પર્યાપ્ત છે.પોતે મુનિદશામાં સ્થિત છે તેથી પ્રમત-અપ્રમાત શબ્દો આવી ગયા. પરંતુ કાળના પ્રવાહને દર્શાવવા માટે ઘણી અપેક્ષા લાગુ પડે છે. મુનિદશાથી વિચારીએ તો અપ્રમતએ નિર્વિકલ્પ દશા છે અને પ્રમતએ સવિકલ્પ દશા છે.

આગળ વિચારતા પહેલા આપણે મથાળાનો અભ્યાસ કરીએ તો ત્યાં ''શુદ્ધ'' શબ્દ પડ્યો છે અને એને જાણવાની શું જરૂર છે એમ લીધું છે. દૃષ્ટાંત : મારે સુખી થવું છે એવું ઈચ્છનાર અવ્યક્તપણે પોતાને દુઃખી સ્વીકારે છે. વાસ્તવિકતા એ છે કે જીવો અનાદિકાળથી અજ્ઞાની છે. પોતાના સ્વરૂપને પોતાના સ્વભાવને જાણતા નથી. અજ્ઞાન દશા એ અશુદ્ધ છે અજ્ઞાનીના પરિણામને ભેદથી વિચારીએ તો ત્યાં મિથ્યા દર્શન-મિથ્યા જ્ઞાન-મિથ્યા ચારિત્ર છે. આ ગાથામાં એને ''પ્રમત'' દશા કહેવામાં આવી છે. પ્રમત દશા કેવી હોય તેનું ટૂંકું વર્ણન ટીકામા છે. (૧) જીવ અને દ્રવ્ય કર્મ એક ક્ષેત્રાવગાહ રૂપ છે. (૨) કર્મોમાં પુણ્ય અને પાપના બે ભેદ છે તેમાં નિમિત્ત જીવના શુભાશુભ વિભાવ ભાવો છે. તે રૂપે પરમાર્થે જીવ પરિણમતો નથી. કારણ કે તેની ઉત્પતિ શુદ્ધ સ્વભાવના આશ્રયે નથી તે પરાશ્રયે થયેલા પરિણામો છે. અજ્ઞાની જીવના આવા અજ્ઞાનમય ભાવોને શુદ્ધ સ્વભાવનો આશ્રય નથી ટેકો નથી. જીવના આવા

પરિણામને ''પ્રમત'' ગણવામાં આવે છે તે પ્રમાદના આશ્રયે થયા છે. જીવના સ્વભાવ સન્મુખના શુદ્ધ પરિણામ નથી. પછી લખ્યું કે ''અપ્રમત પણ નથી'' અર્થાત પ્રમત અને અપ્રમત એ પર્યાય રૂપ છે. દ્રવ્ય રૂપ નથી પર્યાયમાં શુદ્ધ અને અશુદ્ધ એવા બે ભેદ પડે છે. પર્યાય પોતે પણ દ્રવ્ય સામાન્ય સ્વભાવનો ભેદ જ છે. તેથી તે બધું વ્યવહાર નયના કથનમાં જાય છે. ત્રિકાળ શુદ્ધ સ્વભાવને અતદભાવથી પર્યાયથી ભિન્ન લક્ષમાં લેતા તે નિરપેક્ષપણે શુદ્ધ જ છે. તે સ્વભાવમાં હુંપણું સ્થાપી, તેનો આશ્રય કરતાં જ્ઞાતા ધારા પ્રગટ થાય છે. તે જ્ઞાતા ધારા માં અશુદ્ધ પર્યાયનો મૂળમાંથી નાશ કરવાનું સામર્થ્ય છે. તે કારણે આ રીતે અતદભાવથી ભેદ પાડવાનું પ્રયોજન છે. લક્ષમાં રહે કે ત્યાં દ્રવ્ય અને પર્યાય જુદા પડતા નથી. પરંતુ તે સ્વભાવના આશ્રયે અશુદ્ધતાનું શુદ્ધતામાં રૂપાંતર થતું જાય છે. તેથી કહે છે કે આ રીતે ''સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવથી ભિન્નપણે ઉપાસવામાં આવતા શુદ્ધ કહેવાય છે'' જીવ વિશ્વ વ્યાપી સંબંધમાં અનાદિકાળથી અનંતકાળ સુધી રહે છે. તે પર દ્રવ્યના સંગમાં રહીને, પરાશ્રયે સ્વયં વિભાવ રૂપ પરિણમે છે. તે જ જીવ પરના સંગમાં રહ્યો હોવા છતાં સ્વાશ્રયે શુદ્ધ પર્યાય રૂપે પરિણમે છે. પર્યાયમાં પરના નિમિત્ત તફાવત લક્ષમાં આવે છે. પરંતુ પરની કે પોતાના વિભાવની કોઈ અસર જીવના જ્ઞાયક સ્વભાવ ઉપર થતી નથી. આ રીતે આત્મ સ્વભાવ નિરપેક્ષપણે શુદ્ધ છે.

હવે દૃષ્ટાંત કહે છે. દાહ્યાકાર થવા છતાં દાહ્યકૃત અશુદ્ધતા અગ્નિને નથી. લાકડાનો અગ્નિ, છાણાનો અગ્નિ, તૃણ અગ્નિ એમ કથન આવે છે. ત્યાં બળવા લાયક પદાર્થના લક્ષે તેની સાપેક્ષતાથી આવા અલગ નામ પડે છે. અગ્નિનો ઉષ્ણતારૂપ સ્વભાવ છે એનાથી ખોરાક પાકે છે તેથી તેને પાચક કહેવાય છે. બળવા લાયક પદાર્થને બાળે છે. તેથી તેને દાહક (દહનશબ્દ ખરેખર તો ક્રિયા છે) કહેવાય પરંતુ અગ્નિ તો અગ્નિ જ છે. અલગ પ્રકારના ક્રિયા અનુસાર તેને દાહક પ્રકાશક પાચક કહેવાય છે તે અગ્નિની પર્યાય છે તે અગ્નિ છે.

જ્ઞાન ગુણની પર્યાયમાં આઠ પ્રકારના નામ આવે છે. જ્ઞાનનો વિષય શું છે તે અનુસાર જ્ઞાનની પર્યાયના પાંચકે આઠ ભેદ પડે છે. પરંતુ દરેક સમયે જાણવાની ક્રિયા તો એક રૂપ છે અને જ્ઞાયક તો જ્ઞાયક જ છે. જ્ઞાન જે પર જ્ઞેયને જાણે છે તે જ્ઞેયના આકારે જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર લક્ષગત થાય છે ત્યાં ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનય લાગુ પડે છે. અર્થાત્ પરજ્ઞેય જે પ્રસિદ્ધ છે તેના આશ્રયે જ્ઞાનની પર્યાયની પ્રસિદ્ધિ થાય છે. તે સમયે જાણવાનું કાર્ય તો જીવ જ કરે છે. નજર ચારે બાજુ ફેરવીએ ત્યારે જુદા જુદા પદાર્થો જણાય છે. જ્ઞેયો બદલાય છે પરંતુ જ્ઞાયક અને જાણનક્રિયા એક રૂપ જ છે. એને અનુપચરિત સદભૂત વ્યવહાર નય કહે છે. પરાશ્રય નથી તે આ રીતે દૃઢ થાય છે. સાધન સાધ્યનો પગથીયા રૂપે લક્ષણ લક્ષ્યનો વિચાર કરતાં (૧) ઉપચરિત સદભૂત, (૨) અનુપચરિત સદભૂત, (૩) જ્ઞાન ગુણ (અસાધારણ) અને જ્ઞાયક આ રીતે લક્ષણ દ્વારા લક્ષ્ય જણાય છે.

આચાર્યદેવ દીપકનો દૃષ્ટાંત આપે છે. દીપક સ્વ-પર પ્રકાશક છે. દીપકનો ઉપયોગ પર પદાર્થોને પ્રકાશિત કરવા માટે કરવામાં આવે છે. દીપકને પોતાને પ્રકાશવા માટે અન્ય દીપકની જરૂર પડતી નથી. શબ્દો ફેરવીને

વિચારીએ તો દીપક તો સ્વયં પ્રકાશિત જ છે. તેના જોરમાં બાહ્ય દ્રવ્યો પણ પ્રકાશિત થાય છે. અગ્નિ અને દીપકના દૃષ્ટાંતે જીવનું સ્વપર પ્રકાશક પણું દર્શાવવું એ કાંઈ નવી વાત નથી પરંતુ અહીં તેનું શું પ્રયોજન છે ?

કર્તા અને કર્મને જોડનાર ક્રિયા છે. જ્ઞપ્તિ ક્રિયા પરને પણ જાણી શકે છે અને સ્વને પણ. પર જ્ઞેયને જાણતા સમયે જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર દેખાઈ છે. તે રીતે પોતાને જાણતા સમયે તે પર્યાય જ્ઞાનાકાર થાય છે. જ્ઞાયક એક રૂપ છે. તે એક રૂપ જ રહે છે. અરુપી સ્વભાવ અરુપી જ રહે છે. તે જયારે પોતાને જાણે છે ત્યારે ત્યાં જ્ઞાતા-જ્ઞાન અને સ્વજ્ઞેય રૂપના સંબંધ છે. જ્ઞાતા-જ્ઞાન-પરજ્ઞેય ત્યારે પણ જ્ઞાયક તો જ્ઞાયક જ રહે છે. હવે કહે છે કે પર જ્ઞેય કે સ્વ જ્ઞેય જ્ઞાયક તો જ્ઞાયક જ છે તે એક પણ જ્ઞેયાકાર અવસ્થા રૂપે થતો નતી. ભલે જ્ઞાયક, જ્ઞાનની પર્યાયમાં ન આવે તો પણ મેં જ્ઞાયકને જાણી લીધો છે. આ રીતે દ્રવ્ય સ્વભાવ પર માંતો નથી જતો પરંતુ પોતાની પર્યાયમાં પણ નથી આવતો આ રીતે દ્રવ્ય પર્યાયની એક સત્તા હોવા છતાં જેને દ્રવ્ય સામાન્ય સ્વભાવ કહેવામાં આવે છે તે પર્યાયમાં, અનાદિથી અનંતકાળ સુધીની કોઈપણ પર્યાયમાં આવતો નથી. આ પ્રમાણે માત્ર અતદભાવથી જ જ્ઞાયકને પર્યાય ભેદ નથી. આ ગાથામાં એકત્વ વિભક્ત આત્મ સ્વભાવ સુધી પહોંચી જવાથી જ્ઞાયક સ્વભાનો નિર્ણય થાય છે. તેનો ભરોસો થાય છે. તેમાં હુંપણું સ્થાપવું ''છોડ્યા વિના જ સ્વભાવનો ઉત્પાદ વ્યય ધ્રુવ યુક્ત જે'' મૂળ સ્વભાવ છૂટતો નથી.

દ્રવ્ય સામાન્ય સ્વભાવને જોવાની બે દૃષ્ટિ બે અપેક્ષા અસલ અપરિણામી દૃષ્ટિ છે તે વડે જ સત્‌ની સ્થાપના થાય છે. તે સત્‌ની સ્થાપના થાય છે.તે સ્વભાવ પરિણામી થઈને પર્યાયની પ્રગટતા કરે છે. આ રીતે દ્રવ્ય અનેપર્યાય સ્વરૂપ છે. શક્તિ અધિકારમાં (૩૯) ભાવ શક્તિ અને (૪૦) ક્રિયા શક્તિ લેવામાં આવી છે. તેમાં કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવન માત્ર મયી, ભાવ શક્તિ પછી (૪૦) કારકો અનુસાર થવા પણારૂપ-પરિણમવા રૂપ જે ભાવ તેમથી ક્રિયા શક્તિ. આ રીતે દ્રવ્ય પર્યાય રૂપ સ્વરૂપ અસ્તિત્વ સત્તાને લક્ષમાં લીધા બાદ પર્યાય દ્વારા સ્વભાવ સુધી પહોંચી શકાય છે.

ગાથા – ૭ : છઠ્ઠી ગાથામાં પર્યાય ભેદની વાત લીધા આ ગાથામાં ગુણભેદથી સ્વભાવની પ્રાપ્તિ દર્શાવે છે. ''આ જ્ઞાયક આત્માને બંધ પર્યાયના નિમિત્તથી અશુદ્ધપાયુ તો દૂર રહો, પણ એને દર્શન, જ્ઞાન, ચરિત્ર પણ વિદ્યમાન નથી'' આત્મ સ્વભાવ નિરપેક્ષપણે શુદ્ધ છે. પર્યાયની અશુદ્ધતા સમયે પણ સ્વભાવ તો શુદ્ધ જ છે. તે વાત આગલી ગાથામાં લીધા પછી ગુણભેદોને કારણે પણ જીવમાં અશુદ્ધતા આવતી નથી. એવું પ્રતિપાદન કરે છે. દ્રવ્ય અને પર્યાયની વાત લેવામાં આવે ત્યાં નિત્ય-અનિત્ય એવા બે વિરોધી ધર્મો અવિરોધપણે રહેલા છે. એ જ રીતે દ્રવ્ય એક અને ગુણો અનેકની વાત આવે, બે વિરોધી ધર્મો અવિરોધપણે રહેલા છે. એ જ રીતે દ્રવ્ય એક અને ગુણો અનેકની વાત આવે ત્યારે એક અને અનેક એ પરસ્પર વિરોધી ધર્મો છે. આ તો દરેક પદાર્થના અંતરંગ અનેકાંતનું સ્વરૂપ છે તે પરમાર્થે એક સત્તા છે. પદાર્થ જ દ્રવ્ય અપેક્ષાને નિત્ય અને પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. એ જ રીતે પદાર્થ દ્રવ્ય અપેક્ષાએ એક અને ગુણ ભેદ અનેક અપેક્ષા છે. એ જ રીતે પદાર્થ દ્રવ્ય અપેક્ષાએ અનેક છે. આ રીતે જે

પદાર્થ છે તે એકત્વપણું સલામત રાખીને એક છે. તે વાત આ ગાથામાં આચાર્ય દેવ સમજાવે છે. શક્તિ અધિકારમાં સ્વ પરના સમાન, અસમાન અને સમાના સમાન એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણ સ્વરૂપ સાધારણ – અસાધારણ–સાધારણા સાધારણ ધર્મત્વ શક્તિ લેવામાં આવી છે. આ રીતે પ્રત્યેક દ્રવ્યમાં અનંત સામાન્ય ગુણો છે. તે બધા પદાર્થોમાં સમાન છે. તે બધા પરિણમન કરીને પદાર્થની અંતરંગ અનેકાંત વ્યવસ્થાને અનાદિથી અનંતકાળ સુધી એકરૂપ ટકાવી રાખે છે. પદાર્થની દ્રવ્ય–ગુણ–પર્યાય રૂપ અને ઉત્પાદ–વ્યય–ધ્રુવ રૂપ વ્યવસ્થા તેને આભારી છે. એ જ રીતે તેને સત્ ક્ષેત્ર અને સ્વભાવ રૂપે પણ સમજી શકાય. દરેક પદાર્થમાં એક અથવા એકથી અધિક એવા ગુણો છે જે માત્ર એક જ દ્રવ્યમાં છે અન્યમાં નથી. તે ગુણોના આધારે છ પદાર્થો એકબીજાથી તદ્દન ભિન્ન, અસ્તિત્વ, સ્વતંત્રતાથી શોભાયમાન રહે છે. એ ઉપરાંત કોઈ દ્રવ્યમાં એવા ગુણો પણ છે કે જે ગુણો એકથી અધિક દ્રવ્યમાં છે પરંતુ બધા દ્રવ્યોમાં નથી. આવા ગુણોને જુદા નામથી ઓળખાવવા માટે વિશેષ ગુણો કહેવામાં આવે છે. તેને આ શક્તિમાં સાધારણ–અસાધારણ–સાધારણા સાધારણ ધર્મત્વ રૂપે વર્ણવવામાં આવ્યા છે.

હવે એક–અનેક શબ્દના ભાવને સમજવાનો પ્રયત્ન કરીએ ''એક'' શબ્દ છે તે ભાવસૂચક છે. તેની વિદ્યમાનતા દર્શાવે છે. ''બે'' શબ્દ આવે ત્યારે જે કાંઈ એકમાં છે તેવું ને તેવું એકથી વધારે લેવામાં આવે ત્યારે તે ''બે'' કહેવાય છે. એ જ રીતે અનેક શબ્દ પ્રયોગ કરતાં સમયે પણ ''એકમ'' (UNIT)તો એક જ રહે છે. જેમ કે જીવ એક પદાર્થ છે. તેમ પુદ્‌ગલ પણ પદાર્થ છે. વિશ્વમાં છ પ્રકારના પદાર્થો છે. તે સંખ્યા અપેક્ષાએ અનેક છે–અનંત છે–આપણે આ રીતે એક અને અનેકને સમજવાને ટેવાયેલા છીએ. જ્યારે દ્રવ્ય અને ગુણની વાત આવે છે. ત્યારે એકમાં તફાવત નથી પરંતુ ''અનેક'' શબ્દ આવે છે ત્યારે એક જેવા અનેકની વાત નથી. પરંતુ એક જ છે તે એકાંતિક એક નથી. તેનું અંતરંગ ખોલીને તેમાં અનંતતા લક્ષમાં લેવાની વાત છે.

એક દ્રવ્ય અને એના જેવા બીજા અનેક ત્યાં દરેકની સ્વતંત્રતા જ્ઞાનમાં ઉઠતી આવે છે. એવી સ્વતંત્રતા અંતરંગના અનેકમાં નથી. દરેક પદાર્થમાં દ્રવ્ય સ્વભાવ એક અભેદ અનંતમાં ગુણો અને પર્યાયરૂપ ભેદ અનેક છે. જેવી સ્વતંત્ર સત્તા દ્રવ્યને મળે છે. એવી સ્વતંત્ર સત્તા ગુણભેદને કે પર્યાય ભેદને મળતી નથી. બધા ગુણો અને બધી પર્યાયો દ્રવ્યને આશ્રયે લક્ષગત થાય છે. શબ્દો ફેરવીને વિચારીએ તો ''અનેક રૂપ'' પદાર્થો સ્વતંત્ર છે પરંતુ ''અનેક રૂપ'' ગુણો અને પર્યાયો એવા સ્વતંત્ર નથી.

આ અંતરંગના અનેકાંતનું સ્વરૂપ પ્રવચન સાર ગા. ૯૩માં સુંદર રીતે સમજાવામાં આવ્યું છે. વિશ્વમાં જે કોઈ જાણવવામાં આવતો પદાર્થ છે તે આખોય વિસ્તાર સામાન્ય સમુદાયાત્મક અને આયત સામાન્ય સમુદાયાત્મક દ્રવ્યથી રચાયેલો હોવાથી દ્રવ્યમય છે. ''પં. હિમતભાઈએ ફૂટનોટમાં વિસ્તાર સામાન્ય સમુદાયના ભાવને સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. વિસ્તાર વિશેષ એટલે ગુણો (નિત્ય પક્ષના સભ્યો) જેમ કે જ્ઞાન દર્શન વગેરે જીવના વિસ્તાર વિશેષો છે. આપણે એ વાત પૂર્વે જ લક્ષમાં લીધી છે કે દરેક પદાર્થમાં જે ગુણો છે તે ગુણ અપેક્ષાએ સમાન હોવા છતાં તેમાં

સામાન્ય વિશેષ એવા ભેદો અવશ્ય છે. ફૂટ નોટમાં આગળ લખે છે કે (તે વિસ્તાર વિશેષોમાં રહેલા વિશેષણપણાને ગૌણ કરીએ તો એ બધામાં એક આત્માપણારૂપ સામાન્યપણું ભાસે છે.) આ ભાવ સમજવા જેવો છે. ત્યાં સમુદાયાત્મકની સ્પષ્ટતા છે. ૨૬મી શક્તિને મુખ્ય રાખીને વિચારીએ તો વિશેષને ગૌણ કરવાથી બધામાં ગુણ રૂપ'' સામાન્યપણું આવે. પરંતુ એ અર્થ નથી. પરંતુ એકત્વનો - સમુદાયાત્મકપણાનો ભાવ લઈને ત્યાં આત્મા રૂપ સામાન્યપણું લેવામાં આવ્યું છે. આ અપેક્ષાએ અનંત ગુણો એકત્વ રૂપ લક્ષમાં લેવામાં આવે તો ત્યાં દ્રવ્ય સ્વભાવ લક્ષમાં આવે છે. આ રીતે આ ''એક-અનેક''માં એકત્વની મુખ્યતા છે. અભેદની, અખંડતાની મુખ્યતા છે. પદાર્થને ગુણ ભેદ કે પર્યાય ભેદથી લક્ષમાં લેતા પદાર્થ ખંડિત થતો નથી. આટલી પૂર્વ ભૂમિકાપૂર્વક ફરી ગાથાની ટીકામાં જઈએ તો ત્યાં કઈ રીતે સમજાવે છે તે જોઈએ.

''અનંતધર્મોવાળા એક ધર્મીમાં જે નિષ્ણાંત નથી એવા નિકટવર્તી શિષ્ય જન'' અર્થાત જે શિષ્ય છે એની પાત્રતાની વાત મુખ્ય રાખીને કહે છે. તે નિકટવર્તી છે અર્થાત તે સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ ઉપાડીને અલ્પકાળમાં મોક્ષ જવા માટે ઉત્સુક છે. તે માટેનો પુરુષાર્થ કરી રહ્યા છે. તેના જ્ઞાનનો ક્ષયોપશમ ગુણ ભેદ અને તેના પરિણામને સમજી શકે એટલી ક્ષમતાવાળો છે. સંજ્ઞી હોવાથી પુદ્ગલના ગુણ દ્વારા સ્કંધ સુધી પહોંચતા આવડે છે તે આત્માનો અનુભવ કરવા માંગે ત્યારે જો તેને ખ્યાલમાં આવે કે પુદ્ગલ અને જીવમાં પદાર્થ બંધારણ સમાન જ છે. તેથી જે રીતે પાસે પુદ્ગલના ગુણની પર્યાય દ્વારા પુદ્ગલ દ્રવ્યને જાણી શકે છે. તેનું અનેકાંત સ્વરૂપ લક્ષમાં લઈને પદાર્થનો મહિમા કરી શકે છે. એવો જ પ્રયોગ મારે આત્માને જાણવા અને અનુભવવા માટે કરવાનો છે. એ અજ્ઞાની જીવ ''અનંતધર્મોવાળા એક ધર્મી'' એવા પુદ્ગલ સ્કંધોને જાણવા સક્ષમ છે. અનંતકાળથી એ જ કરતો આવ્યો છે તેથી નિષ્ણાંત છે. પરંતુ તેણે ક્યારેય અરુપીમાં પ્રવેશ લીધો નથી. એટલે જીવ તેના ગુણો અને બધી પર્યાયો અરુપી છે. અજ્ઞાનીએ અરુપી આત્માને જાણ્યો નથી પરંતુ તેને પોતાની અરુપી પર્યાયનું વેદન અવશ્ય છે. તેને જ્ઞાનનું વેદન છે, રાગનું વેદન છે, સુખ દુઃખ વેદન છે. અજ્ઞાની માને છે કે તે બાહ્ય વિષયોને ભોગવે છે અને ભોગવતા સુખ અનુભવે છે પરંતુ વિશ્વની અણકૃત વ્યવસ્થા એવી છે કે પરદ્રવ્યનું જ્ઞાન જ હોય વેદન ન હોય જ્યારે જીવ જ્ઞાની હોય કે અજ્ઞાની તે પોતાના પરિણામનું વેદન અવશ્ય કરે છે. અજ્ઞાની પોતાને રાગી અનુભવે છે. જે વેદન જીવને ઈન્દ્રિય સુખ દુઃખ રૂપે પોતાના પરિણામરૂપે અનુભવે છે. તેને બાહ્ય વિષયોનું જ્ઞાન છે અને પોતાના અજ્ઞાનનું વેદન છે.

ટીકામાં આગળ - ''ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે ઉપદેશ કરતા આચાર્યો'' જેમ સ્કંધોને સમજાવવા માટે સ્પર્શાદિ ચાર અસાધારણરુપી ગુણોની પર્યાયો પર્યાપ્ત છે તેમ જીવમાં દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણોના પરિણામ દ્વારા આત્માની ઓળખાણ થઈ શકે છે. તેથી જ્ઞાનીઓ તે ગુણોની પર્યાયમાં દ્વારા આત્માની પિછાણ કરાવે છે.

દૂધીયાનો દૃષ્ટાંત આપે છે દૂધમાં વરીયાળી સાકર વગેરે પદાર્થો ભેળવીને તે બધાને એક રસ કરીને જે પીણું

બનાવે છે. તેને ઠંડુ કરીને તેનો ઉપયોગ ઉનાળામાં ગરમીથી ઉત્પન્ન તૃષાને શાંત કરવામાં લેવામાં આવે છે. તેમાં જેટલા પદાર્થો છે તે બધાનો એકત્વરૂપ સ્વાદ લેવામાં આવે છે. તેમાં કેટલા દ્રવ્યો છે તે જાણવા માટે દરેકના અલગ સ્વાદની જાણકારી આવશ્યક છે. રોજના પ્રસંગનો વિચાર કરીએ તો બહેનો રસોઈ કરતા સમયે ઉકળતી દાળમાંથી એક ચમચી લઈને તેમાં સ્વાદ લે છે. એકરૂપ સ્વાદ યોગ્ય લાગે તો સંતોષ થાય છે. તેની સાથેતેમાં ખટાશ, ગળાશ, તીખાશ બધાનો અલગ સ્વાદનો પણ તેને ખ્યાલ આવી જ જાય છે. દરેક માટે અલગ ચમચી ચાખવાની જરૂર નથી. આ રીતે એકત્વરૂપ અને અલગ-અલગ બધાના સ્વાદનો તેને ખ્યાલ છે. આ રીતે સિદ્ધાંતમાં અજ્ઞાની જીવ પણ પોતાના આત્માને રાગી-દ્વેષી-અજ્ઞાની-સુખી-દુ:ખી એ રીતે પ્રત્યેક સમયે અનુભવે જ છે. અજ્ઞાની જીવો પણ પરને માત્ર જાણે જ છે અને તે સમયે પોતાના પરલક્ષી વિભાવ ભાવોને અનુભવે છે.

આ રીતે આચાર્ય દેવ ગુણના વેદન દ્વારા અભેદપણે આત્મતા વેદનનો સ્વીકાર કરાવે છે. સાથો સાથ તે અવાંતર સત્તા રૂપ ગુણ ભેદની ભૂમિકા છોડીને અભેદરૂપી દ્રવ્યની અનુભૂતિ વેદન સુધી પહોંચે છે. પછી પર્યાયને ગૌણ કરીને એક રૂપ આત્મ સ્વભાવ સુધી પહોંચે છે.

હવે ત્રણે ગાથાનો સાથે વિચાર કરીએ. જેણે પોતાના આત્માને જાણ્યો છે તેને આત્મા કેવી રીતે પ્રાપ્ત થાય તે બીજાને સમજાવવું છે. દરેક જીવ વિશ્વના સભ્યરૂપે, વિશ્વમાં પોતાનું એક સ્વતંત્ર સત લઈને રહેલ છે. અજ્ઞાનીના જ્ઞાનનો વિષય અનાદિકાળથી પરદ્રવ્યો જ છે. તેને પોતાના જ્ઞાયક સ્વભાવ સુધી પહોંચાડવાના વિકટ કાર્યની જવાબદારી આચાર્યદેવે આ ગાથામાં પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકારી છે. લક્ષ્ય-ગંતવ્ય સ્થાન તો પોતાનો દ્રવ્ય સામાન્ય સ્વભાવ જ છે. તે સ્વભાવ અવર્ણનીય છે. અનુભૂતિ પણ અવર્ણનીય છે. અરુપી જીવ બીજા અરુપીને સમજાવવા માટે રૂપી એવા શબ્દોનો સહારો લે છે. પૂ. ગુરુદેવ કહેતા કે શબ્દોરૂપી દુશ્મન દ્વારા પવિત્રપુરાણ પુરુષનો મહિમા કેવી રીતે કરાવી શકાય ! તો પણ ઇચ્છા વિના નિકળતી દિવ્યધ્વનિ-જે અનાકારાત્મક છે તેના દ્વારા વિશ્વનું સત્મય અનેકાંત સ્વરૂપ સમજવામાં આવે છે. સર્વજ્ઞના જ્ઞાનની જેમ દિવ્યધ્વનિ અને તેને શબ્દ દેહ આપનાર ગણધર દેવ- આ બધો જ્ઞાનનો જ પ્રતાપ છે.

જીવ કયાં ઊભો છે. તે જીવ અને અજીવના (પુદ્ગલના) અસમાનજાતિય દ્રવ્ય પર્યાયમાં સ્થિત છે ત્યાંથી છોડાવીને, ''પરથી વિભક્ત'' વિધિ અનિવાર્ય છે. અનાદિનો પુદ્ગલનો આંધળો પ્રેમ એને પરથી છૂટવા દેતો નથી. વિરકતપણું આવતું નથી. જ્ઞાનીઓ સંયોગની ભૂમિકામાં કયાં મોટી ભૂલ થાય છે. તે વિસ્તારથી સમજાવે છે. જીવ સંકર દોષ – જ્ઞેય જ્ઞાયક અને ભાવ્ય ભાવક સંકર દોષ કેવી રીતે કરે છે. તે વાત લીધા પછી જયારે કહે કે વિશ્વમાં કયાંય સંકર દોષ થતો જ નથી. બે પદાર્થો બધા પદાર્થો કાયમ માટે જુદા જ છે અને જુદા જ રહે છે ત્યારે તે વાસ્તવિકતાનો જીવ સ્વીકાર કરી શકતો નથી. જો કોઈપણ રીતે દરેક પદાર્થનું ભિન્ન અને સ્વતંત્ર સત અને સ્વભાવની હા આવે તો પછીનું કાર્ય તો સુગમ છે.

પંચાધ્યાયીમાં ''તદગુણ સંવિજ્ઞાન'' શબ્દ પ્રયોગ આવે છે. આત્માની પ્રાપ્તિ કરવી હોય તો તારા દ્રવ્ય-ગુણ-પર્યાયની મર્યાદા રૂપ તારી સ્વરૂપ અસ્તિત્વરૂપ સત્તામાં આવીને પરમાં રહીને આત્મા પ્રાપ્ત નહીં થાય. પરજ્ઞેય-પરદ્રવ્યના પરિણામને મહત્વ આપીને ત્યાં અટકવાને બદલે જ્ઞે.જ્ઞા. સંબંધ દ્વારા તારી જ્ઞેયાકાર પર્યાયમાં આવીજા. તેને સાધન બનાવીને ભલે પરજ્ઞેયો બદલાતા રહે પરંતુ મારી તો જાણનક્રિયા અવિરતપણે ચાલુ જ છે અનુપચરિત સદભૂત વ્યવહારનય તે પરિણામનાં મૂળમાં મારો જ્ઞાન ગુણ છે અને તે અભેદરૂપે આત્મા જ છે. આ રીતે સલુકાઈથી સ્વભાવ સુધી પહોંચવાનો માર્ગ દર્શાવે છે. તેની સાથો સાથ અસદભૂત વ્યવહાર નયના વિષયભુત વિભાવ ભાવ અને તેમાં નિશ્ચિત મોહનીય કર્મોના સ્વરૂપને પણ જ્ઞાનીઓ દર્શાવે છે અને છોડાવે છે. આ રીતે પોતાની સ્વરૂપ અસ્તિત્વ સત્તા સુધી પહોંચેલો જીવ પછી ગાથા ૬ અને ૭ માં દર્શાવેલા પર્યાય ભેદ અને ગુણ ભેદ જેનું વિસ્તૃત પ્રયોજન ભૂત વર્ણન એ બે ગાથાઓમાં કરીને તેમાંથી પ્રવેશ મેળવીને જ્ઞાયક સ્વભાવ સુધી પહોંચવાની વિધિ દર્શાવી છે.

આ રીતે જ્ઞાનીઓએ માર્ગ દર્શન બરોબર સચોટ રૂપે કર્યુ જ છે. આપણે તે પ્રકારે પરિણમન કરવા માટે પુરુષાર્થ ઉપાડવો રહ્યો.

## (ગાથા ૮ થી ૧૨)

આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં થાય, થાશે કાળ ભવિષ્યમાં. આ એક અનાદિકાળથી ચાલ્યો આવતો ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ છે, વ્યવહાર છે, જે શુદ્ધાત્મા છે તે જ્ઞાન સ્વભાવી છે. આપણી જ્ઞાનની પર્યાય શ્રુતજ્ઞાન રૂપ છે. તે પ્રમાણ જ્ઞાન અને નયજ્ઞાન રૂપ છે. પ્રમાણ જ્ઞાનનો વિષય આખો પદાર્થ છે. નયનો વિષય વસ્તુનો એક અંશ છે. બે નય ગુણ દ્વારા વસ્તુને સમજાવવી એ સ્યાદવાદ શૈલી છે. પરમાર્થે જીવ અને પુદ્ગલ બે સ્વતંત્ર પદાર્થો છે બંનેને જ્ઞાન-પ્રમાણ જ્ઞાન અલગ રૂપે જાણે છે. પરંતુ અજ્ઞાની જીવ અસમાનજાતિય દ્રવ્ય પર્યાય રૂપે રહેલ છે. તે પરમાર્થે પ્રમાણ જ્ઞાન રૂપ નથી. તેથી ત્યાં નય લાગુ ન પડે. પંચાધ્યાયીમાં બે પદાર્થ વચ્ચેના સંબંધને નયાભાસ કહ્યો છે. કુંદકુંદાચાર્યાદિની શૈલીમાં બે પદાર્થ વચ્ચેના સંબંધને અસદભૂત વ્યવહારમાં લીધા છે.

જે જ્ઞાયક સ્વભાવને દર્શાવવાની પ્રતિજ્ઞા લીધી છે. તે સ્વયં જ્ઞાયક હોવાથી પોતાના સ્વાભાવિક પરિણામ વડે જ પોતાને અને પરને જાણી શકે છે. તેમના અત્યંત ભિન્નપણાનો નિર્ણય કરી શકે છે. તેથી પરાધીનતા નથી પ્રગટ જ્ઞાન નય જ્ઞાનરૂપ છે. નયમાં નિશ્ચય અને વ્યવહાર બે ભેદ પડે છે. અભેદને ગ્રહણ કરે તે નિશ્ચય નય છે. વ્યવહાર નય ભેદને ગ્રહણ કરે છે. આપણા જ્ઞાનનો ઉઘાડ ગુણ પર્યાયને જાણી શકે એટલી ક્ષમતા રૂપ છે. શરીરને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિયને સાધન બનાવીને પુદ્ગલના સ્પર્શાદિગુણની પર્યાયને જ્ઞાન જાણે છે. અજ્ઞાની જીવને આત્માના સ્વરૂપનું જ્ઞાન નથી. આત્મા સંબંધી સંપૂર્ણ જાણકારી પરમાત્માને છે. જ્ઞાનીને પણ આત્માનુભવ છે. જ્ઞાની પાસેથી આ માહિતી અજ્ઞાનીએ મેળવવાની છે. આ પૂર્વભૂમિકાપૂર્વક હવે આપણે આ પાંચ ગાથાઓનો અભ્યાસ કરીએ. આ

ગાથાઓમાં નિશ્ચય અને વ્યવહારનયને કેવી રીતે દર્શાવે છે તે અગત્યનું છે.

ગાથા – ૮ : આ ગાથામાં બે વ્યવહાર દર્શાવ્યા છે. (૧) ગુરુ અને શિષ્ય વચ્ચે વચન વ્યવહાર અનિવાર્ય છે. (૨) દ્રવ્ય અને (તેના પરિણામને) સમજવા માટે ગુણભેદ રૂપ વ્યવહાર અનિવાર્ય છે. બે અલગ લીટીમાં આ બંને વ્યવહાર દર્શાવવામાં આવ્યા છે. વ્યવહારમાંથી પ્રવેશ લઈને પરમાર્થ પામવાની વાત લીધી છે. ''ભાષા'' શબ્દથી જુદા જુદા દેશની જુદી જુદી ભાષા હોય છે. તેના ઉપર વજન નથી આપવું. એક જ વસ્તુ માટે દરેક ભાષાના શબ્દો જુદા જુદા છે એ અહીં અગત્યનું નથી.

વસ્તુને = ટેબલ :– ટેબલને ટેબલ રૂપ જાણે છે તે જ્ઞાન સાચું છે. ટેબલને માટે જે ટેબલ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. તે શબ્દની આપ લે ગુરુ અને શિષ્ય વચ્ચે થાય ત્યારે શબ્દનું વાચ્ય એક જ હોય તો પ્રયોજન સરે. વિશેષ સ્પષ્ટતા માતા ટેબલ તરફ આંગળી દર્શાવીને આ ટેબલ છે એમ કહે છે. ત્યારે પુત્રને શબ્દ અને વસ્તુ બંનેનું જ્ઞાન થાય છે. પણ જ્યારે જ્યારે ટેબલ શબ્દ આવે ત્યારે ટેબલ રૂપ વાચ્ય જ્ઞાનમાં લક્ષગત થાય છે. દરેક પદાર્થમાં દ્રવ્ય ગુણ પર્યાય રૂપ વ્યવસ્થા સમાન છે તેથી જ્યારે ગુરુ પોતાના દ્રવ્ય સ્વરૂપની વાત બીજાને સમજાવવા માટે દ્રવ્ય ગુણ પર્યાય એવા શબ્દનો પ્રયોગ કરે ત્યારે શિષ્ય તેના દ્વારા પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણી લે છે. આ બે વચ્ચેનો વ્યવહાર છે. જેમ શબ્દ દ્વારા રૂપી ટેબલનું જ્ઞાન થાય છે. તેમ શબ્દ દ્વારા અરુપી આત્માનું જ્ઞાન છે. આ રીતે ગુરુ અને શિષ્ય વચ્ચેનો વ્યવહાર છે. આ પ્રકારના વ્યવહાર દ્વારા પરમાર્થ સધાય છે.

હવે ગુણ અને દ્રવ્ય વચ્ચેના સંબંધને વિચારીએ દ્રવ્ય સ્વભાવ એક છે અને ગુણ ભેદો અનેક છે. દ્રવ્ય અભેદ છે અને ગુણો ભેદ રૂપ છે. દ્રવ્ય અને ગુણની એક સત્તા છે. દ્રવ્ય–તેના ગુણ અને પર્યાય સહિત જ છે. ત્યાં એક સત્તા છે જે અખંડિત છે. બધા વચ્ચે જે તાદાત્મ્ય છે તેના કારણે ગુણ ભેદમાંથી પ્રવેશ લઈને દ્રવ્ય સુધી પહોંચી શકાય છે. સંજ્ઞી જીવ ગળપણના સ્વાદ દ્વારા સાકરને જાણી લે છે. એ પ્રકારે જીવના ગુણની પર્યાયમાંથી પ્રવેશ મેળવીને જીવ સ્વભાવ પ્રાપ્ત થાય છે. આત્માના જ્ઞાન અને સુખ બે વેદનભૂત પરિણામો છે. જ્ઞાન અને સુખ જે આત્માના છે તે આત્માની જ પ્રાપ્તિ કરાવે છે. મારા જ્ઞાન ગુણને અચેતન દ્રવ્યો કે બીજા જીવો સાથે કોઈ સંબંધ નથી તેથી મારી જ્ઞાનની પર્યાય દ્વારા હું મારા સ્વભાવને જાણી શકું. મારા સ્વભાવને પ્રાપ્ત કરું તે વ્યવહાર છે. આ ગુણ–ગુણી રૂપનો વ્યવહાર છે. ખરેખર નિશ્ચય તો આ ભેદને પણ સ્વીકારતો નથી. ગાથાના શબ્દો છે. સ્વસ્તિ 'એના ભાવને–આશયને જે સમજી ન શકે તેને' તારું અવિનાશી કલ્યાણ થાઓ એવો શબ્દ પ્રયોગ છે. તે શબ્દ પ્રયોગ સ્વસ્તિના ભાવને વિસ્તારથી સમજાવે છે. એ જ રીતે આત્મા શબ્દથી જે સમજતો નથી તેને જે જ્ઞાન–દર્શન–ચારિત્રને હંમેશા પ્રાપ્ત હોય તે આત્મા આ રીતે ગુણ ભેદના કથનથી સમજાવવામાં આવે છે.

આ ગાથાનો આશય–પરમાર્થ સુધી પહોંચવા માટે વ્યવહારનું અવલંબન આવશ્યક છે. તે ઉપરાંત ગુણરૂપી 'લક્ષણ' દ્વારા જે દ્રવ્યરૂપી 'લક્ષ્ય' સુધી પહોંચી જાય તેણે ફરી ભેદમાં આવવું નહીં. લક્ષણને છોડીને લક્ષ્ય પ્રાપ્ત થાય. ગુણ–ગુણીની એક સત્તા છે જે ક્યારેય તૂટતી નથી તો પછી આ રીતે શા માટે કહેવામાં આવે છે ? જે દ્રવ્ય અપેક્ષાએ

એક છે તે જ ગુણ ભેદ અપેક્ષાએ અનેક છે. આ રીતે એક અનેક પરસ્પર વિરોધી લાગતા ધર્મો ખરેખર એકને જ પદાર્થને જ સ્વરૂપ અસ્તિત્વ સત્તાને જ લાગુ પડે છે તો પછી ''બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું'' આત્મા પહોંચ્યા પછી ગુણ ભેદને છોડવાનું શા માટે કહે છે. એવા પ્રશ્નના સમાધાન માટે આપણે આચાર્ય દેવની પ્રતિજ્ઞાને યાદ કરવી જોઈએ. છ અને સાત ગાથાઓમાં પર્યાય અને ગુણભેદમાંથી પ્રવેશ લઈને તેને ગૌણ કરીને દ્રવ્ય સામાન્ય સ્વભાવ સુધી પહોંચવાનું છે. તે સ્વભાવ અતદભાવ ગુણ અને પર્યાયથી જુદો છે.

ગાથા – ૯ અને ૧૦ : પ્રવચનસાર ગા. ૩૩–૩૪ માં આ જ વિષય છે માટે સાથે સ્વાધ્યાય કરીએ પ્રથમ શ્રુતકેવળી શબ્દનો પ્રયોગ કઈ રીતે થયો છે તે વિચારીએ અરિહંત ભગવાનને કેવળ જ્ઞાન છે જેવો સર્વજ્ઞ સ્વભાવ છે એવી સર્વજ્ઞ દશા છે. તે આપ્ત અર્થાત હિતોપદેશક છે. ઈચ્છા વિના દિવ્યધ્વનિનો યોગ છે. જ્ઞાનને અનુસરીને આવતી અનક્ષરાત્મક ધ્વનિ આ રીતે પ્રમાણ રૂપ છે. તે વાણીના જીલનારા સમોસરણનમા હાજર જીવો છે. સર્વોત્કૃષ્ટ ક્ષયોપશમ જ્ઞાનના ધારક ગણધર દેવ છે. તે વાણી સાંભળીને, તેને વચન રૂપે, બાર અંગ રૂપે રચના કરે છે, તે કંઠસ્થ છે, કેવળી ભગવાનના જ્ઞાનની સાથે તેને અનુરુપ પોતાનું, શ્રુતજ્ઞાનછે તેથી તેને શ્રુતકેવળી કહેવામાં આવે છે. ગણધર દેવ પાસેથી ઉપદેશ પ્રાપ્ત કરીને સ્મરણ જ્ઞાનમાં માહેર અન્ય સંતોમાં કોઈ બાર અંગના જાણનારા હોય છે તે પણ શ્રુતકેવળી કહેવાય છે.

જ્ઞાયક સ્વભાવની પાંચ પ્રકારની જ્ઞાનની પર્યાયો હોય છે. તેમાં આત્મહિત માટે પ્રયોજનભૂત શ્રુતજ્ઞાન અને કેવળ જ્ઞાન છે. શ્રુતજ્ઞાન બધા છદ્મસ્થ જીવોને હોય છે. પરિપૂર્ણ જ્ઞાનને પ્રમાણ જ્ઞાન કહેવાય છે. એ કેવળ જ્ઞાન પ્રમાણ છે. તે ઉપરાંત ભાવશ્રુત પ્રમાણ જ્ઞાન બીજું પ્રમાણ જ્ઞાન છે. તેનો વિષય નિજાત્મા છે એ સ્વાનુભૂતિ છે નિગોદથી લઈને બારમા ગુણસ્થાન સુધી શ્રુતજ્ઞાન છે. આત્મા જ્ઞાન સ્વભાવી છે તેથી જ્ઞાન એ જીવની પર્યાય છે. શ્રુતજ્ઞાનનો વિષય અનાદિકાળથી પરદ્રવ્યો છે. તે ઈન્દ્રિય અને મન દ્વારા બાહ્ય વિષયોને જાણે છે.તે આ રીતે જ્ઞાતા–જ્ઞાન–પરજ્ઞેય એ રીતે જ્ઞેય જ્ઞાયક સંબંધ થાય છે. જયારે પોતાને જાણવો હોય ત્યારે એ જ રીતે જ્ઞાતા–જ્ઞાન–સ્વજ્ઞેય થાય છે. આ રીતે શ્રુતજ્ઞાન વડે જ પોતાનો આત્મા જણાય છે તે સ્વાનુભૂતિ છે આત્મ સ્વભાવની પ્રાપ્તિની જે વાત ગા. આઠમાં આવી છે. તેના અનુસંધાનમાં આ વ્યવહાર સમજવાનો છે. પ્રવચનસાર ૨૩ ગાથામાં લીધું છે કે પરમાત્મા સંપૂર્ણ ખીલેલી પર્યાય વડે પોતાને જાણે છે. જ્ઞાની અધુરી ખીલેલી જ્ઞાનની પર્યાય વડે પોતાને જાણે છે. આ રીતે બંનેનો વિષય શુદ્ધાત્મા હોવાથી શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનમાં તફાવત નથી. શુદ્ધાત્માનું જ્ઞાનએ નિશ્ચય છે. જ્ઞાનની પર્યાયના વ્યવહારમાં શ્રુતજ્ઞાન એક સમયે માત્ર એકને જ જાણે છે. પરમાત્મા સમસ્ત વિશ્વને જાણે છે.

હવે ગુરુ–શિષ્ય વચ્ચેના સંબંધનો વિચાર કરીએ ત્યારે શાસ્ત્રની–વચન–વ્યવહારની વાત વચ્ચે આવે છે તેથી તે વ્યવહાર છે. શાસ્ત્રને સૂત્ર કહે છે. તે અસલમાં દિવ્યધ્વનિ છે અને પછી બાર અંગ આવે છે. તેની પરંપરામાં પરમાગમો અને આગમો છે. ગણધર દેવના જ્ઞાન સુધી બધું કંઠસ્થ છે. ત્યાર બાદ બોલાયેલા અને લખાયેલા બધા શબ્દો–આત્મ જ્ઞાનની પ્રાપ્તિમાં નિમિત છે. પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ આવશ્યક છે. બાર અંગનું બધા શાસ્ત્રોનું તાત્પર્ય

સ્વાનુભૂતિ છે. શાસ્ત્રોએ દ્રવ્યશ્રુત છે કારણ કે તે પૌદગલિક છે. તેના નિમિતે જે જ્ઞાન થાય છે તે ચૈતન્યમય છે અર્થાત તે ભાવશ્રુત જ્ઞાન છે. શાસ્ત્રના આધારે જે સ્વાનુભૂતિ થાય છે. તેનો ક્રમ વિચારીએ તો દ્રવ્ય શ્રુત એ શાસ્ત્રો છે. તે શબ્દોનું જ્ઞાન–જ્ઞાનરૂપ હોવા છતાં તેનું વાચ્ય અચેતન જ છે તેથી દ્રવ્ય શ્રુતનું જ્ઞાન પણ પરમાર્થે પૌદગલિક જ છે. ગાથાઓ કંઠસ્થ કરીને યાદ રાખવી અને ફરી ફરીને તેનું રટણ–અભ્યાસ થાય ત્યાં સુધી અરુપી જ્ઞાનની ખિલવટ થતી નથી. શબ્દો વાચક–થઈને જે અરુપી વાચ્ય રૂપ પોતાને આત્મા અને તેની પદાર્થ રૂપની વ્યવસ્થા સુધી શ્રુતજ્ઞાન લંબાવવામાં આવે ત્યારે જે આત્મજ્ઞાન થાય છે. તે ભાવશ્રુત જ્ઞાન છે. તે જ્ઞાનની નિર્વિકલ્પ દશા તે ભાવશ્રુત પ્રમાણ જ્ઞાન છે. સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવા માટે બારઅંગનું જ્ઞાન આવશ્યક નથી. પાત્ર જીવ ''જાણે તે આત્મા'' એટલા ભેદરૂપ શબ્દો દ્વારા સ્વાનુભૂતિ કરી લે છે. તેનું જ્ઞાન કેવળી સદશ છે. (પ્ર.વ.ગા.૩૩) અનુસાર છે. તેથી નવમી ગાથામાં શ્રુતજ્ઞાન વડે સ્વાનુભૂતિ કરનારને પણ શ્રુત કેવળી કહ્યો. દસમી ગાથામાં બારઅંગના જાણનારને શ્રુતકેવળી કહ્યો આ રીતે આ બંને ગાથાઓમાં વ્યવહાર દર્શાવ્યો. જ્ઞાનની પર્યાય દ્વારા આત્મ પ્રાપ્તિ થાય છે. આ રીતે બંને ગાથાઓમાં વ્યવહાર દર્શાવ્યો. જ્ઞાનની પર્યાય દ્વારા આત્મ પ્રાપ્તિ થાય કે શાસ્ત્રના અવલંબન દ્વારા થાય એ બધો વ્યવહાર છે. આ રીતે આઠમી ગાથામાં જે વ્યવહારની અનિવાર્યતા દર્શાવી છે. તેને 'શ્રુતકેવળી'ના માધ્યમથી દઢ કરવામાં આવી છે.

ગાથા – ૧૧ : આ ગાથામાં જે દૃષ્ટાંત અને સિદ્ધાંત દર્શાવ્યા છે તે સમજવા સુગમ છે અને જરૂરી છે ચોમાસાના નદીવાળા પાણીનો ઉપયોગ–વાસણ–કપડી ધોવા માટે પણ ન કરાય પછી તે પીવાનો પ્રશ્ન રહે તો જ નથી. તેમાંથી કાદવ મૂળમાંથી દૂર કરીને સ્વચ્છ પાણી વાપરવું જોઈએ. સિદ્ધાંતમાં જીવ વિભાવ કરીને ચારગતિ પરિભ્રમણમાં દુઃખી થાય છે. તેથી તે વિભાવ દૂર કરવો અનિવાર્ય છે. દૃષ્ટાંતમાં પાણી ગાળીને વાપરવું જોઈએ – ફૂટકડી વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. અહીં સિદ્ધાંતમાં જીવના શુદ્ધ સ્વભાવને જાણવો–તેમાં હુંપણું સ્થાપીને તેનો આશ્રય કરવો એમ લીધું છે. 'શુદ્ધનય' વડે એ કાર્ય થાય છે. શુદ્ધ સ્વભાવને લક્ષમાં લેનારી જ્ઞાનની પર્યાયને શુદ્ધનય કહેવામાં આવે છે.

ગાથાના શબ્દોમાં આ વિષય ક્યાંય લીધો નથી. ત્યાં માત્ર વ્યવહારનય અને અવિદ્યમાન છે અને નિશ્ચયનય વિદ્યમાન છે. જે વિદ્યમાન છે તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે જીવ જ્ઞાની થાય છે. આટલો જ શબ્દાર્થ નીકળે છે. આના ઉપરથી ખ્યાલ આવે છે કે અજ્ઞાની મટીને જ્ઞાની કેવી રીતે થાય છે તે વિષયને જ્ઞાનમાં લેતા નયાત્મક શ્રુતજ્ઞાન કઈ રીતે કામ કરે છે તે સમજાવે છે, શ્રુતજ્ઞાન પ્રમાણરૂપ છે અને નયરૂપ પણ છે, પ્રમાણ જ્ઞાનમાં બંને નયોનું જ્ઞાન અવિરોધપણે જણાય છે. જે જ્ઞાનનો વિષય હોય તે વિદ્યમાન જ હોય અવિદ્યમાન ન હોય તેથી ટીકામાં જે શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે – અવિદ્યમાન – અસત્ય – અભૂત – તે ઉચિત લાગતું નથી. વળી તેને દઢ કરવા માટે શુદ્ધ નય કહેવા માટે શુદ્ધનય કહેતા શુદ્ધ નયનો વિષય શુદ્ધાત્મા એક જ વિદ્યમાન – સત્ય – ભૂત અર્થને પ્રગટ કરે છે તે પ્રકારના લખાણનો ભાવ સારી રીતે સમજવો જોઈએ. તે માટે પ્રથમ જ્ઞાનમાં જે જણાય છે તેમાં નય વિભાગ કઈ રીતે લાગુ પડે છે. તે જોઈએ. સ્યાદવાદ શૈલી વસ્તુને બે અપેક્ષાએ લક્ષમાં લઈને સમજાવે છે. અનેકાંત સ્વરૂપને બે

નય વડે સમજાવવું એ સ્યાદવાદ છે. અનેકાંત વસ્તુ સ્વરૂપ છે તેથી તે અભેદ અને ભેદ રૂપ અવશ્ય છે. તેથી અભેદને વિશ્ચયનય લાગુ પડે છે અને ભેદને વ્યવહાર નય લાગુ પડે છે. આ શૈલી સર્વત્ર સર્વ માન્ય છે. તે ઉપરાંત સંપૂર્ણ વિગત જાણ્યા બાદ જે મુખ્ય કરવા યોગ્ય છે તેને નિશ્ચય નય અને જે જાણીને ગૌણ કરવા યોગ્ય છે તેને વ્યવહાર નય લાગુ પડે છે.

અજ્ઞાની જીવમાં દ્રવ્ય અને પર્યાયનો વિચાર કરીએ તો સ્વભાવ શુદ્ધ અને જ્ઞાન-સુખ સ્વરૂપી છે અને અજ્ઞાનમય પર્યાય વિભાવ અને અજ્ઞાનમય છે જે જીવને દુઃખ રૂપે અનુભવાય છે. આ રીતે આત્માનો અભેદ નિરપેક્ષ શુદ્ધ સ્વભાવ જ્ઞાયક ભાવ છે તે નિશ્ચયનયનો વિષય છે. અજ્ઞાનીની અજ્ઞાનમય વિભાવ પર્યાય દુઃખરૂપે વેદાય છે. તે વ્યવહાર નયનો વિષય છે. જીવમાં જ્ઞાની-અજ્ઞાનીના ભેદ પડે છે. બંને અવસ્થા સાથે નથી. અજ્ઞાન પરિણામનો અભાવ થઈને જ્ઞાન પરિણામ થાય છે. સ્વભાવની અપેક્ષાએ જ્ઞાનમય પરિણામ પણ વ્યવહાર નયનો વિષય છે. પરંતુ તે પર્યાય અતીન્દ્રિય સુખ રૂપે અનુભવાય છે. બે પ્રકારના પરિણામ અને તેના ફળનો વિચાર કરતા અજ્ઞાન પરિણામનો અભાવ કરીને તેના સ્થાને જ્ઞાનમય પર્યાયની પ્રગટતા કરવી યોગ્ય છે અજ્ઞાનમય પર્યાય પરાશ્રયે થાય છે. વિભાવને કરે એવો જીવનો કોઈ સ્વભાવ નથી. જીવનો સ્વભાવ તો શુદ્ધ પર્યાયની પ્રગટતા કરે એવો જ છે. તેથી નિરપેક્ષ શુદ્ધ સ્વભાવનો આશ્રય કરવાથી અને નાસ્તિથી પરાશ્રય છોડવાથી જીવ સુખી થાય છે. આ રીતે વિભાવ પર્યાય હેયરૂપ છે. તે હેય થઈ શકે છે. શુદ્ધ સ્વભાવના આશ્રયે વિભાવનો કાયમ માટે નાશ થાય છે તેથી તેને સાચા અર્થમાં અવિદ્યમાન – અસત્ય – વિશેષણ લાગુ પડે છે. જીવમાં અજ્ઞાનમય વ્યવહારનો અભાવ થાય છે પરંતુ તેના સ્થાને શુદ્ધ પર્યાય રૂપ વ્યવહાર તો છે જ તેથી વ્યવહારનો મૂળમાંથી નાશ તો થતો જ નથી.

પૂ. ગુરુદેવ આપણને આ ગાથાનો ભાવ એ રીતે સમજાવતા હતા કે વ્યવહાર નયનો વિષય છે જ નહીં. એવો ભાવ ન લેવો. વ્યવહારનયના વિષયને ગૌણ કરીને અભૂતાર્થ કહ્યો છે. આ વાત તો સહજ જ છે. જે જાણીને ગૌણ કરવા યોગ્ય છે તેને જ વ્યવહારનય લાગુ પડે છે. તેથી સહજ જ આ વિષય ગૌણ કરવાનું કહ્યું. જે જાણીને મુખ્ય કરવાનું છે તેને નિશ્ચયનય લાગુ પડે છે. તેથી એ પણ યોગ્ય જ છે. હવે અહીં મિથ્યાત્વ અજ્ઞાનનો અભાવ કરવા માટે શુદ્ધાત્મામાં હુંપણું સ્થાપીને તેનો આશ્રય કરવાનું છે. તેથી જે જીવ એ રૂપે પરિણમે છે તે નિર્વિકલ્પ દશામાં અતીન્દ્રિય સુખનો અનુભવે છે. ત્યારે ત્યાં વિકલ્પ જ નથી. દ્વૈત જ નથી અર્થાત એ અપેક્ષાએ વ્યવહારનયનો વિષય જણાતો જ નથી. ગુરુદેવ લક્ષ્ય વિંધવાનો દૃષ્ટાંત આપતા હતાં. મેદાન છે મેદાન ને છેડે મોટું વૃક્ષ છે. વૃક્ષની ડાળી ઉપર કૃત્રિમ ચકલી છે. તેનું માથું છે તેની એક આંખ ચમકતી દેખાય છે. જે તે લક્ષ્ય વિંધવવા માગે છે. તેને પ્રથમ આખું મેદાન લક્ષમાં આવે છે. પછી આંખ ઉપર લક્ષ કેન્દ્રિત કરતા બધો વિસ્તાર ટૂંકો થતો જાય છે. છેલ્લે માત્ર આંખ દેખાય છે. ત્યારે લક્ષ્ય વિંધાય છે. આ રીતે પ્રથમ વ્યવહારનયના વિષયને ગૌણ કરવાનું અને પછી નિશ્ચય નયથી જોતા વ્યવહાર લક્ષમાં ન આવે એ અપેક્ષાએ વ્યવહાર જે અસત્ય-અવિદ્યમાન કહેવામાં આવે છે.

ગાથા – ૧૨ : ગા. ૧૧માં જે સિદ્ધાંત લેવામાં આવ્યો કે નિત્ય નિગોદનાં જીવ સિદ્ધ દશા કેવી રીતે પ્રાપ્ત કરે તેનો અનુરૂપ ડોળા પાણીને પીવાલાયક પાણી સુધી કઈ રીતે લઈ જવાય તે દૃષ્ટાંત આપ્યો છે તો તેના સ્થાને આ

ગાથામાં ખાણમાં પડેલા સોનામાંથી દાગીના કઈ રીતે બને તે સમજાવે છે. પાણીમાં જેમ ફટકડી આદિ રૂપ નિર્મળ ઔષધિ લીધી છે. તેમ અહીં અગ્નિની વાત લીધી છે. પાણીના શુદ્ધતાની પ્રક્રિયાના જુદા જુદા ભેદ લક્ષમાં નથી આવતા એના સ્થાને સોનામાં પાંચ, આડવલું એવા ભેદ છે. સિદ્ધાંતમાં ગુણ સ્થાનના સ્પષ્ટ ભેદો છે. બંને ગાથામાં સિદ્ધાંત એક જ છે. અજ્ઞાનીને પરમાત્મા બનાવવો છે. સોનાના દૃષ્ટાંતને વિસ્તારથી લક્ષમાં લઈને તેને સિદ્ધાંત સાથે મેળવીએ ત્યારે આ રીતે આપણું જ્ઞાન વ્યવસ્થિત થાય છે.

(૧) સોનું ખાણમાં પડ્યું છે. તે એવી રીતે છે કે આ સુવર્ણ પાષણ છે એવું તો અનુભવી જ કહી શકે છે. દૃષ્ટાંતમાં આપણે સોની બજારમાંથી નિકળીએ ત્યારે ધૂળ ચોંટે નહીં રે તેનું ધ્યાન રાખીએ છીએ. જયારે ધૂળધોયાને તેમાં સોનું દેખાય છે. એ રીતે પુદ્‌ગલની દુનિયામાં પોતે અરુપી જ્ઞાયક છે પરંતુ તેને આખી દુનિયા પૌદગલિક જ લાગે છે. પાંચ અરૂપી દ્રવ્યો કયાંય જણાતા નથી.

(૨) એક ટોપલો સોનાની ખાણની માટીમાંથી માત્ર મૂઠી જેટલો જ ધાતુનો લઠ્ઠો મળે. આખા વિશ્વમાં રહેતા અનંત દ્રવ્યો, તેમાં જીવ અને પુદ્‌ગલ વચ્ચેમાં અસમાનજાતિય દ્રવ્ય પર્યાયોમાં તેમાંથી એક અસમાનજાતિય દ્રવ્ય પર્યાયમાં અનેક સ્કંધોથી ઘેરાયેલો એક જીવ છે.

(૩) ધાતુ લક્ષમાં મુખ્ય સોનું છે. બીજી ધાતુઓ ઘણાં ઓછા પ્રમાણમાં હોય છે તેને જુદી પાડીને ઉપયોગમાં લેવું મોંઘુ પડે છે. તેથી જે અલ્પ માત્રામાં છે તે ધાતુ અગ્નિમાં ઓગળી અને નાશ પામે છે. સોનાને અગ્નિની એવી કોઈ અસર નથી. તેથી ઊષ્ણ તાપ આપવામાં આવે તો છેવટે માત્ર શુદ્ધ સુવર્ણ જ રહી જાય છે. જે ધાતુઓ છૂટી પડતી જાય છે તેના અલગ-અલગ રંગો હોય છે. તેથી સોનાની શુદ્ધિકરણની વિધિ એ રીતે મનોરમ્ય લાગે છે. સિદ્ધાંત માં અગ્નિના સ્થાને શુદ્ધાત્માનો આશ્રય છે. તે સ્વભાવમાંથી જે પર્યાય પ્રગટ થાય છે. તે શુદ્ધોપર્યાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષને મૂળમાંથી ઉખેડી નાખવાનું સામર્થ્ય છે. આ રીતે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા બાદ શ્રાવકપણું-ભાવલિંગ-શ્રેણી વગેરે અનેક વિવિધતા લક્ષમાં આવે છે. જીવ ગુણ સ્થાનની પરિપાટીમાં જે રીતે આગળ વધી રહ્યો છે. તે નિર્વિકલ્પ દશા ખ્યાલમાં નથી આવતી-પરંતુ જેમ જુદી જુદી ધાતુ જુદી પડતાં લક્ષમાં આવે છે. તેમ જે પ્રમાણે અપ્રત્યાખ્યાનાદિ કષાયો દૂર થતાં જાય છે. તે અનુસાર જીવની શુદ્ધતાનો વિશ્વાસ વધતો જાય છે. જીવના અંતરંગ પરિણામ લક્ષમાં ન આવે તો પણ ભૂમિકાને યોગ્ય શુભભાવ અને બાહ્ય ક્રિયા ઉપરથી અંતરંગ શુદ્ધતાની વૃદ્ધિનો વિશ્વાસ વધતો જાય છે.

(૪) દૃષ્ટાંતની એક વિશિષ્ટતા છે કે દરેક સમયે સોનાની ખાણથી શરૂઆત થતી નથી. ઓછી શુદ્ધતાવાળુ જેને સોનું કહી શકાય એવું પણ માણસો પાસે હોય છે. તેથી તેને જયારે દાગીના કરાવવા હોય ત્યારે તેમાં જરૂરી શુદ્ધતા-શુદ્ધિકરણ કરવું આવશ્યક છે. પરંતુ જેટલું બાકી છે ત્યાંથી જ શરૂઆત કરવાની રહે છે. સિદ્ધાંત એમ કહે છે કે જેણે પ્રયોગાત્મક ભેદજ્ઞાન શરૂ કર્યું છે તે જયાં સુધી પરમાત્મ દશા પ્રગટ થાય ત્યાં સુધી એકધારૂ ચાલ્યા જ કરે છે. સામાન્ય રીતે સમ્યગ્દષ્ટિ જીવ ફરી મિથ્યાદષ્ટિ થતો નથી. ચારિત્રની શુદ્ધતામા નાની મોટી વૃદ્ધિ હાનિ થતી રહે તો પણ જીવ પ્રત્યેક સમયે મોક્ષની નજીક જઈ રહ્યો છે તે વાત પાકી.

આ રીતે આ ગાથામાં પણ વ્યવહાર માર્ગ દર્શાવવામાં આવ્યો છે. હવે આપણે આ પાંચ ગાથાઓનો સાથે વિચાર કરીએ. આ ગાથાઓ ખરેખર વ્યવહારનયની મુખ્યતાની છે. જે શુદ્ધાત્મા દર્શાવવાની પ્રતિજ્ઞા લેવામાં આવી છે.તે શુદ્ધાત્મા દર્શાવવાની પ્રતિજ્ઞા લેવામાં આવી છે. તે શુદ્ધાત્મા નિજ પર્યાય અને ગુણભેદ દ્વારા પ્રાપ્ત થાય છે. તે વાત ગા.૬ અને ૭ માં લીધી હતી. એ રીતે જે વ્યવહારની સ્થાપના અને ઉપયોગિતા થઈ તેના અનુસંધાનમાં આ ગાથાઓ છે. સર્વ પ્રથમ ગાથાના મથાળાનો અભ્યાસ કરીએ આ એક જ શાસ્ત્રમાં ટીકાકાર આચાર્યદેવે મથાળા બાંધ્યા છે. ગાથાનો મૂળ આશય લક્ષમાં આવે અને ગાથાઓનો પ્રવાહ સંધિ જળવાય રહે તે આશય છે. ૬ અને ૭ ગાથાઓમાં તેનો અભાવ કરવાથી લક્ષ્યની પ્રગતિનો ભાવ દર્શાવ્યો હતો. તેના અનુસંધાનમાં આઠમી ગાથાનું મથાળું બાંધ્યું – ''જો એમ છે તો વ્યવહાર શા માટે કહો છો ? ખરેખર તો જે શિષ્ય દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવા આવે છે તેને બંધારણનો અભ્યાસ છે કે નહીં તે જાણવા માગે છે.દૃષ્ટાંત : આચાર્ય દેવે બે મુનિઓને વિકૃત મંત્રનું ધ્યાન કરવાનું કહીને પરીક્ષા જ કરી હતી. તેમ અહીં પદાર્થની અખંડતા–ભેદાભેદ વસ્તુ સ્વરૂપનો જેને અભ્યાસ છે તે સરળ રીતે જવાબ આવશે કે જીવને ગુણ અને પર્યાયમાંથી પ્રવેશ મળે છે પરંતુ તે લક્ષ્ય નથી લક્ષણ છે. લક્ષ્ય લક્ષણનું એકપણું હોવાથી લક્ષણ દ્વારા લક્ષ્ય સુધી જઈ શકાય છે, એ વ્યવહાર છે, પરમાર્થ સુધી પહોંચવા માટે આ પ્રકારનો વ્યવહાર જરૂરી છે. એકવાર લક્ષ્ય સુધી પહોંચ્યા પછી ફરી ભેદરૂપ લક્ષણમાં જવું નથી. લક્ષ્યમાં જ હુંપણું સ્થાપીને તેનો આશ્રય કરવાનો છે.

નવમી ગાથાના મથાળામાં ''વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કઈ રીતે છે ?'' દ્રવ્યની પર્યાય નર નાર કાદિ પર્યાય કે કોઈ ગુણ કે તેની પર્યાય બધું એક સત્તા રૂપ છે. તેથી તે દ્વારા સ્વભાવની પ્રાપ્તિ થાય. પરંતુ હવેની બે ગાથામાં સદભૂત વ્યવહાર નય દ્વારા જવાથી તેમાં જીવને પરથી ભિન્ન દર્શાવવાનું સામર્થ્ય છે. આત્માના અસામાન્ય ગુણોમાંથી પણ જ્ઞાનની પસંદગી કરીને તેના દ્વારા આત્મ સ્વભાવની પ્રાપ્તિ થાય એ દર્શાવ્યું. બે ગાથાઓમાં પણ પ્રથમ શ્રુતજ્ઞાન વડે આત્મ પ્રાપ્તિ દર્શાવ્યા પછી હજુ નીચે ઉતરીને દ્રવ્ય શ્રુતના આલંબન રૂપ વ્યવહાર દર્શાવ્યો એ દ્રવ્યશ્રુત દિવ્ય ધ્વનિ બાર અંગ અને એની પરંપરાના પરમાગમો હોય શકે. ખરેખર અહીં વ્યવહાર દ્વારા પરમાર્થની પ્રાપ્તિનો વિષય પૂરો થાય છે પરંતુ...

હવે ૧૧મી ગાથાના મથાળાનો અભ્યાસ કરીએ. ''જો તે વ્યવહાર પરમાર્થને પ્રતિપાદક છે તો તેને અંગીકાર કેમ ન કરવો ? આ પ્રશ્ન માર્મિક છે છતાં અહીં આ ગાથા કયા હેતુથી લીધી છે. તે સંદર્ભ લક્ષમાં આવતો નથી. આ ગાથામાં વ્યવહારને અસત્ય–અવિદ્યમાન દર્શાવીને તેનું હેયપણું દર્શાવવા માગે છે.''

મથાળાની શરૂઆત :- ''પહેલા એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો'' ખરેખર વ્યવહારને અંગીકાર ન કરવો એવી વાત ક્યાંય આવી જ નથી. આઠમી ગાથામાં જે વાત કરી છે. તે લક્ષણ દ્વારા લક્ષ્ય સુધી પહોંચી ગયા પછીની છે. વ્યવહાર દ્વારા નિશ્ચય નયના પ્રાપ્તિ કરી લીધા પછી વ્યવહાર નયના વિષયને છોડવાની છે. પછીની બે ગાથામાં વ્યવહારની ઉપયોગીતા દર્શાવી છે. ગાથા ૬ અને ૭ માં પણ ગુણ ભેદ અને પર્યાય ભેદ દ્વારા સ્વભાવની

પ્રાપ્તિની જ વાત કરી છે. આ બધી ગાથાઓનો પાયો તો પદાર્થની દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ વ્યવસ્થા જ છે.ત્યાં પર્યાયની શુદ્ધતા કે અશુદ્ધતાની વાત આવી જ નથી. ૧૧ મી ગાથામાં દૃષ્ટાંતમાં પાણીની અશુદ્ધતા દૂર કરીને પાણીની પર્યાયની શુદ્ધતા કરવી એ પ્રકારના વ્યવહારની જ વાત છે. તેને પરમાર્થે આગલી ગાથાઓના વ્યવહાર સાથે કોઈ સંબંધ નથી.

આ જ્ઞાનીના અનાદિના પરિણામને લક્ષમાં રાખીને ૧૧ અને ૧૨ ગાથાઓ સમજવી રહી. જીવનો કર્મ સાથે અને કર્મ દ્વારા બાહ્ય પદાર્થો સાથેનો સંબંધ એ વ્યવહાર છે. વળી એ મોહનીય કર્મ સાથેનો સંબંધ પણ જીવના વિભાવભાવ દ્વારા જ થાય છે. શુદ્ધ સ્વભાવી જીવની શુદ્ધ પર્યાયની સાપેક્ષતામાં વિભાવ પરિણામને વ્યવહાર નામ આપવામાં આવે છે. તેથી તે સમસ્ત વ્યવહાર હેય છે. શુદ્ધ સ્વભાવના આશ્રયે શુદ્ધ પર્યાયની પ્રગટતાથી જ તે દૂર થાય છે. આ ભેદજ્ઞાનનો પ્રયોગ છે. એમ કરતાં જે શુદ્ધ પર્યાયની પ્રગટતા થાય છે. તે પ્રગટ કરવા માટે ઉપાદેય છે. તે પ્રગટ થયા પછી વૃદ્ધિગત થઈને પરિપૂર્ણતાને પામે છે. નિરપેક્ષ જીવ સ્વભાવ નિરપેક્ષપણે શુદ્ધ છે વળી જે નય જ્ઞાનની પર્યાય તે શુદ્ધાત્માને વિષય કરે છે. તેને શુદ્ધ નય કહેવામાં આવે છે અને એ શુદ્ધ નયને જ કતક ફળ સાથે (નિર્મળી ઔષધી) સાથે સરખાવે છે. મોક્ષનીપ્રાપ્તિ તે અંતિમ ચરણ છે. ત્યાં દ્રવ્ય-ગુણ-પર્યાય બધું સર્વથા શુદ્ધ છે. ગાથા ૧૨ના મથાળામાં જે વ્યવહાર નયની વાત કરી છે તે ૧૧મી ગાથાના અનુસંધાનમાં છે. તેમાં કોઈ કોઈ ને કોઈ કોઈ વખતે ''પ્રયોજનવાન છે. તે સૂચક છે, ધાતુને ગરમ કરતા જે અન્ય ધાતુ જુદી પડતી જાય છે તે અલગ રંગો દ્વારા લક્ષગત થાય છે. પરંતુ તે સમયે સોનાની શુદ્ધતા કેટલી વધી તે ખ્યાલમાં નથી આવતું પરંતુ સિદ્ધાંતમાં તો ગુણ સ્થાનની પરિપાટી સ્પષ્ટ છે અને તેનો નિર્દેશ પણ છે. તેથી શુદ્ધિકરણમાં જ્યાં પહોંચ્યા છીએ ત્યાંથી કઈ રીતે આગળ વધવું તે સ્પષ્ટ થાય છે. ત્યાર પહેલાની વાત લક્ષમાં લેવાની જરૂર નથી.'' ટીકામાં જે તે કાળે જાણેલો પ્રયોજનવાન આવે છે. ત્યાં ખરેખર માત્ર જાણવાની વાત નથી. જીવે તે પ્રકારે પ્રયોગાત્મક ભેદજ્ઞાન કરવાનું રહે છે. આટલી વાત ગાથાના મથાળાના અનુસંધાનમાં જાણવી યોગ્ય છે.

શાસ્ત્રની શરૂઆત જ ''એકત્વ વિભક્ત વસ્તુ સ્વરૂપથી કરવામાં આવી છે. સ્વરૂપ અસ્તિત્વ સત્તા એક સ્વતંત્ર એકમ છે. તેની અખંડતા તોડી શકાતી નથી અને તોડવી પણ નથી. બાહ્ય વિષયોથી જુદા પાડીને પોતાના સ્વભાવ સુધી પહોંચવા માટે પ્રયોગાત્મક ભેદજ્ઞાન એક જ સાધન છે. જીવ અને પુદ્ગલના અસમાનજાતિયદ્રવ્ય પર્યાય સુધી આવ્યા બાદ આ ભેદ જ્ઞાનનો પ્રયોગ કરવાનો છે. તે કાર્ય કરવા માટે પદાર્થના મૂળમાં રહેલા દ્રવ્ય સામાન્ય સ્વભાવને સ્પષ્ટ રીતે લેવો જરૂરી છે. આપણે કોઈ પદાર્થનું નવું સર્જન કરવાનું નથી. પરંતુ અનેકાંત વસ્તુ સ્વરૂપ સુધી પહોંચવા માટે સત્‌ની સ્થાપના અનિવાર્ય છે. નિત્ય સ્વભાવ અણકૃત-અવિનાશી છે. તેની સ્થાપના-શૂન્યથી બચાવીને સત્‌ની સ્થાપના જો યથાર્થ રૂપે કરવામાં આવે તો બાકીના સંબંધો વડે વિશ્વની રચના સહેલાઈથી સમજી શકાય છે. નિર્દોષ વ્યવસ્થા સારી રીતે સમજી લેવામાં આવે તો જીવ પોતે ક્યાં ભૂલ કરે છે. તેનો નિર્ણય થાય અને ભૂલ સુધારી શકાય. અજ્ઞાની જીવ ભલે ભૂલો પડ્યો છે પરંતુ ભગવાન છે''

પોતાની સ્વરૂપ અસ્તિત્વ સત્તા સુધી પહોંચવા માટે પણ શુદ્ધાત્માનું સ્વરૂપ યથાર્થ રીતે જાણવું જરૂરી છે. એ સ્વભાવ જ આપણને વિશ્વથી જુદા પડવામાં ઉપયોગી છે. સ્વરૂપ અસ્તિત્વ સત્તા સુધી પહોંચવા માટે અને ત્યાં સુધી પહોંચ્યા પછી સ્વાનુભૂતિ કરવાની છે. સ્વભાવમાં હુંપણું સ્થાપીને ત્યાં કાયમી નિવાસ કરવાનો છે.

આપણે ગણિતના દાખલા ગણતા હતા ત્યારે ધારો કે કહીને શરૂઆત કરતા હતા અને છેવટ તે પુરવાર કરતા હતા. એવું જ કંઈક અહીં કરવાનું છે. શુદ્ધ સ્વભાવને જાણીને તેનો આશ્રય લીધા બાદ બધી વિધિ પૂરી કરીને સાચી સ્વાનુભૂતિ પ્રગટ કરીએ છીએ. જિનાગમની આ રીત બીજાને ન સમજાય એ સહજ છે. દ્રવ્ય પર્યાય સ્વરૂપ એક સત્તા છે. તેમાં જો દ્રવ્ય અને પ્રગટ પર્યાય વચ્ચે કોણ મહાન છે એની ચર્ચા ગોઠવવામાં આવે તો એ ચર્ચા ખરેખર જામે અને નિર્ણાયકને નિર્ણય આપવો ખરેખર મુશ્કેલ બની શકે.

સમયસાર ગાથા ૪૯ - અવ્યક્તના બોલ - વ્યક્તપણું અને અવ્યક્તપણું ભેળા નિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી તેથી અવ્યક્ત છે. વળી, પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન છે માટે અવ્યક્ત છે.

શુદ્ધતા અને અશુદ્ધતા બંને હોવા છતાં જો શુદ્ધ સ્વભાવ ઉપર દૃષ્ટિ નહીં કરે તો અશુદ્ધતાને જાણશે કોણ ? ઉપાદાન અને નિમિત્ત બંને હોવા છતાં, ઉપાદાન તરફ વળ્યા વગર નિમિત્તનું યથાર્થ જ્ઞાન કરશે કોણ ? શુદ્ધ સ્વભાવ અને રાગ અથવા નિશ્ચય અને વ્યવહાર બંને હોવા છતાં નિશ્ચય દ્રવ્ય સ્વભાવ તરફ દૃષ્ટિ કર્યા વગર વ્યવહાર કહેશે કોણ ? નિર્મળ જ્ઞાયક સ્વભાવની તરફના વલણ વગર સ્વપરને જાણવાનો વિવેક ઊઘડશે નહીં. અભેદ સ્વભાવ તરફ ઢળવું તે જ અનેકાંતનું પ્રયોજન છે.

પૂ. ગુ. વ. બોલ - ૧૨૦

## (ગાથા ૧૪ થી ૧૫)

જીવની સ્વરૂપ અસ્તિત્વ સત્તા. તે અંગેનું જ્ઞાન, શ્રુતજ્ઞાન વડે જાણપણું નય જ્ઞાન વડે પ્રવેશ. અનંત જીવોએ શ્રુતજ્ઞાન વડે જ પોતાના આત્માને સર્વપ્રથમ સમસ્ત અન્ય દ્રવ્યોથી જુદો પાડયો છે. આત્માની પ્રાપ્તિ કઈ રીતે થાય છે. અનાદિકાળથી બધા જીવો કઈ રીતે પંચમેષ્ટિ પદ સુધી પહોંચ્યા છે તેની વિસ્તૃત અને સંક્ષેપથી જાણકારી મેળવીને જીવ આગળ વધે છે. નવ તત્વની પરિપાટિએ ભવ્ય જીવનો સંક્ષિપ્ત ઈતિહાસ છે. એમાં મોક્ષમાર્ગનું નિરૂપણ છે. બધા પાત્ર જીવો માટેનું માર્ગદર્શન છે.

બધા અજ્ઞાની જીવો અનાદિકાળથી ધારા પ્રવાહ રૂપે અજ્ઞાનભાવે પરિણમી રહ્યા છે. જે અજ્ઞાનમય જીવનની શરૂઆત અને વૃદ્ધિ કઈ રીતે થઈ, એ જીવન આજે જે રીતે સહજરૂપે જીવાય છે. ત્યાં સુધી કેવી રીતે પહોચ્યું એ અંગે અનેક પ્રશ્નો અને તર્ક બધાને સહજપણે થાય છે. પરંતુ અણકૃત વિશ્વ છે. માટે એ બધા પ્રશ્નો નિરર્થક છે. બધા જીવો અનાદિકાળથી આ રીતે જ જીવન જીવી રહ્યા છે. તે સત્ સ્વીકારીને ચાલવાનું છે. આપણે જે કાંઈ જાણવાનું છે. જાણીને અમલમાં મૂકવાનું છે જેટલો ભાગ જ ખુલ્લો છે. વર્તમાન આપણા હાથમાં છે. સ્વાભાવિક સુખની પ્રાપ્તિની સાચી ચાવી જ્ઞાની ગુરુ પાસે જ છે અને તે આચાર્યદેવ આ શાસ્ત્રમાં નવ તત્વના અભ્યાસ રૂપે સમજાવે છે.

જે લક્ષ્ય છે તે જીવનો પોતાનો શાશ્વત સ્વભાવ, આપણું જીવ અશુદ્ધ છે તે અપેક્ષાએ અસત્ય છે, હોય છે. પરંતુ એ પરિણમનનો પ્રવાહ જ્યાંથી આવે છે. તે નિરપેક્ષપણે શુદ્ધ છે, સ્વભાવ શુદ્ધ અને પર્યાય અશુદ્ધ એ એક વિધિની વિચિત્રતા જ છે. તે વિસંવાદ ઉત્પન્ન કરે છે. ફળ સ્વરૂપે જીવનું જીવન દુઃખમય છે. અનાદિથી વર્તમાન સુધીનું જીવન ભલે ચાર ગતિરૂપ પરિવર્તન સ્વરૂપ રહેલું હોય તો પણ પરમાર્થે દુઃખમય જ છે. એક સ્વભાવમાંથી શુદ્ધ અને અશુદ્ધ બે પરસ્પર વિરોધી પરિણામો આવી ન શકે તેથી જીવમાં જે વિભાવ થાય છે. તે પરાશ્રયે થાય છે અને સ્વાશ્રયે જ છૂટે છે. એવી સમજણ-પ્રજ્ઞા-જ્ઞાનની પર્યાય-ત્યાં સુધી માત્ર જૈનદર્શન જ પહોંચી શક્યું છે. જ્ઞાને માત્ર જાણ્યું છે એટલું જ નહીં પરંતુ સ્વાશ્રય કરીને, પરાશ્રય છોડીને સ્વયં પર્યાયમાં સંપૂર્ણ શુદ્ધતા પ્રગટ કરી ચૂક્યો છે અને ફળ સ્વરૂપ જે વડે અમર્યાદ જ્ઞાન અને સુખ સ્વભાવ છે તે પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થયા છે. પોતાનો સ્વાર્થ સાધીને બેસી નથી રહ્યા પરંતુ જે વીતરાગ માર્ગ અપનાવીને કૃતાર્થ થયા છે. પોતાનો સ્વાર્થ સાધીને બેસી નથી રહ્યા પરંતુ જે વીતરાગ માર્ગ અપનાવીને કૃતાર્થ થયા છે એ જ વીતરાગ ભાવ વડે બધા આ મૂળ માર્ગને પુરુષાર્થ પ્રધાન વીતરાગ માર્ગને અનુસરીને પરમાત્મા થાય એ પ્રકારે ઉપદેશ કરીને નિવૃત થયા છે. આ આખો માર્ગ જ્ઞાનમય છે. તેમાં સમજણની જ મુખ્યતા છે. તે શ્રુતજ્ઞાન તો બધા જીવોમાં વિરાજમાન છે. તે જ્ઞાનને સાચે માર્ગે દોરવામાં આવે તો કાર્ય સિદ્ધિ થાય.

બાહ્ય ક્રિયામાં રાચનારા-બાહ્ય સંપત્તિને સુખનું સાધન માનનારા અને એ જાતનું જીવન જીવનારા સમાજમાંની વચ્ચે આપણા ગુરુદેવ આવ્યા - વર્ષો પહેલાની વાત છે. અહીં રહેલા વડિલ બંધુએ કરાંચી રહેતી બહેનને પત્ર લખીને સમાચાર આપ્યા કે અહીં એક એવા ગુરુ આવ્યા છે જે સાવ જુદી જ વાતો કરે છે. ગુરુદેવે આપણને સ્વાધ્યાયનો મંત્ર આપ્યો. સ્વાધ્યાય એ જ એમનું જીવન હતું અને બધા એવું જીવન જીવે એ એમની મહેચ્છા હતી. એમણે મૂળ શાસ્ત્રોના સ્વાધ્યાયને જ મહત્વ આપ્યું હતું.

જીવની દ્રવ્ય સામાન્ય સત્તામાં દ્રવ્ય સ્વભાવ એકરૂપ છે, ઘનરૂપ છે અને પર્યાયો અનેકરૂપ છે. દ્રવ્ય સ્વાભાવ તે નિશ્ચય નયનો વિષય છે અને પર્યાય ભેદ તે વ્યવહાર નયનો વિષય છે. આ રીતે વ્યવહાર નયના વિષયો અનેક છે. વ્યવહાર શબ્દ છે. તે વિસ્તાર સૂચક છે. અભેદ સ્વભાવ તો સહજ રીતે મહાન છે અને તે મહાનતાનું વિસ્તારથી વર્ણન કરવું તે વ્યવહાર છે. વ્યાકરણમાં જેમ નામ અને વિશેષણનો સંબંધ છે એવો દ્રવ્ય પર્યાયનો સંબંધ

છે. વ્યવહાર બે પ્રકારના છે : એક વ્યવસ્થા રૂપ અને બીજો આચરણ રૂપ. પદાર્થમાં ગુણ ભેદ અનેપર્યાય રૂપ ભેદ છે તે વ્યવસ્થા રૂપ વ્યવહાર છે. બે પદાર્થો વચ્ચે અસ્તિ નાસ્તિ ટકાવીને સંબંધ વિશ્વ વ્યાપી સંબંધ એ પણ વ્યવસ્થા રૂપ વ્યવહાર છે જીવની મુખ્યતાથી વિચારીએ ત્યારે ત્યાં આચરણ રૂપે વ્યવહારને સમજવો જરૂરી છે. તેના બે પ્રકાર છે. અજ્ઞાનીનો પરાશ્રયે થતો વ્યવહાર અજ્ઞાનમય અને અશુદ્ધ છે. દુઃખરૂપી ફળ આપનાર છે. તેથી હેય છે. તે હેય થઈ શકે છે. સ્વાશ્રયે થતો વ્યવહાર શુદ્ધ છે અને અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. એવા વ્યવહાર વડે અશુદ્ધ વ્યવહારનો નાશ થાય છે. શબ્દોનો શુદ્ધાત્માના આશ્રયે શુદ્ધ પર્યાયની પ્રગટતા દ્વારા મોહ-રાગ-દ્વેષ તો મૂળમાંથી અભાવ કરવા રૂપ સાધક દશાએ ખરેખર તો આચરણ સ્વરૂપ વ્યવહાર છે.

ગાથા ૧૪ : દ્રવ્ય સામાન્ય સ્વભાવને દર્શાવવા માટે આચાર્યદેવ પાંચ શબ્દોનો પ્રયોગ કરીને અબદ્ધ સ્પૃષ્ટ-અનન્ય-નિયત-અવિશેષ-અણસંયુકત. આ પાંચ શબ્દોનું પ્રથમ વર્ગીકરણ કરીએ. જીવના ગુણ ભેદ લક્ષે અવિશેષ શબ્દ છે. દ્રવ્ય સ્વભાવ અવિશેષ એક રૂપ છે તો ગુણો ભેદરૂપે અનેક છે અર્થાત સવિશેષ શબ્દ છે. દ્રવ્ય સ્વભાવ અવિશેષ એક રૂપ છે તો ગુણો ભેદ રૂપે અનેક છે. અર્થાત સવિશેષ છે. એ જ રીતે અનન્ય અને નિયતને પર્યાય ભેદ સાથે સંબંધ છે. આ રીતે આ ત્રણ તો પદાર્થની દ્રવ્ય-ગુણ-પર્યાય રૂપ સંબંધને અનુલક્ષીને છે અને અણસંયુક્ત શબ્દને બાહ્ય વિષયો સાથે સંબંધ છે.

ટીકાકાર આચાર્ય દેવ એની સામે વ્યવહાર નયના પાંચ બોલ દર્શાવે છે. અર્થાત અજ્ઞાની જીવના પરિણામમાં બદ્ધ સ્પૃષ્ટ, અન્ય-અનિયત-સવિશેષ અને સંયુક્તપણું જોવા મળે છે. અહીં પહેલા અનન્ય અને નિયત એવા સ્વભાવની સામે પર્યાયો અન્ય અન્ય અને અનિયત લક્ષગત થાય છે. દૃષ્ટાંતમાં આચાર્ય દેવ ઘડો, કમંડળ વગેરે અને જીવમાં નર-નારકાદિ પર્યાય લે છે. અનિયત વૃદ્ધિ હાનિ લેવામાં આવે છે. સવિશેષમાં ગુણભેદની વાત છે તેની સામે દ્રવ્ય અવિશેષ છે.

હવે મુખ્ય અબદ્ધ સ્પૃષ્ટ શબ્દ દ્વારા આચાર્ય દેવ જીવનો નિરપેક્ષ શુદ્ધ સ્વભાવ દર્શાવે છે. સ્વભાવ નિરપેક્ષપણે શુદ્ધ છે તેથી તે સ્વભાવમાં હુંપણું સ્થાપીને તેનો આશ્રય કરવામાં આવે તો જીવની પર્યાય શુદ્ધ થાય અને નવા કર્મો બનતા અટકે. તેથી કર્મથી ન બંધાવા જીવનો સ્વભાવ છે. જો કર્મ બંધાતા નથી તો તેનાથી છૂટવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ રીતે જે શુદ્ધ સ્વભાવને જાણે છે તે નયજ્ઞાન-શુદ્ધનય કહેવાય છે અને તેને કર્મથી જુદાપણા સાથેનો સંબંધ દર્શાવ્યો છે વાસ્તવિકતા એવી છે કે અજ્ઞાની જીવને પોતાના સ્વભાવનો ખ્યાલ જ નથી એના પરિણામ શુભાશુભ-આસ્રવ-બંધ સ્વરૂપ જ છે. જીવના વિભાવ ભાવને નિમિત્ત બનાવીને કાર્મણ વર્ગણા કર્મ રૂપે પરિણમીને જીવ સાથે બંધાય છે. તેથી અજ્ઞાનીની પર્યાયમાં ધારા પ્રવાહ રૂપ બદ્ધ સ્પૃષ્ટ પણું જોવા મળે છે. ત્રિકાળ સ્વભાવ અમર્યાદ સામર્થ્ય રૂપ છે. તેની અપેક્ષાએ વિભાવ મર્યાદિત છે. તેના નિમિત્તે બંધાતા કર્મોમાં સ્થિતિ બંધ પણ મર્યાદિત છે. સ્થિતિ બંધ પૂર્ણ થતાં દ્રવ્ય કર્મ જીવથી છૂટુ પાડીને અકર્મ રૂપ થઈ જાય છે. આ કર્મ જીવથી છૂટા રૂપ પરિણામને સ્પૃષ્ટ કહેવામાં આવે છે. અર્થાત જીવમાં કર્મો ઉદયમાં આવી છૂટા પડતા જાય છે. નવા બનતા જાય છે.

સ્થિતિ બંધ અનુસાર જીવ સાથે ઉભયબંધ રૂપે રહે છે અને પછી છૂટા પડી જાય છે. આ પ્રવાહ ચાલે છે. જીવ એનો એ છે. આ કર્મની બંધાવા અને છૂટા પડવાની ક્રિયાને બદ્ધ સ્પૃષ્ટ કહેવામાં આવે છે. બદ્ધ સ્પૃષ્ટ એ રીતે જ શબ્દ પ્રયોગ થાય છે. બદ્ધ અને સ્પૃષ્ટનો અલગ વિચાર નથી. જીવનો કર્મ સાથેનો ઘાતિકર્મ-મોહનીય કર્મ સાથેનો સંબંધ એ જ અનંત સંસારનું કારણ છે.

હવે પાંચમાં બોલનો અલગથી વિચાર કરીએ. વિભાવ પર્યાયના નિમિત્તે જે કર્મ બને છે. તેમાં પ્રકૃતિબંધ થાય છે. તે કર્મ આઠ પ્રકારના કર્મરૂપે પરિણમે છે. તેને ઘાતિ અને અઘાતિ એવા બે ભેદનો અલગ વિચાર કરીએ - જીવના ઘાતિકર્મ સાથેના સંબંધો નિયમભૂત છે અને સામ સામા છે અર્થાત મોહનીય કર્મોદય થાય અને જીવ વિભાવ રૂપે પરિણમે તે એક નિ.નૈ.સંબંધ છે. તે જ સમયે જીવના વિભાવના નિમિત્તે નવા ઘાતિકર્મો બંને એ બીજો નિ.નૈ. સંબંધ છે. આ રીતે ભાવ ઘાતિ કર્મ અને દ્રવ્ય ઘાતિ કર્મો સાથે સામ સામા સંબંધો છે. અઘાતિ કર્મોને અને જીવના વિભાવને એક તરફી સંબંધ છે. જીવ ભાવના નિમિત્તે અઘાતિ કર્મો બંધાય છે ખરા પરંતુ અઘાતિ કર્મોદયનું ફળ શરીર અને સંયોગો રૂપ છે. જીવમાં તેનું ફળ નથી. જીવ અઘાતિ કર્મ મારફત શરીર અને સંયોગો સાથે જોડાણ કરે છે તેને સંયુક્તપણું કહેવામાં આવે છે.

અબદ્ધ સ્પૃષ્ટ અને અણ સંયુકત એવા સ્વભાવની સામે વાસ્તવિક વિશ્વમાં-ચાર ગતિ પરિભ્રમણમાં જીવનો દ્રવ્ય કર્મ સાથે અને તેના દ્વારા શરીર અને સંયોગો સાથે સંબંધો જોવા મળે છે. આ રીતે અજ્ઞાની જીવમાં નિશ્ચય અને વ્યવહાર દર્શાવવામાં આવ્યો છે. પદાર્થમાં દ્રવ્યનો ગુણ અને પર્યાય સાથેના સંબંધ રૂપ વ્યવહાર તો વ્યવસ્થાનો એક ભાગ હોવાથી તેમાં જ્ઞાની કે અજ્ઞાની વચ્ચે કોઇ તફાવત પડતો નથી. શુદ્ધતા અને અશુદ્ધતારૂપના વ્યવહારમાં જે મોટો તફાવત લક્ષમાં આવે છે. નિશ્ચય નયના વિષયભૂત શુદ્ધત્માના આશ્રયે અશુદ્ધ પર્યાયનો અભાવ થઈને શુદ્ધ પર્યાયની પ્રગટતા થાય છે. ત્યાં સર્વપ્રથમ મિથ્યાત્વના સ્થાને સમ્યકત્વ પ્રગટે છે અને બાદમાં ચારિત્રની અશુદ્ધતા ક્રમે દૂર થઈને સંપૂર્ણ વીતરાગ દશા પ્રગટ થાય છે.

ગાથા ૫ થી જે એકત્વ વિભકત આત્માની વાત શરૂ કરવામાં આવી છે. તે વિષય સળંગ ચાલ્યો આવે છે તેને શ્રુતજ્ઞાનથી સમજવાનો છે.નય જ્ઞાનથી સમજવાનો છે. બે કથનનો સાથે વિચાર કરવામાં આવે ત્યારે જ નય લાગુ પડે છે. જે શુદ્ધાત્માને આચાર્યદેવ દર્શાવવા માગે છે તે દરેક જીવનો પોતાનો ત્રિકાળ સ્વભાવ છે. તે પોતાના ગુણ - પર્યાય સાથેનું તાદાત્મ્યપણું સલામત રાખીને રહેલ છે. વિશ્વના બધા પદાર્થો સાથે જોઇને કોઇ પ્રકારના સંબંધમાં રહ્યો હોવા છતાં પોતાનું પ્રભુત્વ છોડતો નથી. તે શુદ્ધાત્મા જે રીતે બીજા સાથે સંબંધમાં આવે છે તેના બે પ્રકાર પણ આપણે લક્ષમાં લીધા છે. આ ૧૪ અને ૧૫ ગાથાઓમાં પણ નિશ્ચય અને વ્યવહાર દ્વારા જ સમજાવવામાં આવ્યું છે. બીજા સાથેના સંબંધના બે પ્રકારના પરસમય અને સ્વસમય પ્રવૃત્તિની પણ સ્પષ્ટતા કરી છે. આપણે કયાં ઊભા છીએ અને કયાં પહોંચવાનું છે તે આખું ચિત્ર આપણા અનુમાન જ્ઞાનમાં આવી જવું જોઇએ. તે લક્ષમાં રાખીને જ આપણે આત્મકલ્યાણના માર્ગે પ્રયાણ કરી શકીએ. આ માનસિક ચિત્રના કેન્દ્રમાં પોતાનો જ્ઞાયક સ્વભાવ છે તેથી તેનું યથાર્થ

સ્વરૂપ ગુરુ અને શાસ્ત્રના માધ્યમથી લક્ષગત કરવું તે પ્રાથમિક કર્તવ્ય છે તેનું માધ્યમ છે શાસ્ત્ર. બોધાયેલા તથા લખાયેલા બંને શાસ્ત્ર છે. અત્યાર સુધી આપણે નિશ્ચય નય અને વ્યવહાર નય બે શબ્દો જ જાણ્યા છે. નિશ્ચય નયને શુદ્ધનય પણ કહે છે અને તેનો વિષય શુદ્ધાત્મા જ છે. શુદ્ધ નયમાં શુદ્ધ પર્યાયની પ્રગટતા પણ આવતી નથી. માત્ર ત્રિકાળ સ્વભાવ જ લેવામાં આવે છે. વ્યવહાર નયના વિષયને જુદા જુદા નામથી કહેવામાં આવે છે. વળી એક જ વિષયને માટે બે જુદા શબ્દો પણ જુદા જુદા આચાર્ય દેવો વાપરે છે તેથી અભ્યાસીને ઘણી મુશ્કેલી નડી શકે છે. તેથી આપણે જ્ઞાનના વિષયની, વાસ્તવિકતાની ચોખવટ કરી લઈએ તો પછી વાંચતા સમયે સુગમતા રહે. જીવ અને પર દ્રવ્ય બંનેનું જુદાપણું સદાયને માટે છે. પરમાં મુખ્યપણે પુદ્ગલ સ્કંધો જ છે. બે વચ્ચે અસમાનજાતિયદ્રવ્યપર્યાયરૂપ સંયોગ સિદ્ધ સંબંધો છે. તે ક્રમ સામાન્ય ન્યાયે ભાવ કર્મ – દ્રવ્ય કર્મ (મુખ્યપણે ઘાતિકર્મો અને ગૌણ પણે અઘાતિ કર્મો) શરીર અને સંયોગો બધા પૌદગલિક છે, રૂપી છે, સ્પર્શાદિ ગુણવાળા છે, તે બધા સાથે ઉતરતા ક્રમ રૂપ સંબંધો છે. દ્રવ્ય કર્મ સાથે ઉભયબંધ શરીર સાથે વિશિષ્ટ એક ક્ષેત્રાવગાહ સંબંધ અને સંયોગો તદ્દન જુદા ક્ષેત્રે જ રહેલા હોવાથી પ્રત્યક્ષ રૂપે ભિન્ન જ છે.

જીવ અને પુદ્ગલ બે ભિન્ન સ્વતંત્ર પદાર્થો છે. બે વચ્ચે તાદાત્મ્ય સંબંધ અશક્ય જ છે. તેથી પરમાર્થે ત્યાં નય લાગુ પડતો નથી. કારણ કે પ્રમાણ જ્ઞાનનો વિષય એક પદાર્થ જ છે. પંચાધ્યાયીમાં બે પદાર્થ વચ્ચેના સંબંધને નયાભાસ કહ્યા છે. ત્યાં માત્ર નયનો આભાસ જ છે. જીવની વિભાવ પર્યાય જીવની સત્તામાં થાય છે અને જીવ તેનું ફળ ભોગવે છે તે અપેક્ષાએ તેને જીવમાં જ સ્થાન છે. પરંતુ તે પર્યાયને જુના અને નવા મોહનીય કર્મ સાથેના સંબંધને લક્ષમાં લેતા વિભાવને પુદ્ગલ પણ ગણવામાં આવે છે. તે વિભાવ પર્યાય છે તે જીવથી જુદી છે માટે વ્યવહારરૂપ છે. જે સ્પર્શાદિરૂપ પુદ્ગલ છે તેને તો વ્યવહાર કઈ રીતે લાગુ પડે છે. તે લક્ષમાં લીધું. આ વિભાવ એવો નથી. વળી પોતાની સત્તામાં થાય છે. તેથી વિભાવ પર્યાયને ક્યારેક અશુદ્ધ દ્રવ્યાર્થિક નય લાગુ પડે છે. પોતાની પર્યાય છે માટે દ્રવ્યાર્થિક અને અશુદ્ધ છે માટે અશુદ્ધ દ્રવ્યાર્થિક કહેવાય છે. આટલી સામાન્ય સમજણ પર્યાપ્ત છે.

ગાથા – ૧૫ : અબદ્ધ સ્પૃષ્ટાદિ રૂપ આત્માની અનુભૂતિ છે. તે જ્ઞાનની અનુભૂભતિ છે તે જિન શાસનની અનુભૂતિ છે. દૃષ્ટાંતમાં શાકનો લોલુપ – શાકમાં મીઠાનો સ્વાદ લેવા માગે છે.

ગાથાના આ ભાવને આપણે વિસ્તારથી સમજવાનો પ્રયત્ન કરીએ. ગાથા – ૧૪ અને ૧૫ નો સાથે અભ્યાસ કરીએ તો ગાથા – ૧૪ માં અજ્ઞાનીની વાત લીધી છે અને ૧૫ માં જ્ઞાનીની વાત કરવા માગે છે. દ્રવ્ય – પર્યાયમાં બદ્ધ સ્પૃષ્ટની વાત વિસ્તારથી સમજ્યા છીએ. હવે આ ગાથામાં અબદ્ધ સ્પૃષ્ટની સામે પર્યાયમાં અનુભૂતિ છે. બધા જીવોમાં પર્યાયમાં અશુદ્ધતા છે ત્યારે પણ સ્વભાવ તો અબદ્ધ સ્પૃષ્ટ અર્થાત શુદ્ધ છે એ રીતે દૃષ્ટિના વિષયની દૃઢતા ૧૪ મી ગાથામાં કર્યા બાદ એ જ સ્વભાવને સાચા અર્થમાં જાણી તેમાં હુંપણું સ્થાપવાથી પર્યાયમાં સ્વાનુભૂતિ થાય છે એ વાત આ ગાથામાં દર્શાવી છે તે અપેક્ષાએ આ ગાથા જ્ઞાન પ્રધાન છે. અર્થાત્ તે સ્વાનુભૂતિ સમ્યગ્જ્ઞાનની પ્રસિદ્ધિ કરે છે. આ રીતે આત્માની અનુભૂતિ તે ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે. આ રીતે બંને ગાથાને

જોડકા રૂપે લક્ષમાં લેતા – જો માત્ર આ બે ગાથાઓનો એ રીતે અભ્યાસ કરે તો તે પોતાની જીવનશૈલી બદલાવી શકે છે. આ રીતે શ્રદ્ધાનો અનુસરીને જ્ઞાન. અર્થાત્ જ્યારે શ્રદ્ધા સમ્યક્ થાય છે ત્યારે જ્ઞાન પણ સમ્યક્ નામ પામે છે.

હવે ગાથામાં આત્માની – જ્ઞાનની અનુભૂતિને સમસ્ત જિન શાસનની અનુભૂતિ કહી છે. આમાં જિન શાસન કેવી રીતે આવે છે. તે વિચારવું યોગ્ય છે. આચાર્યદેવ પોતે જ તે કહે છે. જિન શાસન અંતરંગમાં ભાવશ્રુત રૂપ અને બાહ્યમાં દ્રવ્યશ્રુત રૂપ છે. આ રીતે ભાવ શ્રુતજ્ઞાન તો જીવના જ પરિણામ છે. તે શ્રુતજ્ઞાનની જ પર્યાય છે, પ્રજ્ઞા છે. તે જ્ઞાનમાં સ્વ પરનાં અત્યંત ભિન્નપણાનો વિવેક છે. જ્યારે દ્રવ્ય શ્રુતની વાત આવે ત્યારે ત્યાં ગુરુ અને શિષ્ય સાથેના સંબંધની વાત આવે છે. અર્થાત્ બોલાયેલા અને લખાયેલા શબ્દો દ્વારા વચન વ્યવહાર દાખલ કરે છે.

જ્ઞાનની અનુભૂતિ તે આત્માની અનુભૂતિ અને તે જિન શાસનની અનુભૂતિ એ રીતે. જ્ઞાની પોતાથી શરૂઆત કરે છે અને પોતાના સુખદ જીવનને અનુભવતા પોતાની એ સ્થિતિનું શ્રેય સર્વજ્ઞ પરમાત્મા, ગણધર દેવ અને એની પરંપરાથી પોતાના ગુરુ પર્યત આપે છે. સર્વજ્ઞ પરમાત્માથી શરૂ કરીને આખું ચિત્ર માનસિક જ્ઞાનમાં ઊભું કરતા આખો નિશ્ચય મોક્ષમાર્ગ સ્પષ્ટ થાય છે. જેમ પ્રવચનસાર શાસ્ત્રમાં ચરણાનુયોગ ચુલિકામાં લીધું છે. એ જ રીતે મોક્ષમાર્ગ દર્શાવવામાં આવ્યો છે. આ આખું માનસિક ચિત્ર આપણને સ્વાનુભૂતિમાં માર્ગ દર્શાવનાર છે.

ટીકામાં આવેલ દૃષ્ટાંત અને સિદ્ધાંતનો વિચાર કરીએ તો સિદ્ધાંતમાં આત્મા અને તેનો જ્ઞાન ગુણ. તેના અનુસંધામાં જ્ઞાનની અનુભૂતિ એ અભેદપણે આત્માની અનુભૂતિ અજ્ઞાની જીવો જ્ઞાનનો સ્વાદ પરજ્ઞેય મારફત લેવા માગે છે આને અનુરૂપ દૃષ્ટાંતમાં મીઠાનો સ્વાદ બાહ્ય પદાર્થોના સંગમાં લેવા માગે છે. એ રીતે શાકના લોલુપની વાત કરી છે. મીઠાનો સ્વાદ કોઈ એક શાક દ્વારા લેવા માગે છે. એ રીતે લખાણ છે સ્વાદમાં આર્વિભાવ અને તિરોભાવ એવા શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. દૃષ્ટાંતમાં મીઠાની ખારાશનો સ્વાદ તિરોભૂત થાય છે અને શાકનો સ્વાદ મુખ્યપણે આવે છે. એવો ભાવ લક્ષગત થાય છે.

સિદ્ધાંતમાં આત્મા જ્ઞાયક, જ્ઞપ્તિક્રિયા કરે છે. પર જ્ઞેયને જાણતા જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર રૂપે જણાય છે. ત્યારે અજ્ઞાનીને તો જે પરદ્રવ્ય જણાય તેની જ અગ્રતા છે. પોતે માત્ર જ્ઞાનનો જ સ્વાદ લે છે. એવો ખ્યાલ જ નથી આવતો. આ રીતે અજ્ઞાનીને જ્ઞેય લુબ્ધ પર્યાય છે. દૃષ્ટાંતમાં શાકનો લોલુપ છે તેમ અજ્ઞાની જ્ઞેયમાં લોલુપ છે. ટીકામાં બીજી જે વાત લીધી છે. તે વિચાર કરતા કરી મૂકે છે ''વિશેષના આર્વિભાવથી અનુભવમાં આવતું લખાણ છે તેજ સામાન્યના આર્વિભાવથી અનુભવમાં આવતું લવણ છે.'' આ વાક્યનો સીધો અર્થ તો એ જ થાય છે કે લવણનો લવણ જ છે. એટલું જ નહીં પરંતુ તેનો એકલો સ્વાદ લેવામાં આવે કે શાકના સંયોગમાં લેવામાં આવે કોઈ ફેર પડતો નથી. સ્વભાવ એક જ છે. એકરૂપ જ છે. તે વાત કાયમ અને મુખ્ય રાખ્યા પછી પણ જો તેનો સ્વાદ એકલો કે બીજાના સંગમાં કોઈ ફેર ન પડે એવું અર્થઘટન કરવામાં ઘણાં પ્રશ્નો ઉપસ્થિત થાય છે. સિદ્ધાંતમાં જો જ્ઞાનનો જ અનુભવ હોય તો સવિકલ્પ કે નિર્વિકલ્પ દશામાં કોઈ ફેર ન પડે એમ નક્કી થાય.

બીજા દૃષ્ટાંતમાં જમીનમાં દાટેલા હાડકાને ખોદીને કૂતરો મોઢામાં નાખે છે ત્યારે તેને જે લોહીનો સ્વાદ આવે છે. તે કૂતરાના પોતાના જ લોહીનો સ્વાદ છે પરંતુ તે સ્વાદ હાડકામાંથી કૂતરો આવે છે એમ કૂતરો માને છે. સિદ્ધાંતમાં બાહ્ય વિષયને ભોગવતા જીવને ઈન્દ્રિય સુખ દુઃખનો અનુભવ થાય છે. તે પરજ્ઞેય માંથી આવે છે એમ અજ્ઞાની માને છે. પરંતુ તે અજ્ઞાનીની ભૂલ છે. જ્ઞાની જ્યારે તેને ન્યાય યુક્તિથી સમજાવે કે જ્ઞાન અને સુખ જીવના જ અસાધારણ ગુણો છે. તે ગુણો પુદ્ગલના નથી. ત્યારે પણ અણાની કુતર્ક કરે છે કે ભલે મારા લોહીનો જ મને સ્વાદ છે. પરંતુ પહેલા આવતો ન હતો. બાહ્યના નિમિતે મને સુખનો અનુભવ થયો – તેમાં બાહ્ય નિમિત્ત જ છે. તેમાં સુખ ન હોય તો પણ મને કોઈ ફેર પડતો નથી. પરની હાજરીમાં મને મારા સુખનો અનુભવ થતો હોય તો મને ઈષ્ટ છે. ત્યાં જ્ઞાનીઓ પણ સ્પષ્ટ છે કે નિર્મળ જ્ઞાન અને જ્ઞેયાકાર જ્ઞાન તે બંનેનો જોતા વેદનમાં મોટો તફાવત છે. બંને અવસ્થા સમયે જ્ઞાયક તો જ્ઞાયક જ છે.

પરિણામમાં સ્વ સમય અને પર સમય એવાં બે ભેદ સ્પષ્ટ છે. બંનેની પ્રવૃત્તિ તદ્દન ભિન્ન-વિપરીત છે. તો પણ જીવ એક જ છે. સ્વભાવ એક જ છે. એ તદ્દન અલગ વિષય છે. જ્યારે બે વિરોધાભાસી પરિણામની સરખામણી થતી હોય ત્યારે સ્વભાવ એક રૂપ છે. તેમાં સવાલ નથી. અહીં જે લવણનો દૃષ્ટાંત છે તેના સ્થાને ગોળનો દૃષ્ટાંત વધુ અસરકારક છે. જેને ગળપણનો શોખ છે તે રોજ ગોળનો ગાંગડો ખાય છે એમ નથી એને ગળપણનો સ્વાદ લાડવામાં, મોહનથાળમાં, મગજમાં, અડદિયામાં લેવો છે. અર્થાત તે ગોળ ઉપરાંત અન્ય પદાર્થ સાથે સ્વાદ લેવા માંગે છે. માત્ર ગોળનો સ્વાદ તેને ગોળનો સામાન્ય-એકરૂપ સ્વાદ કહેવામાં આવે છે અને લાડવા વગેરેના સ્વાદને ગળપણનો વિશેષરૂપ સ્વાદ કહેવામાં આવે છે. ત્યાં જીવોને ગળપણનાં સામાન્ય સ્વાદના સ્થાને અન્ય સાથેના વિશેષ સ્વાદની મુખ્યતા છે. સિદ્ધાંતમાં અજ્ઞાનીએ જ્ઞાનની પર્યાયને જ્ઞેય રૂપે જ અનુભવી છે. જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય રાગરૂપ વિભાવ સહિત જ સ્વાદમાં આવે છે. વિભાવનો જે સ્વાદ જ્ઞાનના સ્વાદ સાથે આવે છે. તેમાં આકુળતા-દુઃખનો અનુભવ સાથે જ હોય છે. નિર્મળ જ્ઞાન અતીન્દ્રિય સુખ રૂપે અને વિભાવ મિશ્રિત જ્ઞાન ઈન્દ્રિય સુખ-દુઃખ રૂપે અનુભવમાં આવે છે. અજ્ઞાનીનો સ્વભાવ ભલે એકરૂપ જ્ઞાયક જ હોય તો પણ પરિણામના ભેદથી અર્થાત નિરપેક્ષ કે પરસાપેક્ષ તેમાં મોટો તફાવત છે.

આ ગાથા ૧૫માં એ વિષય નથી લેવો. આચાર્યદેવ પોતાના અભિપ્રાયમાં સ્પષ્ટ જ છે. તે આત્માની અનુભૂતિને જિનશાસનની અનુભૂતિમાં લઈ જવા માગે છે. પોતાની સ્વાનુભૂતિની પર્યાયનું શ્રેય દેવ શાસ્ત્ર-ગુરુને આપવા માગે છે. જે સંસાર અને સંસારી દશાથી તદ્દન વિલક્ષણ છે. અબદ્ધ સ્પૃષ્ટ સ્વભાવ સાથે અનાદિકાળથી જે બદ્ધ સ્પૃષ્ટરૂપ અજ્ઞાનમય પરિણમન ધારા ચાલતી હતી તેને કરે એવો મારો સ્વભાવ નથી એમ લક્ષમાં લેવું. વિભાવ થાય છે પોતાની પર્યાયમાં તથા તેનું વેદનપણ દુઃખ રૂપ છે. તેને નિરપેક્ષ શુદ્ધ સ્વભાવના લક્ષે અને આશ્રયે દૂર કરીને ત્યાં શુદ્ધ પર્યાયની પ્રગટતા કરવી જેથી તે પર્યાય મોહ-રાગ-દ્વેષ ધારા પ્રવાહ રૂપ પરિણામનો મૂળમાંથી નાશ કરીને તેના સ્થાને જ્ઞાતાધારા પ્રગટ કરવી. શુદ્ધોપયોગરૂપ નિર્વિકલ્પ દશા અતીન્દ્રિય સુખ રૂપે અનુભવાય અને સવિકલ્પ રૂપ શુધ્ધ પરિણતિમાં શાંતિ અને સમાધાન વર્તે.

આ ગાથાઓનો લગભગ બધાને પરિચય છે દ્દષ્ટાંત સુગમ છે સિદ્ધાંત અગત્યનો છે. એક વ્યક્તિને ધનની જરૂર છે. રાજાને સેવાની જરૂર છે. એ વ્યક્તિ રાજાનો નિર્ણય કરે છે. રાજા અવશ્ય ધનવાન છે. તેની સેવા કરવાથી ધન મળશે. એવો વિશ્વાસ છે. જે શાસ્ત્રમાં નથી લખ્યું એ ઉમેરીએ તો રાજા ધનવાન ઉપરાંત ઉદાર પણ છે. વ્યક્તિ રાજાની સેવા કરીને ધનની પ્રાપ્તિ કરે છે.

સિદ્ધાંતમાં અજ્ઞાનીની સામે પરમાત્મા કે જ્ઞાની લેવામાં આવે છે. દ્દષ્ટાંતમાં અને સિદ્ધાંતમાં પાયાનો તફાવત એ છે કે પરમાત્મા કે જ્ઞાની કોઈને સેવાની જરૂર નથી. તે તો તદન નિસ્પૃહ છે. વીતરાગ માર્ગને વરેલા છે. વીતરાગતામાં ઘણાં આગળ વધેલા છે રાજાના પક્ષે જેમ ઉદારતા છે એમ સિદ્ધાંતમાં વીતરાગી કરુણા છે.પોતે જે માર્ગે ચાલીને સાચા સુખનો અનુભવ કરેલ છે. તે માર્ગ અન્યોને દર્શાવવા માટે સક્ષમ છે અને ઉદાર પણ છે. સામે પક્ષે અજ્ઞાની જીવ પણ અજ્ઞાની રહેવા માગતો નથી. સંસાર પરિભ્રમણ ચાલુ રાખવા માગતો નથી. બધા જીવો અનાદિકાળથી સુખી થવાનો પ્રયત્ન કરતા હોવા છતાં દુઃખ જ ભોગવે છે. તેથી સાચું સુખ કેવી રીતે મળે તે રીતે અને વિધિ જાણવા માગે છે. તેને એવા જ્ઞાની મળવા ખરેખર દુર્લભ છે કારણ કે વિશ્વમાં અજ્ઞાનીની સંખ્યાની સાપેક્ષતામાં જ્ઞાની મળવા મુશ્કેલ છે. જ્ઞાનીઓ તો સાચા માર્ગે આગળ વધીને મોક્ષની પ્રાપ્તિ વહેલામાં વહેલી તકે કરી લેવા તત્પર છે – સાધક પરમાર્થે નીચલી ભૂમિકાના જીવોના પરિચયમાં રહેવા માગતા નથી. એટલું તો નહીં પરંતુ જાગૃત છે કે નીચલી ભૂમિકાના જીવોના સંગમાં રહેવાથી અવશ્ય પુરુષાર્થ મંદ પડે છે. આ બધા પરિબળો વાસ્તવિક છે. તેટલું જ સત્ય છે કે ''આગળ જ્ઞાની થઈ ગયા–વર્તમાન હોય થાશે કાળ ભવિષ્યમાં– આરીતે એક અપેક્ષાએ ગુરુ–શિષ્ય વચ્ચેના સંબંધો પણ શાશ્વત જ છે.''

ગુરુ અને શિષ્ય વચ્ચેના સંબંધનું માધ્યમ રૂપી શબ્દો છે. શબ્દો વાચક રૂપે વાચ્યને દર્શાવે એવી વ્યવસ્થા છે. આ વ્યવસ્થાનો ઉપયોગ રૂપી પદાર્થોને જાણવા માટે બધા કરતા જ રહે છે. પશુઓ પણ ધ્વનિ દ્વારા એકબીજાને સંદેશા આપતા રહે છે. વળી પોતાના રાગાદિ ભાવોને પણ વ્યક્ત કરતા રહે છે.

જે પંચ પરમેષ્ટિ પદમાં સમાયેલા છે. તે પૂજ્ય છે. તેની પ્રગટ શુદ્ધ પર્યાયના કારણે તે પૂજ્ય છે. શિષ્યનેપક્ષે 'વંદુતદગુણ લબ્ધયે' જ્ઞાનીએ જે દશા પ્રગટ કરી છે. તે રીતે જાણવા માટે નમસ્કાર કરે છે. જ્ઞાનીઓ અન્ય કોઈ રીતે અન્ય કોઈને મદદ કરી શકે નહીં તે સિદ્ધાંતનો પાત્ર જીવને સ્પષ્ટ ખ્યાલ છે. તેથી માત્ર જીવ માગણ થઈને જ્ઞાની પાસે નથી જતો. જીવ જ્ઞાની હોઈ કે અજ્ઞાનીબધા જીવ રૂપે સરખા છે. તેથી તે અપેક્ષાએ સમોવડિયા થઈને સ્વામી વાત્સલ્ય ભાવથી માર્ગદર્શન મેળવવા માગે છે. જો પોતાને આત્મસાધનાનો માર્ગ મળે તો પોતે અવશ્ય તે પ્રકારનો પુરુષાર્થ કરશે તેવા વિશ્વાસપૂર્વક તે જ્ઞાનીને પોતાની તૈયારીની બાહેંધરી પણ આપે છે. આ છે નિકટભવી જીવની પાત્રતા.

પાત્ર જીવોમાં પોતાના ક્ષયોપશમ અનુસાર, કોઈ વિસ્તાર રુચિવાળા હોય છે. અને કોઈ સંક્ષેપ રુચિ. નિકટ ભવી જીવને મોક્ષમાર્ગના જ્ઞાન અને તથા પ્રકારના પુરુષાર્થ વચ્ચે સમયગાળો ઘણો અલ્પ હોય છે. વાસ્તવિકતાનો વિચાર કરીએ તો શાસ્ત્ર જ્ઞાનએ જ્ઞાન નથી. ઘણાં તેટલાથી અટકી જાય છે. સંતોષ પામી જાય છે. અટકવાના અનેક કારણોમાં પુરુષાર્થ શરૂ ન કર્યો અને અટક્યો અને ક્યારેક યોગ્ય માત્રાના પુરુષાર્થના અભાવને કારણે જીવો અટકે છે. તેથી ગાથામાં ''જીવરાજ એમ જ જાણવો'' તેમાં ભાવશ્રુત જ્ઞાનની વાત છે. દ્રવ્યશ્રુતના જ્ઞાનની વાત નથી. વિશેષ સ્પષ્ટતા કરીએ તો ભાવશ્રુત પ્રમાણ જ્ઞાનને જ જ્ઞાન માનવામાં આવે છે. તે જ સમ્યકજ્ઞાન છે તે જ સાધન છે.

આત્મકલ્યાણનું જે કાર્ય થાય છે તે જીવની સત્તામાં જ થાય છે. દ્રવ્યના જ પરિણામ છે તે પરિણામ અનુસાર તેમાં અંતર્ગત, બધા ગુણોના પરિણામ હોય છે. પરંતુ જેને માર્ગ સમજાવવો છે તેને દ્રવ્ય અને તેના પરિણામનું જ્ઞાન નથી. તેને માત્ર ગુણ અને તેના પરિણામનો જ ખ્યાલ એ છે કે જીવના પરિણામ અરુપી છે અને અજ્ઞાની જીવને અરુપીનો કોઈ ખ્યાલ નથી. પોતે અરુપી છે. અરુપીરૂપે મન અંતર્ગત પરિણમન કરે છે. તે પરિણામ અંતર્ગત જેગુણો અને તેના પરિણામો છે તે બધા અરુપી છે જીવના સ્વરૂપી પરિણામો પણ અનાદિકાળથી રૂપી વિષયોની ઓથમાં જ કામ કરે છે. તેથી સહેજે રૂપી પદાર્થોની ક્રિયાને જ મહત્વ મળે છે. જેને કારણે અજ્ઞાનીને ભ્રમ ઉપજે છે કે તે શરીરાદિના કાર્યને કરે છે-રૂપી પદાર્થની ક્રિયાથી પોતાના અરૂપી પરિણામને લક્ષમાં લેવા અનુભવમાં લેવા એ પણ મુશ્કેલ છે તો પછી તેને ફેરવવા તો તેથી પણ વધુ જટીલ છે. જીવને અરૂપીમા પ્રવેશ મળવો મુશ્કેલ હોવાથી આત્મકલ્યાણની ભાવના હોવા છતાં કાર્ય થતું નથી. શરૂઆતના જ ધાંધીયા છે. પરંતુ આ કાર્ય અશક્ય નથી. અનંત જીવો આ કાર્ય કરી ચૂક્યા છે. તેથી ઉગ્ર પુરુષાર્થ ઉપાડયે છૂટકો છે. જો વર્તમાનમાં તક મળી છે ત્યારે પુરુષાર્થ નહીં કરે તો નરક અને નિગોદના ભવો ઊભા જ છે. વળી પોતે ભવ્ય હોવાથી વહેલા મોડું આ કાર્ય કરવાનું જ છે - તેમાંથી છટકી શકાય એમ જ નથી તેના ઉપર જોર આપીને પુરુષાર્થ ઉપાડવો જરૂરી છે.

સ્કંધોનો જીવને પરિચય છે. દરેક પદાર્થના અલગ સ્વભાવ અને અલગ કાર્યો છે. પરંતુ જ્યારે તેનો ભેદથી અભ્યાસ કરવામાં આવે ત્યારે પુદ્દગલના ચારરૂપી ગુણોની પર્યાયો તથા ક્યારેક સ્કંધમાં ધ્વનિ એ બધાની સ્વતંત્ર પર્યાયો વચ્ચેના સંબંધો વિશેષતાથી જ સમજી અને સમજાવી શકાય છે. જીવની ઓળખાણ માટે જ્ઞાનીઓ દર્શન (શ્રદ્ધા) જ્ઞાન અને ચારિત્ર આ ત્રણ ગુણો અને તેના પરિણામ દ્વારા ઉપદેશ આપે છે. તેથી આ ગાથામાં એ વાત સમજાવી છે - બધા ગુણોના પરિણામ એકી સાથે જ થતા હોય છે.પરંતુ અહીં આચાર્ય દેવ આ ત્રણ ગુણના પરિણામને ક્રમે થતા હોય એ રીતે સમજાવે છે તેથી આ પ્રમાણે કેમ કરે છે તે પણ જાણવું જોઈએ અનાદિકાળથી જે જીવન જીવતા આવ્યા છીએ તેને મૂળમાંથી જ ઉખેડવાનું છે અને જુદા નવા પ્રકારના અજાણ્યા માર્ગે જવાનું છે. આપણે લાંબા સમય સુધી લાંબા અંતરે જવાનું હોય તો પણ તેનું આયોજન અને તૈયારી કરવાની રહે છે. તેથી માર્ગના જાણપણા ઉપરાંત તે જ સાચો એકમાત્ર માર્ગ છે. તેની ખાત્રી પણ કરવાની રહે છે.એમ કર્યા પછી જ આગળ વધવાનું

છે. તેથી હવે એ વિષયને વિસ્તારથી સમજીએ આપણને તત્વ ઉપદેશ પૂ.ગુરુદેવ પાસેથી મળ્યો છે. તેઓ શ્રીએ શ્રી કુંદકુંદાચાર્યદેવને તથા શ્રી અમૃતચંદ્રાચાર્ય દેવને મુખ્ય રાખ્યા, પોતે તેમના શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને આપણને સૌને એ મૂળ શાસ્ત્રનો સ્વાધ્યાય કરવાનો ઉપદેશ આપ્યો. તેમાં આ સમયસાર શાસ્ત્ર મુખ્ય છે. શ્રી અમૃતચંદ્રાચાર્ય દેવે નમઃ ભાવાય – નમઃ ચિત્સવભાવાય– નમઃ સમયસારાય – એ રીતે અભ્યાસની રીત સમજાવી. સમયનો અર્થ પદાર્થ કર્યો અને પછી સમયનો અર્થ આત્મા કર્યો. છ દ્રવ્યોમાં સામાન્ય એવી દરેક પદાર્થની દ્રવ્ય–ગુણ–પર્યાયની એકત્વરૂપ વ્યવસ્થા દ્વારા સ્વરૂપ અસ્તિત્વ સત્તા, તેનું એકત્વ અને અંતરંગમાં રહેલા પ્રયોજનભૂત ભેદો વચ્ચેના તાદાત્મ્ય રૂપ સંબંધોની દઢતા કર્યા પછી જ બે પદાર્થો વચ્ચેના સંબંધો સારી રીતે સમજી શકાય તેથી તેનો ઉલ્લેખ કર્યો.

જીવને જ્ઞાન અને ચેતન લક્ષણથી અને પુદ્‌ગલના રૂપી પણાથી દરેક પદાર્થનું તદન ભિન્ન અસ્તિત્વ દર્શાવ્યું. જીવ ચેતન લક્ષણ દ્વારા બાકીના પાંચ દ્રવ્યોથી અત્યંત ભિન્ન છે. જ્ઞાન અને અરૂપીપણું જીવના પક્ષે અને રૂપીપણું તથા અચેતનપણું પુદ્‌ગલના ભાગે દઢ કરાવીને જીવ અને પુદ્‌ગલના અત્યંત ભિન્નપણાની સ્થાપના કરી આ વાસ્તવિકતા છે તે ઉપરાંત ભવિષ્યમાં જીવ અને પુદ્‌ગલ વચ્ચેની અસમાનજાતિયદ્રવ્યપર્યાયની પણ વાત કરી. જીવ અનાદિકાળથી એ અસમાનજાતિયદ્રવ્યપર્યાય વડે દ્રવ્યકર્મ શરીર અને સંયોગથી જોડાયેલો છે. એ સંબંધ–એક દ્રવ્યપર્યાય–સંયોગી એકત્વ એવું મજબૂત છે કે જીવ આખે આખો પુદ્‌ગલમય થઈ ગયો છે. શરીરમાં જ હુંપણું એટલી હદે છે કે ત્યાં જીવના અસ્તિત્વનો પણ સ્વીકાર થતો નથી. આ અનાદિની સ્થિતિ છે. તેનાથી છોડાવવા માટે આચાર્ય દેવ જીવના સ્થાને જીવરાજ એવો શબ્દ પ્રયોગ કરે છે. આ રીતે છ દ્રવ્ય સ્વરૂપ વિશ્વમાં મારું શરીરરૂપનું સ્થાન નથી પરંતુ મારું અરૂપી જ્ઞાયકરૂપે સ્થાન છે. વિભાવરૂપે પુદ્‌ગલ સાથેના સંબંધો જીવને અહિતનું કારણ છે. એવી સમજણ અનિવાર્ય છે.

જીવ અને પુદ્‌ગલ તદન વિરોધી છે અને બે વચ્ચે અસ્તિ–નાસ્તિ છે તે મજબૂત છે. તેની દઢતા પહેલેથી જ કરાવતા આવ્યા છે. પરિણમન બધા દ્રવ્યોમાં છે પરંતુ જાણવું અને પરિણમવું એ રીતે જીવ બધાથી જુદો પડે છે. પદાર્થની સ્વરૂપ અસ્તિત્વ સત્તાની મજબૂતી ગા.ત્રણ થી જ કરી છે. 'એકત્વ નિશ્ચયગત્ સમય છે તે સર્વત્ર સુંદર લોકમાં' તેથી એવા જીવનો અન્ય પુદ્‌ગલાદિ સાથે સંબંધ વિસંવાદ ઉત્પન્ન કરે છે. જીવને કેન્દ્રમાં રાખીને દ્રવ્ય–ગુણ–પર્યાયની વ્યવસ્થા સમજાવી છે. આ રીતે અત્યાર સુધીની ગાથાઓના અભ્યાસના આધારે ''જીવરાજ એમ જ જાણવો'' એવો શબ્દ પ્રયોગ ગાથામાં કરવામાં આવ્યો છે. વિશ્વના બધા પદાર્થો પ્રભુત્વ શક્તિરૂપે સ્વતંત્ર છે. પર દ્રવ્યો સાથેના સંબંધનો વિચાર કરીએ ત્યારે અસ્તિ–નાસ્તિને જરાપણ આંચ ન આવે એવા અશુદ્ધસંબંધોને કારણે ચાર ગતિના પરિભ્રમણ અને પ્રેક્ષક ગેલેરીમાં બિરાજમાન સિદ્ધ ભગવંતો જીવને કેન્દ્રમાં રાખીને વિચાર કરતાં અજ્ઞાનીજીવ વિભાવભાવ વડે વિશ્વના સભ્યો સાથે સંબંધમાં આવે છે. જયારે જ્ઞાની જ્ઞાતા ધારા રૂપે પરિણમીને અતીન્દ્રિય સુખનો આસ્વાદ લેતા સહજ રીતે વિભાવને ખંખેરતા જાય છે. આવો પ્રવાહ–આવો મોક્ષમાર્ગ

અનાદિથી ચાલુ છે અને અનંતકાળ સુધી ચાલવાનો છે. આ રીતે જે આત્મ કલ્યાણ કરવાં માગે છે તે પોતાના જ્ઞાનને વ્યવસ્થિત કરે છે. કોઠે પડી ગયેલા બહિર્લક્ષી જીવનને મૂળમાંથી છોડીને તેનાથી તદ્દન વિપરીત જીવન જીવવા માટેની તૈયારી કરવાની છે. તેથી સર્વ પ્રથમ જ્ઞાનને વ્યવસ્થિત કરવાની જરૂર છે. જ્ઞાનીની વાત અને વિશ્વની નિર્દોષ વ્યવસ્થા-જે અણકૃત હોવા છતાં-પરમ સત્ય છે તે વાત નો સ્વીકાર મુશ્કેલ છે. એક સમયે એકનો જ સ્વીકારનારને દરેક પદાર્થના અનેકાંત સ્વરૂપની હા આવવી મુશ્કેલ છે. જિનાગમના સિદ્ધાંતો અને વાસ્તવિક અજ્ઞાનીની જીવનશૈલીને ક્યાંય મેળ નથી એવું સહજ લાગે છે. અનાદિના અનુભવનું પલ્લું નીચું નમે છે. આવું અનાદિથી થતું આવે છે. ક્યારેક એમ લાગે છે કે જો જીવ અને પુદ્ગલના બધા પરિણામોની સ્વતંત્રતાનો નિર્ણય કરે તો દરેક પદાર્થની સ્વતંત્રતા દૃઢ થાય આમ પણ આપણે પુદ્ગલની પરાધીનતા સ્વીકારતા જ આવ્યા છીએ. જેને પ્રતિકૂળ સંયોગો ગણવામાં આવે છે. તેની સામે આપણી લાચારી જ છે.

હવે જો પાત્ર જીવ જ્ઞાનીના સ્વાનુભવપૂર્વકના શબ્દો ઉપર વિશ્વાસ કરે પુરુષ પ્રમાણ વચન પ્રમાણ કરે અને તેની પુષ્ટિ હેતુ ન્યાય-યુક્તિ અને આગમ આધારા શોધે તો તે યથાર્થ અનુમાન પ્રમાણ સુધી પહોંચી શકે આ રીતે જીવે સર્વપ્રથમ તો પોતાના આત્માને જાણવો. વિશ્વના બધા પદાર્થો અત્યંત ભિન્ન જ છે અને  અનાદિથી અનંતકાળ સુધી એવું જ સ્વતંત્ર જીવન જીવી રહ્યા છે એમ નિર્ણય ઉપર આવવું રહ્યું. કદાચ કોઈ બુદ્ધિ જીવી વ્યક્તિએ વાતનો નિશંક રીતે સ્વીકાર કરે તો પણ તેના જીવન વ્યવહારમાં ફેર પડતો નથી. યથાર્થ જ્ઞાનના ફળમાં સ્વાભાવિક સુખનો અનુભવ થવો જોઈએ એ થતો નથી. આ રીતે નિર્ણયાત્મક જ્ઞાન સુધી પહોંચવામાં ઘણા અવરોધો આવે છે. પરંતુ પાત્ર જીવએ બધામાંથી પસાર થાય છે.

''વળી શ્રદ્ધવો પણ એ રીતે'' આ બીજું પદ છે.સાચે માર્ગે આગળ વધવા માટે એ અગત્યનું દૃષ્ટાંત :- જો કંપનીના એકાઉન્ટંટે હિસાબ બરોબર લખ્યો હોય તો ઓડિટરને સરળતા રહે છે. એ રીતે જે જ્ઞાન ન્યાય-યુક્તિ અનુસાર દરેક પગલે સાવચેત રહીને યોગ્ય નિર્ણય કરતું આવ્યું હોય તો જ્ઞાનની સચ્ચાઈનો સ્વીકાર સરળ બને છે. આ રીતે વિચારતા જો જ્ઞાન સમ્યક છે. તો શ્રદ્ધા સહજ જ સમ્યક છે એમ આવે. આ પ્રમાણે લેતા ''જ્ઞાન અનુસાર શ્રદ્ધાન'' એ કથન યથાર્થ લાગે-વળી જો તે જીવ શાસ્ત્રનો અભ્યાસી હોય તો તેને બીજી પ્રતિપક્ષીવાત પણ શાસ્ત્રના આધાર સહિત યાદ આવે ''શ્રદ્ધાને અનુસરીને જ્ઞાન અને ચારિત્ર નામ પામે છે જો શ્રદ્ધા વિપરીત છે તો ત્યાં મિથ્યાજ્ઞાન અને મિથ્યા ચારિત્ર છે'' શ્રદ્ધા સમ્યક થાય પછી જ જ્ઞાન અને આચરણ સાચા છે. આવા વિચારો આવે ત્યારે ફરી જ્ઞાનના નિર્ણયમાં પ્રશ્ન ઉપસ્થિત થાય. તેથી આપણે પહેલેથી જ જાગૃત રહીને આપણા જ્ઞાનને વ્યવસ્થિત કરવું રહ્યું. સહેલો માર્ગ એ છે કે આ અનેકાંત સ્વરૂપ છે. દરેક અપેક્ષાને સૌ ટકા મળે છે. તેમાં એક અનેક તથા નિત્ય-અનિત્ય એવા તદ્દન વિરોધી ધર્મોનો અવિરોધ છે તેથી આ પણ એવું જ વિરોધી લાગે છે પણ ત્યાં અપેક્ષા લાગુ પાડતા વિરોધ રહેતા નથી.

અહીં સુધી તો કોઈ મુશ્કેલી લાગતી નથી પરંતુ જ્યારે જ્ઞાન કે ચારિત્ર સંબંધ વિના માત્ર શ્રદ્ધા ગુણ અને તેનો સ્વભાવ તેને અલગ વિચારવાનું રહી જાય છે. જીવની સત્તા પાસે બધા ગુણો એકત્વ રૂપ છે. તેની સાથો સાથ દરેક ગુણને તેનો સ્વતંત્ર સ્વભાવ અને સ્વતંત્ર કાર્ય છે. શ્રદ્ધાના સ્વભાવનો વિચાર કરીએ ત્યારે તેનો સ્વભાવ હુંપણુ સ્થાપવું તે છે. અજ્ઞાનીનું હુંપણું ક્યાં છે ? બધા અજ્ઞાનીઓએ પોતાનું હુંપણું શરીરમાં જ સ્થાપ્યું છે. ખરેખર તેનું હુંપણું જીવ અને શરીરના સંયોગી એકત્વમાં છે.પરંતુ પોતે શરીર રૂપ જ છે. એ પ્રમાણેનું જીવન જીવી રહ્યા છે. હવે તેણે પોતાનું હુંપણું મૂળમાંથી ફેરવવાનું છે. અહીં સૌથી મોટો અવરોધ આવે છે. પોતાના અસ્તિત્વને જ પડકાર આવે છે. જો અજ્ઞાનીએ જીવ અને શરીરના સંયોગી એકત્વમાં હુંપણું માન્યું છે. તો સર્વપ્રથમએ નિર્ણય કરવો રહ્યો કે આપણે જ્યાં હુંપણું માન્યું છે તે શાશ્વત સત્તા છે કે નહીં ? જવાબ–ના (૧) શરીરમાં હુંપણું કરનાર કોણ છે ? શરીર કે જીવ ? ત્યાં હુંપણું કરનાર જીવ છે અને તેણે હુંપણું શરીરમાં કર્યું છે તેથી તે તદ્દન ખોટું છે. માત્ર આ બે મૂળભૂત પ્રશ્નોનો જ અભ્યાસ કરવામાં આવે તો આપણે સાચા નિર્ણયાત્મક જ્ઞાન સુધી પહોંચી શકીએ. વિશ્વમાં નિત્ય સત્‌ને જ સ્થાન મળે છે. નિત્ય સત્‌ની સ્થાપના સુગમ છે અને તેમાં કોઈ વિરોધાભાસ નથી. એકવાર નિત્ય સત્‌ની મજબૂતી કરવામાં આવે પછી જ ક્ષણિક સત્‌નો અભ્યાસ કરીએ તો ખ્યાલમાં આવે કે જે ક્ષણિક સત્ લક્ષગત થાય છે તેને કોઈ સ્વતંત્ર સત્તા નથી. તે ક્ષણિક સત્‌ને આપણે કોઈને કોઈ નિત્ય સ્વભાવ સાથે અવશ્ય સંબધમાં જોવો જોઈએ. આ રીતે નિર્ણય થાય છે કે જે સત્‌ને નિત્ય સત્ રૂપે લક્ષમાં લેવામાં આવ્યું હતું તેખરેખર નિત્ય અસ્તિત્વ ઉભયાત્મક છે. અર્થાત ટકીને બદલવું એવો જ બધા પદાર્થોનો સ્વભાવ છે. તેથી દૂધમાં અને દહીંમાં બંનેમાં પગ રાખવાને બદલે અર્થાત જીવ અને શરીરના સંયોગી એકત્વ સમયે જીવની સત્તા એ જ હું છું એવા નિર્ણય ઉપર આપવું રહ્યું શરીર તો સ્કંધ છે પરમાણુઓનો જથ્થો છે તે એક સત્ નથી. પરમાણુઓ શરીરમાંથી છૂટા પડતા જાય છે અને તેના સ્થાને નવા આવતા જાય છે તેનો બધાને ખ્યાલ છે.

આ રીતે વિચારતા હું જ્ઞાયક છું. અરૂપીપણે સ્વતંત્ર શાશ્વત પદાર્થ છું. એવી હા જ્ઞાન અને શ્રદ્ધાનમાં આવવી જોઈએ. ત્યારબાદ પણ આત્મામાં આત્મ બુદ્ધિ સ્થાપ્યા બાદ પછી માત્ર જ્ઞાનમય જીવન જીવવાની શરૂઆત કરવી રહીં તે આચરણ છે. જ્ઞાન અને શ્રદ્ધાને અનુસરીને ચારિત્રના પરિણામ થાય છે. તેથી શાસ્ત્રમાં 'ચારિત્ર ખલુ ધમ્મો' એમ આવે છે. તેથી ૧૮ માથાનું ત્રીજું પદ 'એનું જ કરવું અનુચરણ' શરીરમાંથી હુંપણું છોડીને અરૂપી જ્ઞાયકમાં હુંપણું સ્થાપવામાં આવે ત્યારથી જ્ઞાયકરૂપનું આચરણ શરૂ થવું જોઈએ. આ આચરણ શું છે ? તેનો નિર્ણય એટલો જ જટીલ છે. સામાન્ય રીતે ચારિત્ર શબ્દ આવે ત્યારે વ્રત નિયમ અને બાહ્યની શરીરાદિની ક્રિયાઓ તથા બાહ્ય ત્યાગ આ બધું એકી સાથે આપણા જ્ઞાનમાં આવી જાય છે. તેની સાથો સાથ જૈન મુનિનું સાધુત્વ ઘણું જ કષ્ટ મય છે વગેરે વિચારો ઘેરો ઘાલીને સામે આવે છે. વર્તમાન કાળમાં એવું મુનિપણું શક્ય નથી. એવો ભાવ પણ સહજ રીતે આવે છે. ખરેખર ચારિત્ર શું છે ? એ પ્રશ્નનો સીધો જવાબ એ છે કે તે જીવને સ્વભાવમાં લીનતા છે અને તે દશા અતીન્દ્રિય સુખ રૂપે જ

અનુભવમાં આવે છે. પરંતુ આવો સાચો જવાબ તો જ્ઞાની જ સ્વાનુભૂતિપૂર્વક આપી શકે છે.

જ્ઞાન એ વેદનભૂત લક્ષણ છે અને તેનું મહત્વ છે તેથી હવે આપણે અજ્ઞાનીના જ્ઞાન અને જ્ઞાનીના જ્ઞાન વચ્ચે શું તફાવત છે તે વિચારવું રહ્યું. શાસ્ત્ર ભાષાના શબ્દોથી વિચારીએ ત્યારે જીવે સમ્યક્જ્ઞાન અને મિથ્યા જ્ઞાન વચ્ચેનો તફાવત જાણવો જોઈએ. પાત્ર જીવે ઇન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય જ્ઞાન વચ્ચેનો તફાવત લક્ષમાં લેવો જોઈએ. એ રીતે વિચારતા જ્ઞાનીનું જ્ઞાનમય જીવન કેવું છે તેટલો જ ભાગ મુખ્ય કરીને પ્રથમ વિચારવું જોઈએ. અજ્ઞાનીનું જ્ઞાન સ્વ અને પરને ભેળસેળ કરીને જાણે છે અને જ્ઞાનીના જ્ઞાનમાં સ્વ અને પરના અત્યંત ભિન્નપણું મહત્વ ધરાવે છે.જેને પર રૂપે જ્ઞાનમાં લેવામાં આવે છે. ત્યારથી જ મારે એની સાથે કોઈ લેવા દેવા નથી એવો ભાવ આવે છે. પરિણામે પર દ્રવ્યનું માત્ર જાણપણું જ રહે છે. તેના તરફના ભાવ લંબાતા નથી. પરલક્ષી વિકલ્પને સ્થાન મળતું નથી. જો આપણા ભાગે કોઈ જવાબદારી જ ન હોય તો તદન હળવાશ અનુભવવામાં આવે છે.દૃષ્ટાંતરૂપે એક અઠવાડીયું હોલી ડે રીસોર્ટમાં એકલા રહેવા જવું જોઈએ. શાસ્ત્રના દૃષ્ટાંતમાં ભોગ ભૂમીના જીવોનો વિચાર કરી શકાય. આ જે વિચારણા કરવામાં આવી તે સાધક દશામાં જ્ઞાન શું કરે છે તેની હતી. હવે મુખ્ય વાત ચારિત્રના પરિણામની છે.

જ્ઞાનીનું ચારિત્ર-નિજ સ્વભાવમાં-આમાં સદા પ્રિતીવંત બન-સંતુષ્ટ બન અને તૃપ્ત થા - આટલું જ આવે છે. એ રીતે પરિણમન કરવાથી નિર્વિકલ્પ દશા અતીન્દ્રિય દશા અતીન્દ્રિય સુખરૂપ અને સવિકલ્પ દશામાં શાંતિ અને સમાધાન રૂપ છે. અજ્ઞાનીના ચારિત્રના દોષોનો વિચાર કરીએ તો ત્યાં રાગ-દ્વેષ-શુભાશુભભાવો-અને ઇચ્છા ભોગવટાના ભાવોનું કોઈને કોઈ પ્રકારનું મિશ્રણ લક્ષગત થાય છે. તે પરિણામોમાં આટલી વિધવિધતાની સાથે ચારિત્રની શુદ્ધતામાં માત્ર વીતરાગતા જ છે. આ અપેક્ષાએ સમ્યક્ચારિત્ર વીતરાગ અને નિર્વિકલ્પ છે. જેના ફળ સ્વરૂપે તેને અતીન્દ્રિય સુખ અને શાંતિ જ છે. એ જરાપણ કષ્ટમય નથી. વીતરાગતાના ફળ સ્વરૂપે કર્મ તંત્ર અને પરંપરા એ જેનો કર્મ તંત્રનાં ઘણી ઉથલપાથલ જોવા મળે છે. અજ્ઞાનીની માન્યતા અનુસાર તે જે સંયોગોની ગોઠવણીની મથામણમાં અનેક વિકલ્પો કરતો હતો તે બંધ થવાથી કર્મનો કર્મ તંત્ર તદન નિરંકુશ થવાથી ત્યાં ઘણાં ફેરફાર થવા માંડે છે. ચારિત્ર અંગીકારની વાત આવે એટલે અણુવ્રત અને પછી મહાવ્રત આવે એ ચારિત્ર ગણવામાં આવે છે. જ્ઞાનીને વધતો શુભભાવ હોય છે. જે વ્રત રૂપે લક્ષગત થાય છે. તે અનુસાર શરીરની ક્રિયા અને બાહ્ય અનુષ્ઠાન હોય છે. આમાં ક્ષતિ આવે તો ગુરુ દ્વારા પ્રાયશ્ચિત લેવામાં આવે છે. વગેરે વાતો વાંચવા અને સાંભળવા મળે છે.

જ્ઞાનીના - સાધકના પરિણામમાં, પર્યાયમાં શુદ્ધતાના અંશો વધતા જાય છે. તે અનુસાર અશુદ્ધતાના અંશો ઘટતા જાય છે. સર્વ પ્રથમ મિથ્યાત્વ અને અનંતાનુંબંધી કષાય જાય છે. પછી ચારિત્રની પર્યાયમાં સ્ટેજવાર અશુદ્ધતા મંદ પડતી જાય છે. તેને આ રીતે સમજાવી શકાય. મિથ્યાત્વ-અવિરતિ અને કષાય બંધના કારણો છે. તેમાં પ્રથમ મિથ્યાત્વ જાય પછી અવિરતિ અને બાદમાં કષાયનો અભાવ થાય છે. આ રીતે એકવાર સમજ્યા બાદ મિથ્યાત્વનો અભાવ થતાં અવિરતિ અનેકષાયમાં પણ અશુદ્ધતા ઘટે છે. એ રીતે અવિરતિ જતા કષાય વધુ મંદ થાય

છે. સાધકની દશામાં જે વિભાવભાવ જોવા મળે છે તે જેટલા કષાય-અશુદ્ધતા-દૂર કરવાનું બાકી છે તે પ્રમાણે જ હોય છે. જે કષાય જીતી લેવામાં આવ્યા છે તે તો અભાવ રૂપ જ છે. જે કષાય દૂર કરવાનું બાકી છે તેમાં શુભાશુભ બંને પ્રકારના ભાવો હોય છે. જ્ઞાનીને સર્વિકલ્પ દશામાં તેમાંનો કોઈ ભાવ હોય છે. તેનું પ્રાયશ્ચિત નથી સાધક સર્વિકલ્પ દશામાં અશુભથી થતાં ઘણાં દોષથી બચવામાટે શુભભાવરૂપે પરિણામે છે. તે શુભ પરિણામ પણ બંધનું જકારણ છે પરંતુ અલ્પબંધનું કારણ છે. સર્વિકલ્પ દશામાં સ્વભાવમાં ટકાતું નથી માટે શુભભાવ વર્તે છે. ત્યારે પણ સાધક સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ વધારીને ફરી નિર્વિકલ્પ દશા પ્રગટ કરે છે. દષ્ટાંત : રેફ્રીજરેટરનું ટેમ્પ્રેચર ગોઠવ્યું હોય તે આવી જતા પાવર કપાય જાય છે. જો ફ્રીજ ઉઘાડ બંધ થતાં ટેમ્પ્રેચર વધી જાય તો તુરત જ પાવર ચાલુ થઈ જાય છે. જ્ઞાનીના શુભભાવ મોક્ષમાર્ગમાં સહાયક છે. જ્ઞાનીને તેના ફળની મીઠાશ નથી. તે પ્રત્યે હેય બુદ્ધિ છે. પ્રતિજ્ઞાપૂર્વકના અણુવ્રત-મહાવ્રતમાં ક્ષતિ આવે તેનું જ પ્રાયશ્ચિત છે.

આ રીતે આ ગાથામાં મોક્ષાર્થી જીવ જ્ઞાન-જ્ઞાનપૂર્વક-શ્રદ્ધાન તથા જ્ઞાન શ્રદ્ધાનપૂર્વક આચરણ આવ્યું છે. ચારિત્ર વડે મોક્ષમાર્ગમાં આરોહણ કરે છે. સાધકને અતીન્દ્રિય સુખ અને શાંતિનું વેદન છે. તે સંયોગો અને સંયોગી ભાવોનો પરમાર્થે જ્ઞાતા જ છે. અસ્થિરતાના ભાવનો પણ એ રીતે જ્ઞાતા જ છે.

ગાથા ૧૭-૧૮ ને આગળની ગાથાઓ સાથે કેવા પ્રકારની સંધિ છે તે વિચારીએ. સર્વપ્રથમ મોક્ષાર્થી શું ઈચ્છે છે તે જાણવું અગત્યનું, જીવરાજ પાસેથી શું મેળવવું છે ? દષ્ટાંતમાં જેની પાસે ધન નથી તે ધન ઈચ્છે છે. સિદ્ધાંતમાં અજ્ઞાની પાસે જ્ઞાન નથી તેથી તે જ્ઞાન ઈચ્છે છે. અચેતન પદાર્થમાંથી જ્ઞાન ન મળે. જ્ઞાની પાસેથી જ જ્ઞાન મળે. જીવને જો પ્રજ્ઞા મળે તો મોક્ષ મળે. તેથી મોક્ષની પ્રાપ્તિ માટે સ્વ અને પરને અત્યંત ભિન્ન દર્શાવનાર જ્ઞાન એક જ સાધન છે.

ગાથા ૧૯ થી ૨૨ માં અજ્ઞાનીની ભૂમિકા શું છે તે દર્શાવે છે. અજ્ઞાનીએ દ્રવ્યકર્મો તથા શરીર અને સંયોગો રૂપના કર્મમાં હુંપણું અને મારાપણું કર્યું છે. આ એનું અજ્ઞાન છે. અજ્ઞાનીની પરમાં એકત્વ બુદ્ધિ માત્ર વર્તમાન રૂપ નથી. એ ભૂત અને ભાવિમાં એટલી લંબાયેલી છે કે તેણે અનાદિકાળથી પરમાં મમત્વ અને હિતબુદ્ધિપૂર્વક કર્તા અને ભોક્તાભાવ રાખ્યા છે અનુભવ્યા છે. તેથી અજ્ઞાની જીવની ઓળખાણ કઈ રીતે થાય તેના જવાબમાં આ ગાથાઓ રહેલી છે. અનાદિનું અજ્ઞાન ધારાપ્રવાહ રૂપ વર્તમાન સુધી પહોંચ્યું છે. જ્યાં સુધી અજ્ઞાન ચાલુ રહે ત્યાં સુધી ભવિષ્ય પણ એ પ્રકારનું જ રહેશે.

ગાથા ૨૩ થી ૨૫ માં અનાદિકાળથી જ્ઞાનીઓ શું કરતાં આવ્યા છે. તે લીધું છે. જ્ઞાની તો આત્મસાધનામાં જ મસ્ત છે. તે વાત મુખ્ય રાખીને પોતાની સર્વિકલ્પ દશામાં અજ્ઞાની જીવોના અજ્ઞાનને દૂર કરવા માટે જીવરાજ તો સર્વજ્ઞ સ્વભાવી જ છે. ચેતન સ્વભાવી છે. નિરપેક્ષ શુદ્ધ સ્વભાવી છે. વગેરે પ્રકારે આત્માના સ્વભાવના ગાણા ગાતા રહે છે. અંતરંગમાં એવો ભાવ હોય છે કે કોઈ નિકટભાવી જીવ પોતાનું ભવ્યત્વ પ્રગટ કરીને મોક્ષમાર્ગમાં આવશે. આ

રીતે જ્ઞાનીની-સાધકની બે ધારા ચાલે છે. સમજવું અને સમજાવવું. અજ્ઞાની પોતાની અનાદિની ધૂનમાં મસ્ત છે.

ગાથા ૧૯ થી ૨૨માં જે દૃષ્ટાંત લેવામાં આવ્યો છે તે યોગ્ય છે, અગ્નિ અને ઈંધન, ઈંધન શબ્દથી લાકડુ-છાણા વગેરે બળવા લાયક પદાર્થો છે. આ પદાર્થો અલગ સ્વતંત્ર લક્ષગત થાય છે. અર્થાત્ સામાન્ય રીતે અગ્નિના સંબંધ વિનાના લક્ષમાં આવે છે. પરંતુ જેમ તે જુદા જોવા મળે છે. તેમ અગ્નિ જોવા મળતો નથી. અગ્નિ હંમેશા બળવા લાયક પદાર્થના સંગમાં જ જોયા મળે છે. એ રીતે સિદ્ધાંતમાં જીવને દ્રવ્ય કર્મ અને શરીર સાથે વિશિષ્ટ એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. આપણે સિદ્ધ પરમાત્માને જોતા નથી. આ રીતે એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. ત્યાં દ્વૈત ભાસતું નથી. લોકના પ્રત્યેક પ્રદેશે છ પ્રકારના પદાર્થો છે અને સંખ્યાએ અનેક છે. આવા સામાન્ય એક ક્ષેત્રાવગાહ સંબંધ શાશ્વત રીતે વિદ્યમાન છે ત્યાં પણ તે દરેક પદાર્થ પોતાની સ્વતંત્ર દ્રવ્ય-ગુણ-પર્યાય રૂપ સત્તાને તદન ભિન્ન સ્વતંત્ર રાખીને રહેલ છે. અગ્નિના ઈંધન સાથેના સંબંધરૂપ જીવ અને શરીરનો સંબંધ છે. જીવ વિનાનું શરીર વિદ્યમાન હોય છે. પરંતુ શરીર વિનાનો તદન ભિન્ન જીવ લક્ષગત થતો નથી. આ પ્રકારનો વિશિષ્ટ એક ક્ષેત્રાવગાહ સંબંધ છે તે અજ્ઞાનીના અજ્ઞાનને ચાલુ રહેવામાં મહત્વનો ભાગ ભજવે છે. ન્યાય-યુક્તિથી અગ્નિ અને ઈંધનના સંબંધને ભૂત અને ભાવીમાં લંબાવી શકાય છે. આ પ્રકારે આ ગાથામાં જે એકત્વ બુદ્ધિરૂપના મિથ્યાત્વની વાત લેવામાં આવી છે તે ત્રણે કાળ માટે સત્ય છે - વાસ્તવિક છે એ રીતે રજુઆત કરવામાં આવી છે. દૃષ્ટાંત પક્ષે અગ્નિ સ્વતંત્ર અસ્તિત્વ લક્ષગત થતું નથી એટલું પર્યાપ્ત છે.

જીવના પક્ષે - સિદ્ધાંતમાં આટલું પર્યાપ્ત નથી. જીવના જ્ઞાન સ્વભાવથી અને જ્ઞપ્તિથી વિચારતાં આટલું પર્યાપ્ત છે કે જીવનો સર્વજ્ઞ સ્વભાવ હોવાથી જ્ઞાન શરીરને જાણે છે. એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. એમ જાણે છે શરીર સાથે વિશિષ્ટ એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. એમ જાણે છે સંયોગો ક્ષેત્રે જુદા છે પણ જ્ઞે.જ્ઞા. સંબંધથી સંકળાયેલા છે. પરંતુ અજ્ઞાની જીવમાં મોહ અને રાગ-દ્વેષ રૂપના પરિણામ પણ છે. ત્યાં મોહ તેની રીતે કામ કરે છે. જે મારા ક્ષેત્રમાં છે તે બધું મારું છે એવી એની મનોવૃત્તિ છે. વળી જે મારું છે તેને હું ભોગવી શકું છું. એવો તેને અભિપ્રાય છે, આ રીતે મોહના પરિણામ રૂપે તે જીવમાં પરમાં મમત્વ અને ભોક્તાભાવ લક્ષમાં આવે છે. એને અનુસરીને ચારિત્રના પરિણામ થાય છે. વિભાવનો વ્યાપ માત્ર શરીર પુરતો મર્યાદિત નથી તે સંયોગોમાં પણ લંબાઈને આખા વિશ્વને આવરી લે છે. અર્થાત્ સમગ્ર વિશ્વમાં મમત્વ, એકત્વ, હિતબુદ્ધિ અને પરદ્રવ્યનો કર્તા-ભોક્તા ભાવ આવા લક્ષણથી અજ્ઞાની જીવની ઓળખાણ થાય છે.

વિશ્વમાં અજ્ઞાની જીવો જ મહદ અંશે લક્ષગત થાય છે. પરંતુ તે જીવનું અસલ સ્વરૂપ નથી. વિશ્વની નિર્દોષ અણકૃત વ્યવસ્થાનો અભ્યાસ કરનારને ખ્યાલ છે કે છ પ્રકારના બધા પદાર્થો સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે. લોકના એક ક્ષેત્રમાં રહ્યા છે. ત્યારે પણ પોતાના સ્વતંત્ર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ રૂપે અત્યંત ભિન્ન છે. એક ક્ષેત્રાવગાહ સંબંધ એ એકત્વનું-એક સ્વતંત્ર સત્તાનું નિયામક નથી. દરેક પદાર્થની ભિન્ન સ્વતંત્ર સત્તા છે તેમાં બધું તાદાત્મ્ય રૂપ એક રસ

છે. તે બધાનું એક અસ્તિત્વ છે. એક ક્ષેત્ર છે અને એક સ્વભાવ છે. અન્ય કંઈપણ આ પદાર્થની સાથે આવા તાદાત્મ્ય સંબંધમાં ક્યારેય આવી શકે નહીં. એવી મજબૂત અસ્તિ-નાસ્તિ છે. વિશ્વની આ અણકૃત મજબૂત વ્યવસ્થાનું યોગ્ય જ્ઞાન જ જીવના અજ્ઞાનને દૂર કરે છે. લક્ષમાં રહે કે અચેતન પદાર્થોમાં ક્યારેય ભૂલ થતી નથી. ત્યાં બધું યથાર્થ રૂપે વ્યવસ્થિત ચાલે જ છે. અનાદિથી અનંતકાળ સુધીમા ક્યારેય પણ જોવામાં આવે તો આમ જ છે.

ગાથા ૨૩ થી ૨૫ માં અજ્ઞાની અજ્ઞાની મટીને જ્ઞાની થાય છે તે કેવી રીતે થાય છે તે વાત લીધી છે. જ્ઞાનીઓ તેને જીવ અને પુદ્ગલ એ બે સ્વતંત્ર દ્રવ્યો છે. તેમાં જીવનું સ્વલક્ષણ-જ્ઞાન અને ચૈતન્ય છે. પુદ્ગલનું લક્ષણ રૂપીપણું છે. વિશેષરૂપે લેતા જીવ ચેતન અને અરૂપી છે. પુદ્ગલ રૂપી અને અચેતન છે. આ રીતે જીવ ચેતન લક્ષણથી જુદો પડે છે. પુદ્ગલ પોતાના રૂપીપણાને કારણે જુદુ છે. તે ઉપરાંત બંનેમાં એવા પણ પ્રતિજીવી ગુણો છે કે ચેતન-અચેતનને ક્યાંય મેળ ન થાય. એ રીતે અરૂપી જીવમાં રૂપી પદાર્થનો પ્રવેશ જ શક્ય નથી. લોકના એક ક્ષેત્રે-જીવ-પુદ્ગલ સાથે સામાન્ય એક ક્ષેત્રાવગાહ (અન્ય સમસ્ત દ્રવ્ય), શરીર સાથે વિશિષ્ટ એક ક્ષેત્રાવગાહ સંબંધ રૂપે દ્રવ્ય કર્મ સાથે ઉભયબંધ રૂપે રહેવા છતાં જીવ એ બધાથી તદન ભિન્ન પોતાની સંપૂર્ણ સ્વરૂપ અસ્તિત્વ સત્તાને સલામત રાખીને રહેલ છે. એ રીતે પુદ્ગલો પણ એવી જ રીતે તદન સ્વતંત્ર છે. આ વિશ્વની નિર્દોષ વ્યવસ્થા જ અજ્ઞાનીનું અજ્ઞાન દૂર કરવામાં સક્ષમ છે.

હવે આ ગાથાના દૃષ્ટાંતોનો અભ્યાસ કરીએ. સ્વચ્છ સ્ફટિક અને અન્ય રંગના પદાર્થોના નિમિત્તે સ્ફટિકમાં લક્ષગત થતી તે પ્રકારના રંગની ઝાંય, સિદ્ધાંતમાં સ્વચ્છ સ્ફટિકના સ્થાને જ્ઞાન સ્વભાવી નિરપેક્ષ શુદ્ધ જીવ છે. રંગીન પદાર્થના સત્ સ્થાને શરીર સંયોગો અને દ્રવ્ય કર્મો છે અને જીવની પર્યાયમાં જે મોહ-રાગ-દ્વેષ રૂપ વિભાવ ભાવો છે. તે રંગીન ઝાંઈરૂપ થાય છે. કોઈ સુંદર આકર્ષક પ્રતિમા હોય પરંતુ જો તેની વચ્ચે કોઈ અર્ધ પારદર્શક વસ્ત્ર આવી જાય તો તે પ્રતિમા લક્ષમાં આવતી નથી. આ રીતે અજ્ઞાની જીવના વિભાવને કારણે જ્ઞાયક સ્વભાવ તિરોભૂત થાય છે. જીવ સર્વજ્ઞ સ્વભાવી હોવા છતાં અલ્પજ્ઞ રૂપે જ પરિણમે છે અને એવો જ જીવનો સ્વભાવ છે આ પ્રમાણે ભ્રમ ઉપજે છે.

હવે બીજો દૃષ્ટાંત :- સુંદર આહારને તૃણ સહિત ખાનારા અવિવેકી હાથીનો દૃષ્ટાંત છે. હાથી શાકાહારી પ્રાણી છે. શરીરના પ્રમાણમાં અને એ શરીરમાં બળ રહે તે માટે તેનો આહાર પણ ઘણો છે. ઝાડની ડાળી-પાંદડા વગેરે તેનો આહાર છે. અન્ય આહારની સરખામણીમાં ઘાસ-તૃણનો સ્વાદ ઘણો જ ઓછો છે. ખરેખર તેને માટે સ્વાદ જેવું ખાસ નથી. આ ડાળીમાં ફળ પણ હોવાની શક્યતા છે. ફળ સ્વાદિષ્ટ છે. પરંતુ તેની માત્રા અલ્પ છે. તેથી હાથીને ફળનો સ્વાદ નથી આવતો. તેને ડાળી અને પાંદડાનો જ સ્વાદ આવે છે તે બંનેના સ્વાદનો તફાવત લક્ષમાં લઈ શકતો નથી. ટીકામાં સિદ્ધાંતની વાત કરી જ નથી. ત્યાં સિદ્ધાંત એ પ્રમાણે છે કે અજ્ઞાનીનું જીવન બહિર્લક્ષી છે તે માને છે કે તે બાહ્ય વિષયોને ભોગવે છે. વાસ્તવિકતા એ છે કે અજ્ઞાની જીવ પરાશ્રયે થયેલા અને પરની મુખ્યતાવાળા વિષયોને ભોગવવાનો ભાવ કરે છે. અને તેને જ પોતાનું જીવન માને છે. તેમાં જ તેને સુખ ભાસે છે. અજ્ઞાની જીવ

બાહ્ય વિષયો સુધી રાગના ભાવથી પહોંચે છે. એ વિભાવભાવો પણ પરમાર્થે અચેતન જ છે. એ બધા વચ્ચે એક સમયની જ્ઞાનની પર્યાય છે. તે સ્વભાવરૂપ હોવાથી સુંદર છે. તે ખરેખર સુખ રૂપે અતીન્દ્રિય સુખ રૂપે અનુભવમાં આવવી જોઈએ. પરંતુ રાગ મિશ્રિત બાહ્ય વિષયોના સ્વાદમાં આ જ્ઞાનનો સ્વાદ દબાઈ જાય છે. તેથી આચાર્યદેવ એના તરફ આપણું ધ્યાન ખેંચીને તેનાથી જીવને છોડાવવા માગે છે જ્ઞાનની પર્યાયને પાછી વાળીને સ્વભાવ સન્મુખ કરવાથી જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય એકાકાર નિર્વિકલ્પ અનુભવમાં અતીન્દ્રિય સુખ રૂપે અનુભવ કરવાની જ્ઞાની પ્રેરણા કરે છે જે એમ કરે છે તે વિભાવને મૂળમાંથી નાશ કરે છે અને જ્ઞાયકને પર જ્ઞેયના આશ્રયથી છોડાવે છે.

હવે ત્રીજો દૃષ્ટાંત :- લવણ-મીઠું સામાન્ય રીતે ગાંગડા રૂપે લક્ષગત થાય છે. પરંતુ જો તે ખુલ્લું પડ્યું હોય તો ચોમાસામાં હવાના ભેજની અસર નીચે તે પાણીમાં ઓગળી જાય છે. તેથી રકાબીમાં પાણી પડ્યું હોય તેમ લાગે છે. ભેજ ઉડી જાય તો પાછું તે મીઠારૂપે લક્ષમાં આવે છે. આ રીતે મીઠું ગાંગડા રૂપે અને પ્રવાહી રૂપે એમ બે પ્રકારે લક્ષમાં લઈ શકાય છે. સિદ્ધાંતમાં જીવ છે તે પુદ્‌ગલ થતું નથી અને પુદ્‌ગલ દ્રવ્ય જીવ રૂપ થતું નથી. જેમ મીઠાનું ગાંગડામાંથી પ્રવાહી પણું થાય છે. એવું જીવ પુદ્‌ગલ વચ્ચે બનતું નથી. પ્રવાહી રૂપ મીઠું ગાંગડા રૂપ થાય પરંતુ ચોખ્ખું પાણી મીઠા રૂપ થતું નથી.

ગાથા ૨૬ થી ૩૦ :- અજ્ઞાની જીવે અભિપ્રાયમાં જીવ અને શરીરનું એકપણું માન્યું છે. તે એ પ્રમાણે જીવન જીવે છે અને એ પ્રકારે વાત પણ કરે છે. ગાથા ૨૬ માં તે પોતાની માન્યતાની પુષ્ટિ માટે આચાર્ય ભગવંતે અરિહંત પરમાત્માની સ્તુતિ કરી છે તેનો આધાર રજુ કરે છે. આ ગાથા વાંચતા એવો ખ્યાલ આવે છે કે તે આ વાત જ્ઞાનીને કરે છે ત્યારે જ્ઞાનીએ જ્ઞાયક સ્વરૂપી આત્મામાં હુંપણું સ્થાપ્યું છે. શરીરમાંથી હુંપણું છોડીને જ્ઞાયકમાં આવ્યા છે. અજ્ઞાની જીવ અને શરીરનું એકપણું છે તે વાત જૈનાચાર્યની સ્તુતિ દ્વારા પ્રસ્તુત કરે છે. અજ્ઞાનીની માન્યતા એવી છે કે જ્ઞાની તેની વાતનો પ્રતિકાર કરીને જીવ અને પુદ્‌ગલના અત્યંત ભિન્નપણાની વાત સિદ્ધ કરવા માટે પ્રયત્ન કરશે. અજ્ઞાનીને વિશ્વાસ છે કે આચાર્ય દેવની જે સ્તુતિ રજુ કરી છે તે એવું સાધન છે કે પોતે અવશ્ય જીતશે. જ્ઞાની જૈનાચાર્યની સ્તુતિનો નિષેધ નહીં કરી શકે. પરંતુ અજ્ઞાનીની અભિલાષા નકામી નિવડી. જ્ઞાનીએ કોઈ પ્રતિકાર ન કર્યો. પરંતુ માત્ર નય વિભાગ દ્વારા માત્ર જીવ અને પુદ્‌ગલનું અત્યંત ભિન્નપણું અને તે જુદાપણાને બાધા ન આવે એવા સંબંધને દર્શાવીને શ્રુતજ્ઞાનની નય જ્ઞાનરૂપ સ્યાદવાદ શૈલીથી જીવ અને પુદ્‌ગલના અત્યંત ભિન્નપણાને નિશ્ચય નયનો વિષય અને જીવ અને પુદ્‌ગલના સંબંધ-મૈત્રીને વ્યવહાર નયના વિષયરૂપે દર્શાવ્યો આ રીતે જ્ઞાનીએ અજ્ઞાનીને મહાત કર્યો આ રીતે ગાથા ૨૭ માં સમજાવવામાં આવ્યું છે. જો આપણે ૨૬ અને ૨૭ બંને ગાથાનો સાથે વિચાર કરીએ તો અજ્ઞાની પોતાની માન્યતા રજુ કરે છે. અને જ્ઞાની તેનો નય વિભાગથી ઉત્તર આપે છે. હવે આપણે આ બે ગાથાઓને અલગ ભાવથી સમજવાનો પ્રયાસ કરીએ. ૨૬મી ગાથા પાત્ર જીવની આશંકારૂપ છે. તેને જીવ અને પુદ્‌ગલના અત્યંત ભિન્નપણાનો વિશ્વાસ છે. જીવ અને શરીર તદન જુદા છે. તો પછી ભગવાનની સ્તુતિ કરતા સમયે

માત્ર તેની પરમાત્મ દશા ૪૬ ગુણો વડે તેની સ્તુતિ કરવી જોઈએ. પરમાર્થે પરમાત્માએ અનંત ચતુષ્ટયની પ્રગટતા કરી તેનું જ પૂજ્યપણું દર્શાવવું જોઈએ. તીર્થંકર પરમાત્માના અન્ય ૪૨ ગુણો તો પુણ્યના ફળ છે. તેથી ખરેખર તેનો પણ મહિમા કરવો ન જોઈએ. શરીર તો અત્યંત ભિન્ન જ છે. તેથી તેનો તો ઉલ્લેખ જ ન કરવો જોઈએ. આ વાત તર્ક સંગત લાગે છે. તેથી તેને શરીરની સ્તુતિની વાત રુચતી નથી પરંતુ આચાર્યદેવે કરી છે તેથી સમજીને કરી છે એવો વિશ્વાસ છે તેથી જ્ઞાની પાસેથી પોતે યોગ્ય માર્ગદર્શન મેળવવા માગે છે. ૨૭ મી ગાથામાં એ વ્યવહાર છે. એટલું કહીને છોડી દે છે. એ જ્ઞાનીનો નિશ્ચયપૂર્વકનો વ્યવહાર કઈ રીતે છે તેની સ્થાપના કરતા નથી. તેથી આગળ ગાથાનો અભ્યાસ કરતાં પહેલાં આપણા સમાધાન માટે આપણે મહેનત કરી લઈએ.

આચાર્ય દેવની સ્તુતિના ભાવ સમજવા માટે આપણે એક દૃષ્ટાંત લઈએ એક વ્યક્તિ સોનીની દુકાનમાં જાય છે ત્યાં અનેક પ્રકારના સોનાના આભૂષણો છે. એક એક થી ચઢીયાતા છે. તે જોઈને મન પ્રફુલ્લિત થાય છે. તમે એક કન્યાને જુઓ છો. તે યુવાન છે, અને અતિ સુંદર છે, તમે તેને જોઈને રાજી થાવ છો. તે કન્યા નૃત્ય કરવા લાગે છે તે નૃત્યકલામાં પાવરધી છે એ જ રીતે તે પાકશાસ્ત્રમાં નિપુણ છે, ભણેલી છે અને વ્યવહાર કુશળ પણ છે. આવી સર્વાંગ સુંદર કન્યા જોઈને તમને પ્રમોદ આવે છે. તે કન્યા હવે લગ્ન માટે તૈયાર થાય છે. સુંદર વસ્ત્રો અને આભૂષણો ધારણ કરીને લગ્નમંડપમાં આવે છે. ત્યારે કન્યાનું રૂપ-તેનો પહેરવેશ અને આભૂષણો તે બધું પરમાર્થે કન્યાની શોભા માટે જ છે. તેના વસ્ત્રો કે અભૂષણના વર્ણન-વસ્ત્ર અને આભૂષણ માટે નથી તે બધું કન્યાની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

આ દૃષ્ટાંતે હવે સિદ્ધાંતમાં જીવનો સર્વજ્ઞ સ્વભાવ ઘણો જ મહિમાવંત છે. તેનું પૂજ્યપણું પણ છે. તે સ્વભાવ મોક્ષ સ્વરૂપ છે. તે મોક્ષનું કારણ છે. તે જ્ઞાયક સ્વભાવ હવે જ્ઞાતા ભાવ રૂપે પરિણમે છે. સાધક દશામાં આગળ વધે છે. જે જીવ જ્ઞાયક છે અને જ્ઞાતાભાવ રૂપે પરિણમે છે. તે પૂજ્ય છે અને તે મોક્ષના કારણ રૂપે અલ્પકાળ માં મોક્ષ પામે છે. આ નિશ્ચયપૂર્વકનો વ્યવહાર પણ પૂજ્યપણું પામે છે. તે પણ અભેદપણે આત્મા જ છે. મુનિદશામાં જીવ ઈર્યા સમિતિનું પાલન કરે છે. ત્યારે શરીરની ક્રિયામાં પણ ધીમી ચાલ અને ત્રણ હાથ જમીન જોઈને ચાલવાની વાત સાથે આવશ્યક છે. જીવના પરિણામ વિશ્વ વ્યાપી સંબંધમાં છે. તેથી જીવના ભાવ અનુસાર શરીર અને એની ક્રિયા બધું એ પ્રમાણે મેળ વિશેષ રૂપ જ છે. આ રીતે મુનિદશામાં પણ શરીર અને તેની ક્રિયા રૂપ વ્યવહાર છે અને તે એમ જ હોય અન્યથા નહીં. - સાધકને ભૂમિકાને યોગ્ય શુભભાવ અને શરીરની ક્રિયાએ વાસ્તવિકતા છે. મુનિદશા નગ્ન દિગંબર દેહ રૂપ જ હોય - અન્યથા સંસ્કાર રહિત જ હોય. આ રીતે આચાર્યદેવની સ્તુતિમાં જે દેહની સ્થિતિનું વર્ણન છે તે દેહ માટે નથી તે પરમાત્માનું વર્ણન છે. પરમાત્માની જ વ્યવહાર સ્તુતિ છે. આ રીતે સમજાવતા પાત્ર જીવની આશંકાનું યોગ્ય સમાધાન થાય છે. ગાથા ૨૮ થી ૩૦ :- ગાથા ૨૮ માં અજ્ઞાની જીવ કદાચ મુનિ થાય તો તે શું કરે છે ? તે ભગવાનની સ્તુતિ કરે છે, કઈ રીતે કરે છે ? સમોસરણમાં બિરાજમાન પરમાત્માને ભજે છે. સોનગઢનું સમ વસરણ એ માતાજીના જાતિસ્મરણ જ્ઞાનના આધારે થયેલી રચના છે. તે સમ વસરણનું તાદૃશ શાબ્દિક વર્ણન

પૂ.પંડિતજી રચિત સમવચરણ સ્તુતિમાં છે. તેમાં પરમાત્માના પુણ્યોદય અનુસાર મળેલ સંયોગો - વિશેષ રૂપે તીર્થંકર પ્રકૃતિના ઉદય જનિત સામગ્રી વગેરેની વાત આવે છે. અજ્ઞાનીઓને એનો મહિમા છે. દ્રવ્યલિંગી મુનિને સ્વાનુભૂતિ પણ નથી તેથી તેના અભિપ્રાયમાં આ સ્તુતિ જ પરમાત્માની નિશ્ચય સ્તુતિ છે.

ગાથા ૨૯ - ૩૦ માં આ અજ્ઞાનીની સ્તુતિ તે સાચી સ્તુતિ નથી એમ ન્યાયથી સમજાવે છે. જે સમ વસરણનું શાબ્દિક વર્ણન છે તે જ્ઞાની અને અજ્ઞાનીનું સમાન જ છે. જ્ઞાનીની માન્યતામાં એ પરમાત્માની વ્યવહાર સ્તુતિ છે અર્થાત્ તેના જ્ઞાનમાં તો પરમાત્માના અનંત ચતુષ્ટયની સ્તુતિ જ નિશ્ચય સ્તુતિ છે એ કર્યા પછી પણ પરમાત્માનો અંતરંગ મહિમા અને તેને વ્યક્ત કરવા માટેનો થનગણાટ જરા પણ ઓછો થતો ન હોય ત્યારે પોતાના કવિત્વાદિ અંતરંગ મહિમાપૂર્વક અનેક પ્રકારના અલગ શબ્દો અને અપેક્ષાઓપૂર્વક વાણી પ્રવાહ ચાલુ રહે છે. અને તે માત્ર પરમાત્માના દેહની નહીં પરંતુ પરમાત્મા કોના વડે પૂજ્ય છે. એવા શિષ્ય સમુદાય સુધી લંબાવવામાં આવે છે. જેમ કે પરમાત્મા સો ઇન્દ્રો વડે પૂજ્ય છે. પરમાત્માની સ્તુતિમાં ઇન્દ્ર-ઇન્દ્રાણીના વસ્ત્રો અને મુકુટની વાત પણ આવી જાય છે.

અજ્ઞાનીએ પોતાના આત્માને દેહથી જુદો પાડ્યો નથી તેથી તેના અભિપ્રાયમાં દેહ જ સર્વસ્વ છે તેથી તેના અભિપ્રાયમાં દેહની સ્તુતિ જ નિશ્ચય સ્તુતિ છે. ગાથા ૩૦ માં સહજ રીતે ખ્યાલ આવે છે કે રાજા સારા હોય પરંતુ નગર સામાન્ય હોય ક્યારેક નગર ભવ્ય હોય અને રાજાના ઠેકાણા ન હોય તેથી રાજા અને નગર બંને તદ્દન જુદા જ છે.

હવે ત્રણ ગાથામાં પરમાત્માની નિશ્ચય સ્તુતિનું સ્વરૂપ સમજાવે છે. ખરેખર તો ગાથાઓમાં જ્ઞેય-જ્ઞાયક અને ભાવ્ય-ભાવક એમ બે પ્રકારના સંકરદોષને છોડાવવાની વાત છે. જો ગાથાના મથાળામાં તીર્થંકરની નિશ્ચય સ્તુતિ એમ લખ્યું ન હોત તો આ ગાથાઓ અજ્ઞાનીની દલીલના અનુસંધાનમાં છે તેનો કદાચ ખ્યાલ ન આવત આ ગાથામાં ૩૧ મી ગાથાએ જ્ઞે.જ્ઞા. સંબંધ અને સંકર દોષ વચ્ચેના તફાવતને દર્શાવવા માટે છે. અન્ય બે ગાથાઓમાં ભાવ્ય ભાવક સંકટ દોષ વચ્ચેના તફાવતને દર્શાવવા માટે છે. અન્ય બે ગાથાઓમાં ભાવ્ય ભાવક સંકટદોષનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.

ગાથા ૩૧ :- સર્વપ્રથમ આપણે જ્ઞે.જ્ઞા. સંબંધનું સ્વરૂપ લક્ષમાં લઈએ. પ્રવચન શાસ્ત્ર ગાથા ૨૯ માં એ સારી રીતે દર્શાવ્યું છે. ''જ્ઞેયે પ્રવિષ્ટ ન, અણપ્રવિષ્ટ ન જાણતો જગ સર્વને'' જ્ઞાન એટલે આત્મા અને જ્ઞેયમાં પરદ્રવ્ય. જીવ પરદ્રવ્યને કઈ રીતે જાણે છે તે સમજાવે છે. સર્વપ્રથમ જ્ઞેયે પ્રવિષ્ટન - અર્થાત્ આત્મા પરજ્ઞેયને જાણવા માટે પરદ્રવ્યમાં જતો નથી. તે સ્વમાં જ સ્વભાવ રૂપ રહે છે. અર્થાત્ પોતાનો સ્વભાવ, પોતાનું પરિણમન અને પોતાનું સ્વક્ષેત્ર અર્થાત્ જીવ પોતામાં પોતાના ષટકારક અનુસાર પરિણમન કરે છે. એ જ રીતે પરદ્રવ્ય પણ સ્વતંત્ર પુદ્ગલ દ્રવ્યરૂપે પોતાના સ્વક્ષેત્રમાં પોતાના સ્વભાવરૂપે પરિણમે છે. આ રીતે જીવ અને પુદ્ગલ પોત પોતાના સ્વભાવ રૂપે પરિણમે છે. બંને પોત પોતાના સ્વક્ષેત્રમાં જ છે. હવે જીવમાં જ્ઞાન સ્વભાવ છે તેથી તે જ્ઞપ્તિ ક્રિયા કરે છે. અન્ય

પદાર્થોમાં પ્રમેયત્વ નામનો સામાન્ય ગુણ છે. તે ગુણ પાસે તે દ્રવ્યની સંપૂર્ણ માહિતી છે. જે જ્ઞાન તે માહિતી મેળવવા માગે તે તેને માંગણી અનુસાર માહિતી આપવામાં આવે છે. આ પ્રકારનો સંબંધ છે. જીવ પુદ્દગલનું સ્વરૂપ જાણવા માગે ત્યારે પુદ્દગલ પોતાનું સ્વરૂપ દર્શાવે છે. સમયસાર શાસ્ત્રમાં ૪૭ શક્તિમાં આ વિષય પરિણમ્ય પરિણમાત્મક શક્તિ શક્તિરૂપે લેવામાં આવ્યો છે. આ સંબંધ થાય ત્યારે પુદ્દગલ સંબંધી માહિતી જીવમાં આવી જાય. ત્યારે જાણે કે પુદ્દગલ રૂપ પર દ્રવ્ય ખરેખર આવી ગયું એવો આભાસ થાય છે. ખરેખર તો જીવમાં, જ્ઞાનમાં પરદ્રવ્યની માહિતી જ આવી છે. પરદ્રવ્ય કોઈ પોતાનું સ્વક્ષેત્ર છોડીને જ્ઞાનમાં અર્થાત્ જીવના ક્ષેત્રમાં આવ્યું નથી.

એ રીતે જીવ પણ પુદ્દગલની માહિતી મેળવવા પુદ્દગલના સ્વક્ષેત્રમાં ગયું નથી. જીવ પોતાના સ્વક્ષેત્રમાં રહીને જ માહિતી મેળવી લે છે. આજના જમાનામાં આપણને બધી માહિતી Online મળી રહે છે. તેથી તેનું કોઈ આશ્ચર્ય નથી. પરંતુ જુના જમાનામાં માહિતી મેળવવા માટે માહિતીકેન્દ્રમાં જવું પડતું હતું. આજની તારીખે પણ ક્યાંય ગુન્હો થયો હોય તો પોલીસ તે ક્ષેત્રમાં જઈને જ તપાસ કરે છે. ક્યારેક ગુન્હેગારને સાથે લઈ જઈને તેણે શું કર્યું હતું તે કરાવે છે. એટલું તો નહીં પરંતુ એ કેસ ચલાવનાર વકીલ પણ ક્ષેત્રમાં જઈને નિરીક્ષણ કરે છે.

આનો છેવટનો નિષ્કર્ષ એ નિકળ્યો કે જ્ઞાન જયારે પરજ્ઞેયને જાણે છે ત્યારે ખરેખર તો જીવ પરદ્રવ્યમાં જતુ નથી અને પરદ્રવ્ય જીવના ક્ષેત્રમાં ક્યારેય આવતું નથી. છતાં બે વચ્ચેના સંબંધ તરફથી વિચારતાં જાણે કે જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા હોય અરીસાના દૃષ્ટાંતે અને કેમ જાણે જ્ઞાન પરજ્ઞેયમાં પહોંચી ગયું હોય - પ્રકાશના દૃષ્ટાંતે આ રીતે જીવ પરદ્રવ્યને જાણે છે.

હવે સંકર દોષ શું છે ? - આપણું જ્ઞાન વ્યવસ્થિત થયું છે કે જીવ પરથી અત્યંત ભિન્ન રહીને પરને જાણે છે. એ પૂર્વાધ છે. તે તો સલામત છે. સંબંધ થતાં પરજ્ઞેય જ્ઞાનમાં-જીવમાં આવી ગયું એમ ભાસે છે. પરંતુ ખરેખર પરદ્રવ્ય પોતાનું ક્ષેત્ર છોડતું નથી છતાં પણ જે અજ્ઞાની છે તે પરદ્રવ્ય મને મળી ગયું - મારા રૂપ થઈ ગયું - મેં એને ભોગવ્યું એવી કલ્પના કરે છે. એ જ રીતે પ્રકાશ જેમ ચારે દિશામાં ફેલાઈ જાય છે. તેમ જ્ઞાન સર્વત્ર થાય છે. જ્ઞેયના ક્ષેત્રમાં પહોંચી જાય છે. અજ્ઞાનીની આ પ્રમાણેની માન્યતા એ સંકર દોષ છે. આ રીતે જ્ઞેયો સ્વભાવથી મારા રૂપ-સ્વરૂપે થઈ ગયા અને જ્ઞાન જ્ઞેયના ક્ષેત્રમાં પહોંચી ગયું એવી માન્યતાને જ્ઞેય જ્ઞાયક સંકર દોષ કહે છે. ખરેખર એમ બનતું નથી.

આચાર્યદેવે ટીકામાં ભાવેન્દ્રિય-દ્રવ્યેન્દ્રિય અને ઇન્દ્રિયના વિષયભૂત પદાર્થો એમ ત્રણની વાત લીધી છે. જીવ ચેતન સ્વભાવી છે. શરીર અને સંયોગો પૌદગલિક છે. ત્યાં પ્રયોગાત્મક ભેદજ્ઞાન વડે જીવને શરીર અને સંયોગોથી અત્યંત ભિન્નપણું દર્શાવ્યું છે. જીવમાં જ્ઞાન એક ગુણ છે અને ભાવેન્દ્રિયએ જ્ઞાનની પર્યાય છે. હવે આને આપણે સારી રીતે સમજવું જોઈએ. આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. સર્વજ્ઞ દશાએ સ્વાભાવિક પર્યાય છે. સંસારી છદ્મસ્થ જીવોનું જ્ઞાન વિભાવના કારણે અવરાયેલું છે અલ્પજ્ઞ છે. એક સમયે માત્ર એક વિષયને જાણે છે. અજ્ઞાની જીવે શરીરમાં હુંપણું માન્યું છે

અને શરીરને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિયને સાધન બનાવીને વિષયોને જાણે છે. હવે જે જ્ઞાન ઈન્દ્રિયને સાધન બનાવીને જાણે તે જ્ઞાનની પર્યાયને ભાવેન્દ્રિય કહે છે. જીવ જો મનને સાધન બનાવીને જાણે તો તે જ્ઞાનની પર્યાયને ભાવમન કહેવામાં આવે છે. આ રીતે ભાવેન્દ્રિયએ ક્ષયોપશમ જ્ઞાન વડે – અલ્પજ્ઞરૂપે પરિણમે છે. આત્માનો સર્વજ્ઞ સ્વભાવને લક્ષમાં રાખીને ભાવેન્દ્રિયરૂપ જ્ઞાન છે તે જીવનું સ્વાભાવિક જાણપણું (કેવળ જ્ઞાન) નથી તેથી તેને જુદી દર્શાવી છે. આચાર્યદેવે આટલી જ વાત ટીકામાં કરી છે. આ રીતે જાણવું એ જીવનો સ્વભાવ નથી. તેથી તીર્થંકર ભગવાનની સ્તુતિમાં પરમાત્માના કેવળ જ્ઞાનથી જ વાત કરવી જોઈએ. પરમાત્મદશા – ભેદથી વિચારતાં અનંત ચતુષ્ટયની પ્રગટતા તેટલું જ નિશ્ચય સ્તુતિમાં લેવામાં આવ્યું છે. આપણે વર્તમાનમાં જે રીતે જાણીએ છીએ તે કાર્ય કઈ રીતે થાય છે તેને વિસ્તારથી સમજીએ જીવના સ્વભાવમાં અનિર્દિષ્ટ સંસ્થાન છે. જીવનું ક્ષેત્ર લોક પ્રમાણ અસંખ્ય પ્રદેશી છે. પરંતુ તે સંકોચ વિસ્તાર પામી શકે છે. એ રીતે તો જીવના પ્રદેશો શરીરને વ્યાપી રહે છે. શરીરમાં સ્પર્શેન્દ્રિય દેહવ્યાપી છે. આ રીતે જીવ પુરા દેહ સાથે એક ક્ષેત્રાવગાહ સંબંધ રૂપે છે. આની વિશિષ્ટતા જીવના પ્રદેશત્વ ગુણને આભારી છે.

પુદ્‌ગલની પર્યાયનો વિચાર કરીએ ત્યારે સ્પર્શ–રસ–ગંધ અને વર્ણએ પુદ્‌ગલના અસાધારણ ગુણો છે તેની રૂપી પર્યાયો છે. તે ઉપરાંત સ્કંધમાં કયારેક ધ્વનિ–શબ્દ થાય છે. આ રીતે પુદ્‌ગલની પાંચ રૂપી પર્યાયો છે. તે દરેકને વિષય કરનાર એક દ્રવ્યેન્દ્રિય છે. ઓછામાં ઓછી એક સ્પર્શેન્દ્રિય છે જે દેહવ્યાપી છે. આ દરેક દ્રવ્યેન્દ્રિયની અંતરંગની વ્યવસ્થા એવી છે કે તે રૂપી પર્યાય સાથે મેળ વિશેષથી નાચી ઉઠે છે. દૃષ્ટાંત :– દુનિયાભરના રેડિયો સ્ટેશનનો ના અવાજ વાતાવરણમાં છે પરંતુ આપણે તે સાંભળી શકતા નથી. રેડિયોની રચના એવી છે કે તેમાં અનેક પ્રકારની (Frequency) ફ્રીકવન્સી છે. તે જે જે એટલે જે તે રેડિયો સ્ટેશનના પ્રોગ્રામ આપણે સાંભળી શકીએ એરપોર્ટ કે સ્ટેશને જઈએ ત્યારે ત્યાં ઈલ્યુમીનેટેડ બોર્ડ ઉપર પ્લેન કે ટ્રેનના આવવા જવાના સમાચાર આપતા જ રહે છે. જે તેના તરફ નજર નાખે તેને જાણવા મળે છે. આ રીતે શરીરને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિયો માહિતીથી ભરપૂર છે. જીવ જે જાણવા માગે તે ઈન્દ્રિયની મારફત જાણી શકે છે. આ રીતે શરીરના ક્ષેત્રમાં જીવ છે અને ઈન્દ્રિય પ્રત્યક્ષ વિષયની માહિતી છે. આ રીતે ત્રણ અલગ પદાર્થો અલગ રહીને સંબંધમાં લક્ષગત થાય છે. ત્રણમાંથી કોઈ અન્ય રૂપ થતું નથી. તેથી ખીચડો સંકર દોષ થતો નથી.

ગાથા ૩૨ :– ભાવ્ય–ભાવકએ શબ્દ પ્રયોગ ભોગવટાના ભાવ સાથે સંકળાયેલ છે. જે ભોગવવાનો ભાવ કરે તે ભાવક છે. ભોગની સામગ્રીને ભોગ્ય ગણવામાં આવે છે. વિશ્વના બધા પદાર્થો ષટકારક અનુસાર પરિણમી રહ્યા છે ત્યાં દ્રવ્ય અને પર્યાયની એક સત્તા હોવા છતાં તેની યોગ્ય સમજણ માટે દ્રવ્ય વ્યાપક અને પર્યાય એનું વ્યાપ્ય એ રીતે સમજાવવામાં આવે છે. આ પ્રકારની વ્યાપ્ય–વ્યાપક, કર્તા–કર્મ અને ભોક્તા ભોગ્ય સંબંધો એક જ પદાર્થમાં લેવામાં આવે છે. ષટકારકની પ્રક્રિયા અનુસાર જે પર્યાયો ક્રમપૂર્વક પ્રગટ થાય છે તે બધી સહેતુક છે અર્થાત્ તેનું પ્રયોજન છે. દૃષ્ટાંત :– સોની દાગીના બનાવે છે તે પહેરવા માટે છે. પહેરીને આનંદનો અનુભવ કરવા માટે છે.

સિદ્ધાંતમાં આ બધું એક જ સ્વરૂપ અસ્તિત્વ સત્તામાં લાગુ પડે છે. બે પદાર્થો વચ્ચે આવા સંબંધો અશક્ય છે. કર્તાપણાની વાત હો કે ભોક્તાપણાની સિદ્ધાંત એક સમાન જ છે. પરંતુ ભોક્તાપણામાં સુખની વાત આવે છે. અને તે માત્ર જીવને જ લાગુ પડે છે. જીવ એક જ ભોગવનાર છે. જીવ શું ભોગવે છે એમ પૂછવામાં આવે ત્યારે જીવો ભોગ-ઉપભોગની સામગ્રીને ભોગવે છે એવો સહજ જવાબ મળે અજ્ઞાની જીવને વિશ્વમાં જે કંઇ છે તે બધું જીવ માટે ઉપભોગની સામગ્રી છે એવો અભિપ્રાય છે. આવી માન્યતા અનુસાર ચારિત્ર ગુણની પર્યાય દ્વારા તે ભોગવવાની ક્રિયા કરે છે. એક સમયે એકનો ભોગવટો કરવાથી ગૃદ્ધિભાવને પોષણ મળે છે. આ રીતે અજ્ઞાની જીવ ચારગતિમાં જે શરીર મળે તેને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિયોને સાધન બનાવીને બાહ્ય વિષયોને મેળવવા અને ભોગવવાના ભાવ તથા પ્રવૃત્તિ કરે છે. આ અજ્ઞાનીનું જીવન છે.

જીવ જુદો છે અને વિષયો તદ્દન ભિન્ન છે. તેથી સિદ્ધાંતિક રીતે બે વચ્ચે ભોક્તા ભોગ્ય સંબંધ શક્ય જ નથી. તેથી અજ્ઞાનીની માન્યતા અને તે અનુસાર આચરણને ભાવ્ય ભાવક સંકર દોષ કહેવામાં આવે છે. જીવને અઘાતિ કર્મોદય અનુસાર શરીર અને સંયોગો પ્રાપ્ત થાય છે તેથી ભાવ્ય ભાવક સંકર દોષ આ રીતે સારી રીતે સમજી શકાય છે.

આ જ રીતે મોહનીય કર્મોદય અનુસાર આ મોહ-રાગ-દ્વેષ રૂપ વિભાવ ભાવો કરે છે. તેથી એ પણ એક પ્રકારનો સંકર દોષ જ છે. આ ભાવ્ય ભાવક સંકર દોષને દૂર કરવા માટે જ્ઞાયક સ્વભાવનો આશ્રય અને એને આશ્રયે પ્રગટ થયેલી શુદ્ધ પર્યાય-જ્ઞાતાધારા એ જ એકમાત્ર ઉપાય છે. શુદ્ધોપયોગ રૂપ જ્ઞાતા ધારામાં-શુદ્ધોપયોગમાં મોહ-રાગ-દ્વેષને મૂળમાંથી દૂર કરવાનું સામર્થ્ય છે અને એ એક જ ઉપાય છે. તેથી ટીકામાં આવે છે કે મોહનીય કર્મ તો ફળ દેવાના સામર્થ્યથી ઉદયમાં આવે છે. પરંતુ જીવ દૂરથી જ તેનો અનાદર કરીને ભાવ્યરૂપે પરિણમતો નથી. આ રીતે અહીં મોહનીય કર્મોદયને ભાવક અને એ અનુસાર વિભાવરૂપ જીવની પર્યાયને ભાવ્ય ગણવામાં આવી છે. ઘાતિકર્મને અઘાતિ કર્મને કોઇપણ દ્રવ્યકર્મોદયને ભાવક ગણવાથી ભોક્તાભાવ સારી રીતે સમજી શકાતો નથી. જેને આ રીતે 'ભાવ્ય' ગણવામાં આવે છે એવી જીવની સંસારી પર્યાય એ જ પરમાર્થે ભોક્તા ભાવ છે. બાહ્ય સંયોગરૂપ સામગ્રી ભોગ્ય છે અને તેના ફળમાં જીવને ઇન્દ્રિય સુખ દુઃખની પ્રગટતા થાય છે. આ પ્રકારનો સંકર દોષ બે પદાર્થો વચ્ચે જ શક્ય છે. બે પદાર્થો અત્યંત ભિન્ન જ હોવાથી ભાવ્ય ભાવક સંકર દોષ પણ વાસ્તવિક નથી.

લક્ષમાં રહે કે જ્ઞે.જ્ઞા. સંબંધ વાસ્તવિક છે. ભાવ્ય ભાવક સંબંધ અશક્ય જ છે. કારણ કે બે પદાર્થો અત્યંત ભિન્ન છે. જ્ઞાન પરથી જુદું રહીને પરને જાણી શકે છે. પરંતુ જીવ પરથી જુદો રહીને પરને ભોગવી શકતો નથી. સ્વભાવના આશ્રયે જે મોહને જીતી લે છે. તેને જિતમોહ જિન કહે છે. ત્યાં માત્ર મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો અભાવ સમજવો જ્યારે મોહ-રાગ-દ્વેષનો સર્વથા અભાવ થઇને પરમાત્મ દશા પ્રગટ થાય છે ત્યારે તે જીવ ક્ષીણ મોહ એવું નામ પામે છે જેણે ઇન્દ્રિયોને જીતી છે તે જિતેન્દ્રિય જિન છે. જીવ આ રીતે જ્યારે સમ્યગ્દ્રષ્ટિ થાય છે

ત્યારે તેને જિતેન્દ્રિય અને જિતમોહ જિન એવા બે નામ વડે ઓળખી શકાય છે. પરમાત્મ દશા ક્ષીણ મોહ રૂપ છે.

ગાથા ૩૪-૩૫ : જેમાં મમત્વ છે તેમાં ગ્રહણનો ભાવ છે જેને પર જાણે છે તેના ત્યાગનો ભાવ હોય છે. આપણા લૌકિક જીવનમાં પણ એ પ્રમાણે જોવા મળે છે. આ ગાથાઓમાં બાહ્યત્યાગનું મહત્વ નથી દર્શાવવું. આ ચીજ મારીનથી એ રીતે યથાર્થ જ્ઞાન છે તેને જ ત્યાગ રૂપે સમજાવે છે. જ્ઞાન પ્રત્યાખ્યાન છે. તેનું મહત્વ સમજાવ્યા બાદ જે ખરેખર અહિતનું કારણ છે. તે તો પોતાનો વિભાવ ભાવ છે. આ રીતે પ્રયોગાત્મક ભેદજ્ઞાન એક પક્ષે નિરપેક્ષ શુદ્ધ જ્ઞાયક સ્વભાવ અને પ્રતિપક્ષમાં પોતાની વિભાવ પર્યાય છે. જ્ઞાની પોતાને વિભાવ પર્યાયથી છોડાવે છે. વિભાવ પર્યાયનો અભાવ થાય ત્યારે સહજ છે કે દ્રવ્ય પર્યાય વિનાનું ક્યારેય હોય નહીં. તેથી શુદ્ધ પર્યાયની પ્રગટતા અવશ્ય હોય છે. અસ્તિથી વિચારતા જે જીવ પોતાના જ્ઞાયક સ્વભાવનો આશ્રય લે છે. તે શુદ્ધ પર્યાયની પ્રગટતા કરે છે અને તે શુદ્ધોપયોગ મોહ રાગાદિનો મૂળમાંથી અભાવ કરીને જ પ્રગટે છે. આ રીતે અસ્તિ અને નાસ્તિ બંને રીતે વિચારતા છેવટ એક જ સ્થિતિ લક્ષગત થાય છે.

પરદ્રવ્યના ત્યાગનું સ્થાન શું છે ? અને મહત્વ શું છે ? એવા પ્રશ્નના જવાબ રૂપે એક વાત એમ પણ આવે છે કે સિદ્ધાંત રૂપે વિચારતા પરદ્રવ્યનું ગ્રહણ થયું જ નથી. તેથી તેમાં ત્યાગનો પ્રશ્ન રહેતો નથી. પરમાર્થે અજ્ઞાનીએ અભિપ્રાયમાં પરનું ગ્રહણ કર્યું હતું તેથી હવે તેને અભિપ્રાયમાં ત્યાગનો ભાવ આવે. અજ્ઞાનદશામાં વિપરીત માન્યતા અનુસાર મિથ્યાચારિત્ર હતું. તે હવે સમ્યગ્દ્રષ્ટિએ અભિપ્રાયમાં અને અનુભવમાં પોતાના આત્માને સર્વાંગે ગ્રહણ કર્યો છે અને તેના ફળ સ્વરૂપે અતીન્દ્રિય સુખનો અનુભવ કર્યો છે. તેની સાથોસાથ તેને એવો પણ વિશ્વાસ છે કે વિભાવનો ભાવ ખરેખર આકુળતારૂપ જ હતો. તેથી તે અતીન્દ્રિય સુખનો આ સ્વાદ લઈને વિભાવને છોડે છે. સમસ્ત વિભાવના ત્યાગ વડે બાહ્ય વિષયોનો ત્યાગ સહજ જ થઈ જાય છે. આચાર્યદેવ ટીકામાં તે ત્યાગનો, પરદ્રવ્યના ત્યાગને નામ માત્ર કહે છે.

ગાથા ૩૫ માં ધોબીને ઘરેથી આવેલ વસ્ત્રના દ્રષ્ટાંતે એ વાત સ્પષ્ટ સમજાય છે કે જ્ઞાનમાં ત્યાગ તે જ ત્યાગ છે. પછી જેમાંથી મમત્વ છૂટી ગયું તે વસ્તુ પોતાની પાસે થોડો સમય રહે તો પણ તે ત્યાગ સમાન જ છે એ સ્પષ્ટ થાય છે. આ પ્રમાણે જે જીવ પ્રયોગાત્મક ભેદજ્ઞાન વડે પોતાના આત્માને વિભાવથી જુદો પાડીને સ્વાનુભૂતિ કરે છે. તે પરમાર્થે બાહ્ય સમસ્ત વિશ્વથી અલગ થઈ ગયો છે. જીવ જ્યારે પોતાના આત્માને અરૂપી જ્ઞાયક રૂપે અનુભવમાં લે છે. ત્યારથી જે અજ્ઞાનમય જીવન હતું તે વિખરાવા લાગે છે. મિથ્યાત્વનો અભાવ કરીને સમ્યગ્દર્શનની પ્રગટતા એનું મહત્વ જિનાગમમાં છે. શરીરમાંથી હુંપણું છોડીને પોતાના જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપવામાં આવે છે. એ રીતે જે શરૂઆત થઈ તે ક્રમશઃ આગળ વધીને છેવટ વીતરાગ દશાની પ્રાપ્તિ થાય છે. આ વાત ગાથા ૩૬ માં લેવામાં આવી છે. દર્શન મોહનીય કર્મ ફળ દેવાના સામર્થ્યથી ઉદયમાં આવે છે. પરંતુ જીવ પોતાના જ્ઞાયક સ્વભાવના આશ્રયે શુદ્ધતા રૂપે પરિણમી ગયા છે. તેથી તે ભાવ્ય એવી મોહ-રાગ-દ્વેષ વિભાવ પર્યાય રૂપે પરિણમતો નથી. ખરેખર તો વિભાવભાવ

જે દુ:ખ રૂપે અનુભવમાં આવતા હતા તે બધા વિભાવ ભાવો જ્ઞાયક સ્વભાવના આશ્રયે જ દૂર થાય છે એવી સમજણ જેણે ગુરુગમે દૃઢ કરી છે તે હવે જ્ઞાયકના આશ્રયે શુદ્ધ પર્યાયની પ્રગટતા કરે છે. તેથી જે મોહનીય કર્મની સ્થિતિ પૂરી થાય છે. તે છૂટું પડી જ જાય છે. અનાદિકાળથી આવા સમયે જીવ ઔદયિકભાવ રૂપે પરિણામતો હતો તેથી જે ક્રમે છૂટું પડે છે તે ફળ દેવાના સામર્થ્યથી ઉદયમાં આવ્યું એમ કહેવામાં આવતું હતું. અજ્ઞાની જીવ અનાદિથી વિભાવરૂપે પરિણમતો હતો તેથી જે કર્મની સ્થિતિપૂર્ણ થતાં છૂટું પડેછે. તેને કર્મ ઉદયમાં આવ્યું એમ કથન થતું હતું. ખરેખર તો જીવ જે પ્રમાણે પોતાના ઉપાદાન અનુસાર પરિણમે છે. તે અનુસાર કર્મની નિમિત્તરૂપે વાત થાય છે. તેથી જીવ જયારે શુદ્ધતા રૂપે પરિણમે છે. ત્યારે ઉપશામાદિ રૂપે છૂટું પડયું એમ કહેવામાં આવે છે. જે આ રીતે સ્વાનુભૂતિ કરે છે તે રૂપે સદાય સમ્યદૃષ્ટિરૂપે જીવન જીવવાનો છે. તેથી તે કહે છે કે આ મોહ માટે કોઈ લાગતો વળગતો નથી.

ગાથા ૩૭ :- જ્ઞાન જ્યાં સુધી શરીર તે હું છું એ પ્રમાણે પરિણમન કરતું હતું ત્યાં સુધી તે પોતાના જ્ઞાયક સ્વભાવને સાચા અર્થમાં જાણતું ન હતું. અજ્ઞાનીએ પરમાં જ હુંપણું કર્યું હતું ત્યાં સુધી તેને સમસ્ત પરદ્રવ્યો પોતા રૂપ જ અનુભવાતા હતા. અજ્ઞાનીની દુનિયા પુદ્ગલમય જ હતી. એ જીવ જયારે અરૂપીજ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપે છે ત્યારે તેનું જ્ઞાન હવે સાચી રીતે સ્વ પર પ્રકાશક થાય છે. ત્યારે તેને પૌદગલિક વિશ્વ છે. તે આખો ભાગ પરરૂપે લક્ષમાં આવે છે. એ જીવ એક એકને છોડતો જાય છે. એવું કાર્ય નાસ્તિપણે થાય છે. એણે બીજા જીવોને પણ એના દેહ દ્વારા જ જાણ્યા હતા તેથી હવે તેને અન્ય જીવો પણ પર રૂપે જ લક્ષગત થાય છે. એક વિશિષ્ટતા એ હવે અન્ય જ્ઞાનીઓને માત્ર દેહ દ્વારા ન જાણતા તેમના પ્રગટ જ્ઞાન દ્વારા જાણે છે તેથી તેના જ્ઞાનમાં સાધર્મીઓ જુદા તરી આવે છે. એ જીવો પણ પરમાર્થે ભિન્ન જ છે. પરંતુ હવે તેની સાથે રાગ કરતા જ્ઞાન દ્વારા બંધાયેલો સંબંધ અગ્રતા પામે છે. અન્ય ચાર દ્રવ્યો તો પોતાના જ્ઞાનનો વિષય થયા જ નથી.

જીવમાં અન્ય દ્રવ્યો સાથેનો સંબંધ જ્ઞાન વડે જ શક્ય છે. અજ્ઞાની જીવો રાગ મિશ્રિત જ્ઞાન વડે વિશ્વના પદાર્થોને જાણતા હતા. તેથી અન્ય દ્રવ્યોમાં દ્વૈત ભાસતું હતું. હવે જ્ઞાની નિર્મળ જ્ઞાન વડે જ જાણે છે તેથી તે બધા પરદ્રવ્યોરૂપે લક્ષગત થાય છે. અજ્ઞાન દશામાં વિભાવ ભાવ તેનો ભાવ ભજવતા હતા ત્યાં સુધી તે પરમાં પણ સારા-નરસાનો ભેદ પડતો હતો.

ગાથા ૩૮ :-પૂર્વરંગની આ છેલ્લી ગાથા છે. બધું વિસ્તારથી આવી ગયું છે. તેથી આ ગાથામાં જે મૂળ શબ્દો છે તેનો ભાવ સંક્ષેપમાં લખીને અમૃતચંદ્રાચાર્ય દેવ સંતોષ માને છે. સમ્યગ્દષ્ટિ જીવ આખો ચૈતન્યમય થઈ ગયો છે. એમાં તે તન્મય છે. સ્વાનુભૂતિનો વિષય આખી સ્વરૂપ અસ્તિત્વ રૂપ સત્તા છે. તે સ્વયં અનેકાંત સ્વરૂપ છે પરંતુ તે સત્તા એકત્વરૂપ એક છે. આ એકપણું પરમાર્થે વિચારતા સ્વથી એકત્વ રૂપ અને પરથી વિભક્ત રૂપ છે. જ્ઞાની પોતાને એક રૂપે અનુભવે છે.

જીવના પરિણામનો - અનાદિથી અનંતકાળ સુધીના અસ્ખલિત પ્રવાહને લક્ષમાં લેવામાં આવે ત્યારે સાદશ્ય અસ્તિત્વના સભ્ય તરીકે પોતે જ્ઞાન વડે જ વિશ્વ વ્યાપી સંબંધમાં રહેલ છે. તે નિર્દોષ સંબંધ છે અને તે પરમાત્મ દશા છે. પરંતુ ત્યાર પહેલા અનાદિનો વિચાર કરતા તે દ્રવ્ય કર્મ અને શરીર સાથે સંયોગ સિદ્ધ સંબંધમાં રહેલો છે. અસમાનજાતિયદ્રવ્ય પર્યાય રૂપે રહેલ છે. તેથી તો નવતત્વની પરિવારીમાં જીવ અને અજીવ બેને પરિણમતા દ્રવ્ય રૂપે જ સાથે રાખ્યા છે. પદાર્થ પરિણામ વિનાનો કયારેય છે જ નહીં તેથી આચાર્યદેવે સમજાવવા માટે શુદ્ધ જીવ અને શુદ્ધ પુદ્ગલ પરમાણુને અલગ રાખીને શરૂઆત નથી કરી. પરંતુ તેને નવતત્વમાં છુપાયેલી આત્મ જયોતિરૂપે સ્થાન આપ્યું છે. જીવને જયારે પરિણમતા જીવ રૂપે લક્ષમાં લેવામાં આવે છે ત્યારે પરમાર્થે તો જીવ જ્ઞાન વડે જ સંબંધમાં આવે છે. પરંતુ જીવ-પુદ્ગલની અસમાનજાતિયદ્રવ્ય પર્યાયના કારણે એ જીવ મોહ-રાગ-દ્વેષ થઈને પરને જાણે છે. તેથી પરિણમતા દ્રવ્યની સાત પર્યાયની વાત આવે ત્યારે પુણ્ય-પાપ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ આરીતે પરિણમતા જીવને બહિરાત્મા અંતરાત્મા અને પરમાત્મા આ રીતે ઓળખાવવામાં આવે છે. જેણે પોતાના જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપ્યું છે તેનો દષ્ટિનો વિષય શુદ્ધાત્મા છે જે ગુણ અનેપર્યાયના ભેદોથી અતદ્ભાવ રૂપે જુદો છે. આ પર્યાયો બધી સાપેક્ષ છે તેથી અશુદ્ધ છે. પોતે તેનાથી જુદો છે માટે શુદ્ધ છે. આ રીતે જ્ઞાની પોતાને શુદ્ધ રૂપે અનુભવે છે એ શુદ્ધ સ્વભાવ તેનો અનુભવ કરનારી પર્યાય પણ શુદ્ધ જ છે તેથી સ્વાનુભૂતિ શુદ્ધ છે.

જીવના સ્વભાવનો વિચાર કરવામાં આવે ત્યારે દર્શન સામાન્ય જ્ઞાનને સ્વભાવ રૂપે લક્ષમાં લેવામાં આવે છે. વિભાવ વડે જે સ્વભાવ આચ્છાદિત હતો તે સમ્યગ્દર્શનની પ્રગટતા થતાં તેમાં અસલ દર્શન જ્ઞાન સ્વભાવ લક્ષગત થાય છે. જે જીવ અજ્ઞાન દશામાં પોતાને દેહ રૂપ અને રાગી રૂપે અનુભવમાં આવતો હતો. તે હવે દર્શન જ્ઞાન સ્વભાવ રૂપે લક્ષમાં અનુભવમાં આવે છે.

પુદ્ગલથી તો જીવ સ્વભાવથી જ જુદો છે. પુદ્ગલરૂપી છે જીવ અરૂપી છે. રૂપી પદાર્થને જાણતા જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર રૂપે લક્ષમાં આવતી હતી તે હવે સ્વાનુભૂતિને કારણે સર્વાંગ અરૂપી તરીકે અનુભવમાં આવે છે. પરને જાણતા જ્ઞાનની પર્યાય રૂપી થઇ ન હતી. માત્ર રૂપી છે એવો પ્રતિભાસ થતો હતો. આ રીતે જીવ તો અનાદિથી અરૂપી જ છે. પ્રજ્ઞા વડે સર્વ પરદ્રવ્યો પોતાથી અત્યંત ભિન્ન ભાસે છે તેનો સહજપણે ત્યાગનો ભાવ જ આવે છે. તેથી હવે જ્ઞાનીને પરમાં મમત્વનો અંશ પણ રહેતો નથી. એક અપેક્ષાએ જ્ઞાની પોતાની સાધક રૂપ મિશ્ર દશાનો પણ જાણનાર જ છે કર્તા નથી. જ્ઞાનીએ વિભાવભાવને મૂળમાંથી નાશ કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. તે અલ્પકાળમાં પૂર્ણ થશે અને જીવ પરમાત્મદશા રૂપે શાશ્વત રીતે સ્થિર રહેશે. આ રીતે પૂર્વરંગ સમાપ્ત થયો.

# જીવ - અજીવ - અધિકાર

પ્રવચનસાર – જ્ઞેય તત્વ પ્રજ્ઞાપનની પહેલી ગાથા નં. ૯૩માં એક પદાર્થમાં દ્રવ્ય ગુણ અને પર્યાય વચ્ચેના તાદાત્મ્ય સિદ્ધ સંબંધ દ્વારા પદાર્થની સ્વરૂપ અસ્તિત્વ સત્તા દર્શાવી. દ્રવ્યને દ્રવ્યની પર્યાય અને ગુણોને પર્યાયો હોય છે. એ રીતે દ્રવ્ય અને ગુણોનું નિત્યપણું, નિત્ય સ્વભાવ અને તેને અનુરૂપ પરિણામો એ બધાનું એકરૂપપણું દર્શાવ્યું. એક પદાર્થની એક સમયની એક પર્યાયમાં દ્રવ્યની પર્યાય ઉપરાંત અનંત ગુણોની પર્યાયોનો પણ સમાવેશ થાય છે આ રીતે સમજવાથી જ્ઞાનમાં પદાર્થનું એક સ્વરૂપ એક સ્વભાવ ઊઠતો આવે છે.

ત્યારબાદ તુરંત જ વાસ્તવિક વિશ્વનું સ્વરૂપ પણ દર્શાવ્યું તેમાં બે પ્રકારની દ્રવ્ય પર્યાયને સંયોગી પર્યાયને સમાનજાતિયદ્રવ્યપર્યાય અને અસમાનજાતિયદ્રવ્યપર્યાયનું સ્વરૂપ તદન સંક્ષેપમાં માત્ર ના ૪૩ પેઈજમાં વર્ણવ્યું. ત્યાં અસમાનજાતિયદ્રવ્યપર્યાયમાં જીવ અને અજીવ વચ્ચે કેમ જાણે તે એકદ્રવ્ય હોય એવા સંબંધની વાત કરી. જીવ અને અજીવ બંને તદન ભિન્ન પદાર્થો છે તે કોઈ રીતે એકપણું પામી શકે તેવી શક્યતા જ નથી. પરંતુ પરમાણુ દ્વારા જે રીતે સ્કંધની રચના થાય છે. પરમાણુ અને સ્કંધ બંને તે પુદ્ગલ દ્રવ્યમાં સ્થાન મળે છે. પરમાણુને તેનો સ્વભાવ અને તેનું કાર્ય છે તેમ સ્કંધને તેનો સ્વભાવ અને તે પ્રમાણેનું કાર્ય છે. પરમાણુ જે સ્કંધોમાં જોડાય અને જેટલો સમય તે રૂપે રહે તેટલો સમય તેનું પરિણમન તે સ્કંધ અનુસાર હોય છે. વિસ્તારથી સમજીએ તો પરમાણુમાં સ્પર્શ ગુણની આઠ પ્રકારની પર્યાયો થઈ શકે છે. પરંતુ જો તે ઉષ્ણ એવા અગ્નિ રૂપે પરિણામે તો માત્ર ઉષ્ણ પર્યાય જ પ્રગટ કરી શકે છે. જ્યારે તે સ્કંધમાંથી છૂટી પડવા માગે ત્યારે સ્વયં છૂટી જાય છે અને ફરી આઠ પ્રકારની પર્યાયો કરી શકે છે. સ્કંધની રચનામાં સ્પર્શ ગુણની ચિકાશ અને લૂખાશ જ ભાવ ભજવે છે અન્ય કોઈ નહીં.

હવે જીવ અને પુદ્ગલના અસમાનજાતિયદ્રવ્યપર્યાયનો વિચાર કરીએ ત્યારે જીવના ભાગે મોહ–રાગ–દ્વેષ રૂપ વિભાવ પર્યાય જ ચિકાશનું કામ કરે છે અર્થાત્ જીવને જો અજીવ સાથે અસમાનજાતિયદ્રવ્યપર્યાય રૂપે એકત્વ–સંયોગી એકત્વ સાધવું હોય તો તે વિભાવ મારફત જ શક્ય છે. લૌકિક જીવનમાં આપણે શરીર મારફત સંયોગો સાથેના સંબંધોને જ લક્ષમાં લઈએ છીએ. જીવ શરીર અને સંયોગો ઉપરાંત અઘાતિકર્મોને પણ સાથે લેવા જરૂરી છે. કારણકે અઘાતિ કર્મોદય અનુસાર જ જીવને શરીર અને બાહ્ય વિષયો સંયોગ રૂપે પ્રાપ્ત થાય છે. આપણે આટલા સંબંધોમાં જ અનાદિથી આપણો જીવન વ્યવહાર ચલાવીએ છીએ. પરંતુ જેમ સ્કંધમાં સ્પર્શ ગુણની એક પર્યાયની જ મુખ્યતા છે એમ અસમાનજાતિયદ્રવ્યપર્યાયમાં મોહનીય કર્મની મુખ્યતા છે. આ રીતે જીવ અને અજીવના સંબંધમાં દ્રવ્યકર્મ, શરીર અને સંયોગો બધા એકીસાથે સદાય જોડાયેલા છે.

સંયોગી એકત્વમાં હુંપણું ક્યાં સ્થાપવું તેની પ્રાથમિકતા છે. તેના દાવેદાર જીવ અને શરીર છે અજ્ઞાની જીવ આ અવઢવમાંથી બહાર જ આવી શકતો નથી. અજ્ઞાની જીવે પોતાના સ્વભાવને છોડીને પુદ્ગલની જમાતમાં જ

મારાપણું અને હિતબુદ્ધિ રાખી છે, અલબત્ત વ્હાલા-દવલારૂપના પરિણામ તો ચાલ્યા કરે છે. દૃષ્ટાંત તમે સ્વજનને વિદાય આપવા એરપોર્ટ જાવ છો. સ્વજન પ્લેનમાં બેસે છે તે ચાલુ થઈને રન-વે પર જાય છે. રન-વે ઉપર સ્પીડમાં દોડીને ટેઈક ઓફ કરે છે અને આકાશમાં દૂર ચાલ્યું જાય છે. દરેક સમયે તેનું જ્ઞાન જ કરો છો. આ રીતે તમારે ભાગે તો તેનું જ્ઞાન જ છે. સિદ્ધાંતમાં બધા પુદ્ગલ સ્કંધો એ રીતે સ્વતંત્રપણે પરિણમી રહ્યા છે. અંતરંગમાં ફેરફાર કરતા રહે છે. તે પુદ્ગલના નાચ છે. જીવને ભાગે તો તેનું જ્ઞાન જ છે પરમાત્મા આ રીતે પ્રેષકરૂપે વિશ્વના ત્રણકાળનાં નાટકને જોયા કરે છે. પરંતુ અજ્ઞાની તે જ પુદ્ગલના નાચનો જ્ઞાતા દૃષ્ટા જ હોવા છતાં એટલે થી તેને સંતોષ નથી. તે પણ તેની સાથે નાચવા માગે, નાચવા લાગે છે. અજ્ઞાનીનો આ નાચ મોહ-રાગ-દ્વેષરૂપનો છે, આ સિવાય જીવ બીજું કોઈ કરી શકે તેમ નથી. જીવમાં સ્પર્શાદિ ગુણો નથી તેથી તેમ બનવું અશક્ય છે. જીવના પુદ્ગલ સાથેમાં આ પ્રકારના વિભાવ ભાવોને ગાથા ૫૦ થી ૫૫ માં ૨૯ બોલ દ્વારા સમજાવ્યા છે. તે બધા પુદ્ગલ સાથેના સંબંધવાળા હોવાથી તેને પણ પૌદગલિક ગણવામાં આવ્યા છે. તેવા પરિણામ સ્વભાવથી વિરુદ્ધ જાતના છે. ચાર ગતિ પરિભ્રમણના કારણ છે માટે હેય છે. તે હેય થઈ શકે છે અને તેને હેય કઈ રીતે કરવા તે માટે જીવ અને પુદ્ગલના અત્યંત ભિન્નપણાને સ્પષ્ટ રીતે સમજાવવા માટે ગાથા ૪૯ માં સારી એવી સ્પષ્ટતા કરવામાં આવી છે. ખરેખર તો આ રીતે જીવની સ્વતંત્રતાની સ્થાપના કર્યા પછી જ ૨૯ બોલ લીધા છે. જેથી તેનું અત્યંત ભિન્નપણું દૃઢ થાય.

નાટક સમયસારમાં જીવ અને અજીવ બે રૂપે નહીં પરંતુ એક વ્યક્તિ જ્ઞેય એ રીતે સ્ટેઈજ ઉપર હાજર થયા હતા તે હવે બંને જુદા પડીને જુદા રૂપે નેપથ્યમાં ચાલ્યા ગયા.

નવ તત્વના નિરૂપણમાં જીવ અને અજીવ બંને દ્રવ્ય રૂપ દર્શાવીને તે બે વચ્ચેના સંબંધોનું સ્વરૂપ સમજાવવા માગે છે. આ વાતને બંધારણ અપેક્ષાએ વિચારીએ તો અસમાનજાતિયદ્રવ્યપર્યાયનું સામાન્ય સ્વરૂપ આચાર્યદેવ સમજાવે છે. જીવે હુંપણું કયાં સ્થાપ્યું છે તેનાથી શરૂઆત કરવી યોગ્ય રહે છે. સ્થૂળદૃષ્ટિથી વિચારણા ખ્યાલ આવે છે કે જીવે શરીરમાં 'હુંપણું' સ્થાપ્યું છે અને તે અનુસાર તે જીવન જીવે છે. એકલા શરીરમાં હુંપણું નથી. જીવ અને શરીરના એકપણામાં હુંપણું સ્થાપ્યું છે. આ કથન વિશેષ યોગ્ય લાગે છે. તેને એકલા જીવના સ્વરૂપનો ખ્યાલ જ નથી તે પણ નક્કર વાસ્તવિકતા છે.

જીવનું હુંપણું કયાં છે તેની વાત આચાર્યદેવ ગાથા ૩૯ થી ૪૩ માં કરે છે. વાંચતા આપણે વિચારમાં પડી જઈએ છીએ. આપણી માન્યતાની વિરુદ્ધ આચાર્યદેવ દર્શાવવા માગે છે કે અજ્ઞાનીએ મૂળમાં જીવ અને દ્રવ્યકર્મમાં એકત્વપણું રાખ્યું છે. જીવ અને કર્મના એકપણામાં હુંપણું રાખીને અજ્ઞાની જે રીતના પરિણામ કરે છે. તેને આચાર્યદેવ શાસ્ત્રમાં આગળ-સાત પ્રકારના પર્યાયો દ્વારા સમજાવે છે. તે બધા પરિણામ જીવ અને કર્મોના સંબંધરૂપ જ છે. તે પરિણામનું વર્ણન જીવ અને શરીરના એકપણાને લાગુ પડતું નથી. આચાર્યદેવ અધ્યવસાનને જીવ કહે છે. મિથ્યાત્વપૂર્વકના જીવના પરિણામને અધ્યવસાન કહે છે. પરિણામ દ્વારા જ દ્રવ્યની ઓળખાણ થાય છે તેથી પરિણામને જ જીવ કહ્યો છે. મોહ-રાગ-દ્વેષરૂપના જીવના પરિણામને નિયમથી મોહનીય કર્મ સાથે સંબંધ છે. શરીર

સાથે નહીં. નવતત્વમાં કયાંય જીવ અને શરીર-જીવ અને સંયોગો-તેમની સાથેના સંબંધોનો ઉલ્લેખ જ નથી. અધ્યવસાનરૂપ જીવના પરિણામો રૂપ નિયમભૂત નિ.નૈ. સંબંધોની સાચી સમજણ થયા બાદ અધ્યવસાનના ફળસ્વરૂપ શરીર અને સંયોગો સાથેના સંબંધો અને તે અનુસાર થતી ચારગતિ પરિભ્રમણ સ્વરૂપ સાંસારીક પ્રવૃત્તિઓને સાચા અર્થમાં સમજી શકાય. ચારગતિ સંસાર પરિભ્રમણ અટકાવવું હોય તો શરીર અને સંયોગો સાથેના સંબંધોમાં ફેરફાર કરવાના સ્થાને કર્મતંત્ર સાથેના સંબંધનું જ મહત્વ સમજી શકાય છે. જીવનો મૂળ રોગ જીવ અને દ્રવ્યકર્મના ઉભય બંધમાં છે. આપણને એ બંધનું ફળ જ ચારગતિમાં જોવા મળે છે. મોહનીય કર્મ સાથેનો ઉભયબંધ એ બંધ છે અને ચારગતિ રૂપ પરિભ્રમણએ કર્મ ફળ છે. આ રીતે આચાર્યદેવ આપણને સંસારના મૂળ સુધી લઈ જવા માગે છે. જે મહેનત કરવાની છે તે ત્યાં જ કરવાની છે એ વાત આપણા ખ્યાલમાં આવવી જોઈએ. આ વિષયને આઠ અપેક્ષાએ વિસ્તારથી સમજાવે છે. અજ્ઞાનીના આ પરિણામોને લક્ષમાં રાખી અનેકાંતવાદી અન્યમતિ કેવી પ્રકારની ભૂલ કરે છે તે સમજાવે છે.

અધ્યવસાનના રાગ-દ્વેષ એવા બે ભેદને પણ સાથે ભેરવીને ગણતરીમાં લેવા તેમ કરવાથી તેમાં તીવ્ર-મંદના ભેદ જોવા મળે છે. જીવનો કર્મ સાથેનો સંબંધ અનાદિનો છે. એ જ રીતે કર્મ મારફત નોકર્મરૂપ શરીરનો સંબંધ પણ અનાદિનો છે. એના દ્વારા પુણ્ય અને પાપ અને ફળ સ્વરૂપે શાતા-અશાતા અર્થાત્ સુખ દુ:ખ. આ બધા અધ્યવસાન સાથે સંકળાયેલા છે. શિખંડમાં જેમ દહીં અને ખાંડ એક રસ છે તેમ જીવ અને પુદ્ગલ-ભાવબંધ-દ્રવ્યબંધ રૂપ ઉભયબંધ છે. આઠ કર્મો એકરૂપ પ્રવર્તે છે તેને માટે આઠ લાકડાના બનેલા ખાટલાનો દષ્ટાંત આપ્યો છે. આ આઠ અપેક્ષાઓનો સાથે વિચાર કરીએ તો ઉભયબંધમાં જ અજ્ઞાનીએ હુંપણું માન્યું છે. લક્ષમાં રાખવું કે આપણે શરીરમાં હુંપણું રાખીને જીવીએ છીએ. તે જ વાતને આચાર્યદેવે સમજાવે છે કે તે મોહનીય કર્મમાં જ અનાદિથી હુંપણું માન્યું છે. આ પ્રમાણે જ્ઞાનને વ્યવસ્થિત કરવાથી ખ્યાલ આવે છે કે આપણે ખરું કામ કયાં કરવાનું છે ? એ ખ્યાલમાં આવ્યા પછી પણ મુશ્કેલી તો ચાલુ જ રહે છે. કારણ કે ઉભયબંધ કઈ રીતે થાય છે તે આપણા જ્ઞાનમાં પકડાતું નથી. રાગ-દ્વેષ જ્ઞાનમાં જણાય છે. તેથી ચારિત્ર મોહનીય કર્મનું અનુમાન થાય છે. ભાવ મિથ્યાત્વ કે દર્શન મોહનીય કર્મ કોઈ આપણા જ્ઞાનનો વિષય થતા નથી. તેથી મુશ્કેલીઓ ચાલુ જ રહે છે.

ઉપરોક્ત રીતે અધ્યવસાનમાં હુંપણુંને, જીવને, વિભાવનો કર્તા માનવો એ ભૂલ અને વિભાવ કાયમ માટે અભાવ થઈ શકે છે તેથી વિભાવને કરે એવો જીવનો કોઈ સ્વભાવ નથી. મોહનીય કર્મનો આશ્રયે પ્રગટ થઈ અધ્યવસાન પરમાર્થે પૌદગલિક જ ગણવા યોગ્ય છે. જીવનો ગુણ નથી, પરંતુ દોષ છે સર્વજ્ઞ જ્ઞાયક સ્વભાવના આશ્રયે વિભાવ દૂર થઈ શકે છે. મિથ્યાત્વ રૂપ અધ્યવસાન જ અનંત સંસારનું કારણ છે. મિથ્યાત્વનો અભાવ કરીને શ્રદ્ધા ગુણમાં સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય પછી જીવને અનંત સંસાર રહેતો નથી. ચારિત્રના દોષ દૂર થતાં સંસાર જ રહેતો નથી.

ગાથા ૪૫ થી ૪૮ : ઉભય બંધનો સમાવેશ અસમાનજાતિયદ્રવ્યપર્યાયમાં થાય છે. સામાન્ય રીતે એક

પદાર્થના સર્વાંગી જ્ઞાનને પ્રમાણ જ્ઞાન કહેવામાં આવે છે. તેમાં નિશ્ચય અને વ્યવહાર નયના ભેદ લાગુ પડે છે. અહીં જીવ અને કર્મ બે જુદા પદાર્થો છે. તે શ્રુતજ્ઞાન પ્રમાણનો વિષય નથી. તેથી તે અપેક્ષાએ જીવ કર્મ સાથેના સંબંધમાં નય લાગુ પડે નહીં. પરંતુ અજ્ઞાનીએ જીવ અને કર્મના એકપણામાં હુંપણું રાખ્યું છે. તે અપેક્ષાએ ઉભયબંધમાં નય લાગુ પાડીને સમજીએ તો આ ગાથાઓ સમજવી સુગમ છે. શિષ્યનો પ્રશ્ન છે. આ અધ્યવસાનને જીવ ન કહ્યા. જીવને ચેતન સ્વભાવી જ કહ્યો. તેમ છતાં જીવમાં અધ્યવસાનનો સંબંધ જોવા મળે છે અને તેનું ફળ પણ જીવ ભોગવે છે- એમ કઈ રીતે શક્ય છે.

ઉત્તર : વિભાવને જીવ કહેવો તે વ્યવહારનયનું કથન છે. તે વાત વિસ્તારથી સમજીએ જીવમાં દ્રવ્ય અને પર્યાયના ભેદનો વિચાર કરીએ તો અજ્ઞાની જીવ જ્ઞાયક સ્વભાવી છે તે નિશ્ચય નયનું કથન છે. અજ્ઞાનીની પર્યાય વિભાવરૂપ છે તે વ્યવહાર નયનું કથન છે. ખરેખર તો તે અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. અસદ્ભૂત વ્યવહારની વ્યાખ્યા એ પ્રકારે છે કે અન્યના ગુણને અન્યનો કહેવો તે અસદ્ભૂત વ્યવહાર છે. વિભાવ ભાવ ખરેખર કર્મનું સ્વરૂપ-પુદ્‌ગલનું સ્વરૂપ-અન્યનું સ્વરૂપ છે. તેને વિભાવને જીવનો કહેવો તે અસદ્ભૂત વ્યવહાર નય છે. આ અપેક્ષાએ ઉભયબંધમાં દ્રવ્યકર્મને જીવનું કહેવું તે નયાભાસ છે. ઉભય બંધનો એક રૂપે – સંયોગી એકત્વરૂપે વિચાર કરતા ભાવબંધને જીવમાં સ્થાન મળે છે. નિશ્ચય નય લાગુ પડે છે અને દ્રવ્યકર્મ વ્યવહારનયનો વિષય થાય છે.

ગાથા ૫૦-૫૫ : અસમાનજાતિપદ્રવ્યપર્યાયમાં કેટલાનો સમાવેશ થાય છે. તે આ છ ગાથાઓમાં સંક્ષેપમાં સમજાવ્યું છે. શરૂઆત પરમાણુના અસાધારણ ગુણોથી કરવામાં આવી છે. આ ચાર ગુણો તથા દરેકના પેટા ભેદ સમજીએ તો આપણે કોઈ એક ગુણની એક પર્યાય દ્વારા અથવા એકથી અધિક ગુણોની પર્યાયો દ્વારા પદાર્થને કઈ રીતે ઓળખી શકીએ છીએ તેનો ખ્યાલ આવે છે. રૂપી પદાર્થને જાણવા માટેનું આ એક અનિવાર્ય સાધન છે. સંજ્ઞી જીવો મન દ્વારા સીધા જ પદાર્થને જાણી શકે છે. તે ઉપરાંત પદાર્થોની કલ્પના પણ કરી શકે છે.

કેટલાક ભેદો જીવ અને કર્મમાં સંબંધથી લક્ષમાં લેવામાં આવે છે. આ ભેદોમાં મોહનીય કર્મની સાપેક્ષતાવાળા ભેદો નિયમભૂત હોય છે. અહીં પણ જીવ અને દ્રવ્યકર્મની પરિણામની સ્વતંત્રતાને સલામત રાખીને જ નિયમભૂત નિ.નૈ. સંબંધને. સમજવા જોઈએ. આનો અભ્યાસ કર્યા બાદ અઘાતિકર્મો મારફત જીવ શરીર અને સંયોગો સાથે અવશ્ય સંબંધમાં આવે છે ત્યાં ઘાતિકર્મ જેવો નિયમ નથી. પરંતુ જીવના દરેક વિભાવને બાહ્યના કોઈ એક વિષય સાથે અવશ્ય સંબંધ હોય છે.

જીવ વિશ્વનો સભ્ય છે અને પોતાની વર્તમાન પર્યાય દ્વારા વિશ્વના સમસ્ત પદાર્થો સાથે સંબંધમાં હોય છે. તેમાં વર્તમાન કેવળજ્ઞાનની પર્યાય દ્વારા જે સંબંધ છે તે નિર્દોષ સંબંધ છે. અસ્તિ-નાસ્તિ ટકાવીને સંબંધ છે. પરંતુ તે સિવાય જેટલા સંબંધો છે. તે બધા દોષીત સંબંધો છે. આ છ ગાથાઓમાં જે ૨૯ બોલ લેવામાં આવ્યા છે. તે બધાનો આ દોષીત સંબંધમાં સમાવેશ થાય છે. આ દરેકમાં મુખ્ય બે સભ્યો છે. એક જીવ અને એક પુદ્‌ગલ. એક અરૂપી અને

ચેતન બીજો રૂપી અને અચેતન બંનેને તદ્દન વિરોધાભાસ છે. દૃષ્ટાંત : અજવાળું અને અંધારું. બંને તદ્દન વિરોધાભાસી છે. આમ છતાં દરેક પ્રકાશમાં થોડો અંધકાર અવશ્ય છે. એ જ પ્રમાણે દરેક અંધારામાં થોડો પ્રકાશ અવશ્ય હોય છે. જો તેમ ન હોય તો પ્રકાશના તરતમ ભેદ શક્ય જ નથી. તે રીતે જીવ અને પુદ્ગલના સંબંધથી જ સંસાર ઊભો છે. જ્યારે પરમાત્મ દશા પ્રગટે છે ત્યારે કોઈ વિરોધાભાસ નથી.

જેમ જીવ અને કર્મના સંબંધમાં નિશ્ચય-વ્યવહાર લાગુ પડ્યા તેમ અહીં પણ સમજી લેવું. આ બધામાં જેટલા જીવના દોષો છે તે બધા અસદ્ભૂત વ્યવહાર નયે જીવના છે. વળી તેને પુદ્ગલ દ્રવ્ય સાથે નિકટનો સંબંધ હોવાથી એ બધાને પરમાર્થે પુદ્ગલ રૂપે જ અધ્યાત્મ શાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યા છે અને તે યોગ્ય જ છે.

ગાથા ૫૬-૬૮ : હવેની આ અધિકારની ગાથાઓમાં આ જ વિષય વિસ્તારથી દૃષ્ટાંતપૂર્વક સમજાવવામાં આવ્યો છે. નેમીનાથ ભગવાન કાળા હતા. આનો શબ્દ પ્રમાણે અર્થ કરીએ તો કાળાશ એ જીવનો ધર્મ થયો. રંગ તો પુદ્ગલનો અસાધારણ ગુણ છે. તેથી નેમીનાથ ભગવાન પુદ્ગલ ઠર્યા. તેમનો મોક્ષ થયો એટલે પુદ્ગલ દ્રવ્યનો મોક્ષ થયો એ પ્રમાણે સાબિત થાય જે યોગ્ય નથી. વ્યવહાર નયના કથનો જે આશયથી કહેવામાં આવે છે. તે રીતે સમજવા જોઈએ. વિભાવરૂપનું પરિણમન એ હેયરૂપ વ્યવહાર છે. ભેદરૂપ વ્યવહારએ વિશ્વની વ્યવસ્થાનો એકભાગ છે. ત્યાં વ્યવહારના કથનને ગૌણ કરીને અભૂતાર્થ ગણવા જોઈએ. જીવનો અન્ય દ્રવ્યો સાથેનો જ્ઞે.જ્ઞા. સંબંધરૂપ વ્યવહાર જાણવા યોગ્ય છે. જીવનો મોહ-રાગ-દ્વેષ દ્વારા વિશ્વવ્યાપી નિ.નૈ. સંબંધએ હેય રૂપ વ્યવહાર છે. ખરેખર તો તે સમયે જીવનું વિભાવરૂપ પરિણમન જ હેયરૂપ વ્યવહાર છે. તે સમયે પણ વિશ્વના અન્ય સમસ્ત પદાર્થો જીવ અને જીવના પરિણામથી નિરપેક્ષપણે જ પરિણમે છે. તે જ રીતે વિશ્વના બાહ્ય પદાર્થોથી નિરપેક્ષપણે જીવ સ્વતંત્રરૂપે પરિણમે છે. જીવ અને મોહનીય કર્મ વચ્ચે સામસામા દોષારોપણ કરવાને બદલે સંપૂર્ણપણે જીવ જ પોતાના પરિણામ માટે સ્વતંત્ર છે એ વાસ્તવિકતા સ્વીકારવી જરૂરી છે.

જો જીવ અને અજીવના સંબંધથી ઊભી થતી - જીવની સર્વ અવસ્થાઓ જીવ નથી તો જીવ કોણ છે તેનો જવાબ આચાર્યદેવ ગાથા ૪૯ માં આપે છે.

ગાથા ૪૯ : સ્પર્શ-રસ-ગંધ-વર્ણએ ચાર ગુણો અને તેની સમસ્ત પર્યાયો ઉપરાંત ધ્વનિ સ્કંધની ક્યારેક થતી પર્યાય. આ પાંચ રૂપી પર્યાયોએ પુદ્ગલની ઓળખાણ છે. જ્યાં આ લક્ષણ છે. ત્યાં જીવ નથી. એવો સંદેશો આચાર્યદેવ 'હું એક શુદ્ધ સદા અરૂપી' દ્વારા આપણને સમજાવવામાં માગે છે. ટીકાકાર આચાર્ય દેવઆનું મહત્વ સમજીને-છ પ્રકારની અપેક્ષાથી જીવનું રસાદિ પાંચ રૂપી પર્યાયોનું અત્યંત ભિન્નપણું સમજાવે છે. તદ્દન સ્થૂળતાથી શરૂઆત કરીને પરમાત્મ દશાની સુક્ષ્મતા સુધીની વાત સુંદર રીતે છ બોલમાં લેવામાં આવી છે.

(૧) જીવ દ્રવ્ય પુદ્ગલ દ્રવ્યથી જુદું છે. તેથી જીવમાં રસગુણ નથી. માટે જીવ અરસ છે.

(૨) જીવ પુદ્ગલના સમસ્ત ગુણોથી જુદો હોવાથી જીવમાં રસ ગુણ નથી. માટે જીવ અરસ છે. આ બે

બોલમાં જીવનું – પુદ્ગલ (અહીં સ્કંધ સમજવા) તથા તેના ગુણોથી અત્યંત ભિન્નપણા રૂપ–અસ્તિ–નાસ્તિ દઢ કરાવે છે. તેથી આ બે બોલ પાયાના બોલ છે.

(૩) પરમાર્થે પુદ્ગલ દ્રવ્યનું સ્વામીપણું નહીં હોવાથી તે દ્રવ્યેન્દ્રિય વડે પણ રસને ચાખતો નથી. તેથી અરસ છે. જીવે અનાદિકાળથી શરીરમાં જ હુંપણું માન્યું છે. ભેદથી વિચારીએ તો જીવે પોતાને શરીરનો માલિક માન્યો છે. શરીર પરિણમને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિયોને તે પોતાનું સાધન માને છે. બાહ્ય વિષયોની સંભવિત પાંચ પર્યાયોમાંથી જે પર્યાય દ્વારા પોતે બાહ્ય વિષયને ગ્રહણ કરવા માગે છે તે પદાર્થની તે પર્યાય સુધી પહોંચવા માટે શરીરની જે દ્રવ્યેનિદ્રય દ્વારા ત્યાં સુધી પહોંચી શક્ય છે તેનું જીવને જ્ઞાન હોવાથી જીવ તે ઇન્દ્રિયને સાધન બનાવે છે. અહીં જીવ–જીભને સાધન બનાવીને સાકરની ગળપણ દ્વારા સાકરને ભોગવવા માગે છે. તે પ્રમાણે તે કરે છે. તેવા જીવને સમજાવે છે કે તું શરીર કે શરીરને પ્રાપ્ત જીભનો સ્વામી જ નથી માલિક જ નથી તેથી તું આ પ્રમાણે સાકરના રસ ગુણની પર્યાય સુધી પહોંચી શકતો નથી. તેથી અરસ છે.

(૪) ભાવેન્દ્રિય દ્વારા પણ રસને ચાખતો નથી, તેથી અરસ છે. ક્ષયોપશયરૂપ શ્રુતજ્ઞાનની જે પર્યાય દ્રવ્યેન્દ્રિયને સાધન બનાવીને બાહ્યવિષયોની રૂપી પર્યાયને જાણે છે. તે જ્ઞાનની પર્યાયને ભાવેન્દ્રિય કહે છે. જીવ સર્વજ્ઞ સ્વભાવી છે. કેવળજ્ઞાન રૂપે પરિણમવું તે તેનો સ્વભાવ છે. શ્રુતજ્ઞાન રૂપનું પરિણમન તો ચારિત્રના દોષને અનુસરીને થાય છે તેથી તેને સ્વાભાવિક પરિણમનમાં સ્થાન નથી. જ્ઞાનમાં વિપરીતતાનો દોષ નથી. પરંતુ જીવના વિભાવભાવોને સહયોગ આપવો એ પણ અપેક્ષિત દોષ છે. તેથી કહ્યું કે જીવ ભાવેન્દ્રિય વડે પણ રસને રાખતા નથી. જો અધ્યવસાન જીવનો સ્વભાવ નથી તો ક્ષયોપશમ જ્ઞાન પણ જીવનો સ્વભાવ નથી.

(૫) અજ્ઞાનીની દલીલ – જો ક્ષેયોપશમ જ્ઞાનની ના પાડો છો તો કેવળજ્ઞાન વડે તો રસને ગ્રહણ કરાય છે ને ! દલીલ કરનારો અજ્ઞાની મટીને કેમ જાણે પરમાત્મા બની ગયો હોય એ રીતે તેનો પક્ષ રજુ કરવા જાય છે. તેને એવો આંધળો વિશ્વાસ છે કે હવે આચાર્યદેવે નમતું જોખવું પડશે. જેમ અગાઉ જીવ કે શરીર બેમાંથી કોઇનો નાશ નથી તો હિંસાને દોષ શા માટે ગણવામાં આવે છે. તેવી દલીલ પોતે કરી હતી અને આચાર્યદેવે વ્યવહારનયે જીવ અને શરીર એક છે તે વાત સ્વીકારી હતી તે રીતે અહીં પણ પરમાત્મા ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે તે વ્યવહાર છે તેવી વાત કરશે અને નિશ્ચય નયે નહીં તો પણ વ્યવહાર નયે તો જીવને રસ સાથે અર્થાત્ પુદ્ગલ સાથે સંબંધ છે તેનો સ્વીકાર આવશે. પરંતુ આચાર્યદેવ કોઠું નહીં આપતા. કેવળજ્ઞાનનો વિષય અખંડ વિશ્વ છે. સાદશ્ય અસ્તિત્વરૂપ વિશ્વની મહાસત્તાને કેવળજ્ઞાન જાણે છે. તે જ્ઞાનમાં રસ જુદો જણાતો નથી. તેથી પરમાત્મા રસને જાણતા નથી એવું સમજાવવા માગે છે.

**હવે અભ્યાસી જીવની દલીલો :–**

પ્રશ્ન : કેવળદર્શન અને કેવળજ્ઞાનનો વિષય અખંડ વિશ્વ છે. તે વાત શિરોમાન્ય છે – પરંતુ જ્ઞાન તેને તેના સમસ્ત ભેદ સહિત જાણે છે. તેથી જીવ રસને જાણતો જ નથી. એમ કહી શકાય નહીં.

સમાધાન : રસ નથી જણાતો એમ નથી કહ્યું. ''કેવળ એક રસ''ને નથી જાણતો એમ કહ્યું છે. અર્થાત્ રસને અલગ પાડીને માત્ર રસને નથી જાણતો સાદશ્ય અસ્તિત્વમાં અનંત તદ્દન સ્વતંત્ર અને ભિન્ન ક્ષેત્રોવાળી સ્વરૂપ અસ્તિત્વ રૂપ સત્તાઓનો સમાવેશ થાય છે. પરંતુ જ્યારે સાદશ્ય અસ્તિત્વને લક્ષમાં લઈએ છીએ ત્યારે ત્યાં કોઈની અલગતા રહેતી નથી. શાસ્ત્રમાં શબ્દો છે. 'દરેકની બંધાયેલી સીમાને અવગણતું એક સત્ત છે' દષ્ટાંત : દરિયામાં અનેક નદીના પાણીઓ ભળે છે. પરંતુ દરીયામાં એક પણ નદીના પાણીની વિશિષ્ટતા રહેતી નથી. બધું પાણી દરીયારૂપ થઈ જાય છે. આગમનો બીજો આધાર છે.મતિ શ્રુતાદિ ચાર અલ્પજ્ઞાનોના બધા વિષયો કેવળજ્ઞાનમાં જણાય છે. પરંતુ જ્યારે કેવળજ્ઞાન છે. ત્યારે બીજા એક પણ જ્ઞાન નથી. બંધારણ તરફથી વિચારીએ તો દ્રવ્યને તેમાં સ્વભાવ અને કાર્ય છે. દરેક ગુણને તેનો સ્વભાવ અને કાર્ય છે. એક ગુણના સ્વભાવથી વિચારીએ તો તે ગુણના સ્વભાવમાં બીજા ગુણ સાથે સંબંધમાં આવે એવી કોઈ શક્યતા જ નથી. દ્રવ્યને મહાસત્તા ગણીએ તો ગુણોને તેની અવાંતર સત્તારૂપે સ્થાન મળે છે. દ્રવ્યના જ્ઞાનને પ્રમાણ જ્ઞાન કહીએ તો ગુણના જ્ઞાનને નયજ્ઞાન કહી શકાય. દ્રવ્યના પ્રમાણજ્ઞાનમાં દરેક ગુણના જ્ઞાન ઉપરાંત તેમની વચ્ચેના સંબંધોનું જ્ઞાન આવી જાય છે. પરંતુ નય દ્વારા બધા ગુણોના જ્ઞાનને દ્રવ્યનું જ્ઞાન કહી શકાય નહીં. સાદા સીધા શબ્દોમાં મહાસત્તાના જ્ઞાનમાં તેની સમસ્ત અવાંતર સત્તાઓના જ્ઞાન ઉપરાંત તે બધા વચ્ચેના તાદાત્મ્યરૂપ સંબંધોનું જ્ઞાન આવી જાય છે. અર્થાત નયોનો સરવાળો તે પ્રમાણજ્ઞાન નથી કારણ કે તેમાં નયના વિષયો વચ્ચેના સંબંધની વાત આવતી નથી.

વળી તારું પ્રયોજન માત્ર જાણવાનું નથી. બાહ્ય વિષયને જાણીને તેને ભોગવવાનું છે. કેવળ જ્ઞાનને શરીર અને શરીરને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિય કોઈ સાધનની જરૂર નથી. જીવ સીધો જાણે છે. – રસ પણ જણાય છે અને તે રસ જેનો છે તે સાકરનું પણ જ્ઞાન આવી જાય છે. પરમાત્માને જેવો સર્વજ્ઞ સ્વભાવ છે. તેવી સર્વજ્ઞ પર્યાય પ્રગટ થઈ છે. જ્ઞાન પરિપૂર્ણતાને પામ્યું હોવાથી જેમાં પ્રમેયત્વ ગુણ છે એવા બધા પદાર્થો અવશ્ય તે જ્ઞાનમાં જણાય છે.

૬ જીવને આખા વિશ્વનું જ્ઞાન છે પરંતુ સકલ જ્ઞેય-જ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી રસના જ્ઞાનરૂપે. પરિણમવા છતાં પોતે રસરૂપે પરિણમતો નથી માટે અરસ છે. આ બોલ દ્વારા પરમાત્મા પોતાની કેવળજ્ઞાનની પર્યાય માત્ર પોતાને જ જાણવા માટે પ્રગટ કરે છે. એવો ભાવ આવે છે. જેટલું શક્તિરૂપ સામર્થ્ય હતુ તે બધું પર્યાયમાં પ્રગટ થયું . તેનો તેને સંતોષ છે. શાસ્ત્રમાં શબ્દો આવે છે કે બધા જીવો પરથી અત્યંત ભિન્ન જ છે. વિશ્વની વ્યવસ્થાના ભાગ રૂપે પ્રત્યેક સમયે જીવ પોતાની જ્ઞાનની પર્યાય દ્વારા વિશ્વના અન્ય સમસ્ત પદાર્થોને તે બધાથી અત્યંત ભિન્ન રહીને જાણે છે જ્યાં જીવ છે ત્યાં તે લોકાકાશના પ્રદેશોમાં અન્ય પાંચ પ્રકારના પદાર્થો પણ છે. સામાન્ય એક ક્ષેત્રાવગાહ એવો એ પરપદાર્થોથી પણ જુદો રહીને તેમને જાણે છે આ રીતે આચાર્યદેવ સમજાવવા માગે છે કે બધા પદાર્થો અસ્તિ-નાસ્તિ અનેકાંતને કોઈ પ્રકારની બાધા ન આવે એ રીતે એક બીજા સાથે સંબંધમાં આવે છે.

જીવને કેન્દ્રમાં રાખીને વિચારીએ ત્યારે જીવનું જે પરિણમન છે. તે અંતરંગમાં તાદાત્મ્યરૂપ જ છે. બે પદાર્થોના જુદાપણાનો વિચાર કરીએ ત્યારે દરેક દ્રવ્યનું પરિણમન પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની મર્યાદામાં

છે. પરમાત્મા જ્ઞેય-જ્ઞાયક સંબંધ દ્વારા વિશ્વવ્યાપી સંબંધમાં છે. તે પણ નિ.નૈ. સંબંધ જ છે. ત્યાં તાદાત્મ્યપણું નથી. સંસારી જીવો રાગ દ્વારા સંબંધમાં આવે છે. ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મરૂપ અનેક પ્રકારના નિ.નૈ. સંબંધોની હારમાળા છે. પરંતુ તે દોષરૂપ છે. ચાર ગતિ પરિભ્રમણ રૂપ સંસારનું કારણ છે. તે બધા નિ.નૈ. સંબંધો છે. કોઈની વચ્ચે તાદાત્મ્ય શક્ય જ નથી. આ બધા સંબંધો દોષિત ગણવામાં આવે છે. કારણ કે જીવનું વિભાવરૂપે પરિણમવું જ દોષિત છે. આ રીતે આ છ બોલ દ્વારા જીવ અને પુદ્ગલ વચ્ચેની અસ્તિ-નાસ્તિ અનેકાંતને દઢ કર્યું છે. જો જીવને રૂપી પર્યાયો સાથે જ સંબંધ શક્ય નથી. તો તે રૂપી પર્યાયો જે પુદ્ગલના છે તેની સાથે પણ બધા પ્રકારના સંબંધનો નિષેધ સ્થાપિત થાય છે. જેનું જ્ઞાન આ રીતે વ્યવસ્થિત થાય તેને જીવ અને પુદ્ગલના એકત્વરૂપ-મિથ્યાત્વ ટકી ન શકે. તે જીવ સમસ્ત વિશ્વથી અને ખાસ કરીને સમસ્ત પુદ્ગલોથી ભિન્ન પોતાના અરૂપી જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપે છે. દેહાધ્યાસ છોડીને જ્ઞાયકમાં હુંપણું સ્થાપે છે. આ રીતે સમ્યગ્દષ્ટિ થયેલ જીવને અભિપ્રાયમાં અન્ય સમસ્ત પદાર્થોના ત્યાગનો જ ભાવ પ્રગટે છે.

ગુણની પર્યાય દ્વારા પદાર્થનું જાણપણું અનાદિકાળથી થાય છે.સંજ્ઞીજીવ પ્રથમ ઈન્દ્રિય દ્વારા મનથી જાણે છે અને પછી સીધો પર પદાર્થને જાણે છે.તેથી તેને આ બધી વિધિમાંથી પસાર થવાનું રહેતું નથી. પરંતુ રૂપી પદાર્થ જ જણાતો નથી. તેથી મૂળમાં શરીર રૂપી સાધનનો જ નિષેધ આવે છે. જીવ અને શરીર એક ક્ષેત્રાવગાહ સંબંધમાં હોવાથી જેને અસ્તિ-નાસ્તિની દઢતા નથી તે જીવ અને શરીરના અલગ કાર્યોને ભેળસેળ કરી નાખે છે. તેથી તો પદાર્થો જીવ એક ક્ષેત્રે રહેલા પદાર્થોને પણ તેમનાથી ભિન્ન રહીને જાણે છે એવી સ્પષ્ટતા આવશ્યક બની જાય છે. આ બોલનો વ્યવસ્થિત અભ્યાસ કરનારને મોટેભાગે કોઈપણ પ્રકારની શંકા રહેવી ન જોઈએ. આ સ્પષ્ટતાથી પ્રયોગાત્મક ભેદજ્ઞાન સુગમ થાય છે. હવે આપણે આ જ રીતે અવ્યક્તના છ બોલને સમજવાનો પ્રયત્ન કરીએ ત્યાં પણ સ્થૂળમાંથી પ્રવેશ લઈને સુક્ષ્મતા સુધી આચાર્યદેવ આપણને લઈ જાય છે. શરૂઆતમાં જ મને પ્રશ્ન ઉદ્ભવે છે કે આચાર્યદેવ આપણને આપણું એટલે કે નિજાત્માનું જ્ઞાન નથી. તેથી આચાર્યદેવ આત્માને તેના નિજ લક્ષણ દર્શાવીને આત્મા વ્યકતરૂપે દર્શાવવા માગે છે કે હજુ આત્માને અવ્યકત જ સ્થાપવા માગે છે ? સમાધાન એ છે કે આત્માતો સદાય વ્યકત જ છે. પરંતુ આપણે પુદ્ગલના આંધળા પ્રેમમાં આત્માને અવ્યક્ત કરી નાખ્યો છે. તેથી જેને આખું વિશ્વ રૂપી પદાર્થોથી જ ભરેલું લાગે છે.તેને સમજાવવા માગે છે કે વિશ્વમાં રૂપી પદાર્થ તો એક પુદ્ગલ જ છે. પુદ્ગલ ઉપરાંત વિશ્વમાં અન્ય પાંચ અરૂપી દ્રવ્યો પણ છે. તે પાંચ અરૂપી દ્રવ્યમાં એક જીવ છે જે અરૂપીપણા ઉપરાંત ચેતન સ્વભાવી પણ છે અને આ બે લક્ષણો દ્વારા જીવ વ્યક્ત થાય છે. તે જીવ તે હું છું. રૂપી પદાર્થો વ્યક્ત છે અને અરૂપી પદાર્થો અવ્યક્ત જ છે. અર્થાત્ અરૂપી પદાર્થો અસત્‌મય જ છે. એવી માન્યતા છોડવા લાયક છે. તેમને પણ સત્ છે-ક્ષેત્ર છે અને સ્વભાવ છે.

(૧) બોલ – છ દ્રવ્ય સ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે. તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. 'છ દ્રવ્ય સ્વરૂપ લોક' શબ્દો દ્વારા આચાર્યદેવ આખા વિશ્વની વાત કરવા માગે છે. વિશ્વમાં લોક અને અલોક બધાનો સમાવેશ

થાય છે. લોકમાં છ એ દ્રવ્યો લક્ષગત થાય છે. અલોકમાં માત્ર આકાશ જ છે. તેથી ઘણી જગ્યાએ વિશ્વના સ્થાને "લોક" શબ્દનો પ્રયોગ થાય છે. વિશ્વ એક જ છે. તે વિશ્વને સંપૂર્ણપણે જાણનારા અનંત પરમાત્માઓ છે. તે દરેક પરમાત્મા વિશ્વથી અત્યંત ભિન્ન રહીને વિશ્વને જાણે છે. સમયસારમાં કળશ છે. "વિશ્વાત-ભિન્નમ્-અવિશ્વ્-વિશ્વ ઘટિતમ્" એનો એક અર્થ એવો થાય છે કે પરમાત્મા વિશ્વથી ભિન્ન છે તેથી પોતે એ અપેક્ષાએ 'અવિશ્વ' છે. પરંતુ અંતરંગમાં પોતાનું વિશાળ રાજ્ય-વિશ્વ લઈને રહેલ છે. વિશ્વ જ્ઞેય છે અને પોતે જાણનાર જુદો છે. માટે પોતે જ્ઞાતા છે એમ કહેવાને બદલે વિશ્વ જ્ઞેય છે એ અપેક્ષાએ વ્યક્ત છે અને પોતે તેનાથી ભિન્ન છે. પોતે વિશ્વ રૂપ નથી. એ અપેક્ષાએ પોતે અવ્યક્ત છે એવું દર્શાવવા માગે છે. વિશ્વનું નાટક ચાલતું હોય તો કોઈ પ્રેક્ષક તો હોવો જોઈએ તો પરમાત્મા વિશ્વના નાટકના સાક્ષી છે. વાસ્તવિકતાનો વિચાર કરીએ તો પોતે અનાદિકાળથી નટરૂપે નાટકમાં ભાગ લેતો હવે થાક્યો છે. "હોય રમત ઘડી-બે ઘડીની આ તો યુગાંતર વહી ગયા-એવી રમત રમવી નથી." એમ કરીને એક બાજુ બેસીને નાટકને જુએ છે. બીજી અપેક્ષાએ વિચારીએ તો અજ્ઞાની જીવ કર્તા છે. તે જ્ઞાની થાય ત્યારથી જ્ઞાતા છે. પરમાત્મા નિરપેક્ષ જ્ઞાતા છે.

(૨) કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. કષાયોમાં પ્રથમ દ્રવ્યાસ્રવોનો વિચાર કરીએ તો તે તો વર્ણાદિમાન પુદ્ગલ છે. તેથી જીવથી અત્યંત ભિન્ન જ છે. ત્યારબાદ ભાવાસ્રવોનો વિચાર કરીએ ત્યારે તે પણ સ્વભાવથી વિરુદ્ધ છે. તેથી જીવથી જુદા છે. દ્રવ્યાસ્રવોને ભાવક કહીએ તો ભાવાસ્રવ ભાવ્ય છે. તેથી જીવને તે બધાથી જુદો પાડવા માટે જીવ ચેતન સ્વભાવી છે અને આ બંને પૌદગલિક છે. અજ્ઞાની જીવોને પોતાના વિભાવ ભાવો-શરીર અને સંયોગો લક્ષગત થાય છે. ત્રિકાળ શુદ્ધ જ્ઞાયક સ્વભાવનું જાણપણું નથી.તેથી કષાય ભાવોને વ્યક્ત કહ્યા છે અને જીવને અવ્યક્ત કહ્યો છે. પ્રથમ બોધ દ્વારા જીવને વિશ્વના સમસ્ત પદાર્થોની ભિન્ન બતાવ્યો અને બીજા બોલમાં જીવને વિભાવભાવ અને દ્રવ્યકર્મ-નોકર્મથી ભિન્ન દર્શાવ્યો આ રીતે જીવની દ્રવ્ય-ગુણ પર્યાયની મર્યાદામાં આવ્યા.

(૩) ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વવ્યક્તિઓ નિમગ્ન છે માટે ચિત્સામાન્ય અવ્યક્ત છે. આ બોલમાં જીવના બધા પરિણામોને વ્યક્ત કહ્યા છે. ચિત્સામાન્યને અવ્યક્ત રૂપે દર્શાવવા માગે છે. તેનો બે અપેક્ષાએ વિચાર કરી શકાય. એક તો દ્રવ્ય સામાન્ય સ્વભાવ અવ્યક્ત છે. તેમાંથી અનાદિથી અનંતકાળ સુધી એક એક સમયની પર્યાયો ક્રમપૂર્વક પ્રગટ થતી જાય છે. તે પર્યાયો ક્રમપૂર્વક પ્રગટ થતી જાય છે. તે પર્યાયો વ્યક્તરૂપે લક્ષમાં આવે છે. આ બોલમાં બીજી અપેક્ષા લીધી છે. દ્રવ્ય સ્વભાવ હંમેશા કોઈને કોઈ પર્યાયરૂપે અવશ્ય જોવા મળે છે. તમે જ્યારે પણ કોઈ પદાર્થને લક્ષમાં લ્યો ત્યારે તે એક પર્યાયરૂપે વ્યક્ત છે. તે પર્યાય જે દ્રવ્યની છે. તે દ્રવ્ય સીધું જણાતું નથી. તે અપેક્ષાએ દ્રવ્ય સ્વભાવ અવ્યક્ત છે. જેણે સ્વભાવ જાણ્યો નથી તે પર્યાયને અંતરંગમાં અભેદ કરે તો દ્રવ્ય વ્યક્ત થાય. દૃષ્ટાંત : જે લીલું હોય અને અમુક આકારવાળું હોય તે મરચું છે. જે સફેદ છે, મીઠો છે અને ગાંગડો છે તે સાકર છે. એ રીતે જ્ઞપ્તિ ક્રિયા વડે જ્ઞાયકને વ્યક્ત કરી શકાય છે.

(૪) ક્ષણિક વ્યક્તિ માત્ર નથી માટે અવ્યક્ત છે, જે ક્ષણિક છે તેના ઉત્પતિ-વિનાશ અવશ્ય હોય વિશ્વમાં શૂન્યને ક્યાંય સ્થાન નથી. તેથી શૂન્યમાંથી સર્જન કરે સત્‌નો આત્યાંતિક નાશ શક્ય જ છે. બૌદ્ધ સર્વથા ક્ષણિક વસ્તુ માને છે પરંતુ એવા ક્ષણિક સત્‌ની અશક્યતા છે. ત્રિકાળ સત્‌ની ઓથમાં જ ક્ષણિક સત્‌ની સંભાવના છે. આ પદાર્થની વ્યવસ્થાનો એક ભાગ છે. ત્રિકાળ સ્વભાવ ટકીને સમયે સમયે નવા રૂપ-ક્ષણિક-સત્-ધારણ કરે છે. જેમ નાટકમાં નટ નવા નવા વેશમાં બહાર આવે છે. ક્ષણિક સત્ વ્યક્ત છે. લક્ષગત થાય છે. પરંતુ તે નિરપેક્ષ સત્ નથી. તેની પાછળ આખો શાશ્વત સ્વભાવ છે. તેવો ખ્યાલ હોય તો ક્ષણિક પર્યાય લક્ષગત થાય ત્યારે સહેજે વિચાર આવે છે કે આ કોની પર્યાય છે ? દ્રવ્ય પર્યાયરૂપ પદાર્થનું સ્વરૂપ લક્ષમાં હોય તો પર્યાય દ્વારા સ્વભાવ સુધી પહોંચવાનો પ્રયત્ન કરીએ. દરેક પદાર્થનું અસલ સ્થાન ત્રિકાળ સ્વભાવ છે. તે અભેદ સત્તાના ભેદરૂપે જ ગુણ અને પર્યાયો રહેલા છે. જીવનું પ્રયોજન પર્યાયમાંથી પ્રવેશ લઈને તર્કણાત્મક જ્ઞાન દ્વારા સ્વભાવ સુધી પહોંચવાનું છે. સ્વભાવને જાણી-તેમાં હુંપણું સ્થાપીને ત્યાં જ ટકી રહેવું છે. તેથી અહીં કહે છે કે પોતે ક્ષણિક વ્યક્તિ માત્ર નથી. તે અપેક્ષાએ અવ્યક્ત છે.

(૫) વ્યક્તપણું અને અવ્યક્તપણું ભેળાં મિશ્રિતપણે પ્રતિભાસવા છતાં પણ જે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. આ એક એવું વિધાન છે જે ભલભલાને વિચાર કરતા કરી મૂકે છે. જે આચાર્યદેવ પદાર્થની દ્રવ્ય-ગુણ-પર્યાય રૂપ વ્યવસ્થાની સ્થાપના કરતા આવ્યા છે. દ્રવ્ય અભેદ છે - ગુણો અને પર્યાયો તેના ભેદ છે. આ બધા એક સત્તા-એક ક્ષેત્રરૂપ-તાદાત્મ્ય સંબંધમાં જ રહેલાછે. આ બંધારણ ક્યારેય તૂટતું નથી. બે પદાર્થો આવા તાદાત્મ્ય સંબંધમાં ક્યારેય આવી શકતા નથી. પદાર્થનું અંતરંગ અનેકાંત પણ છે. તે સમજવા માટે ભેદ પાડવામાં આવે છે. એ બધા અતદ્‌ભાવરૂપ ભેદ છે. દ્રવ્યમાંથી જ સમયે સમયે પર્યાયો ઉત્પન્ન થાય છે. વેદાંત વસ્તુને સર્વથા નિત્ય-ફૂટસ્થ માને છે. બૌદ્ધો વસ્તુને સર્વથા ક્ષણિક માને છે. તેમની માન્યતા અનુસાર વિશ્વમાં એકપણ પદાર્થ વિદ્યમાન નથી. વગેરે જીવ પોતાના જે પરિણામને કરે છે. તે જીવ તે જ પરિણામને તે જ સમયે ભોગવે છે. વિભાવ પરિણામનો કર્તા અજ્ઞાની જીવ જ છે અને તે જ અજ્ઞાની તે સમયે તે પરિણામનું ફળ અવશ્ય ભોગવે છે. તે ઉપરાંત વિભાવના નિમિત્ત જે કર્મબંધ થાય છે. તે કર્મ ભવિષ્યમાં જીવને અનેક પ્રકારના ફળ આપે છે.

તે જ આચાર્દેવ આ બોલમાં કહે છે કે અવ્યક્ત એવો સ્વભાવ અને વ્યક્ત એવી પર્યાય એકબીજાથી જુદા છે. ''વ્યક્તપણું અને અવ્યક્તપણું ભેળા મિશ્રિત રૂપે પ્રતિભાસવા છતાં'' દૃષ્ટાંત : શિખંડમાં દહીં અને સાકર ભેળા મિશ્રિતરૂપે પ્રતિભાસે છે. દહીં અને સાકર ખરેખર જુદા જ છે અને મિશ્રિતરૂપે લક્ષમાં આવે છે-આચાર્ય દેવને બરોબર ખ્યાલ છે કે જેમ બે પદાર્થો જુદા છે તેવા દ્રવ્ય અને પર્યાય જુદા નથી. જ્યાં અતદ્‌ભાવ છે તે તાદાત્મ્યપણું સલામત રાખીને જ સમજવાનું છે. આચાર્ય દેવ દ્રવ્ય સ્વભાવને બે અલગ દૃષ્ટિ વડે જુદા દર્શાવવા માગે છે. આચાર્યદેવનો ભાવ સમજવા માટે આપણે થોડી વધુ મહેનત કરવાની રહેશે.

પ્રશ્ન-૧ : પદાર્થને જોવાની બે દૃષ્ટિના સ્થાને પદાર્થના બે ભાગ લઈએ તો ?

સમાધાન : એવું કરવા જતાં પદાર્થ ઘંટી રૂપે માનવાનો પ્રસંગ આવશે. ઘંટીના બે પડ હોય છે. પદાર્થના ઉત્પાદ વ્યય શક્ય જ નથી. તો પછી એ જ પદાર્થમાં ઉત્પાદ-વ્યય છે એમ કહેવા જતાં વિરોધાભાસ આવે છે. તેથી શું ઉત્પન્ન થાય છે અને શું નાશ પામે છે. તેની સ્પષ્ટતા અનિવાર્ય છે ઉત્પાદ-વ્યય નથી એમ કહેતા ત્રિકાળ સ્વભાવ લક્ષગત થાય છે. જો ઉત્પાદ-વ્યય નથી. તો તેમાં કોઈ ફેરફાર પણ શક્ય નથી. એની ચોખવટ જરૂરી છે કારણ કે શૂન્યને વિશ્વમાં સ્થાન જ નથી. અન્ય મત જૈનદર્શનને ફુદડીવાદ માને છે. વેદાંત અને બૌદ્ધને ભેગા કરીને જૈનદર્શન સમજાવે છે. પરંતુ વેદાંત અને બૌદ્ધના સિદ્ધાંતો તદ્દન ભિન્ન હોવાથી તેમને એક કરવા શક્ય જ નથી.

ખરેખર તો આચાર્ય દેવ પદાર્થને જોવાની બે દૃષ્ટિ દર્શાવવા માગે છે. એ સમજાય પછી દ્રવ્ય સ્વભાવને જોવાની બે દૃષ્ટિ અને પર્યાયને જોવાની બે દૃષ્ટિઓ સમજાવવા માગે છે. આ યથાર્થપણે સમજાય તો જ વસ્તુ બરોબર સમજાશે. આપણને શું લક્ષમાં આવે છે. વિશ્વના બધા પદાર્થો નિરંતર બદલતા સ્વરૂપે જોવા મળે છે. વસ્તુની એકરૂપ સ્થિતિ કાયમ રહેતી નથી.

સમયસાર ગાથા-૨ માં જીવ નામનો પદાર્થ કેવો છે તે સમજાવવાની શરૂઆત કરતા સદાય પરિણામ સ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી-ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે. ૪૭ શક્તિના વર્ણનમાં 'કારકો અનુસાર થવા રૂપ જે ભાવ તે મયી ક્રિયા શક્તિ' રૂપ ૪૭ મી શક્તિનું વર્ણન છે. ત્યાં પણ દ્રવ્ય પર્યાય રૂપ વસ્તુ સ્વરૂપ દર્શાવ્યું છે. પ્રવચનસાર ગાથા ૯૩ માં વિશ્વમાં જે કોઈ જાણવામાં આવતો પદાર્થ છે તે ગુણો અને પર્યાયોથી રચાયેલા દ્રવ્ય રૂપ છે. વળી તે ગુણ અને પર્યાય સહિત છે. આ બધાનો સમન્વય કરીએ તો દરેક પદાર્થ નિરંતર પરિણમશીલ જ લક્ષમાં આવે છે. દૃષ્ટાંત : દરીયાનું પાણી નિરંતર ગતિશીલ જ જોવા મળે છે. કાંઠા ઉપર ભરતી ઓટ જોવા મળે છે. પરંતુ મધદરીયે પણ પાણી તો ગતિશીલ જ જોવા મળે છે. ત્યારે પ્રશ્ન થાય છે કે જો આચાર્ય દેવ સ્વભાવને ટંકોકિર્ણ સદાય એકરૂપ દર્શાવવા માગે છે. તો એ ક્યાં સ્વભાવની વાત કરે છે ? સમાધાન એ છે કે દરીયામાં પાણી હતુ તો ગતિશીલતા કે પાણી વિના જ ભરતી ઓટ ? સમયસાર ૪૭ મી શક્તિ પહેલાની૩૯ મી ભાવશક્તિ-આ રીતે છ કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહીત ભવન માત્ર મયી (હોવા માત્ર મયી) ભાવ શક્તિ ૩૯-૪૦ બે શક્તિઓનો સાથે વિચાર કરીએ તો ૩૯ મી શક્તિ-અપરિણામી દૃષ્ટિનું પોષણ કરે છે. એ જ વાત આ પાંચમાં બોધમાં સમજાવવા માગે છે.

(૬) બોલ પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન છે. આ બોધ બોલમાં પર્યાયની ગૌણતાપૂર્વક નિત્ય સ્વભાવનો મહિમા કરાવવામાં આવે છે. જે મોક્ષની પર્યાયની પ્રગટતા કરવી એ જ પાત્ર જીવનું ધ્યેય દર્શાવવામાં આવે છે. તે પર્યાય પ્રગટ કરવા માટે ઉપાદેય હોવા છતાં તેનો આશ્રય નથી. આશ્રય તો જે નિત્ય સ્વભાવનો જ છે – જે સ્વભાવને આ બોલમાં પણ અવ્યક્ત દર્શાવ્યો છે. આ છ બોલનો સાથે અભ્યાસ કરીએ તો આચાર્યદેવ – આપણે જે દુનિયામાં વસવાટ કરીએ છીએ તે બધું ગૌણ કરવા જેવું છે અને જેની ક્યારેય દરકાર કરી નથી. એવા નિજ શુદ્ધાત્માની દરકાર કરી. તેમાં હુંપણું

સ્થાપી તેનો આશ્રય લેવા માટે સમજાવે છે.

આ ૪૯મી ગાથામાં અનિર્દિષ્ટ સંસ્થાન અને અલિંગગ્રહણ નામના બે અસ્તિના બોલ છે. માત્ર નાસ્તિના બોલ છે. માત્ર નાસ્તિની વાત ન કરતા-અસ્તિપણે જીવ ચેતન સ્વભાવી છે. તેની સ્થાપના કરવામાં આવી છે. આ રીતે આજીવ-અજીવ અધિકારમાં અસમાનજાતિયદ્રવ્યપર્યાયના વિસ્તારમાં પણ જીવ અને દ્રવ્યકર્મ વચ્ચેના સંબંધનો જ મુખ્યપણે ઉલ્લેખ કર્યો છે. અધ્યવસાન જીવ નથી. તો જીવ કોણ છે તેનો જવાબ ગાથા ૪૯ માં આપ્યો છે. જીવ ચેતન સ્વભાવી છે. તેમાં હુંપણું સ્થાપવાથી જીવ અને પુદ્‌ગલના સંબંધો પૂરા થવાની શરૂઆત થાય છે.

# પુણ્ય-પાપ અધિકાર

સમયસાર શાસ્ત્રમાં જીવ-અજીવ અધિકાર લીધા બાદ જેનું નવતત્વમાં સીધું સ્થાન નથી એવો કર્તા કર્મ અધિકાર લીધો આશય એ છે કે જો કર્તા કર્મ યથાર્થ રીતે સમજમાં આવી જાય તો જીવના સાત પ્રકારના પરિણામો અને તેનો દ્રવ્ય કર્મ સાથેના સંબંધની સ્પષ્ટતા થાય.

જીવની સાત પર્યાયોનો સમુચ્યરૂપે વિચાર કરીએ તો :-

પુણ્ય-પાપ-આસ્રવ-બંધને-બંધમાર્ગમાં સ્થાન છે. તેનાથી મોક્ષ થતો નથી. પરંતુ વાસ્તવિકતા એ છે કે તેનાથી મોક્ષ દૂર જાય છે. સંવર-નિર્જરા તત્વને મોક્ષમાર્ગમાં સ્થાન મળે છે અને તેના ફળ સ્વરૂપે મોક્ષ મળે છે. બંધમાર્ગ અનાદિનો છે. તેનું કારણ જીવનું અજ્ઞાન છે. જ્ઞાનને મોક્ષમાર્ગના તથા મોક્ષના કારણ રૂપે દર્શાવવા માગે છે. જ્ઞાનમાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આવે છે.

આ રીતે વિચારતા બંધમાર્ગ અને મોક્ષમાર્ગ બંને જીવના પરિણામ છે. જીવની દ્રવ્યરૂપની પર્યાય છે. તેને ભેદથી સમજાવવા માટે દર્શન-જ્ઞાન-ચારિત્રએ ત્રણ ગુણોની વાત-એકબીજાના સંબંધપૂર્વક આવે છે.

**અજ્ઞાન** તેનું કારણ ⟵ બંધમાર્ગ ⟶ તેનું ફળ — ચારગતિ પરિભ્રમણ<br>અનંત સંસાર અને દુઃખ

પુણ્ય-પાપ-આસ્રવ-બંધ એ ચારનો વિચાર કરીએ ત્યારે ખરેખર તો આસ્રવ-બંધ બે તત્વો જ બંધ માર્ગમાં સ્થાન પામે છે. જે પુણ્ય-પાપ છે તેને આસ્રવ બંધમાં જ ગર્ભિત લેવામાં આવે છે. ચારિત્રના પરિણામોમાં દ્વૈત પ્રવર્તે છે. શુભ-અશુભને ચારગતિ પરિભ્રમણ સાથે સીધો સંબંધ છે. રાગ-દ્વેષ અથવા ઈચ્છા-ભોગવટાને ચારગતિ સાથે સીધો સંબંધ નથી. માટે પુણ્ય-પાપ અધિકારને અલગતાથી સમજાવવામાં આવે છે. આ અધિકારમાં એવો જીવ લીધો છે જેની દઢ માન્યતા છે કે અશુભ ભાવ તો કરવા જેવા નથી. વિષયોનો ભોગવટો સુખ રૂપ લાગે પરંતુ તેનાથી પાપ બંધાય છે અને દુઃખી થવું પડે છે. સ્વભાવ-હેતુ-ફળ અને આશ્રવ આ ચાર શબ્દો દ્વારા સમજાવવાની શરૂઆત કરે છે. અશુભ છોડવા લાયક જ નક્કી કર્યું છે. તેથી તેને તો બંધમાર્ગમાં સ્થાન આપે છે. હવે આ ચારને કઈ રીતે સમજાવે છે તે પદ્ધતિ સમજી લઈએ દ્રવ્ય કર્મને સ્વભાવરૂપે સ્થાપીને વાત કરવા માગે છે. જીવના વિભાવભાવો તેના કારણ હેતુ છે. કર્મના ફળમાં જીવને બાહ્ય સંયોગો મળે છે. આ સમજતી વખતે દ્રવ્યકર્મમાં ઘાતિ-અઘાતિના ભેદ ન લેવા. એવા ભેદનો વિચાર કરતાં સ્પષ્ટતાના સ્થાને મૂંજવણ વધશે.

| હેતુ | સ્વભાવ | ફળ | આશ્રય |
|---|---|---|---|
| શુભ ભાવ | પુણ્ય પ્રકૃતિ | અનુકૂળ સંયોગો | મોક્ષ માર્ગ |
| અશુભ ભાવ | પાપ પ્રકૃતિ | પ્રતિકૂળ સંયોગો | બંધ માર્ગ |

- શિષ્યની દલીલનો અભ્યાસ કરીએ ત્યારે તે જ રીતે સ્વભાવ-કારણ અને ફળ સમજાવે છે તે સાચું છે. તે વાસ્તવિકતા પણ છે. પાપને બંધમાર્ગમાં સ્થાન આપે છે તે પણ યોગ્ય જ છે. પુણ્યને મોક્ષમાર્ગમાં સ્થાન આપે છે. ખરેખર પુણ્યને પણ બંધમાર્ગમાં જ સ્થાન છે કારણ કે તેનો આસ્રવ-બંધમાં સમાવેશ છે.સાધક દશા રૂપ મોક્ષમાર્ગમાં દૂર થતા ભાવો રૂપે શુભભાવને સ્થાન મળે છે. તેની સાચી ખતવણી એ જીવ કરતો નથી. તે માત્ર શુભ-અશુભ ભાવના દ્વૈતમાં જ્ઞાનીને વધતો શુભભાવ છે તેના ઉપર જોર આપે છે. સાધકની દશાનો શુભભાવ-અશુભની સાપેક્ષતાથી વધતો દેખાય છે પરંતુ શુદ્ધતાની અપેક્ષાએ તો દૂર થતો ભાવ જ છે. તેના તરફ એનું લક્ષ જતું નથી. આ રીતે જેને શુભભાવનો દુરાગ્રહ-પક્ષ છે તે પાયાની ભૂલ કરે છે.
- ગુરુ શું કરે છે ? શુભભાવને પણ પરમાર્થે બંધમાર્ગમાં જ સ્થાન છે એટલું વિગતથી સમજાવીને અટકી જતા નથી. તે ચારેય અપેક્ષામાં દ્વૈતને જ કાઢી નાખે છે. તે આ રીતે સ્વભાવ દ્રવ્યકર્મ જ છે. કારણ → વિભાવ ભાવ જ છે. -ફળ → સંયોગ માત્ર જ છે અને આશ્રય → બંધમાર્ગ જ છે. આ રીતે વિચારતા ગુરુ સાચા જ છે. પુણ્ય-પાપ બંનેનો આસ્રવ-બંધ તત્વોમાં જ સમાવેશ થાય છે. આસ્રવ-બંધનું ફળ ચારગતિ પરિભ્રમણ જ છે. ચાર ગતિમાં પણ સૌથી લાંબો સમય નિગોદમાં જ કાઢે છે. ઇતર નિગોદમાં પણ દીર્ઘકાળ છે. આ ઉપરાંત એમ પણ વિચારવું રહ્યું કે સંજ્ઞીપણામાં જો નવતત્વના યોગ્ય અભ્યાસ દ્વારા જ્ઞાનની મુખ્યતા કરીને કરોતિ ક્રિયાને છોડે તો તેની મુક્તિ થાય. આ અવસર ગુમાવેતો તે ફરી અસંજ્ઞી થઈ જાય-જ્યાં મુક્તિનો કોઈ અવકાશ નથી. કળશ ૧૦૦-૧૦૧-૧૦૨ તથા ગાથા ૧૪૫ માં આ વિષયેને વિસ્તારથી સમજાવ્યો છે.

ગાથા ૧૪૬ માં શુભ અને અશુભભાવો-બન્ને બંધન અપેક્ષાએ સમાન છે. અહીં બંધનમાં તીવ્ર-મંદ તથા પુણ્ય-પાપના ભેદને ગૌણ કરવાથી જ બંનેનું સમાનપણું લક્ષમાં આવશે દષ્ટાંતમાં સોનાની બેડી અને લોઢાની બેડી વચ્ચેનું સમાનપણું દર્શાવ્યું છે. તે બંને બેડી જ છે.બંધનું જ કારણ છે એ આશય છે. સિદ્ધાંતને સારી રીતે સમજવા માટે શુભ-અશુભના સ્થાને રાગ અને દ્વેષથી સમજીએ. કારણ કે ગાથા ૧૪૬-૧૪૭-૧૪૮ના ગાથા ત્રણ ત્રણ ગાથામાં એ ભાવને મુખ્ય કરીને દષ્ટાંત આપ્યો છે. ત્યાં હાથીને પકડવાની બે રીત દર્શાવી છે. એકમાં હાથી રાગને કારણે અને બીજામાં દ્વેષને કારણે બંધાય છે. બંધન અપેક્ષાએ બંને પ્રકારના ભાવ સમાન જ છે. શ્રેણી માંડવામાં આવે ત્યારે પહેલા દ્વેષ જાય છે અને રાગ છેલ્લે જાય છે. જેના પ્રત્યે દ્વેષ છે તેની સાથેના સંબંધો કાપી નાખવા સહેલા છે. રાગના બંધન છોડવા અઘરા છે. તેથી .દષ્ટાંતમાં 'લોઢાની બેડી'ના સ્થાને 'કાચા સુતરનું બંધન' લેવું. ઉપલકદષ્ટિથી જોનારને લાગે છે કે દોરાનું બંધન તે બંધન જ નથી.

ગાથાઓમાં આસ્રવોને દુઃખરૂપ-દુઃખના કારણ અને દુઃખ ફળ એ ત્રણ પ્રકારે ઓળખાવ્યા છે. લક્ષમાં રહે કે આ ત્રણે વિશેષણો ભાવાસ્રવ તથા દ્રવ્યાસ્રવ બંનેને સમાનપણે લાગુ પડે છે. બંનેને સામસામા લેવાથી બધું સુંદર રીતે સમજાશે - આ વિષયોને જ્ઞાન અને અજ્ઞાન એવા બે શબ્દ પ્રયોગો કરીને સમજાવે છે. જ્ઞાનને ભેદરૂપ

સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યકચારિત્ર એ ત્રણ ભેદ દ્વારા અને અજ્ઞાનને મિથ્યાદર્શન-મિથ્યા જ્ઞાન-મિથ્યા ચારિત્ર રૂપે સમજાવે છે. તે ઉપરાંત જ્ઞાન શબ્દથી જ્ઞાન ગુણની વાત કરે છે અને કયારેક જ્ઞાન શબ્દથી અભેદપણે આત્માની જ વાત કરે છે. વિભાવને અનુસરીને આઠ પ્રકારના કર્મો બંધાય છે અને મોહનીય કર્મને અનુસરીને જીવ વિભાવ કરે છે. આ રીતે સાથે મળીને સંયુક્ત રીતે જીવના બંધનું કારણ બને છે.

ગાથા ૧૬૦ માં જે સર્વ જ્ઞાની દર્શી શબ્દ છે તે જીવના સ્વભાવના અર્થમાં સમજવું ત્યાં આત્માજ્ઞાનીની વાત નથી કરવી. વિભાવની અસર નીચે જીવ પોતાના સ્વભાવને સામર્થ્યને જાણતો નથી. તેમજ બાહ્ય વિષયોને પણ યથાર્થ રૂપે જાણતો નથી. જીવને સર્વજ્ઞ સ્વભાવી અને પુદ્ગલ માત્રને સદાય રૂપી રૂપે એકાંત અચેતનરૂપે પણ જાણતો નથી. જયાં સુધી સ્વપરનો યથાર્થ ભેદ ખ્યાલમાં ન આવે ત્યાં સુધી અનાદિની વિભાવ પરિણતિ અને સંસાર પરિભ્રમણ ચાલુ જ રહે છે. કર્મબંધન ચાલુ જ રહે છે.

વચ્ચેની ગાથાઓમાં જ્ઞાન વડે જ – સમ્યગ્જ્ઞાન વડે જ – પ્રયોગોત્મક ભેદજ્ઞાન વડે ચારગતિ પરિભ્રમણ અને બંધન છૂટે છે એ સમજાવ્યું છે. જ્ઞાન મોક્ષનું કારણ છે. જ્ઞાન મોક્ષમાર્ગ અને મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન થયા બાદ આત્માને જ મોક્ષમાર્ગ અને મોક્ષનું કારણ ગણવું. કયાં જ્ઞાનને મોક્ષમાર્ગનું કારણ કહ્યું છે ? જે જ્ઞાન છ પ્રકારના દ્રવ્યોનું સામાન્ય સ્વરૂપ જાણે અને સાથોસાથ એ છ દ્રવ્યો વચ્ચે અત્યંત ભિન્નપણું કઈ રીતે છે તે બંને વિષયોને સારી રીતે જાણે છે તે જ્ઞાનને મોક્ષનું કારણ કહ્યું છે.

બધા જીવો અનાદિકાળથી શરીરમાં હુંપણું રાખીને બાહ્ય વિષયોને મેળવવા અને ભોગવવાનું જ કામ કરે છે. તેને નથી વિશ્વનું જ્ઞાન નથી છ દ્રવ્યો તેમની વચ્ચેની સમાનતા તથા અત્યંત ભિન્નપણાનું જ્ઞાન નથી. નવતત્વનો ખ્યાલ. બીજા શબ્દોમાં જીવ અને પુદ્ગલના અસમાનજાતિયદ્રવ્યપર્યાયોમાં તે અનંતકાળ કાઢે છે. જીવ અને મોહનીય કર્મોદય સાથેના નિયમભૂત નિ.નૈ. સંબંધને કારણે ઉપર મુજબની સ્થિતિ છે તે જીવ જયારે જ્ઞાન વડે છ દ્રવ્ય–નવ તત્વોને સારી રીતે જાણે છે. સુખ સ્વભાવી જીવ શા માટે દુઃખી છે તેનું કારણ શું છે તેનો બરોબર અભ્યાસ કરે છે અને નક્કી કરે છે કે મારે મારા જ્ઞાયક સ્વભાવમાં રહેવું જોઈએ. મોહનીય કર્મ સાથેની મૈત્રી મને દુઃખનું કારણ છે. મોહનીય કર્મ મને મારા સ્વભાવથી ચ્યુત કરાવીને બહારની પુદ્ગલની દુનિયામાં રખડવા માટે ખેંચી જાય છે. જેને કારણે મોટેભાગે ચારગતિ પરિભ્રમણ આવે છે. આવી સાચી સમજણ થતાં જ્ઞાનમાં સ્વપરના ભિન્નપણાનો વિવેક જાગૃત થાય. તે મોહનીય કર્મથી વિમુખ થવા લાગે છે વિભાવથી જુદા પડવાની બહારના ભોગવેલા વિષયો અને તેના માની લીધેલા ભોગવટાના સુખને ગૌણ કરીને, તે ખરેખર દુઃખ જ હતું એવા બર્હિલક્ષી નિર્ણય અનુસાર તે બધાથી જુદા પડવાની ક્રિયા માનીએ એટલી સહેલી નથી. ભોગવેલા વિષયો તેને ચેન પડવા દેતા નથી. ભમરો કમળની સુગંધ છોડી શકતો નથી. પરંતુ સ્વ પરના અત્યંત ભિન્નપણાની વાસ્તવિકતાની દૃઢતા થતાં અર્થાત્ જ્ઞાનની પર્યાય સમ્યગ્જ્ઞાનરૂપ થતાં – દૃઢ નિર્ણયપૂર્વક સાચી દિશાનું કાર્ય શરૂ થાય છે. તેથી જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે. વળી માત્ર જ્ઞાન જ નહીં પરંતુ અભેદપણે જ્ઞાની જીવ જ મોક્ષનું કારણ થાય છે. જ્ઞાનીએ પોતાના નિર્મળ જ્ઞાયક સ્વભાવમાં

જ દઢપણે હુંપણું સ્થાપ્યું છે. વળી વિભાવને કરે એવો કોઈ આત્માનો સ્વભાવ જ નથી. એના જોરમાં જ મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે.

ગાથા ૧૫૨-૧૫૩-૧૫૪ માં સાધકની ભૂમિકામાં તેનું જીવન જોનારા આર્યવૃત્તિવાળા જીવો કેવી રીતે ભ્રમમાં પડીને મનુષ્ય ભવ વ્યર્થ ગુમાવે છે તે સમજાવ્યું છે. જ્ઞાનીએ સ્વાનુભવ કર્યો છે. સર્વથી ભિન્ન એવા પોતાના આત્માને જ્ઞાયકરૂપે જાણ્યો છે અને જ્ઞાતા ભાવ રૂપે પરિણમે છે. નિર્વિકલ્પ અનુભૂતિ ન હોય ત્યારે અનેક પ્રકારના શુભભાવો અને તેને અનુરૂપ બાહ્ય પ્રવૃત્તિમાં જોડાય છે. પરંતુ અંદરમાં વિવેક છે કેઆટલો પણ શુભભાવ બંધનું જ કારણ છે. તેથી તેવા વિકલ્પને પણ તોડીને સ્વરૂપમાં લીન રહેવા માટે પુરુષાર્થ કરતા રહે છે. આવા જ્ઞાનીના શુભભાવને વ્યવહારનયે મોક્ષમાર્ગ લાગુ પડે છે. અજ્ઞાનીનો શુભભાવ તો એકાંતેબંધનું જ કારણ છે.

ગાથા ૧૫૪ માં દ્રવ્યલિંગી મુનિને સંબોધન છે. તેણે મુનિદીક્ષા લેતા સમયે સ્વરૂપમાં લીન રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. પરંતુ તે કઈ રીતે શક્ય છે. તેની કોઈ ગતાગમ ન હતી. તે શરીર અને તેની બાહ્ય ક્રિયાથી જ મોક્ષ માની બેઠો છે તેથી તે પ્રતિજ્ઞાનું પાલન કરી શકતો નથી. દિગમ્બર સાધુ થવા છતાં તે અનંત સંસારી જ છે.

ગાથા ૧૫૫ માં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યકચારિત્રને જ મોક્ષમાર્ગમાં સ્થાન આપે છે. વળી તે તેજ મોક્ષનું કારણ ગણે છે. એ ગાથામાં નવતત્વનું જ્ઞાન અને તેના શ્રદ્ધાન રૂપે જ્ઞાનનું થવું લખ્યું છે. ત્યાં જ્ઞાનના સ્થાને આત્મા સમજવો. આત્મા પોતે નવતત્વના જ્ઞાન અને શ્રદ્ધાન રૂપે પરિણમે છે. અર્થાત્ નવતત્વોમાં છૂપાયેલી આત્મજયોતિ સુધી પહોંચીને તેનું જ્ઞાન અને તેમાં હુંપણું સ્થાપવા રૂપ શ્રદ્ધાપૂર્વક જે ચારિત્ર અપેક્ષાએ વિભાવનો ત્યાગ કરતો જાય છે અને યથાયોગ્ય બાહ્ય ત્યાગ પણ જેને વર્તે છે. તેવો જીવ મોક્ષમાર્ગી છે અને તે અલ્પકાળમાં મોક્ષ પામે છે. આ અધિકારનો સાર એ છે કે મોટાભાગના જીવોને ભોગવટાનો ભાવ ગમે છે. પરંતુ તે અશુભભાવ છે અને તે ભવિષ્યમાં પ્રતિકૂળ સંયોગો આપશે એવા ખ્યાલપૂર્વક અશુભ ભાવરૂપે પરિણમવું ગમતું હોવા છતાં પોતે તેનાથી દૂર રહેવા માગે છે અને અન્યોને તે પ્રમાણે શિખામણ પણ આપે છે. શુભભાવમાં બે પ્રકાર પડે છે. ભક્તિ વગેરે ભાવમાં હોંશ આવે છે. પરંતુ ઉપવાસરૂપ શુભભાવ કરવા ગમતા નથી. તેમ છતાં ભવિષ્યમાં તેનાથી અનુકૂળ સંયોગો મળશે તેથી તેવી પ્રવૃત્તિમાં જોડાય છે.

શુભાશુભ બંને પ્રકારના ભાવો બંધનું જ કારણ છે. એવો જેને નિર્ણય નથી. શુભભાવથી સુખ મળે છે - ઇન્દ્રિય સુખ મળે છે એવા વચનો જેણે સાંભળ્યા છે અને યુક્તિથી સ્વીકાર્યા છે - અનુભવ્યા છે. એવા જીવો મનુષ્યભવ વ્યર્થ ગુમાવી દે છે. વળી જિનાગમમાં શુભભાવને વ્યવહાર નયે મોક્ષમાર્ગમાં સ્થાન મળે છે. જઘન્ય સાધક શુભભાવના ફળમાં પહેલા સ્વર્ગનું સુખ મેળવે છે અને સ્વભાવના આશ્રયે મોક્ષ પામે છે તેના ટૂંકા કથન રૂપે 'જઘન્ય સાધક શુભભાવ વડે પ્રથમ સ્વર્ગ અનેપછી પરંપરાઓ મોક્ષ પામે છે' એવા જિનાગમના લખાણનો ભાવ ન સમજનારા શુભભાવે પ્રથમ સ્વર્ગ અનેપછી મોક્ષનું કારણ માને છે. આવું માનનારા પોતાનું તો આહિત કરે જ છે પરંતુ તે જિનાગમના ઉપદેશ રૂપ માનીને શ્રોતાઓને પણ ખોટા માર્ગ દોર છે.

વળી સાધકને ભૂમિકા અનુસાર અણુવ્રત કે મહાવ્રત અવશ્ય હોય છે અને તેમાં ક્ષતિ થતા તે પ્રાયશ્ચિત લે છે એવું વાંચીને સાધકે શુભભાવ કરવા જ જોઈએ. અણુવ્રત તથા મહાવ્રતનું પાલનએ સમ્યકચારિત્ર છે વગેરે અનેક પ્રકારના ખોટા ખ્યાલોને કારણે દુ:ખી થાય છે અને બીજાને પણ દુ:ખમાં નિમિત્ત થાય છે. માટે શુભ અને અશુભ બંને ભાવોને આસ્રવ-બંધતત્વમાં સ્થાન મળે છે-મોક્ષમાર્ગમાં નથી. સ્વાશ્રય એક જ મોક્ષનું કારણ છે.

પુણ્ય અને પાપનો સમાવેશ આસ્રવ-બંધ તત્ત્વમાં જ થાય છે. તેમ વિચારતા જીવની સાત પર્યાયની વાત આવે. પરંતુ અધ્યાત્મમાં શુભ ભાવનું સ્થાન છે. તે સમજાવવા માટે બંને અલગરૂપે સમજાવવા માગે છે. અશુભ ભાવ કરવા જેવા નથી એટલી તો વાત સામાન્ય રીતે સર્વ સંમત છે. શુભ ભાવથી સ્વર્ગ અને મોક્ષ બંનેની પ્રાપ્તિ થાય છે એ રીતે જીવોને શુભ ભાવનો એક પક્ષ આગ્રહ હોય છે. તેવા જીવોને શુભ ભાવનું સ્થાન સમજાવવા માગે છે.

| હેતુ કારણ | સ્વભાવ | ફળ | આશ્રય |
|---|---|---|---|
| શુભભાવ | પુણ્યપ્રકૃતિ | અનુકૂળ સંયોગો | મોક્ષમાર્ગ |
| અશુભ ભાવ | પાપ પ્રકૃતિ | પ્રતિકૂળ સંયોગો | બંધ માર્ગ |

અહીં સ્વભાવરૂપે દ્રવ્ય કર્મ લીધા છે તેનું કારણ જીવના વિભાવ ભાવ છે. દ્રવ્યકર્મનું ફળ બાહ્ય સંયોગો છે. અજ્ઞાની જે વાત વિચારે છે તે વાત સાચી છે. તે અશુભભાવને બંધ માર્ગમાં સ્થાપે છે તે પણ યોગ્ય જ છે. માત્ર શુભ ભાવને મોક્ષ માર્ગમાં સ્થાન આપીને શુભ ભાવને મોક્ષનું કારણ - સાધન માને છે. તે મોટી ભૂલ છે. જે બંધનું કારણ હોય તે મોક્ષનું કારણ હોય શકે જ નહીં. આ યુકિત છે તેથી આચાર્યદેવ શુભ અને અશુભ બંનેને બંધ માર્ગમાં સ્થાપે છે. અને તે યોગ્ય જ છે. બંને બંધ અપેક્ષાએ સમાન છે તે વાત યથાર્થ રીતે લક્ષમાં લીધા પછી બેનો તફાવત એમ છે કે અશુભ ભાવથી જીવનું ઘણું અહિત થાય છે, તેની અપેક્ષાએ શુભ ભાવથી અહિત તો છે જ પરંતુ અશુભની સરખામણીમાં ઓછું અહિત છે એમ સમજાવવા માગે છે.

અજ્ઞાનીના શુભ ભાવો તો એકાંતે બંધનું જ કારણ છે તેની અપેક્ષામાં સાધકને સમસ્ત પરદ્રવ્યોના ત્યાગનો ભાવ છે તે અનુસાર જ્ઞાનીનો શુભ ભાવ પણ અંશે ત્યાગના ભાવરૂપ જ છે તેથી શુભ ભાવને વ્યવહારને મોક્ષમાર્ગમાં સ્થાન મળે છે. નિગોદનો જીવ શુભભાવના ફળરૂપે પ્રત્યેક કાય-ત્રસ પર્યાય-સંજ્ઞીપણું અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના યોગને પ્રાપ્ત કરે છે. વળી આ ઉપરાંત સંજ્ઞી જીવને જ્ઞાનનો પણ એવો ઉઘાડ થાય છે કે તે પોતાના હિતનો વિચાર કરીને આત્મ કલ્યાણ કરી શકે છે. શુભ ભાવની મર્યાદા સંયોગો પુરતી મર્યાદિત છે. જ્ઞાનીનો ઉપદેશ પામીને પુરુષાર્થ ઉપાડવો તે શુભ ભાવનું ફળ નથી. તે પાત્ર જીવની પાત્રતા છે. સ્વતંત્ર પુરુષાર્થ છે. જ્ઞાની પુરુષાર્થ વડે કષાયનો અભાવ કરતો જાય છે ત્યારે તે કષાયને યોગ્ય શુભ અને અશુભ ભાવો હોય છે. તે બંનેનો સાથે જ નાશ કરે છે. સાધક દશામાં જે વધતો શુભ ભાવ લક્ષગત થાય છે તે અશુભ ભાવની સાપેક્ષતાથી લક્ષમાં લેવો. શુદ્ધતાની અપેક્ષાએ તો જ્ઞાની શુભ ભાવનો પણ અભાવ જ કરે છે. જ્ઞાનીનો શુભ ભાવ વૈરાગ્ય વધવાનું કારણ બને છે

# કર્તા-કર્મ-અધિકાર

નાટક સમયસારમાં જીવ અને અજીવ એકરૂપે પ્રવેશ કરે છે. જે જીવ અને અજીવ બંને જુદા પડીને ચાલ્યા ગયા હતા તે ફરીને એક કર્તા કર્મનો સ્વાંગ લઈને આવે છે. દૃષ્ટાંત : બે વ્યક્તિઓને અલગ સ્વતંત્ર ધંધા છે જામેલા ધંધા છે. હવે તે બે મળીને એક ફેકટરી ચાલુ કરવા માગે છે. ત્યારે ભાગીદારીની પેઢી શરૂ કરે છે.

વિશ્વમાં નાટકનો સિદ્ધાંત રૂપે અભ્યાસ કરતા સમયે આપણે એક-બે દૃષ્ટાંતોનો મિશ્રણ કરીને સમજીએ એક કારીગર છે પણ નિર્ધન છે અને બીજો આળસુ પૈસાદાર છે. તે બે મળીને કારખાનું શરૂ કરે છે. બીજા દૃષ્ટાંતમાં એક યુવરાજ છે પરંતુ માત્ર દસ વર્ષની ઉંમર છે. તે રાજા બને છે પરંતુ પુખ્ત ન થાય ત્યાં સુધી દીવાન રાજ્ય ચલાવે છે. શાસ્ત્રમાં બાળલગ્નનો દૃષ્ટાંત આવે છે. પરંતુ દીકરી પુખ્ત થાય પછી સ્વસુર ગૃહે જાય છે. અજ્ઞાની પણ જીવ જ છે પરંતુ તે જે પ્રકારનું જીવન જીવે છે તે પરાધીન રૂપનું છે. ત્યાં બાળ રાજા અને દીવાનનું દૃષ્ટાંત યોગ્ય છે.

અસ્તિ-નાસ્તિને બાધા ન આવે એ રીતે સાદશ્ય અસ્તિત્વ સમજવા જેવું છે. એ નિર્દોષ સંબંધો સમજવા મુશ્કેલ હોવા છતાં સહજ સ્વાભાવિક છે માટે સમજવા સુગમ છે. પરંતુ પંચ પરાવર્તન અને ચારગતિ રૂપ અનાદિથી અનંતકાળ સુધીનું નાટક સમજવું જરા પણ સહેલું નથી. અનેક પ્રકારના નિ.નૈ.સંબંધો તથા તેને નયવિભાગથી સમજવાનો પ્રયત્ન કરનારાઓ બધા એવી ઈન્દ્રજાળમાં ફસાય છે કે અનંતકાળથી નીકળી શકતા નથી. પ્રવેશ નયજ્ઞાનમાંથી જ મળે છે પરંતુ નય વડે વસ્તુના પારને પામી શકાતું નથી. પ્રમાણ જ્ઞાન જ જ્ઞાન છે. તેમાં બંને નયોના જ્ઞાન આવી જાય છે. પરંતુ બે નયનું જ્ઞાન એ પ્રમાણ જ્ઞાન નથી. નયાનિકાંત થવું પડે છે. નયનો પક્ષપાત છોડવો પડે છે વસ્તુ સ્વરૂપ તેનું અનેકાંત સ્વરૂપ એવું છે કે બધી દૃષ્ટિને સો ટકા આપ્યા પછી વસ્તુ પણ સો ટકા રૂપ જ છે.

જૈન તત્વ દર્શનના પાંચમાં ભાગમાં - છેલ્લો વિષય એક અનોખી નાટકમંડળી હતી. ત્યાં બધા વારાફરતા દિગ્દર્શક થાય છે. એમ લઈને છોડી દીધું હતું. અજ્ઞાની કયારેક પોતાને સંયોગ તથા શરીરને આધીન અનુભવે છે. અજ્ઞાતકર્મની ભીતિથી ભયભીત છે. કયારેક તે પોતાને પુદ્‌ગલનો સ્વામી માને છે.જ્ઞાનીના વચન છે કે 'જીવના ભાવની સાથે કુદરત બંધાયેલી છે' આ કર્તા કર્મ અધિકારને યોગ્ય રીતે સમજવાની આખું ચિત્ર સ્પષ્ટ થાય છે. હવે પછી આવનારા પુણ્ય-પાપ, આસ્રવબંધ તથા સંવર નિર્જરા બધા અધિકારોની યોગ્ય સમજણ થાય છે.

શુદ્ધાત્માના સ્વરૂપને યોગ્ય રીતે સમજાવવા માટે અને પાત્ર જીવ ત્યાં સુધી પહોંચે તે માટે આચાર્ય દેવ નવતત્વના અભ્યાસ કરાવે છે.આ કર્તા ક્રમે અને છેલ્લા સર્વ વિશુદ્ધજ્ઞાન અધિકારને નવતત્વમાં કયાંય સ્થાન નથી. છતાં તેને આ શાસ્ત્રમાં સ્થાન આપ્યું, એક અપેક્ષાએ કર્તા કર્મ પ્રવૃત્તિએ પ્રથમ ગુણ સ્થાન છે. અજ્ઞાન દશા, બહિરાત્મ તત્વ છે અને સર્વ વિશુદ્ધજ્ઞાન અધિકારએ પરિણમતા જીવ સુધી પહોંચી તેમાં છુપાયેલી આત્મજ્યોતિ સુધી પહોંચવાનું સાધન છે. તેથી આ બે અધિકાર વચ્ચે પુણ્ય-પાપાદિ સાત અથવા આસ્રવ બંધ રૂપ પાંચ પર્યાયોના વર્ણન

લીધા છે. દરેક દ્રવ્યને જ્યારે પણ જોવામાં આવે ત્યારે તે તેની એક પર્યાયરૂપે જ લક્ષમાં આવે છે તેમાં આ દ્રવ્ય અને આ પર્યાય-દ્રવ્યનિત્ય અનેપર્યાય અનિત્ય એ જ રીતે ભેદએ લંબાવતા દ્રવ્ય અને પર્યાય વચ્ચે વ્યાપ્ય-વ્યાપક સંબંધ છે. જ્યાં એવો સંબંધ છે ત્યાં જ કર્તા કર્મ અને ભોક્તાભોગ્ય સંબંધ છે. આ પ્રકારની .નિર્દોષ વ્યવસ્થા દરેક પદાર્થમાં હોય છે. તેને અભિન્ન કારક કહેવામાં આવે છે. તે વસ્તુનું અનેકાંત સ્વરૂપ છે.

બે સ્વતંત્ર પદાર્થો વચ્ચે ક્યારેય આ પ્રકારના વ્યાપ્ય-વ્યાપક સંબંધ શક્ય નથી. તે ન હોવાથી બે પદાર્થો વચ્ચે કર્તા-કર્મ કે ભોક્તા ભોગ્ય સંબંધ અશક્ય છે. અજ્ઞાની જીવને દરેક પદાર્થની ભિન્ન તદન સ્વતંત્ર સત્તા માન્ય નથી. તે પોતાને વિશ્વનો માલિક માને છે અને બાહ્ય વિષયોને ભોગોપ ભોગોની સામગ્રી માનીને જીવન જીવે છે. જે અશક્ય છે તે પોતાને માટે સુલભ છે. એવા ભ્રમમાં તે પોતાનું જીવન વ્યતીત કરે છે વ્યર્થ ગુમાવે છે. અજ્ઞાનીઓનો જીવન પ્રવાહ તે અજ્ઞાનીની કર્તા-કર્મ પ્રવૃત્તિ છે. તેના અભિપ્રાયમાં ભિન્ન કારકો સ્થાન પામે છે તે અભિન્ન કારકને માન્ય નથી રાખતો. દરેક પદાર્થ પોતાનું પ્રભુત્વ સલામત રાખીને વિશ્વવ્યાપી નિર્દોષ સંબંધમાં આવી શકે છે. તે વાસ્તવિકતા તે સમજી શકતો નથી.તેથી તેનો અમલ કરી શકતો. આ અજ્ઞાનીનું અજ્ઞાન છે. મિથ્યા જ્ઞાન છે.

દ્વિક્રિયા વાદ એ શું છે ? એક દ્રવ્ય પોતાનું કાર્ય પણ કરે અને બીજાના કામ પણ કરે. વળી એક પરિણામ કરવા માટે બે પદાર્થોની આવશ્યકતા રહે. જેમ કે એક હાથે તાળી ન પડે. આપણે બીજાને શક્ય હોય તેટલી મદદ કરવી જોઈએ વગેરે... જીવના પરિણામમાં જ્ઞાન અને રાગ બંને સાથે જોવા મળે છે. તેમાં રાગ પરાશ્રયે થતો હોવાથી તેનો નિષેધ કરવામાં આવે છે. જાણપણું જીવનો સ્વભાવ હોવાથી તેનો સ્વીકાર કરવામાં આવે છે. આ રીતે કર્તા-કર્મ અધિકારની શરૂઆત કરવામાં આવી છે. આખા અધિકારમાં તેનું વિસ્તૃત વર્ણન છે. તે કરોતિ ક્રિયા છે. જે જીવને અનંતસંસારનું કારણ બને છે. તેથી હેય છે. જ્ઞપ્તિ ક્રિયા સ્વભાવભૂત છે. તે સાચા સુખનું કારણ છે. તેને અનુસરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ અધિકારની છેલ્લી ચાર ગાથાઓ ૧૪૧ થી ૧૪૪ માં જ્ઞાનનો વિષય લેવામાં આવ્યો છે. અધિકારની શરૂઆતમાં જે જ્ઞાનનો નિષેધ કરવામાં આવ્યો ન હતો તે જ્ઞાનનો હવે નિષેધ કરે છે. અજ્ઞાનીનું જ્ઞાન-અજ્ઞાન છે. મિથ્યાજ્ઞાન છે. તેને સ્વ પરના અત્યંત ભિન્નપણાનો વિવેક નથી. અજ્ઞાનીને કુમતિ અને કુશ્રુત જ્ઞાન છે. જીવ અને કર્મ વચ્ચેના સંબંધને લક્ષમાં રાખીને આ ચાર ગાથાઓ છે. સમયસાર ગાથા. ૧૪ અને ૧૫નું અનુસંધાન મેળવીને આ ગાથાઓ સમજાવી રહી. આત્માનો સ્વભાવ અબદ્ધ સ્પૃષ્ટ છે. પરંતુ પર્યાયમાં બદ્ધ સ્પૃષ્ટપણું છે. કર્મો જીવની સાથે બંધાતા આવ્યા છે અને સ્થિતિપૂર્ણ થતાં છૂટતા આવ્યા છે. આ બધો પરાશ્રિત વ્યવહાર છે. જીવ અબદ્ધ સ્પૃષ્ટ છે તે નિશ્ચય નયનું કથન છે. જીવ અને કર્મ વચ્ચે ઉભયબંધ છે. તે વ્યવહાર કથન છે. અજ્ઞાનીની આ ભૂમિકા છે.

અજ્ઞાનીના અજ્ઞાનમય પરિણામને ભેદથી વિચારતા ત્યાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે. તેનો વિસ્તાર કરીએ તો અજ્ઞાનીના શ્રદ્ધા અને ચારિત્રમાં વિપરીતતા છે. તે કર્તા-કર્મ પ્રવૃતિ છે. કરોતિ ક્રિયા છે અને અધિકારની શરૂઆતમાં તે ક્રિયાને પરાશ્રયે થયેલી ક્રિયા દર્શાવીને તેનો નિષેધ કર્યો છે. જ્ઞાનમાં એવી વિપરીતતા નથી

જ્ઞાનમાં માત્ર આવરણ છે. નિમિત્તની અપેક્ષા લેવામાં આવે ત્યારે અજ્ઞાનમય પરિણામોમાં કર્મના ઉદયની સાપેક્ષતા છે. તેથી તે પરિણામોને ઔદયિકભાવ કહેવામાં આવે છે. તેના અભાવની પ્રક્રિયાને કર્મના ઉપશમનું નિમિત્ત છે તેથી તે જીવના પરિણામને ઔપશમિક ભાવ કહેવામાં આવે છે. જીવના પાંચ ભાવનો વિચાર કરીએ ત્યારે ઔદયિકાદિ ચાર ભાવોને પર્યાયમાં-વ્યવહારમાં સ્થાન છે. જ્ઞાનનો અલગથી વિચાર કરતાં ત્યાં માત્ર ક્ષયોશમિક અને ક્ષાયિક ભાવ જ છે. ઉદય-ઉપશમ ભાવ નથી.

ગાથા ૧૪૧ થી ૧૪૪ માં નય જ્ઞાન અને નયપક્ષ વચ્ચેનો તફાવત દર્શાવ્યો છે. અજ્ઞાની જીવોમાં નિશ્ચયાભાસી અને વ્યવહારાભાસીનો સમાવેશ થાય છે. આ રીતે અજ્ઞાનીના બધા પરિણામ અજ્ઞાનમય ગણવામાં આવ્યા છે. આ રીતે અધિકારની શરૂઆતમાં જે જ્ઞાનનો નિષેધ કરવામાં આવ્યો ન હતો. તે જ્ઞાનને હવે નિષેધવામાં આવે છે. નય પક્ષ છોડીને નયાતિકાંત થવાનું ફરમાન છે.

આ રીતે આ અધિકારમાં અજ્ઞાનીની કર્તા-કર્મ પ્રવૃતિને વિસ્તારથી સમજાવી છે. જીવ પોતે ભાવકર્મ રૂપે વિભાવભાવ રૂપે પરિણમીને કર્મને બાંધે છે અને ભવિષ્યમાં એ જ કર્મના ઉદયને અનુસરીને વિભાવ કરે છે. આ પ્રવૃતિ માત્ર શ્રદ્ધા અને ચારિત્રના પરિણામ સુધી સિમીત નથી પરંતુ પરમાર્થે અજ્ઞાની જીવ જ જવાબદાર છે. અજ્ઞાનીનું અજ્ઞાન જ કારણભૂત છે અને જયારે તેનો ભેદથી અભ્યાસ કરીએ શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર ત્રણે ગુણોના પરિણામો વિપરીત છે. નાટકના ભાગથી વિચારતા જીવ અને કર્મ એકરૂપે પ્રગટ થયા હતા. તે બંને તદન જુદા પડીને નેપથ્યમાં ચાલ્યા ગયા.

મિથ્યાજ્ઞાન-અજ્ઞાનનું સ્વરૂપ શું છે એ સમજવા માટે ઉપરોક્ત ગાથાઓ કર્તા-કર્મ-અધિકાર સહાયક થાય છે. બહિરાત્મા દશા અનાદિની છે. જીવ-મોહ-રાગ-દ્વેષ રૂપ જીવના પરિણામોનો મોહનીય કર્મ સાથેના નિયમભૂત નિ.નૈ. સંબંધો. એ જ વિભાવ દ્વારા અઘાતિકર્મો સાથે તથા અઘાતિકર્મોદય અનુસાર સંયોગ રૂપ શરીર અને સંયોગો આ બધું આ જ રીતે અનાદિનું છે. અજ્ઞાની જીવ શરીરમાં હુંપણું રાખીને બાહ્ય સંયોગો મેળવવા ભોગવવા તથા સંયોગોને દૂર કરવા પ્રયત્ન કરતો આવ્યો છે. અજ્ઞાની ધારાપ્રવાહ રૂપે આ પ્રમાણે પરિણમી રહ્યો છે. આમાં જ્ઞાન ગુણ અને જ્ઞપ્તિ ક્રિયાનું સ્થાન શું છે ? અજ્ઞાની જીવ પ્રત્યેક સમયે ઇન્દ્રિયને સાધન બનાવીને એક પુદ્‌ગલ સ્કંધની એક સમયની સ્પર્શાદિ એક ગુણની પર્યાયને જાણે છે. જ્ઞેય જ્ઞાયક સંબંધથી જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર લક્ષગત થાય છે. આવી નિગોદ દશામાં જીવ ઘણો સમય વ્યતિત કરે છે. તે જીવને કોની સાથે કેવા પ્રકારના સંબંધો છે. તેની કાંઇ ગતાગમ નથી. આ એનું અજ્ઞાન છે. અર્થાત્ અજ્ઞાની જીવ અજ્ઞાન-મિથ્યા જ્ઞાન રૂપે પરિણમે છે.

હવે જીવની પર્યાયમાં જ્ઞાન અને શ્રદ્ધા-ચારિત્રના પરિણામ સાથેના સંબંધો કઇ રીતે રહેલા છે. જીવ અને શરીર એક ક્ષેત્રાવગાહ રૂપે જીવન પર્યાત રહે છે. શરીર અને દ્રવ્યેન્દ્રિયો સ્વતંત્રપણે પરિણમી રહેલ છે. દ્રવ્યેન્દ્રિયો તેના વિષયરૂપ સંયોગોની રૂપી પર્યાયો સાથે મેળવિશેષરૂપે નાચી રહે છે. આ બિંબ-પ્રતિબિંબ સંબંધ જેવો જ સંબંધ છે. અર્થાત્ આંખ છે તે રંગ અને આકારનોઅરીસો છે. કાન-ધ્વનિનો અરીસો છે. આ પ્રકારના સંબંધમાં જ્ઞાનને કોઇ સંબંધ નથી. પરંતુ એક ક્ષેત્રાવગાહ રૂપ રહેલા શરીરની આ ક્રિયાને જ્ઞાન જાણે છે. અજ્ઞાની જીવે શરીરમાં હુંપણું માન્યું છે તેથી આ ઇન્દ્રિયોના કાર્યને તે પોતાનું કાર્ય માને છે. દ્રવ્યેન્દ્રિય અને તેના વિષયરૂપ પદાર્થો વચ્ચેના સંબંધને કારણે તે બાહ્ય સંયોગો ખરેખર દ્રવ્યેન્દ્રિયમાં અર્થાત્ શરીરમાં આવી ગયા એવું જણાય છે. અજ્ઞાની જીવ રાગના ભાવ વડે આ બધું ભોગવે છે અને પોતાની ઇચ્છા અનુસાર તેમાં ફેરફાર કરે છે. પરંતુ પરદ્રવ્યોમાં જીવની કોઇ સત્તા પડતી નથી. તેથી અજ્ઞાની જીવ પોતે મોહ-રાગ-દ્વેષ કર્તા-કર્મ પ્રવૃત્તિ કરે છે અને તે પરિણામોનું ફળ દુઃખ અનુભવે છે. જ્ઞાનના સ્વભાવનો વિચાર કરીએ ત્યારે તે સર્વજ્ઞ સ્વભાવી છે. જ્ઞાન સ્વપર પ્રકાશક છે. પરંતુ તે જ્ઞાન-મોહની અસર નીચે પોતાને જાણતું નથી. પોતાને જાણતું નથી તેથી તેને સ્વપરના જુદાપણાનો વિવેક નથી. વળી, જ્ઞાનની વિષયોને જાણવાની શક્તિ પણ અવરાઇ ગઇ છે. મોહ-રાગ-દ્વેષ રૂપ વિપરીત પરિણતિને અનુસરવાથી જ્ઞાન પણ મિથ્યાજ્ઞાન નામ પામે છે.

ગાથા ૯૪ માં જીવ મોહનીય કર્મોદય સાથે નિ.નૈ. સંબંધ રૂપે ભાવ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ રૂપે પરિણમે છે. -અર્થાત્ તે પોતાને કર્મરૂપ કરે છે. જેમ શરીર રૂપ પોતાને માને છે તેમ પોતે પોતાને કર્મરૂપ કરે છે. ગાથા ૯૫ માં ધર્મ શબ્દ દ્વારા તે પોતાને અન્ય પાંચ દ્રવ્ય રૂપ માને છે. દોષ, શ્રધ્ધા અને ચારિત્રનો છે. પરંતુ પરદ્રવ્ય જ્ઞાનમાં જણાયું તો

આ સ્થિતિ થઈ એમ દર્શાવીને દોષનો ટોપલોનો જ્ઞાન ઉપર નાખે છે- દૃષ્ટાંત અંધેરી નગરીના છે. ચોર ચોરી કરવા આવ્યા હતા અને ભીંત પડતા દબાઈને મરી ગયા – ત્યાં ચોરી કરવા કેમ ગયો હતો તેમ પૂછવાને બદલે એકબીજા ઉપર દોષારોપણ કરતાં-કરતાં રસ્તામાં નીકળેલી વ્યક્તિનો દોષ નક્કી કર્યો.

અનાદિની આ સ્થિતિ છે તેમાં કોઈનો દોષ ગણી ન શકાય. પરંતુ સંજ્ઞી જીવ જયારે જ્ઞાની ગુરુ ગમે વસ્તુની વાસ્તવિકતાને લક્ષમાં લે છે ત્યારે તેને ખ્યાલ આવે છે કે જ્ઞાન મોહ-રાગને અનુસરે છે તે દોષ છે. જ્ઞાનની પર્યાય જો પોતાના સર્વજ્ઞ સ્વભાવને અનુસરે તો તેના જોરમાં સર્વજ્ઞ પર્યાય પ્રગટ કરવા ઉદ્યમી થાય. આ કાર્ય કેવી રીતે થાય ? સ્વ અને પરના અત્યંત ભિન્નપણાને લક્ષમાં લઈને મિથ્યાત્વ એ જ દોષ છે. એમ સાબિત કરે છે. જ્ઞાન ગુણ ભેદને ગૌણ કરીને જીવને જ સીધી રજુઆત કરે છે. કારણ કે ખરેખર તો જીવને પોતાને જ સંસારની રુચિ છે અને તે અનુસાર જ બધા ગુણો પરિણમે છે.

**હવે આ જ વિષયને પ્રશ્નોત્તર રૂપે વિશેષ સ્પષ્ટ કરીએ :**

શિષ્ય : પ્ર.-૧ હું કેરીને જાણું છું. કેરીને ખાઉં છું – અને સુખ અનુભવું છું એમાં શું ખોટું છે ?

ગુરુ : ઉ.-૧ એક અપેક્ષાએ બધું ખોટું છે. એક પક્ષે જીવ છે અને સામે પક્ષે આખું વિશ્વ છે. જીવ બાહ્ય સમસ્ત પદાર્થોથી અત્યંત ભિન્ન છે. તે સાચું છે. પરમાત્મા પ્રત્યેક સમયે આખા વિશ્વને જાણે છે તે પણ સાચું છે. આ સિવાય જે કાંઈ છે તે બધું ખોટું છે.

શિષ્ય : પ્ર.-૨ તમે સમુચ્ચયરૂપે જવાબ આપ્યો. સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાન વડે આખા વિશ્વને જાણે છે, તે માન્ય છે. પરંતુ મારો પ્રશ્ન ફરી દોહરાવું તો હું કેરીને જાણું છું – એમાં શું ખોટું છે ?

ગુરુ : ઉ.-૨ પ્રથમ તું સમજાવ કે તારું હુંપણું ક્યાં છે ? સંભવિત જવાબોમાંથી પસંદ કરે

(૧) શરીરમાં, (૨) જીવ અને શરીરના સંયોગી એકત્વમાં, (૩) રાગી જીવમાં, (૪) અલ્પજ્ઞ જીવમાં, (૫) સર્વજ્ઞ સ્વભાવી જીવમાં.

૧. જો તારું હુંપણું શરીરમાં છે તો તું સર્વથા ખોટો છો.

૨. જો તારું હુંપણું સંયોગી એકત્વમાં છે – તો તે કાયમી સત્તા નથી. જીવ એ જ રહે છે અને શરીર પણ એક સત્તા નથી. શરીર એ સ્કંધ છે, તે સ્કંધ જેનાથી રચાયો છે. તે પરમાણુઓ નિરંતર બદલાયા કરે છે.

૩. જો તારું હુંપણું રાગી જીવમાં છે તો વિશ્વમાં કોઈ રાગી જીવો – અસલ સ્વભાવ રૂપ છે જ. વળી રાગ-અભેદપણે અજ્ઞાની જીવ – જીવ કાયમી નથી. અવ્યાપ્તિ દોષ આવે છે. અર્થાત્ પરમાત્મા વીતરાગ છે અને અજ્ઞાની પણ નથી.

૪. જો તારું હુંપણું અલ્પજ્ઞ જીવમાં છે. તો તે પણ યોગ્ય નથી. કારણકે વિશ્વમાં કોઈ અલ્પજ્ઞ સ્વભાવી જીવો છે જ નહીં અલ્પજ્ઞ તે દશા છે. સ્વભાવ નથી. વળી, રાગ જેમ શાશ્વત નથી. તેમ અલ્પજ્ઞતા પણ શાશ્વત નથી. પરમાત્મા દશા – કેવળ જ્ઞાન પ્રગટ થતાં અલ્પજ્ઞતા નાશ પામે છે.

૫. જો તું કહે કે હું સર્વજ્ઞ સ્વભાવી છું તો તારો એ જવાબ સાચો છે. ઉપરોક્ત ચાર વિકલ્પની અપેક્ષાએ આ જવાબ સાચો હોવા છતાં જે આ પ્રમાણે જવાબ આપે છે તે જુઠો છે. કારણકે જે પોતાને સર્વજ્ઞ સ્વભાવી માને છે. તે એક બાહ્ય વિષયને ભોગવે અને સુખ અનુભવે તે શક્ય જ નથી.

શિષ્ય : મેં જે વાત કરી તેમાં મારા શરીર સાથેના સંબંધની તથા સંયોગો સાથેના સંબંધની વાત કરી છે. તેમાં કર્મ તંત્ર વચ્ચે આવે છે ? હું કર્મને જાણતો જ નથી પછી સંબંધમાં આવવાનો પ્રશ્ન જ નથી.

ગુરુ : સારો પ્રશ્ન કર્યો. અજ્ઞાની જે જાતનું જીવન જીવે છે. તેમાં કર્મો જ મુખ્ય ભાગ ભજવે છે. કર્મોએ પોતાની જાળ અનાદિકાળથી પાથરી રાખી છે અને જીવ તેમાં ફસાયેલાં છે.

શિષ્ય : પારધી જેમ જાળ બીછાવે તેવી વાત કરો છો ?

ગુરુ : છે તો એમ જ. ઘાતિ અને અઘાતિ એમ બે પ્રકારના દ્રવ્યકર્મો અનાદિથી કાર્યરત છે. અઘાતિ કર્મોદય અનુસાર શરીર બને છે અને સંયોગો મળે છે. શરીરની સ્વતંત્ર રચનામાં નામ કર્મ નિમિત્ત છે અને સંયોગોમાં વેદનીય કર્મો મોહનીય કર્મ તે મુખ્ય સુત્રધાર છે. તે જીવને પોતાના તરફ આકર્ષે છે અને જીવ તેના તરફ ખેંચાઈ જાય છે.

શિષ્ય : કેટલાક ફૂલ ઢાંકણાવાળી ડબી જેવા છે. અંદર રસ ભર્યો હોય છે. જેથી કોઈ ભમરો કે પતંગીયું તે રસ ચાખવા અંદર જાય તો ઢાંકણું બંધ થઈ જાય અને તે ફૂલ તેને ખાય જાય.

ગુરુ : મોહનીય કર્મના બે ભેદ છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. જીવ તેમાં જોડાઈને મોહ-રાગ-દ્વેષ રૂપે પરિણમે છે – આવા નિયમભૂત નિ.નૈ. સંબંધોને નિમિત્ત માત્ર કરીને જીવ શરીરમાં હુંપણું કરે છે. બાહ્ય વિષયોને ભોગ-ઉપભોગની સામગ્રી માને છે. તેને ભોગવતા સુખ દુઃખ થાય છે. આ બધું મિથ્યાત્વ અનુસાર થાય છે. રાગ-દ્વેષ રૂપ ચારિત્રના પરિણામ બાહ્ય એક વિષયને ભોગવવામાં નિમિત્ત થાય છે.

આ રીતે મોહનીય કર્મ જીવને સ્વભાવથી વિમુખ કરીને અઘાતિ કર્મોદય અનુસાર પ્રાપ્ત શરીર અને સંયોગોની દુનિયામાં ધકેલી દે છે. અર્થાત્ ચાર ગતિ પરિભ્રમણમાં કર્મ તેના નિમિત્તનો ભાવ ભજવે છે.

શિષ્ય : એનો અર્થ એ થયો કે જોકે કર્મો જણાતા નથી. તો પણ તેનું સ્વરૂપ શું છે અને તે કઈ રીતે જીવના પરિણામમાં મહત્વનો ભાગ ભાજવે છે. તેની સ્પષ્ટ જાણકારી મળી શકે છે. મોહનીય કર્મ અને અજ્ઞાનીના મોહ-રાગ-દ્વેષ રૂપ પરિણામો વચ્ચે નિયમભૂત નિ.નૈ. સંબંધ છે. તેના કારણે જીવ અનાદિકાળથી સંસાર

પરિભ્રમણ કરે છે. હવે બે પ્રશ્ન ઉઠે છે – આ પ્રકારનો નિ.નૈ. સંબંધ કઈ રીતે અટકે ? બીજો પ્રશ્ન એ છે કે જિનાગમ જે રીતે નિમિત્તને મહત્વ નથી આપતું – જે કાંઈ થાય છે તે ઉપાદાન અનુસાર જ થાય છે તો આવા નિમિત્તનું જ્ઞાન કરવાથી શું લાભ થાય ?

ગુરુ : તેં વિચારીને અગત્યનો મુદ્દો ઉઠાવ્યો છે. જિનાગમ એ વાત સ્પષ્ટપણે સમજાવવા માગે છે કે જે કાંઈ કાર્ય થાય છે તે ઉપાદાન અનુસાર જ થાય છે. અર્થાત્ જીવ કે પુદ્ગલ – બધા દ્રવ્યો સ્વતંત્રપણે પરિણમે છે. તે પરિણામને અનુકૂળ જે અન્ય દ્રવ્યના પરિણામ લક્ષગત થાય છે તેને નિમિત્ત ગણવામાં આવે છે. જે સંસાર તત્વ છે. – અસમાનજાતિયદ્રવ્યપર્યાય છે. તેમાં જીવ જ પુદ્ગલની દુનિયામાં ભમવા જાય છે. તે વિસ્તારથી સમજીએ તો જીવ સર્વજ્ઞ સ્વભાવી છે – જ્ઞાન સ્વપર પ્રકાશક છે. જીવ જાણનાર થઈને આખા વિશ્વને વિશ્વથી જુદો રહીને જાણે તે સ્વભાવભૂત કાર્ય છે.– જ્ઞાનમાં પરને જાણવાની શક્તિ છે. તેનો દુરોપયોગ કરીને અજ્ઞાની જીવ – જ્ઞાનની પર્યાયને મજબૂર કરીને પોતે જે વિષયને ભોગવવા માગે છે. તેટલા પુરતું જ જ્ઞાન જાગૃત કરે છે.

શિષ્ય : આપણે સ્વીચ ચાલુ કરીને મોબાઈલ ચાર્જ કરાવીએ છીએ તે ઈલેક્ટ્રીકસીટી વપરાય છે. તે આવે છે તો પાવરહાઉસમાંથી જ એના જેવી વાત થઈ. અર્થાત્ અજ્ઞાનીને પરને જાણવાનું મહત્વ નથી બાહ્ય વિષયને ભોગવવાનું જ મહત્વ છે. અજ્ઞાની જીવ બહાર જઈ શકતો નથી તેથી તે જ્ઞાનને સાધન બનાવીને બહાર પહોંચી જાય છે.

ગુરુ : તારો તર્ક સાચો છે, પરંતુ તે સંપૂર્ણ સત્ નથી. તેથી ફરી વિચારીએ.

શિષ્ય : મારા તર્કનો સ્વીકાર કર્યા બાદ પણ તમે તેની ના પાડવા માગો છો. કારણ કે જો વિભાવરૂપે પણ જીવ બહાર ન જઈ શકે તો સંસાર પરિભ્રમણ શક્ય નથી. સર્વજ્ઞની પર્યાય પણ જીવને માટે જ છે. તે પણ પોતાના અસંખ્ય પ્રદેશમાં જ સ્થિત છે. તો પછી અલ્પજ્ઞ પર્યાય પણ પોતાનું સ્વક્ષેત્ર છોડતી નથી. પરંતુ જ્ઞે.જ્ઞા. સંબંધ થતા કેમ જાણે જ્ઞેય જ્ઞાનમાં આવી ગયા એવું ભાસે છે. અર્થાત્ જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર દેખાય છે. ત્યારે પણ પરજ્ઞેય તો જુદા જ છે. એનો અર્થ એ થયો કે મેં જે શરીરમાં હુંપણું કર્યું તે સાચા શરીરમાં નહીં પરંતુ શરીરના જ્ઞેયાકારરૂપે પરિણમેલી જ્ઞાનની પર્યાયમાં આ વાસ્તવિકતાને લંબાવવામાં આવે તો જેમ શરીર જુદું છે. તેમ સંયોગો પણ ભિન્ન ક્ષેત્રે જ રહેલા છે.

ગુરુ : સાચી વાત છે પરમાર્થે અજ્ઞાની જીવ – રાગ મિશ્રિત જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયને ભોગવે છે. બાહ્ય વિષયોને નહીં.

શિષ્ય : જે વાત શરીર અને સંયોગોને લાગુ પડે છે એ જ વાત દ્રવ્યકર્મોને લાગુ પડે છે. એનો અર્થ એ થયો કે અજ્ઞાની જીવ સ્વતંત્રપણે કર્તા થઈને મોહ-રાગ-દ્વેષ રૂપે પરિણમે છે.તેના આઉપાદાનકાર્યમાં મોહનીય કર્મોદય અનુકૂળ છે તેથી તેને નિમિત્ત ગણવામાં આવે છે.

ગુરુ : એ જ પ્રમાણે કાર્મણ વર્ગણા સ્વતંત્રપણે દ્રવ્યકર્મરૂપે પરિણમે છે ત્યારે ત્યાં કોઈ એક જીવની વિભાવ પર્યાય - (તે કર્મની રચનાને અનુકૂળ હોવાથી) નિમિત્ત છે.

શિષ્ય : આખું ચિત્ર સ્પષ્ટ થયું. જીવ અને પુદ્ગલ-બંનેનું સ્વતંત્ર પરિણમન છે. જેને અસ્તિ-નાસ્તિરૂપ સિદ્ધાંતનો ખ્યાલ નથી. એવા અજ્ઞાની જીવો-દ્રવ્ય કર્મ-શરીર અને સંયોગો એ બધા સાથે પોતાનું એકપણું માને છે. બધા પુદ્ગલો સ્વતંત્ર પણે પરિણમે છે અને અનેક પ્રકારના નિ.નૈ. સંબંધથી જોડાયેલા છે. અનેક પ્રકારના સ્કંધો-વર્ગ-વર્ગણા આ રીતે જ બને છે અને વિખરાય છે.

અજ્ઞાની જીવ વિભાવ રૂપે પરિણમીને - પુદ્ગલો સાથે નિ.નૈ. સંબંધમાં આવે છે. પરમાત્મા જ્ઞાતા ભાવ રૂપે પરિણમીને વિશ્વ સાથે નિર્દોષ જ્ઞે.જ્ઞા. સંબંધમાં આવે છે. જે વાત પરમાત્મા માટે સાચી છે એ જ વાત જ્ઞાની પણ સાચી જ છે. એટલે કે સાધકને જ્ઞાતા ધારા ઉગ્ર થતી જાય છે. તેમ વિભાવ પરિણામો ક્ષીણ થતાં જાય છે. મેં જે પ્રથમ પ્રશ્ન કર્યો હતો કે "આમાં શું ખોટું છે ? તેનો હું જ હવે જવાબ આપું છું કે તેમાં બધું જ ખોટું છે" કર્તા કર્મ અધિકારની શરૂઆત જ એ રીતે કરે છે કે જ્ઞાનક્રિયાનો નિષેધ નથી કારણ કે આત્મા અને જ્ઞાનને તાદાત્મ્ય સિદ્ધ સંબંધ છે અજ્ઞાની પોતાને અને દ્રવ્ય કર્મ વચ્ચે તાદાત્મ્યપણું માનીને કર્મને અનુરૂપ પોતાની કર્તા કર્મ પ્રવૃત્તિ કરે છે.આ સંયોગ સિદ્ધ સંબંધ છે અને આકૂળતા - અર્થાત્ દુઃખ સાથે સંકળાયેલ છે માટે તેનો નિષેધ કરવામાં આવે છે.

કર્તા કર્મ પ્રવૃત્તિ શું છે ? જીવના દ્રવ્ય કર્મ સાથેના નિયમભૂત નિ.નૈ. સંબંધોએ કર્તા કર્મ પ્રવૃત્તિ છે. પરંતુ અજ્ઞાનીને તેનો ખ્યાલ નથી. તે તો માને છે કે હું પર પદાર્થોને મારી ઇચ્છા મુજબ ફેરવી શકું છું અને ભોગવી શકું છું તેની તે માન્યતા સદંતર જૂઠી છે. તે જ સમયે જીવ પોતાના વિભાવ પરિણામને કરે છે અને દુઃખને ભોગવે છે.

જીવના વિભાવભાવની અસર તમને શરીર અને સંયોગોમાં જોવા મળે છે. અજ્ઞાની જીવને પનારો તો દ્રવ્યકર્મ સાથે છે પરંતુ તે જોવા મળે છે બાહ્યમાં. અજ્ઞાની જીવ જે પ્રકારે પોતાનું જીવન જીવે છે. શરીર અને સંયોગોના સંગમાં એ પણ એક વાસ્તવિકતા જ છે. માત્ર કલ્પના નથી. જીવ અને દ્રવ્યકર્મ બંનેએ સાથે મળીને આનું આયોજન ભૂતકાળમાં કર્યું હતું તે પ્રમાણે વર્તમાનમાં બની રહ્યું છે. કર્મ સાથેનું આ પ્રકારનું આયોજન જીવ નિરંતર કરી રહ્યો છે. તેથી અનાદિનો સંસાર ચાલુ છે. જીવ મોહ-રાગ-દ્વેષ રૂપે પરિણમે છે તે અનુસાર સંસાર છે. જીવના આ વિભાવભાવને મિથ્યાત્વ-અવિરમણ-કષાય અને યોગ એ ચાર રીતે પણ ઓળખાવાય છે. તેથી એ ચાર પણ આસ્રવો છે. તે ચારના પેટા ભેદ કરીએ તો તેર ગુણ સ્થાનો થાય છે. જીવ અસંખ્ય પ્રકારના વિભાવો કરે છે. તે દરેક પરિણામ સાથે મેળ વિશેષરૂપે એટલા જ દ્રવ્યકર્મો છે. વળી તે વિભાવમાં પ્રત્યેક વિભાવને વિશ્વના અનંત પદાર્થો સ્કંધો સહિત સાથે સંબંધ છે. આ રીતે અજ્ઞાની પણ પ્રત્યેક સમયે વિશ્વવ્યાપી સંબંધમાં રહેલો છે. જીવ વિશ્વનો સભ્ય છે તેથી નિરંતર વિશ્વ સાથે સંકળાયેલો છે - અજ્ઞાની રૂપે - સાધક રૂપે કે સિદ્ધ રૂપે.

કર્તા કર્મ પ્રવૃત્તિને દ્વિક્રિયાવાદ પણ કહેવામાં આવે છે. એક પદાર્થ પોતાના કાર્ય કરે તે ઉપરાંત બીજાના કાર્ય

પણ કરે તેને દ્વિક્રિયા કહે છે. વળી, કયારેક એમ જોવા મળે  કે કેટલાક કાર્ય એકલાથી ન થાય. એક થી અધિકાર મળીને જ કરે. તેને પણ દ્વિક્રિયા કહે છે. ખરેખર વિશ્વમાં એવું બનતું નથી. કારણ કે વિશ્વના બધા પદાર્થો સ્વતંત્રતાથી શોભાયમાન છે. નિત્ય સ્વભાવ સામર્થ્ય ટકાવીને અનાદિથી અનંતકાળ સુધી નવી નવી પર્યાયો પ્રગટ કરતા રહે છે.

વિશ્વના સ્વરૂપને યથાર્થ જાણવાથી  જ જીવ કયાં ભૂલ કરે છે. તેની સમજણ મળે છે. જ્ઞાનીને બધો ખ્યાલ છે. તેથી તે પાત્ર જીવોને સમજાવે છે. જે જાણપણું થાય છે. તે શ્રુતજ્ઞાન વડે થાય છે. જ્ઞાની નય વિભાગથી સમજાવે છે અને શિષ્ય નય વિભાગથી સમજે છે. નિશ્ચય અને વ્યવહાર એમ બે નય વડે કાર્ય થાય છે તેથી તેને સાચી રીતે સમજીએ.

અનાદિકાળથી જે અનુભવાય રહ્યું છે તેની મુખ્યતાથી વિચારીએ ત્યારે તેને બે પ્રકારે સમજી શકાય છે. ભિન્ન કારકનો દૃષ્ટાંત :- કુંભાર કર્તા અને ઘડો કર્મ છે. આ પ્રકારે જીવ બાહ્યની ક્રિયાઓ કરે છે એ ખ્યાલમાં આવે પરમાર્થે બે પદાર્થો અત્યંત ભિન્ન જ છે. તેમની વચ્ચે કર્તા-કર્મ સંબંધ શક્ય જ નથી. તેથી આને તો જરા પણ વજન આપવા જેવું નથી. દૃષ્ટાંતમાં કુંભાર કહેતા જીવ અને શરીરને એક ગણીને સમજાવ્યું છે. કુંભારને ભાગે ઘડો બનાવવાની ઈચ્છા છે અને તેને અનુસાર હાથની ક્રિયા એક ગણી છે જેમ માટી જુદી છે એમ શરીર પણ જુદું જ છે એ વાત લક્ષમાં રાખવા જેવી છે. આમ, છતાં જીવ અને શરીરનું સંયોગી એકત્વ સાધક દશામાં પણ ચાલુ છે. અર્થાત્ જયાં સુધી રાગનો અંશ છે. ત્યાં સુધી વિચારવું. તીર્થંકરના શરીર સાથેના સંબંધની વાત ન લેવી.

અભિન્નકારકનું દૃષ્ટાંત દરેક પદાર્થની નિર્દોષ સ્થિતિ વર્ણવે છે. દરેક પદાર્થ સ્વતંત્રપણે પરિણમીને અનાદિથી અનંતકાળ સુધી પર્યાયોની પ્રગટતા કરતા રહે છે. ભિન્નકારકમાં જે દોષ લક્ષગત થાય છે તે અભિન્નકારક માં નથી. પરંતુ એ જયારે જીવને મુખ્ય રાખીને વિચારીએ ત્યારે બે અલગ અપેક્ષા લેવી આવશ્યક છે. અજ્ઞાની સ્વતંત્રપણે કર્તા થઈને વિભાવરૂપે પરિણમે છે. તે પરમાર્થે અજ્ઞાનીના કારકો દર્શાવે છે.

પરમાત્મા અને ગૌણપણે જ્ઞાની માટે કારકને સમજાવવા માટે બીજો દૃષ્ટાંત છે લગ્નપ્રસંગે છાબમાં સોનાનો હાર છે. કન્યાના પિતા તેને પાંચ તોલા સોનું કહેશે અને માતા-હારની વિશિષ્ટતા સમજાવશે. ખરેખર તો ત્યાં જાણનારો કર્તા થઈને જાણવાની ક્રિયા કરીને પોતાને સ્વજ્ઞેયને જાણે છે. ત્યાં પરમાર્થે કારકના ભેદ રહેતા નથી. તેને ૭૩ ગાથામાં 'ષટકારકની પ્રક્રિયાથી પાર ઉતરેલી જે નિર્મળ અનુભૂતિ' શબ્દો દ્વારા સમજાવવામાં આવી છે.

આખા કર્તા કર્મ અધિકારમાં જે કાંઈ જેટલું વર્ણન કરવામાં આવ્યું છે. તે અનાદિકાળથી ચાલતા નાટકનો એક ભાગ છે અને જીવ તેનો સૂત્રધાર છે. આ વાત ઉપસી આવે છે. આ બધું વાસ્તવિક છે કારણ કે તેનું વર્ણન થઈ શકે છે. જો કોઈ જ્ઞાની કહે કે તમે આમાંથી કાંઈ કરતા નથી. તો તમે તેની વાત સ્વીકારવા તૈયાર થશો ? ના - તમે તર્ક રજૂ કરશો કે પરમાત્મા આ પ્રમાણે નથી કરતા તે માન્ય છે. ઉપલક્ષણથી વિચારીએ કે જ્ઞાની પણ આ નથી કરતો-તે માત્ર તેનો જ્ઞાતા દૃષ્ટા છે. તે પણ માન્ય છે. પરંતુ અજ્ઞાની તો આ રીતે જ અનાદિકાળથી પરિણમી રહ્યો છે. ખરેખર તો

જ્ઞાની સાચા છે. હવે અજ્ઞાની શું કરી રહ્યો છે તે વિચારીએ. તે ઉભયબંધ રૂપે પરિણમી રહ્યો છે. તેની રમત દ્રવ્યકર્મ સાથે જ છે. તે વિભાવરૂપે પરિણમે છે ત્યારે તેમાં મોહનીય કર્મોદય નિમિત્ત છે અને તેની સાથે તે જીવ તે જ વિભાવ દ્વારા નવા કર્મ બાંધે છે. જેથી તે કર્મો ભવિષ્યમાં ફરી પોતાને વિભાવરૂપે પરિણમન ચાલુ રાખવામાં સહાયક – નિમિત્ત થાય. ગાથા ૧૪૧ માં અજ્ઞાની શું કરે છે તે સમજાવે છે. ગાથા ૧૪૧ પહેલી લીટી છે કર્મ જીવમાં બદ્ધ સ્પૃષ્ટ – કથિત નય વ્યવહારનું. આ લીટી દ્વારા આચાર્ય દેવ ઉભય બંધની વાત કરવા માગે છે. ભાવ કર્મ અને દ્રવ્ય કર્મ વચ્ચે સંયોગી એકત્વનું સ્વરૂપ સમજાવવું છે. ત્યારે પણ જીવ અને પુદ્ગલ જુદા જ છે. અસ્તિ–નાસ્તિને બાધા ન આવે એવી રીતે અસમાનજાતિયદ્રવ્યપર્યાય છે. અર્થાત્ કર્મો જીવની સાથે બંધાયેલા છે એ દર્શાવે છે. પરંતુ ત્યાં કર્મો બંધાયેલા છે. એવો શબ્દપ્રયોગ કરવાને બદલે ત્યાં ''બદ્ધ સ્પૃષ્ટ'' એવો શબ્દ પ્રયોગ કર્યો છે. ત્યાં બદ્ધ કહેલા બંધાવું અને સ્પૃષ્ટ કહેલા છૂટા પડવું એમ બે વાત – બે ક્રિયા દર્શાવવા માગે છે. આ સાદી રીતે સમજીએ. જીવના વિભાવને નિમિત્ત બનાવીને કાર્મણ વર્ગણા દ્રવ્યકર્મ રૂપે પરિણમીને જીવ સાથે બંધાય છે. સ્થિતિબંધ અનુસાર એક ક્ષેત્રાવગાહ રહે છે અને સ્થિતિ પૂર્ણ થતાં જીવથી છૂટી પડી જાય છે. પછી તે પરમાણુઓ તેના સ્વતંત્ર પ્રવાહમાં છૂટા કે અન્ય સ્કંધરૂપે પરિણમે છે. આવો પ્રવાહ અનાદિકાળથી ચાલે છે. તે દર્શાવવા માટે કર્મો જીવની સાથે બંધાય છે અને મુદ્દત પૂરી થયે છૂટા પડતા જાય છે એમ સમજાવે છે.

ગાથા ૧૪૧ની બીજી લીટીમાં ''પણ બદ્ધ સ્પૃષ્ટ ન કર્મ જીવમાં – કથન રૂપે નય શુદ્ધનું'' આ લીટી દ્વારા આત્માનો અબદ્ધ સ્પૃષ્ટ સ્વભાવ દર્શાવવા માગે છે. પૂર્વે ગાથા ૧૪–૧૫ માં આ રીતે નય વિભાગથી આચાર્ય દેવ સમજાવી ગયા છે. કર્મથી બંધાવું અને છૂટા પડવું એવો કોઈ ત્રિકાળ સ્વભાવ જીવમાં નથી. આત્મ સ્વભાવ નિર્ભેળપણે જ્ઞાયક જ છે. વિભાવને કરે એવો કોઈ સ્વભાવ જીવમાં નથી. વિભાવને કરે એવો સ્વભાવ ન હોવાથી વિભાવ થાય નહીં તો દ્રવ્યકર્મો બને – જીવ સાથે બંધાય – થોડા સમય સાથે રહે અને છૂટા પડતા ફરી જીવને ફળ આપે એમ બને જ નહીં. પહેલી લીટીમાં જીવની પર્યાયમાં વિભાવ થાય છે તે વાસ્તવિકતાનો સ્વીકાર છે પરંતુ બીજી લીટીમાં વિભાવને કરે એવો કોઈ સ્વભાવ જ નથી એમ દર્શાવીને સ્વભાવના આશ્રયે જીવ તેનાથી છૂટે છે એમ સમજાવવા માગે છે.

જીવ અને કર્મો જુદા છે તે સિદ્ધાંત છે : જીવ કર્મથી બંધાયેલો છે. એ વાસ્તવિકતા છે જીવ શક્તિ અપેક્ષાએ પરમાત્મા હોવા છતાં વ્યક્તિ–પર્યાય અપેક્ષાએ પામર છે. આવા કથનોમાં નય વિભાગ લાગુ પાડીને તેને નિશ્ચય અને વ્યવહાર નયથી સમજાવવામાં આવે છે. ત્યારે વ્યવહાર નયને છોડીને નિશ્ચયનયના વિષયનો આશ્રય કરવો એવો એક પ્રકારે ઉપદેશ છે. કર્મો અનાદિકાળથી જીવની સાથે બંધાયેલા છે તેને સ્થાને જીવે પોતાને કર્મોથી છોડાવવો એવો જિનાગમનો ઉપદેશ છે.

ગાથા ૧૪૨ : આ ગાથામાં આચાર્યદેવ છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નય પક્ષ છે, પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે સમયનો સાર છે.

શ્રુતજ્ઞાન – નયરૂપ અને પ્રમાણરૂપ છે. પ્રમાણ જ્ઞાનનો વિષય આખો પદાર્થ છે જ્યારે નયનો વિષય – પદાર્થનો એક વિધિપૂર્વકનો ભેદ છે. પ્રમાણ જ્ઞાનમાં બધા નયોના વિષયો આવી જાય છે. પરંતુ બધાનયોનો – સરવાળો તે પ્રમાણ જ્ઞાન નથી. જીવ નયમાંથી પ્રવેશ લઈને પ્રમાણ જ્ઞાન સુધી પહોંચે છે. નય શબ્દમાં 'ની 'ધાતુ છે. તેનો અર્થ દોરી જવું તે છે. અર્થાત્ જે જ્ઞાન દ્વારા તમે પદાર્થને સંપૂર્ણપણે જાણી શકો તે નય જ્ઞાન છે. નય જ્ઞાન સાધન છે. અને પ્રમાણજ્ઞાન સાધ્ય છે. પ્રમાણ જ્ઞાન થતાં – નયો અદશ્ય થાય છે. બંને નયોનો વિષયોને જાણવા જોઈએ. જે જાણીને ગૌણ કરવા યોગ્ય છે તેને વ્યવહાર નયનો વિષય ગણવામાં આવે છે. જેને પ્રયોજનવશ મુખ્ય કરવામાં આવે છે તે નિશ્ચય નયનો વિષય છે. જીવ વિભાવરૂપે પરિણમે છે. તે વિભાવ ભાવ સંસાર પરિભ્રમણ અને દુઃખનું કારણ છે તેથી માત્ર તેને જ પરમાર્થે હેય ગણવામાં આવે છે. અભેદના ભેદરૂપ વ્યવહાર તથા અસ્તિ–નાસ્તિ ટકાવીને નિર્દોષ સંબંધોએ વ્યવહાર વિશ્વની નિર્દોષ વ્યવસ્થાનો ભાગ છે તેથી તેમાં હેયપણું નથી.

આ ગાથામાં નયજ્ઞાનના સ્થાને નય પક્ષ શબ્દ છે. તેનો ભાવ છે કે તે 'વિષયનો દુરાગ્રહ'. વિષયને જાણવું તે નય જ્ઞાન છે પરંતુ તેનું એકાંત કરવાથી તે નય પક્ષ નામ પામે છે. દષ્ટાંત :– વેદાંતિ વસ્તુને નિત્ય કહે છે. બૌદ્ધો વસ્તુને ક્ષણિક માને છે, બંને નયપક્ષો છે. આ ગાથામાં બદ્ધ સ્પૃષ્ટ શબ્દના સ્થાને સંસારી જીવ કર્મોથી બંધાયેલો છે અને પરમાત્મા કર્મ વિમુક્ત છે. એમ બે નયોની વાત લીધી છે. અથવા સ્વભાવ અપેક્ષાએ જીવ કર્મથી મુક્ત છે – વિભાવને કરે એવો જીવનો સ્વભાવ જ નથી. તેથી વિભાવ થતા નથી. વિભાવ થતા નથી તો કર્મ બંધાતા નથી. પર્યાય અપેક્ષાએ વિચારતા પરાશ્રયે – મોહનીય કર્મોદયના આશ્રયે જીવને કર્મબંધ છે.

જેમ નય જ્ઞાન છોડીને પ્રમાણ જ્ઞાન પ્રગટ કરવામાં આવે છે તે જ પ્રમાણે નયપક્ષ છોડીને પક્ષાતિકાંત થવાનું સમજાવે છે. જ્યારે એક જ પદાર્થના જ્ઞાનની વાત આવે છે. ત્યારે પ્રમાણ જ્ઞાનમાં બધા નયોના વિષયોનો સમાવેશ થાય છે. પરંતુ અહીં જીવ અને દ્રવ્યકર્મ બે જુદા પદાર્થો છે. તેથી થોડું જુદી રીતે વિચારવાનું રહે છે. જીવ સ્વભાવ સર્વથા જ્ઞાયક છે. જો તેમાં વિભાવનું કારણ નથી તો પછી કર્મ સાથેના સંબંધનો પ્રશ્ન નથી. તેથી અહીં પક્ષાતિકાંત શબ્દનો ભાવ એ રીતે લેવો. જીવમાં માત્ર જ્ઞાતા ભાવનો જ વિચાર કરવો. જાણનારો જ્ઞપ્તિક્રિયા વડે પોતાને જાણે છે. વિશ્વની નિર્દોષ વ્યવસ્થા અનુસાર જીવની બધી જ્ઞાનની પર્યાયો વિશ્વવ્યાપી સંબંધમાં આવે છે. આ રીતે જ્ઞાયક અને જ્ઞાનને સ્વક્ષેત્રમાં જ રાખવાથી સમયના સાર રૂપ પરમાત્મ દશા અને જ્ઞાનની કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે.

નિશ્ચય નયનો જેને પક્ષ છે તેને માટે શાસ્ત્રમાં નિશ્ચયાભાસી શબ્દ છે અર્થાત્ તેને જે નિશ્ચય નયના વિષયનું જ્ઞાન છે. તે સાચુ નથી. આભાસ રૂપ જ છે. એ જ રીતે વ્યવહારાભાસી જીવો પણ હોય છે. તે ઉપરાંત ઉભયાભાસી જીવો પણ છે. તેને બંને નયોનું જ્ઞાન આભાસરૂપ જ છે. કુંદકુંદાચાર્ય દેવે કર્મ સાથેના સંબંધમાં જે નયાતિકાંતની વાત લીધી તેને અનુલક્ષીને ટીકાકાર આચાર્યદેવ નય જ્ઞાન છોડીને પ્રમાણ જ્ઞાન પ્રગટ કરવાનું સુચન કરે છે. અર્થાત્ વ્યાપકરૂપે સમજાવવા માગે છે. તે માટે પરસ્પર વિરોધી દેખાતા જોડકાનો અવિરોધ કરાવવા માટે વીસ કળશ લીધા છે. તેનાં એક–અનેકની વાત પણ છે અને જીવ–અજીવની વાત પણ છે. આ બધા કળશમાં ખુબી એ છે કે એકની

સામે અનેક લેવામાં નથી આવ્યું. દૃષ્ટાંત એક નયથી જીવ નિત્ય છે. બીજી નયથી જીવ નિત્ય નથી એમ લીધું છે. બીજી નયથી જીવ અનિત્ય છે એમ નથી લીધું. આ શૈલી પંચાધ્યાયમાં લીધી છે. વસ્તુને સમજાવવા માટે જેટલા કથન થાય છે તે બધાને વ્યવહારનયના વિષયરૂપે દર્શાવે છે. અર્થાત્ ત્યાં વચન ગોચર સમસ્ત ધર્મોનો વ્યવહારનયમાં સમાવેશ કરવામાં આવે છે. વર્ણન કરનારો થાકે ત્યાર પછી ''વસ્તુ એવડી જ નથી – ન ઈતિ એક એતાવન્માત્ર એ રીતે નિશ્ચય નય દર્શાવે છે – આશય એ છે કે વસ્તુ અનંત ધર્માત્કમક છે. તેને શબ્દો વડે પૂરી સમજાવી ન શકાય. નિશ્ચય નય જ્ઞાનને બેહદ તરફ દોરી જાય છે.''

ગાથા ૧૪૩ નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે, નય પક્ષ કંઈ પણ નવગૃહે નયપક્ષથી પરિહીન જે.

જ્ઞાનીની ભૂમિકાને સર્વજ્ઞ દશા સાથે સરખાવે છે. 'નયદ્વયકથન' શબ્દ દ્વારા વસ્તુને ભેદ ભંગમાંથી સમજવાની વાત છે. જેણે સ્વાનુભૂતિ પ્રગટ કરી છે – તેની વાત હવે પછીની ગાથામાં વિશેષ સમજાવશે. આ ગાથામાં તો ભાવશ્રુત પ્રમાણ જ્ઞાનને કેવળજ્ઞાન સાથે સરખાવે છે. પ્રથમ કેવળજ્ઞાનના વિષયની વાત કરે છે. કેવળજ્ઞાન થયા પહેલા શ્રુતજ્ઞાન છે. ખરેખર તો ચારેય જ્ઞાનના વિષયો કેવળજ્ઞાનમાં આવી જાય છે. પરંતુ તે આટલામાંથી એકપણ જ્ઞાન પરમાત્માને નથી આ વાસ્તવિકતા છે. પરંતુ અહીં માત્ર શ્રુતજ્ઞાનથી જ કહેવા માગે છે. શ્રુતજ્ઞાનમાં નયજ્ઞાનની મુખ્યતાથી વિચારતા જ્ઞાન બધાને ભેદ ભંગથી જાણે છે. એક દ્રવ્યના અનંત ગુણો અને અનંત પર્યાયો છે – એ રીતે અન્ય અનંત દ્રવ્યનું સમજવું. શ્રુતજ્ઞાન–નયજ્ઞાનરૂપે આ બધા વિષયોને ક્રમપૂર્વક જાણે છે. જેટલું જણાય તેનું લખાણ જાતુ જાય તો બેહદમાં આવે. આ રીતે શ્રુતજ્ઞાનનો વિષય પણ અમર્યાદ જ છે. પૂ. ગુરુદેવશ્રી ફરમાવતા કે નમસ્કાર મંત્રમાં નમો લોએ ત્રિકાળવર્તી સવ્વ સાહુણમ્ કહેતા તેમાં અનંત ભાવલિંગધારી સંતોને નમસ્કાર આવી જાય છે. જીવે અનંત પંચ પરાવર્તન કર્યા છે ત્યારે તેના જ્ઞાનમાં શું બાકી રહ્યું હોય ?

કેવળજ્ઞાનનો વિષય એક અપેક્ષાએ પોતાનો આત્મા જ છે. બીજી અપેક્ષાએ અખંડ વિશ્વ છે. પરંતુ તે જ્ઞાનમાં વિશ્વના બધા પદાર્થો તેના ત્રણકાળના ઈતિહાસ સહિત જણાયા છે. આ ગાથામાં કહેવા માગે છે કે પરમાત્માને પોતાની જ પડી છે શાશ્વત નિર્વિકલ્પ દશા છે. તેને બીજું શું જણાય છે તેની કાંઈ પડી નથી.

હવે જ્ઞાનીની નિર્વિકલ્પ દશાને કેવળજ્ઞાન સાથે સરખાવવામાં આવે ત્યારે આ ગાથાનો આશય લક્ષમાં આવે છે. અજ્ઞાની બાહ્ય વિષયોને (જાણે છે) ખરેખરતો ભોગવવા માટે જાણે છે. પાત્ર જીવને બાહ્ય વિષયોને ભોગવવાનો ભાવ વિરમી ગયો છે. સ્વપરના તથા સ્વભાવ–વિભાવના ભેદજ્ઞાન વડે તે પોતાને બાહ્ય વિષયોના ભોગવટાથી છોડાવવા માટે પ્રયત્નશીલ થાય છે. અંતરંગમાં પોતાના આત્માને તેના ગુણભેદ તથા પર્યાય ભેદ દ્વારા પ્રાપ્ત કરવા માગે છે. ''તું રુચતા જગતની રુચિ આળસે સૌ'' આ રીતે જ્ઞાન અને વૈરાગ્યરૂપી વલોણા દ્વારા તે સ્વાનુભૂતિ રૂપ માખણ કાઢવાનો પ્રયત્ન કરે છે. આત્મ પ્રાપ્તિની ખટકપૂર્વક વિકલ્પની ભૂમિકામાં લાગ્યો રહે છે ત્યારે જે અનુભૂતિ થાય છે તે સ્થિતિને કેવળજ્ઞાન સાથે આ ગાથામાં સમજાવે છે.

આ ભાવને લક્ષમાં રાખીને ટીકા વાંચવાથી ટીકા સમજવી સુગમ થશે વળી દ્રવ્યશ્રુત-ભાવશ્રુત તથા ભાવશ્રુત પ્રમાણ શબ્દોનો ભાવ પણ સ્પષ્ટ થશે. દ્રવ્યશ્રુત એ આગમ છે – બોલાયેલા તથા લખાયેલા શબ્દો છે. ભાવશ્રુત એ આગમના શબ્દોનું જ્ઞાન છે. ગાથામાં નયદ્રવ્ય કથન શબ્દ છે તે દ્રવ્ય-શ્રુત અનુસાર થતા ભાવશ્રુતને લાગુ પાડી શકાય કારણ કે કથન શબ્દ દ્રવ્યશ્રુતને સૂચવે છે. ભાવશ્રુત પ્રમાણ જ્ઞાન એ સ્વાનુભૂતિ છે.

કેવળજ્ઞાની પોતાના આત્મામાં જ લીન છે. તે આત્મા માટેના વિશેષણોમાં નિરંતર પ્રકાશ માત્ર સહજ, વિમળ છે. જ્ઞાની માટે નિર્મળ, નિત્યઉદિત – ચિન્મય શબ્દો વાપર્યા છે. આ બધા વિશેષણો પોતાના જ્ઞાયક સ્વભાવને જ લાગુ પડે છે. શબ્દો જુદા છે પરંતુ ભાવ એક જ છે. અર્થાત્ કેવળજ્ઞાનની સમસ્ત ખીલેલાં કેવળજ્ઞાન વડે પોતાના આત્માને જાણે છે શ્રુતજ્ઞાની પણ એ જ નિજાત્માને માગે છે તેથી બંનેનો વિષય નિજાત્મા જ છે. તે સમાનપણું. અહીં બાહ્ય વિષયોની જાણકારીને ગૌણ કરી છે.

ગાથા ૧૪૪ સમ્યકત્વ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે, નયપક્ષ સકળ સહિત ભાખ્યો તે સમયનો સાર છે.

આ ગાથા સમજવા માટે આપણે એકબીજો પ્રયોગ કરીએ. પ્રશ્નો પહેલા લઈએ.

(૧) સમ્યગ્દર્શન એ કયાં ગુણની પર્યાય છે ?

(૨) સમ્યગ્જ્ઞાન એ કયાં ગુણની પર્યાય છે ?

(૩) જ્ઞાન અને (દર્શન) શ્રદ્ધા ગુણ વચ્ચે કયાં સંબંધો છે ?

(૪) જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન અને શ્રદ્ધાના પરિણામ અનુસાર જ્ઞાન બેમાંથી શું સાચું છે. કોઈ એક ? કે બંને ? સ્પષ્ટતાથી સમજાવો.

૫-A. સમયસાર શબ્દનો ભાવ સમજાવો.

૫-B. સમયસાર શબ્દ શુદ્ધાત્માને દર્શાવે છે ?

૫-C. સમયસાર શબ્દ સ્વાનુભૂતિને દર્શાવે છે ?

૫-D. સમયસાર શબ્દ પરમાત્મ દશા દર્શાવે છે ?

૫-E. આ ગાથામાં કયાં અર્થમાં ખતવવું ?

૫-F. સમય અને સારને જુદા પાડીને સમજાવો.

પ્રશ્નો પહેલા લેવાથી આપણી વિષયને ગ્રહણ કરવાની શક્તિ ખીલે છે. સમજાવ્યા પછીના પ્રશ્નો તો જે સમજાણું તે પ્રશ્નોત્તરરૂપે કઈ રીતે લઈ શકાય તથા સમજણ અને યાદશક્તિના આધારે તેની દઢતા માટે ઉપયોગી છે.

ટીકાની શરૂઆતમાં જ સમયસાર શું છે તે લીધું છે. શબ્દો સમજવા જેવા છે. જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહીં થયો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવા છે, તે સમયસાર છે. આ ગાથામાં સમયસાર શબ્દ દ્વારા ભાવશ્રુત પ્રમાણ જ્ઞાનની વાત કરવા માગે છે. પ્રથમ નય જ્ઞાનના આલંબન વડે આત્માનો

નિર્ણય કરવાનો છે. તેમાં પુરુષ પ્રમાણ - યુક્તિ પ્રમાણ - આગમપ્રમાણ અને અનુમાન પ્રમાણ અનુસાર નિર્ણય કરવાનું સમજાવે છે. આવો નિર્ણય કર્યા પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે જ્ઞાનના સાધનનો ઉપયોગ કરવાનો છે. આપણી પાસે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન છે. તે બંને પરને જાણવામાં જ વ્યસ્ત છે. તેથી સર્વ પ્રથમ તેમને સ્વભાવ સન્મુખ કરવા માટે ફરમાવે છે. જે જાણપણું થાય છે તે પ્રથમ મતિ જ્ઞાન છે અને પછી શ્રુતજ્ઞાન થાય છે. અર્થાત્ મતિજ્ઞાનમાં જે જણાયું એને પાયો (BASE) બનાવીને જ્ઞાન આગળ લંબાઈને શ્રુતજ્ઞાનનું કાર્ય છે. અહીં જેમતિજ્ઞાન પરદ્રવ્યોની પ્રસિદ્ધિમાં લાગ્યું હતું તે સઘળુય છોડીને મતિજ્ઞાનને સ્વભાવ સન્મુખ કરવાનું કહે છે. ઉપયોગ અંદરમાં સ્વભાવને જાણવા પ્રયત્ન કરે ત્યારે તે મતિજ્ઞાનમાં શું જણાય છે. તે વાત લીધી નથી. સીધી નયાત્મક શ્રુતજ્ઞાનની વાત લીધી છે. નયજ્ઞાનનો વિષય આત્માના ભેદ બને છે. અર્થાત્ જ્ઞાન-અન્ય સામાન્ય અને અસાધારણ ગુણો તે દરેકના સ્વભાવ તથા કાર્યને જાણે છે. પછી તે બધાના પરિણામોનો સમન્વય કરે છે. આમાં ઘણો સમય લાગે છે. જયાં સુધી વાસ્તવિક ચિત્ર ચોખ્ખું ન થાય ત્યાં સુધી ચાલુ રહે છે. જેણે પ્રથમ-આગમ-યુક્તિ દ્વારા અનુમાન જ્ઞાનને દઢ કર્યું છે. તેને માટે આ પ્રક્રિયા વધુ સહેલી થાય છે અને નિર્ણયાત્મક થતી જાય છે. દષ્ટાંત :- કોઈ વ્યકિત દૂરના ગામે જવા માગે છે તે પ્રથમ (Road Map) રોડનો નકશો મગાવીને તેનો અભ્યાસ કરી લે છે. પછી જયારે તે ગામ જવા લાગે ત્યારે (Map) નકશા અનુસાર આવતા જાય તેમ તેનો વિશ્વાસ વધતો જાય છે કે પોતે સાચે રસ્તે છે. તેને બીજાને પૂછવાની જરૂર રહેતી નથી. આ પ્રકારના જ્ઞાનને વિકલ્પાત્મક જ્ઞાન કહે છે. તે જ્ઞાન અંશ રૂપ - નય રૂપ છે અને તેનો વિષય વસ્તુનો એક અંશ (નિક્ષેપ) છે. પછી બધા ભેદ ભંગોને સંકેલીને સ્વભાવ તરફ જવાનું છે. ભેદ દ્વારા અભેદમાં જવાનું છે.

અંશના જ્ઞાન દ્વારા અનુમાન જ્ઞાન-પરોક્ષ પ્રમાણ જ્ઞાન અને ત્યાંથી પાછા ભેદમાં આવવું - સીડીના પગથિયા-નીચેથી ઉપર અને પાછા ઉપરથી નીચે એમ વારંવાર કરવાથી ભેદા ભેદ વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ પ્રતિભાસે છે. શબ્દો ગૌણ થાય અને વાચ્ય ઊઠતું આવે-નયોના સ્થાને નયોના વિષયો તેજીમાં આવે તે અગત્યનું છે. આ રીતે એકવાર જીવ અનુમાન પ્રમાણના સ્થાને અનુભૂતિ પ્રગટ કરી લે છે. જેણે અનુભૂતિ પ્રગટ કરી લીધી છે તે સવિકલ્પ દશામાં ભેદમાં આવે તો પણ હવે તેને મુખ્ય ગૌણ શૈલીમાં આખો આત્મા જ લક્ષગત થાય છે. દષ્ટાંત જેમ કોઈ વ્યક્તિ એ એક મકાન સુધી ચારેબાજુના રસ્તા મારફત પહોંચ્યો છે અને આખા મકાનને બહારથી અને અંદરથી સંપૂર્ણ પણે જોઈ લીધું છે તે વ્યક્તિ તે મકાનનો એક ભાગ - અથવા તેનો ફોટો જુએ ત્યારે તેના જ્ઞાનમાં આખું મકાન આવી જાય છે. અલબત્ત જે ભાગને જુએ છે તેની મુખ્યતાથી કોઈ વિષયનું ચિંતવન ચાલતું હોય ત્યારે આકૂળતા થાય છે. જયાં સુધી નિર્ણયાત્મક ભૂમિકા ન આવે ત્યાં સુધી દુઃખ છે. નિર્ણય આવી જાય એટલે તુરંત જ વિકલ્પો શમી જાય છે. આકૂળતાના સ્થાને આનંદ આવે છે. તે રીતે સ્વાનુભૂતિ થતાં જીવને આનંદ આવે છે લક્ષમાં રહે કે આ આનંદનો પ્રકાર જુદો જ છે. જ્ઞાન અને સુખ સ્વભાવી આત્માનું અતીન્દ્રિય સુખરૂપે વેદન છે. તે સંપૂર્ણપણે સ્વાશ્રિત છે.

આ આખી પ્રક્રિયા જ્ઞાનના કાર્ય રૂપે છે તે શરૂ કરતાં સર્વપ્રથમ જ્ઞાન સ્વભાવી આત્માનો નિશ્ચય થાય છે. આ

નિર્ણયાત્મક જ્ઞાનને શ્રદ્ધાનો ટેકો મળે છે ત્યારે તે જીવ એવા આત્માની પ્રત્યક્ષતા માટેનો પ્રયત્ન કરે છે. તે અનુસાર નિર્વિકલ્પ દશા આવે છે. તે ખરેખર જ્ઞાનની જ પર્યાય છે. પરંતુ તેની સાથે જ સમ્યગ્દર્શન અને ચારિત્રનો અંશ પ્રગટ થાય છે. અર્થાત્ જે સ્વાનુભૂતિ છે. તે જીવની પર્યાય છે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપે વર્ણવવામાં આવે છે. પરમાર્થે ત્યાં ગુણ ભેદો નથી. તે ગુણની પર્યાય પણ નથી. જેવો ત્રિકાળ સ્વભાવ છે તેનું આંશિક વેદન છે. એ એક રૂપ છે. એ વેદન પરમાત્માના અનંત સુખની જાતનું છે.

સમયસાર માટે જેટલા શબ્દપ્રયોગો થયા છે તે બધા સ્વભાવને પણ લાગુ પડે છે અને સ્વાનુભૂતિને પણ લાગુ પડે છે. ''આખા વિશ્વ ઉપર જાણે કે તરતો હોય'' એ શબ્દપ્રયોગ દર્શાવે છે કે જે જીવ અજ્ઞાન દશામાં પોતાના મોહ-રાગ-દ્વેષ રૂપ ભાવો વડે સંસાર પરિભ્રમણ કરતો હતો તે હવે પરંપરાવર્તનરૂપ સંસારથી મુક્ત થાય છે. વિભાવ-કર્મ-તંત્ર-શરીર અને સંયોગો બધાથી છૂટીને માત્ર જ્ઞાતા દૃષ્ટા રહે છે. વિશ્વનો ઉદાસીન જ્ઞાતા રહી જાય છે.

આ કર્તા-કર્મ અધિકારમાં પાયામાં જીવ અજીવ અધિકાર છે. જેને જીવ અને અજીવ અત્યંત જુદા ભાસે એ જીવ જ એના જોરમાં કર્તા કર્મ પ્રવૃત્તિ છોડી શકે છે. સ્વાનુભૂતિ છે તે પરમાત્મ દશાનો અંશ જ છે. 'સહિ મુક્ત એવં' સમ્યગ્દષ્ટિ પરમાત્માનો લઘુ નંદન છે.

જેને આ અધિકાર યોગ્ય રીતે સમજાય તેને માટે પુણ્ય-પાપ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા મોક્ષ રૂપ જીવ અને જીવના મેળ વિશેષથી થતી જીવની અવસ્થાઓનો તાદૃશ ચિતાર ખ્યાલમાં આવી જાય છે. તેને આગળના અભ્યાસમાં શબ્દોથી આગળ નથી વધવાનું તેના વાચ્યથી આગળ વધવાનું સુગમ થાય છે. આગળનો બધો અભ્યાસ તે જીવના પરિણામને મુખ્ય રાખીને કરી શકશે.

# આસ્રવ અધિકાર

આસ્રવ અને બંધને ખરેખર અલગ કરી શકાતા નથી. મોહ-રાગ-દ્વેષ રૂપ જીવના પરિણામ આત્મસ્વભાવથી વિરુદ્ધ જાતના છે. સંસારનું કારણ છે અને દુઃખ દેનારા છે. તેને મોહનીય કર્મ સાથે નિયમભૂત નિ.નૈ. સંબંધ છે. દ્રવ્યકર્મનું બનવું તેમાં નિમિત્તએ આસ્રવ તત્ત્વ છે અને કર્મનું બંધાવું તેમાં નિમિત્ત બંધ તત્ત્વ છે.

અનાદિકાળથી જીવ ભાવ કર્મ રૂપે અને પુદ્‌ગલ દ્રવ્યકર્મ રૂપે પરિણમીને એકબીજા સાથે સંબંધમાં આવે છે. આ સંબંધના ચાર કારણોની વાત જિનાગમમાં આવે છે. તે ચાર મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે. મિથ્યાત્વએ શ્રદ્ધા ગુણની વિપરીત પર્યાય છે અને તેને દર્શન મોહનીય કર્મ સાથે સંબંધ છે. અવિરતિ અને કષાયએ ચારિત્રગુણની વિપરીત પર્યાયો છે અને તેને ચારિત્ર મોહનીય કર્મ સાથે સંબંધ છે. (ગા.૧૬૪-૧૬૫)

જીવ અને પુદ્‌ગલને જોડવાનું કામ યોગ દ્વારા થાય છે. જેમ આપણે ગુંદરનો ઉપયોગ બે વસ્તુને જોડવા માટે કરીએ છીએ તેમ જીવ જયારે નવો દેહ ધારણ કરવા જાય છે ત્યારે યોગ દ્વારા શરીર સાથે જોડાય છે. પછી વચન અને મન દ્વારા બીજા સાથે જોડાણ કરે છે. આ માત્ર જોડાણ છે ત્યાં દોષ કે વિપરીતતા નથી. આ યોગને નિમિત્ત બનાવીને તે ક્ષેત્રે રહેલી કાર્મણ વર્ગણા કર્મરૂપે પરિણમે છે. કર્મનું જીવ સાથે બંધાવામાં મોહ-રાગ-દ્વેષ એટલે કે મિથ્યત્વ-અવિરતિ અને કષાય જવાબદાર છે.

જીવ જયારે આત્મસાધનામાં આગળ વધે છે અને વિભાવનો નાશ કરે છે ત્યારે કર્મ બંધાતા નથી. પરંતુ જયાં સુધી યોગ છે ત્યાં સુધી દ્રવ્યકર્મ બનતા રહે છે. પરંતુ જીવ સાથે બંધાતા નથી તેથી જીવને દુઃખનું કારણ બનતા નથી.

મિથ્યાત્વવાદી ચાર જેમ જીવના પરિણામ છે તેવા ચાર ભેદ દ્રવ્યકર્મમાં પણ છે. આત્મસાધનામાં તેમનો અભાવ થવાનો ચોક્કસ ક્રમ છે. સર્વપ્રથમ મિથ્યાત્વ જાય છે. તેની સાથે મિથ્યાત્વની ભૂમિકાને યોગ્ય અન્ય ત્રણમાં પણ ફેરફાર થાય છે. ત્યારબાદ અવિરતિ જાય છે અને આગળ જતા કષાયનો અભાવ થાય છે. આટલું થાય છે ત્યાં સુધીમાં જ્ઞાનનું આવરણ દૂર થાય છે અને સર્વજ્ઞ દશા-પરમાત્મ દશા પ્રગટવાનો માર્ગ ખુલી જાય છે.

સંવર-શુદ્ધ પર્યાયની પ્રગટતા આસ્રવનો નિરોધ કરીને જ થાય છે એવું શાસ્ત્રનું કથન છે. મિથ્યાત્વનો અભાવ થતાં નવું મિથ્યાત્વ પ્રગટ જ થતું નથી એટલે બંધાવાનો પ્રશ્ન રહેતો નથી. ખરેખર તો આ રીતે આસ્રવ અને બંધ બંનેનો નિરોધ થતો હોવા છતાં માત્ર આસ્રવનો એટલું જ વખાણમાં આવે છે. તે આત્મને જ્ઞાયક સ્વભાવી જાણે છે. આત્મામાં રાગને કરે એવો કોઈ સ્વભાવ જ નથી. તેથી જે જીવ અનેકાંત સુસંગત જ્ઞાન વડે પોતાના સ્વભાવ સુધી પહોંચીને સ્વભાવમાં હુંપણું સ્થાપે છે તે જ્ઞાયકને અવલંબીને જ્ઞાતા ધારા પ્રગટ કરે છે તે જ્ઞાતા ધારામાં સમસ્ત

વિભાવનો નાશ કરવાનું સામર્થ્ય છે.

મિથ્યાત્વનો અભાવ થતાં અનાદિકાળથી થતી પરસમય પ્રવૃત્તિ-મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર-કરોતિ ક્રિયાનો અભાવ થાય છે. બધા અજ્ઞાનમય પરિણામોનો અભાવ થાય છે. અજ્ઞાની એકપણ જ્ઞાનમય પરિણામને કરતો નથી. અજ્ઞાનીના આવા પરિણામને અનંતાનુબંધી કષાય રૂપે ઓળખાય છે. સમ્યક્દર્શનની પ્રગટતા થતાં સમ્યક્દર્શન-જ્ઞાન ચારિત્રના પરિણામ-સ્વસમય પ્રવૃત્તિ-જ્ઞપ્તિ ક્રિયા શરૂ થાય છે. જ્ઞાનીના બધા પરિણામ જ્ઞાનમય જ છે. જ્ઞાની એકપણ અજ્ઞાનમય પરિણામ કરતો નથી.

સાધક દશામાં ચારિત્રના પરિણમમાં શુદ્ધતા ક્રમપૂર્વક વૃદ્ધિ પામે છે. પહેલા અવિરતિ અને પછી કષાયનો અભાવ થાય છે. અનંતાનુબંધી કષાય અને અન્ય કષાય વચ્ચેનો તફાવત લક્ષમાં લેવા જેવો છે. પરંતુ તેમની વચ્ચેનો ભેદ સમજવો સહેલો નથી. અજ્ઞાનીનો રાગ બંધનો હેતુ છે અને જ્ઞાનીનો રાગ ત્યાગ રૂપ છે. અજ્ઞાનીનો રાગ અનંત સંસારનું કારણ છે. એક અપેક્ષાએ જ્ઞાની માત્ર જ્ઞપ્તિ ક્રિયા કરે છે એટલે કે રાગ કરતો નથી. બીજી અપેક્ષાએ જ્ઞાનીને પણ જેટલો દૂર જતો રાગ છે તે દેહ સંબંધી સુખ-દુઃખરૂપી બંધનું કારણ થાય છે, પરંતુ અનંત સંસારનું કારણ થતું નથી.

બારમાં ગુણ સ્થાને વિભાવનો સર્વથા અભાવ છે પરંતુ યોગનો સદ્‌ભાવ છે. ત્યાં નવું કર્મ બને છે પરંતુ વિભાવ ન હોવાથી બંધાતું નથી. આ રીતે યોગને આસ્રવનું કારણ ગણવામાં આવે છે. સમયસાર મૂળ ગ્રંથની શરૂઆત-ગાથા બીજીમાં જીવને બે પ્રકારની જીંદગી જીવવાનો અધિકાર છે. પરસમય અને સ્વસમય બંને પ્રકારના પરિણામ કરવા માટે જીવ સ્વતંત્ર છે. ખરેખર આ પસંદગીનો વિષય નથી કારણ કે બધા જીવો અનાદિકાળથી ધારા પ્રવાહરૂપે પર સમય પ્રવૃત્તિ કરે છે. જો જીવ પરસમય પ્રવૃત્તિ કરે તો જ વિશ્વનું ચારગતિ પરિભ્રમણ રૂપ નાટક અનાદિથી અનંતકાળ સુધી ચાલે.

જો જીવ સ્વ સમય પ્રવૃતિ કરવા ઇચ્છે તો પણ કરી શકતો નથી. નાટકના સભ્યો તેને નાટકમાં ભાગ લેવા માટે ચાલુ રાખવા માટે લલચાવતા જ રહે છે. મોહ-રાગ પાસે એટલી બધી યુક્તિઓ છે કે સ્વ સમય પ્રવૃતિ કર્યે જ મને સાચા સુખની પ્રગતિ થશે એવી દૃઢતા કરેલી વ્યક્તિ પણ તે પ્રમાણે કરતી નથી. પૂ.બ.વ.બોલ નં. ૬૦ માં જીવ કઇ રીતે અટક્યો છે તેમાં પુરુષાર્થ કર્યા વિના અટક્યો તથા અધુરો પુરુષાર્થ કરીને અટક્યો એવી બે વાત લીધી છે. આમ હોવા છતાં છ મહિના અને આઠ સમયમાં છસોને આઠ જીવો મોક્ષ પામે છે. નાટકને ચાલુ રાખવા માટે (રીઝર્વ માંથી) નિત્ય નિગોદમાંથી એટલા જીવો વ્યવહાર રાશીમાં આવે છે.

લૌકિકમાં કોઇ વ્યક્તિ બેંકમાં ખાતુ ખોલાવે ત્યારે તેને ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, ઓવર ડ્રાફ્ટ વગેરે અનેક

જાતની સુવિધા આપે છે. ATM લોનની સગવડ પણ મળે છે. આ બધું આકર્ષક લાગે છે. પરંતુ બેંકો ધર્માદા સંસ્થા નથી આ ઉપરાંત ઝીરો ટકાએ સગવડની જાહેરાતો પણ આવે છે. ધાર્મિક પ્રસંગે 'સેલ' તો સામાન્ય છે. આ કોઈ આપણા સગા નથી. આપણા હિતેચ્છુ નથી. નોકરી ધંધા છૂટી જાય અને મોટા હપ્તા ભરવાના બાકી હોય અથવા વિમાની રકમ પાછી મેળવવાની હોય ત્યારે કેટલી ઉપાધિ થાય છે તેનો જેને અનુભવ હોય એ આવી જાળમાં ન પડે.

પર સમય પ્રવૃતિ કઈ રીતે થાય છે. તે પરાશ્રયે થતાં પરિણામ છે. તે અવશ્ય અશુદ્ધ જ છે. જે પરનો આશ્રય છે તે પર પણ અશુદ્ધ જ હોવો જોઈએ. અર્થાત્ કોઈ અન્યના આશ્રયે નહીં – માત્ર મોહનીય કર્મોદય અનુસાર જ વિભાવ કરી શકો. વળી એ રીતે વિભાવ પર્યાયની પ્રગટતા કર્યા બાદ તમારે માત્ર મોહનીય કર્મ નહીં પરંતુ અન્ય સાત દ્રવ્યકર્મો સાથે સંબંધમાં આવવું પડશે. અઘાતિ કર્મોદય અનુસાર પ્રાપ્ત શરીર અને સંયોગો સાથે પણ સંબંધમાં રહેવું પડશે. તમારે તમારું જીવ તરીકેનું સ્થાન છોડીને જે શરીર મળે તેમાં વસવાટ કરવો પડશે અને એ શરીરની રચનાને અનુકૂળ તમારું જીવન ગોઠવવું પડશે. શરીરને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિય મારફત તમે બાહ્ય વિષયો સુધી પહોંચી શકશો. પરંતુ તે ઈન્દ્રિય અને હાથ-પગ રૂપ અવયવોના ઉપયોગ સબબ તમારે શરીરના પોષણ માટે – આહાર પાણીની જોગવાઈ કરવી પડશે. આવા બધા વણ લખ્યા કરાર પછી તમને ભ્રામક સુખ મળશે.

કોઈ કારણસર તમે આમાંથી છૂટવા માગો તો તે સહેલું નથી. કારણ કે અનાદિકાળથી તમે જેટલા પદાર્થો સાથે સંબંધમાં આવ્યો છો અને તેની સાથે રાગ-દ્વેષના તાણાવાણા વણ્યા છે તે તમને છૂટવા નહીં દે. એ બધા વર્તમાનમાં પણ તમારી સાથે સંકળાયેલા છે. લૌકિકમાં જેમ પત્નીથી છૂટા છેડા લેવા હોય તો તેના ભવિષ્ય માટે તમારે વ્યવસ્થા કરવાની રહે છે. આ આસ્રવ તત્વ છે. ભાવાસ્રવ અને દ્રવ્યાસ્રવ વચ્ચે આ અણલખ્યા સંબંધો છે. જે અનુસાર તમો ચારગતિ નાટકના સભ્ય બનો છો ?

નવ તત્વમાં રહેલી સાત પર્યાયો દ્વારા આત્માને ઓળખવા માટે આસ્રવ અધિકારથી શરૂ કરીશું જીવ અનાદિકાળથી મોહ-રાગ-દ્વેષ રૂપ વિભાવ પરિણામ કરતો આવ્યો છે. તે વિભાવ અનુસાર જીવ નવા દ્રવ્યકર્મથી બંધાય છે. દ્રવ્યકર્મોમાં તે બને અને પછી બંધાય એમાં સમજાવવામાં આવે છે. ત્યાં પરમાર્થે સમયભેદ નથી તો પણ ભેદ કઈ અપેક્ષાએ કહેવા માગે છે તે આપણે આ અધિકારમાં સમજવું છે. જીવની વિભાવ પર્યાય એક રૂપ – એક જ હોવા છતાં કર્મમાં આવવું અને બંધાવું એમ બે અપેક્ષા લેવામાં આવે છે તે પ્રમાણે વિભાવ પર્યાયને ભાવઆસ્રવ અને ભાવ બંધ એમ બે અપેક્ષા લાગુ પાડવામાં આવે છે. એ ઉપરાંત અધિકારના ક્રમનો વિચાર કરીએ ત્યારે આસ્રવ બંધ અધિકાર સાથે નથી લીધા – બે વચ્ચે સંવર નિર્જરા અધિકાર લીધી છે. આ બધું આપણે યોગ્ય રીતે સમજવું જરૂરી છે.

આસ્રવ શબ્દની વ્યુત્પતિ વિચારીએ તો આ મર્યાદા સૂચક છે. સ્રવ શબ્દથી આવવું એવો ભાવ છે. કર્મો જે જીવ સાથે બંધાવા માટે આવે છે તે અમર્યાદ નથી યોગ કર્મો જ જીવ સાથે બંધાવા માટે આવે છે. દ્રવ્યકર્મ આવવામાં

જીવનો વિભાવ નિમિત્ત છે. જીવનો સ્વભાવ અમર્યાદ છે પરંતુ વિભાવ મર્યાદિત જ છે. આ રીતે જીવની એક સમયની પર્યાય પણ ભાવાસ્રવ રૂપ જ છે. વિભાવ મર્યાદિત છે માટે કર્મો પણ મર્યાદિત છે. ''કર્મો આવે છે'' એના સ્થાને કર્મો બને છે. એવો શબ્દપ્રયોગ યોગ્ય છે. ''આવવું'' એ શબ્દ ક્ષેત્ર સૂચક છે. આસ્રવમાં એ અપેક્ષા નથી.

કાર્મણ વર્ગણામાં કર્મરૂપે પરિણમવાની યોગ્યતા છે. અન્ય સ્કંધો કે પરમાણુ કર્મરૂપે નથી પરિણમતા કાર્મણ વર્ગણાનું કર્મમાં રૂપાંતર એ વૈભાવિક ક્રિયા છે. સ્વાભાવિક કાર્ય નથી. કર્મ બનાવવામાં તે ક્ષેત્રે રહેલા જીવનો વિભાવ ભાવ નિમિત્ત છે. વિભાવને ચાર ભેદ રૂપે લક્ષમાં લેવામાં આવે છે. મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ મિથ્યાત્વએ શ્રદ્ધાનો દોષ છે. અવિરતિ અને કષાયને ચારિત્રના દોષમાં લેવામાં આવે છે. જીવમાં જેવા ચાર આસ્રવો છે એવા જ દ્રવ્યકર્મમાં છે. બંનેને સામસામા નિ.નૈ. સંબંધો છે.આ ત્રણ વિભાવના કારણો છે. યોગ એ વિભાવનું કારણ નથી. યોગને આસ્રવના કારણરૂપે લેવામાં આવે છે. યોગ એટલે જોડાવું જીવ જ્યારે એક ગતિ છોડીને બીજા દેહમાં જાય છે. ત્યારે સર્વપ્રથમ યોગ મારફત જોડાય છે. જીવ અને શરીર એકક્ષેત્રાવગાહ સંબંધમાં છે એટલું પર્યાપ્ત નથી. એ બે વચ્ચે વિશિષ્ટ એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. યોગ દ્વારા તુરંત જ બળ ઈન્દ્રિયો-આયુ અને શ્વાસોચ્છવાસ એમ ચાર પ્રકારે જોડાય છે. તે ઉપરાંત તે શરીરને અનુરૂપ-આહાર-ભય-પરિગ્રહ અને મૈથુન એ અન્ય ચાર પ્રકારે પણ શરીર સાથે વિશિષ્ટ સંબંધમાં આવે છે. શરીર સાથેના સંબંધ ઉપરાંત જીવ નવા બનેલા દ્રવ્યકર્મ સાથે પણ એક ક્ષેત્રાવગાહ સંબંધમાં જોવા મળે છે – યોગના કારણે કર્મ બને છે એટલું જ નહીં પરંતુ તે કર્મ આઠ પ્રકારરૂપ થઈ જાય છે. શાસ્ત્રમાં આને પ્રકૃતિ બંધ અને પ્રદેશ બંધ રૂપે સમજાવે છે. આસ્રવનો જ વિચાર કરીએ તો નવું બનેલું કર્મ જીવ સાથે એક ક્ષેત્રાવગાહ રૂપ જોવા મળે છે. યોગ બંધનું કારણ નથી. મિથ્યાત્વ-અવિરતિ-કષાય બંધનું કારણ છે. અનાદિ સંસારમાં ચારેય સાથે જ છે તેથી તે અનુસાર કર્મમાં પ્રકૃતિ બંધ-પ્રદેશ બંધ-સ્થિતિ બંધ અને અનુભાગ બંધ જોવા મળે છે. બારમાં તથા તેરમાં ગુણ સ્થાને માત્ર યોગ છે. નવા કર્મ બને છે. એક સમય માટે જીવ સાથે એકક્ષેત્રાવગાહ સંબંધ રૂપ રહે છે અને પછી છૂટું પડી જાય છે. તેને 'ઈર્યાપથ આસ્રવ' કહે છે. તેથી માત્ર યોગની વાત આવે ત્યારે પ્રકૃતિ બંધ શબ્દ યોગ્ય નથી. પ્રકૃતિ બંધ શબ્દ દ્વારા આઠ પ્રકારના (પ્રકૃતિ) કર્મો બને છે.

પ્રકૃતિ બંધ શબ્દથી કર્મો જીવની સાથે બંધાય છે. એમ કહેવામાં આવે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે કર્મો જીવ સાથે બંધાતા નથી. કર્મો ખરેખર કાર્મણ શરીર સાથે બંધાય છે. કાર્મણ શરીરએ સતામાં પડેલા કર્મોનો જથ્થો છે. કર્મો તે શરીર સાથે બંધાય છે અને છૂટા પડી જાય છે. કર્મોની સ્થિતિ પૂર્ણ થાય અને તે સમયે જીવ તેની સાથે જોડાય તો જ જીવ સાથેનો સંબંધ હોય છે. કાર્મણ શરીર અને તેજસ શરીર જીવ સાથે અનાદિ એકક્ષેત્રાવગાહ સંબંધમાં છે તે જ્યારે જીવથી જુદા પડે ત્યારે ખરેખર તો યોગનો અભાવ થાય ત્યારે જ સિદ્ધ દશા થાય છે.

મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ અનુસાર કર્માસ્રવની શરૂઆત તો ચારેયથી સાથે જ થાય છે. હવે

તેનો અભાવ કઈ રીતે થાય છે. તેનો વિચાર કરીએ. જે ક્રમથી બોલીએ છીએ તે ક્રમથી અભાવ થાય છે. અર્થાત્ પહેલા મિથ્યાત્વ-પછી અવિરતિ અને કષાય-છેલ્લે યોગ. તે ઉપરાંત એક વિશિષ્ટતા મિથ્યાત્વનો અભાવ થતા-મિથ્યાત્વની ભૂમિકાના અવિરતિ-કષાય અને યોગ પણ જાય છે. પછી બાકીના ત્રણ રહે છે. આનો પ્રયોજનવશ વિચાર કરીએ ત્યારે મિથ્યાત્વના અભાવની સાથે અનંતાનુબંધી કષાયનો પણ અભાવ થાય છે. અજ્ઞાનની ભૂમિકામાં જે નવા દ્રવ્યકર્મો બને છે તેમાં બન્યા સાથે તે કર્મો જીવ સાથે બંધાય છે. મિથ્યાત્વની અસર નીચે જીવ પોતાનું હુંપણું આત્મામાંથી છોડીને શરીરમાં હુંપણું કરે છે. સંયોગોમાં મારાપણું એકત્વબુદ્ધિ અને હિતબુદ્ધિ કરે છે તે અનુસાર તેને વિશ્વના બધા પદાર્થો ભોગ-ઉપભોગની સામગ્રી ભાસે છે. તે સાથેના રાગ અનુસાર તે કોઈ એક વિષયને ગૃદ્ધિભાવપૂર્વક ભોગવવા માગે છે. સાથે રહેલું જ્ઞાન તે સમયે રાગના વિષયને જાણે છે.

આ વાસ્તવિકતા આપણે કર્તા કર્મ અધિકારમાં બરોબર ખ્યાલમાં લીધી છે રાગ અનુસાર જ્ઞાન જાણે છે. વિષયની પસંદગી જ્ઞાન નથી કરતું. કાર્મણ વર્ગણા કર્મરૂપે પરિણમે છે. જીવ સાથે સ્થિતિબંધ રૂપે રહે છે. સ્થિતિ પૂર્ણ થતા તે જીવથી જુદું પડે છે. જીવને અનુભાગબંધ અનુસાર ફળ આપીને છૂટું પડે છે. છૂટા પડ્યા પછી તે કર્મ રૂપે રહેલું નથી. કાંતો બધા પરમાણુઓ છૂટા પડી જાય અથવા કોઈ બીજા સ્કંધ રૂપે પરિણમે આ રીતે નવું બંધાયેલું કર્મ ભવિષ્યમાં જુનુંથઈને કર્મોદય રૂપે છૂટું પડે છે. જેવી રીતે નવાને જુના સાથે સંબંધ છે - કારણ કે તે એક જ છે. એવો સંબંધ કર્મોદય અને નવાકર્મ સાથે નથી. કારણ કે બંનેના પરમાણુઓ તદ્દન ભિન્ન છે. આમ છતાં આ અધિકારમાં જૂના કર્મને નવા કર્મમાં નિમિત્ત ગણ્યા છે. આ વાસ્તવિકતા વિચાર માગી લે છે. અલબત્ત ત્યાં શરત એવી મૂકી છે કે જો કર્મોદય સમયે જીવ વિભાવ કરે તો જ જુનુંકર્મ નવા કર્મનું કારણ બને છે. આપણે જાણીએ છીએ કે જુના-નવાકર્મોના પરમાણુઓનો જથ્થો અને જીવ એ ત્રણેય સ્વતંત્ર છે અને એકબીજા સાથે બે પ્રકારના નિયમભૂત નિ.નૈ. સંબંધમાં આવે છે.નવા કર્મ બનવામાં જીવનો વિભાવ જ નિમિત્ત છે. આટલી આપણી સમજણને વ્યવસ્થિત કર્યા બાદ હવે આ અધિકારમાં આચાર્યદેવ આસ્રવ તત્વ કેવી રીતે સમજાવે છે. તેનો ખ્યાલ કરીએ.

ગાથા ૧૬૪-૧૬૫ : આ ગાથામાં મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ એ પ્રકાના ચાર જીવના પરિણામો છે તે ભાવાસ્રવ છે તે જ પ્રમાણે એવા ચારકર્મના ભેદો છે તે દ્રવ્યાસ્રવ છે.

કર્મોદય અનુસાર જીવમાં વિભાવ થાય છે. તે સંયોગી એકત્વ-ઉભય બંધ જ નવા કર્મમાં નિમિત્ત છે. તે વાસ્તવિકતા છે. જીવ સ્વભાવરૂપે ન પરિણમે અને વિભાવરૂપે પરિણમે તો જ નવું કર્મ બને છે. અર્થાત્ સંસાર પરિભ્રમણનું મૂળ જીવનો વિભાવ છે. જીવ જ સંસારમાં રહેવા માગે છે તેથી તે નવું કર્મ બનાવે છે કે જેથી ભવિષ્યમાં પોતાનો સંસાર ચાલુ રહે. આ રીતે ઉભયબંધ થાય ત્યારે જીવના વિભાવને જ કર્મના કારણમાં લેવામાં આવે છે. તેના સ્થાને આ ગાથાઓમાં કર્મોદયને જ નવાકર્મના કારણરૂપે દર્શાવે છે. એ કથન કરતા સમયે પણ ઉભયબંધની વાત

સલામત રાખે છે. જો જીવ વિભાવરૂપે ન પરિણમે અને જુનુકર્મ જીવથી જુદું પડી જાય તો તે પોતાના સ્વતંત્ર પ્રવાહ ક્રમમાં ચાલ્યું જાય છે ત્યાં નવું કર્મ બનતું નથી.આપણા જ્ઞાનને હવે વિશેષ વ્યવસ્થિત કરીએ તો ઉભય બંધ જ નવા કર્મનું કારણ છે. જે જીવ પોતાની સંસાર દશા ચાલુ રાખવા માગે છે. તેને જ નવાકર્મનો બંધ થાય છે. આપણે અત્યારે આસ્રવ અધિકારમાં આસ્રવનો જ વિચાર કરવાનો છે. પરંતુ અજ્ઞાનદશામાં આસ્રવ બંધની સળંગ એક જ પ્રક્રિયા છે. તેથી આસ્રવના સ્થાને બંધથી જ સમજીએ છીએ. ટીકામાં 'જીવના પરિણામના નિમિત્તે' એવો શબ્દ પ્રયોગ છે. તેનો અર્થ જીવની અજ્ઞાનમય પરિણામ કરવો ગુણ ભેદમાં ન જવું.

ગાથા ૧૬૬ :- આ ગાથામાં જ્ઞાનીને આસ્રવોનો અભાવ છે. અર્થાત્ જ્ઞાની નવા દ્રવ્યાસ્રવો કરતો નથી એમ સમજાવે છે. આ ગાથામાં સમ્યગ્દષ્ટિને જ્ઞાનીરૂપે ઓળખાવે છે. અહીં શ્રાવક કે મુનિની વાત લેવા માગતા નથી. એમ આપણા જ્ઞાનને વ્યવસ્થિત કરીએ. ચાર પ્રકારના કષાયમાં અહીં માત્ર અનંતાનુબંધીના રાગનો અભાવ થાય છે. અન્ય ત્રણ પ્રકારના રાગનો અભાવ નથી. મિથ્યાત્વના ભાવ આપણા જ્ઞાનનો વિષય થતો નથી. રાગ જ આપણા જ્ઞાનમાં જણાય છે. તેમાં આ રાગ અનંતાનુબંધીના છે એને જુદો લક્ષમાં લેવો જોઈએ. સાધક દશામાં બાકીના ત્રણ પ્રકારનાં રાગ જોવા મળે છે.

અનંતાનુબંધી રાગની એ વિશિષ્ટતા છે કે એક જ સમયના રાગ અનુસાર થતાં કર્મબંધમાં કેમ જાણે તે જીવ એકીસાથે ભૂત-વર્તમાન-ભવિષ્યમાં અનેક અર્થાત્ અનંતવિભાવ હોય એવો બંધ થાય છે. સમ્યગ્દર્શનની ભૂમિકામાં જે રાગ થાય છે તે એક સમય પૂરતો જ છે માટે એટલો જ છે. મિથ્યાત્વની ભૂમિકા જેવો નથી. અજ્ઞાની અને જ્ઞાની વચ્ચે જેવો તફાવત છે એ રીતે સાધક અને પરમાત્મ દશા વચ્ચે તફાવત છે. વિભાવનો અભાવ થવાનું ચાલુ થાય ત્યારે માત્ર મિથ્યાત્વ જાય છે. પરંતુ બાહ્ય વિષયો સાથેના સંબંધ એક સરખા જ લાગે છે. તેથી જ્ઞાનીને સમજવા મુશ્કેલ છે. વળી, સાધક દશાના વર્ણનમાં મુનિનું સ્વરૂપ જ સમજાવવામાં આવે છે.

આસ્રવના લક્ષણોની વાત આસ્રવ અધિકારમાં નથી લીધી. કર્તા કર્મ અધિકારમાં અશુચિપણું-વિપરીતતા-જીવનિબદ્ધ-અધ્રુવ-શરણહીન -અનિત્ય-દુઃખનું કારણ-સ્વયં દુઃખ રૂપ અને દુઃખ ફળ-આવા વિશેષણો ૭૨ અને ૭૪ ગાથામાં વાપર્યા છે. લક્ષમાં રહે કે આ બધા લક્ષણો ભાવાસ્રવ અને દ્રવ્યાસ્રવ બંનેને લાગુ પડે છે. દુઃખ દુઃખનું કારણ અને દુઃખ ફળ સમજવા માટે આપણે એને બંને આસ્રવોમાં લાગુ પાડીએ તો જ સરખી ઘડ બેસે.

મોહ-રાગ-દ્વેષ બંધનું કારણ છે. પરંતુ જ્ઞાન બંધનું કારણ નથી. કારણ કે જ્ઞાનમાં વીપરીતતા નથી. આ વાત બધાના ખ્યાલમાં છે. જ્ઞાનમાં આવરણ છે. બધાને આ વાસ્તવિકતા બરોબર દૃઢ છે. હવે આચાર્યદેવ એક નવો જ વિચાર રજુ કરે છે.

ગાથા ૧૭૦ :- જ્ઞાની નિરાસ્રવ છે એવું મથાળુ વાંચીને પણ ગાથાનું મહત્વ નહીં સમજાય. આ ગાથાનો

ભાવ-અજ્ઞાની કર્મ બાંધે છે અને જ્ઞાની નથી બાંધતો. ત્યારબાદ ગાથા ૧૭૧ માં જ્ઞાનને જ બંધનું કારણ કહ્યું છે. આશ્ચર્ય થાય એવી વાત વાંચીને આંચકો લાગે. બધું ઉલટ સુલટ થઈ જાય છે. તેથી આચાર્યદેવનો આશય સમજવો આવશ્યક છે. આગળ વાંચતા પહેલા પોતાની મેળે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

જીવ જ્ઞાન સ્વભાવી છે. રાગને કરે એવો કોઈ ત્રિકાળ સ્વભાવ જીવમાં નથી. જીવ-જો પરનો કર્મોદયનો સંગ કરે તો જ રાગ થાય છે. એ વાત સાચી છે. હવે નવેસરથી વિચારીએ. જીવ જ્ઞાન સ્વભાવી છે. તેના સ્થાને જીવ સર્વજ્ઞ સ્વભાવી છે એમ લક્ષમાં લેવું. સર્વજ્ઞ સ્વભાવી જીવે સર્વજ્ઞ દશા પ્રગટ કરવાને બદલે તે અલ્પજ્ઞ રૂપે પરિણમે છે તેને જીવની ભૂલ-જીવનો દોષ છે. આખા વિશ્વને અભેદરૂપે જાણવાને સ્થાને તે માત્ર એકને જ જાણે તે યોગ્ય નથી. આપણને કોઈપૂછે કે તમને આ વસ્તુ ભાવે છે ? જો તમે કયારેય ચાખી જ ન હોય તો તમે એમ જ કહેશો કે એકવાર ચાખ્યા પછી ભાવે છે કે નથી ભાવતી એ નક્કી થાય. વળી આપણે કોઈને જાણીએ પછી જ તે સમયે નવા રાગ-દ્વેષ થાય છે. તેથી આચાર્યદેવ અલ્પજ્ઞતાને જ આસ્રવનું કારણ કહે છે.

પ્રશ્ન – રાગ અનુસાર વિષયની પસંદગી કરીને તેને જાણે છે કે જાણ્યા પછી રાગ થાય છે ? આસ્રવમાં મિથ્યાત્વ મૂળકારણ છે કે જ્ઞાન ? – અલ્પ જ્ઞાન ?

સાચો જ જવાબ – સાચું સમાધાન એમ છે કે બંને વાત સાચી છે. દૃષ્ટાંત : જેમ કર્મોદય અનુસાર જીવ વિભાવ કરે છે અને સાથોસાથ નવું કર્મ બાંધે છે. તેમ રાગ અનુસાર જ્ઞાન જાણે છે. તે પૂર્વાર્ધ છે અને જ્ઞાન અનુસાર રાગ થાય છે તે ઉત્તરાર્ધ છે. કોઈ વિરોધાભાસ નથી.

પ્રશ્ન – મિથ્યાત્વનો અભાવ થાય ત્યારથી જ ધર્મની શરૂઆત થાય છે. જ્ઞાની નિરાસ્રવ છે. તેની સાથે અલ્પજ્ઞતાને કોઈ સંબંધ જોવા મળતો નથી. રાગ છે ત્યાં સુધી અલ્પજ્ઞતા છે વીતરાગ થાય પછી જ સર્વજ્ઞતા છે.

ઉત્તર – તમે જે અપેક્ષાથી તર્ક રજુ કરો છો તે સાચો છે. પરંતુ મિથ્યાત્વનો અભાવ કઈ રીતે થાય છે તે વિચારો. જીવ અને પુદ્‌ગલ બંને તદ્દન જુદા છે એવું વિવેકી જ્ઞાન પ્રગટ થાય ત્યારે જ મિથ્યાત્વ ટળે છે. બંને જુદા જાણવા અને બંને જુદા પાડવા એ જ્ઞાનનું જ કાર્ય છે. પ્રયોગાત્મક ભેદજ્ઞાનને કારણે જ અજ્ઞાન ટળે છે. કાર્ય નયવિભાગથી થાય છે. પરંતુ નયમાંથી પ્રમાણ તરફ જવાનું છે. ક્રિયાની પાછળ સ્વભાવ છે અને સ્વભાવનું સામર્થ્ય અમર્યાદ જ હોય એ નિર્ણય જ્ઞાન જ કરે છે.

પ્રશ્ન – જે જ્ઞાન અનાદિકાળથી મોહ-રાગ-દ્વેષ અનુસાર વિષયોને જાણતું હતું એ જ્ઞાનમાં મોહ અને રાગ-દ્વેષને મૂળમાંથી નાશ કરવાનું સામર્થ્ય કેવી રીતે પ્રગટે છે ?

ઉત્તર – જ્યારથી જ્ઞાનમાં આવે છે કે હું અલ્પજ્ઞ નથી – હું સર્વજ્ઞ છું ત્યારથી તે સર્વજ્ઞ પર્યાય પ્રગટ કરવા માગે

છે. પરને ભેદને જાણતા રાગ જ થાય. સ્વભાવના આશ્રયે જ્ઞાન જ થાય. રાગ ન થાય એવો નિર્ણય થાય ત્યારે તે પ્રયત્ન પૂર્વક પોતાને જાણવાનો પ્રયત્ન કરે છે. અને પરનું જાણપણું ટાળે છે. જીવ અને પુદ્‌ગલ તદ્દન જુદા છે. એમ નિર્ણય થતાં મોહ શીથીલ થાય છે અને પરનું જાણપણું ટાળતાં રાગ-દ્વેષ થતાં નથી. ફરી ફરીને જ્ઞાયક સર્વજ્ઞ સ્વભાવની ભીંસ લેતાં કેવળ જ્ઞાન પ્રગટે છે. દૃષ્ટાંત :- નોળીયા અને સર્પની લડાઈ વખતે નોળીયો ફરી ફરી નોળવેલ સૂંઘે છે અને તાજો માજો થઈને લડે છે. સર્પને હરાવે છે. માત્ર એક ને જાણ્યું - રાગ થવો તેથી અલ્પજ્ઞતાને આસ્રવનું કારણ દર્શાવે છે. વળી અલ્પજ્ઞ દશામાં જ્ઞપ્તિ પરિવર્તન-વિષયથી વિષયાંતર અનિવાર્ય છે. આ પણ રાગ-દ્વેષનું કારણ બને છે.

ગાથા ૧૭૨ :- મિથ્યાત્વ - વિષયોને ભોગવવાનો ભાવ તે અનુસાર રાગ-દ્વેષ કરવા જેવા માનીને કરે છે. તેથી તે રાગને બુદ્ધિપૂર્વકના એટલે કરવા જેવો માનીને કરે છે.

સામ્યગ્દષ્ટિ - બાહ્ય વિષયોના - ત્યાગનો ભાવ - બાહ્યમાંથી કાંઈ મળતુ જ નથી. જીવ પુદ્‌ગલ અત્યંત ભિન્ન જ છે એવો વિવેક - આમ છતાં સાધક દશામાં બાહ્યની પ્રવૃતિ જોવા મળે છે. જ્ઞાનીના એ રાગને અબુદ્ધિપૂર્વકનો અર્થાત્ રાગ કરવા જેવો નથી એવા નિર્ણય છતાં આચરણમાં રાગ અનુસાર પ્રવૃતિ થાય છે.

ગાથા ૧૭૩ - ૧૭૬ :- જીવના વિભાવને અનુસરીને કર્મનું આસ્રવણ અને બંધન થાય છે. સ્થિતિબંધ સુધી તે જીવ સાથે બંધાયેલું રહે છે. સ્થિતિબંધ પૂર્ણ થતાં તે છૂટું પડી જાય છે. જે સમયે કર્મ બને છે તથા બંધાય છે. તે સમયે તે કર્મની કોઈ અસર જીવ ઉપર નથી. જ્યાં સુધી જીવ સાથે બંધાયેલું રહે છે. ત્યાં સુધી પણ કર્મની કોઈ અસર જીવને નથી. તેથી સ્થિતિબંધના સમયને અબાધાકાળ કહે છે. એટલે કે તે સમય દરમ્યાન જીવને કોઈ બાધા કરતું નથી. સ્થિતિબંધ પૂર્ણ થતાં તે જીવને ફળ આપે છે. એમ કહેવામાં આવે છે. ખરેખર તો જીવ તે સમયે ફરી વિભાવ કરે તો કર્મે ફળ આપ્યું કહેવાય. જીવ જો જ્ઞાતા ભાવ રૂપે પરિણમે વિભાવ ન કરે તો કર્મ ફળ આપ્યું ન કહેવાય. જીવ જો જ્ઞાતા ભાવ રૂપે પરિણમે વિભાવ ન કરે તો કર્મ ઉપશમ - ક્ષયોપશમ કે ક્ષાયિકભાવરૂપે જીવથી જુદુ પડી જાય છે. આ હકીકત મુખ્યપણે મોહનીય કર્મના અનુસંધાનમાં છે. અઘાતિ કર્મોદય અનુસાર જીવને શરીર તથા સંયોગો પ્રાપ્ત થાય તેને જીવ રાગ કરે કે જ્ઞાતા રહે તેની સાથે કોઈ નિસ્બત નથી. દૃષ્ટાંત રૂપે તે સમયમાં પ્રચલિત બાળલગ્નની વાત લીધી છે. કન્યા યુવાનીમાં પ્રવેશે ત્યારે જ ઉપભોગ્ય થાય છે. ત્યાં સુધીમાં પુરુષ પણ યુવાનીમાં આવી ગયો હોય છે આવો મેળવિશેષ ત્યાં જોવા મળે છે.

ગાથા ૧૭૭ - ૧૭૮ :- જિનાગમના ઉપદેશમાં મોહ-રાગ-દ્વેષ રૂપ અજ્ઞાન દશાને જ નવા કર્મના આસ્રવ અને બંધના કારણમાં ગણ્યા છે. કારણ કે તે અજ્ઞાન દશામાં એક સમયનો રાગ પણ કેમ જાણે ત્રણ કાળે એકી સાથે કર્યો હોય એવા અનંત સંસારના કર્મબંધનું કારણ થાય છે. અભિપ્રાયનીભૂલને કારણે રાગનું આવું ફળ મળે છે. સમ્યગ્દષ્ટિ

જીવને પોતાના નિજ સ્વભાવમાં જ હુંપણું સર્વસ્વ પણું છે. તેની દૃષ્ટિમાં રાગ અને રાગના વિષયો એકાંતે દુ:ખનું કારણ ભાસે છે. તેથી અભિપ્રાયમાં તેનો ત્યાગ જ છે. આવી દશામાં પણ જે રાગ થાય છે તે અલ્પબંધનું કારણ થાય છે. જ્ઞાનીને અનંત સંસારનું કારણ નથી તેથી તેને અબંધક, નિરાસ્રવ કહ્યો છે.

ગાથા ૧૭૯-૧૮૦ :- જેણે પ્રયોગાત્મક ભેદજ્ઞાન કરીને પોતાના જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપ્યું છે. તે હવે ફરીને શરીરમાં હુંપણું નહીં કરે. સંયોગોને લાભનું કારણ નહીં માને. દૃષ્ટાંત :- પહાડ ઉપર વિજળી પડે અને તેના બે ભાગ થાય તે ફરીને સંધાઈને એક પહાડ નહીં થાય. આ બે પદાર્થ વચ્ચે જુદાપણાની વાત છે. આખા પહાડમાં અંદરમાં બે ભાગ જુદા જ છે. પરંતુ ઉપલકદૃષ્ટિમાં તે અખંડ લાગે છે. પરિક્ષકને પહાડમાં સૂક્ષ્મ સાંધ લક્ષમાં આવે છે. ત્યાં જો થોડું ખોદીને ડાઈનેમાઈટ ફોડવામાં આવે તો બે ભાગ જુદા થઈ જાય. આ દૃષ્ટાંત સ્વભાવ અને વિભાવના જુદાપણાને અનુલક્ષીને છે. જ્ઞાની ત્યાં ભેદજ્ઞાનનો પ્રયોગ કરીને વિભાવને પોતાનાથી જુદો પાડી દે છે. આ ગાથામાં એવું સૂચવવા માગે છે. સમ્યગ્દૃષ્ટિ ફરી મિથ્યાદૃષ્ટિ ન થાય. પરંતુ જો તે સાવધાની ન રાખે અને બાહ્ય વિષયની આસક્તિ જો કરી જાય તો ભાવલિંગ દશા પ્રગટી હોય તો પણ ફરી મિથ્યાદૃષ્ટિ થઈ શકે છે. આ ભયસ્થાન છે. તેથી સમ્યગ્દર્શન થયા પછી સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ તથા વૈરાગ્ય ચાલુ રાખવા આવશ્યક છે. જ્ઞાન અને વૈરાગ્યરૂપી આવા વલોણાથી જ જ્ઞાની સાધક દશામાં આગળ વધીને પરમાત્મા થાય છે.

આસ્રવ અધિકારનું સમાલોચન પ્રયોજન અજ્ઞાનનો અભાવ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો છે. ભાવાસ્રવો થાય જ નહીં તો નવા કર્મો બને જ નહીં. કર્મો બને જ નહીં તો કર્મો બંધાય નહીં. કર્મો બંધાય નહીં તો ફળ આપવાનો પ્રસંગ જ આવે. તેથી સંસારનો અભાવ થાય. સંસારની ધરી જીવનો વિભાવ છે. વિભાવમાં મિથ્યાત્વ મુખ્ય છે. મિથ્યાત્વના મૂળમાં વિશ્વના બધા પદાર્થો તદ્દન જુદા છે. એ સ્પષ્ટતાનો અભાવ છે. જો જીવ અને પુદ્ગલના અત્યંત ભિન્નપણાનો જ્ઞાનમાં વિવેક જાગૃત થાય તો મિથ્યાત્વને અવકાશ ન રહે. સમ્યગ્દર્શન એ મોક્ષમાર્ગનું પહેલું પગથિયું છે. પરંતુ જે સમ્યગ્દર્શનની પ્રગટતા કરે છે.તેણે ૭૫ ટકા -- કરી લીધું છે. અનંતસંસારનું કારણ દૂર થાય પછી અસ્થિરતાના રાગની કોઈ કિંમત નથી. વૃક્ષમૂળમાંથી ઉખડી ગયા પછી પાંદડા લીલા દેખાય તો પણ તેની કિંમત નથી. સમ્યગ્દર્શનની પ્રગટતા થતાં જ આત્મા આખા વિશ્વથી જુદો પડવા માંડે છે. અલ્પજ્ઞતામાં મુખ્યપણે અજ્ઞાનીનું એકાંત પરપ્રકાશક જ્ઞાન લેવું યોગ્ય છે. કારણ કે અન્યથા ભાવલિંગી સંત પણ અલ્પજ્ઞ છે. આ અધિકારમાં અજ્ઞાનીને જ આસ્રવ સહિત સ્વીકાર્યો છે. સમ્યગ્દૃષ્ટિને નહીં - મોહ-રાગ-દ્વેષ અને મિથ્યાજ્ઞાન-અલ્પજ્ઞાનને બંધના કારણમાં લીધા છે.

# સંવર અધિકાર

ગા. ૧૮૧ થી ૧૮૩ સમયસાર શાસ્ત્રમાં સંવર તત્ત્વ દર્શાવવા માટે યુકિત એમ આપે છે કે એક દ્રવ્યનું બીજું દ્રવ્ય નથી. બે પદાર્થો અત્યંત ભિન્ન જ છે.દરેક પ્રભુત્વ શકિતથી શોભાયમાન છે. બે પદાર્થો જુદા છે એટલે કે કોઈ કોઈના આધારે નથી. આપણે જમીનના આધારે ઊભા છીએ. પૃથ્વી આકાશના આધારે છે. આકાશને કોનો આધાર છે ? આ રીતે બંને પદાર્થો સદાય જુદા જ છે. દરેક પદાર્થમાં અધિકરણ કારક છે. સ્વભાવ અને પરિણમન પોતાના સ્વ ક્ષેત્રના આધારે જ છે.

બે પદાર્થો આવા જુદા હોવા છતાં મિથ્યાત્વનો ભાવ–અભિપ્રાય એમ વર્તે છે કેબે પદાર્થ એક થઈ ગયા છે. સંયોગી એકત્વને એક સત્તા માને છે. અન્ય મતમાં પાણીને મૂળભૂત તત્ત્વ માને છે. વિજ્ઞાન જાણે છે કે બે ભાગ હાઈડ્રોજન અને એક ભાગ ઓકસીજનના સંયોજનથી પાણી બને છે. બે પદાર્થના જુદાપણાનો નિર્ણય થાય તો મિથ્યાત્વનો અભાવ થાય એટલે કે આસવના નિરોધપૂર્વક સંવરની પ્રગટતા થાય.

પરમાર્થે શુદ્ધ સ્વભાવને અને વિભાવ પરિણામ પણ તદ્દન જુદા છે. આત્માની સત્તામાંથી વિભાવ કાયમ માટે દૂર થાય છે તેથી વિભાવ વિના પણ આત્મલાભ સંભવે છે. માટે વિભાવને આત્મામાં સ્થાન નથી. આ વાત મૂળ ગાથામાં દર્શાવે છે. ઉપયોગ –ઉપયોગમાં છે અને ક્રોધ ક્રોધમાં છે. ક્રોધ એ વિભાવ છે. એટલે કે વિભાવને વિભાવનો આશ્રય છે. ઉપયોગ શબ્દ શુદ્ધોપયોગના અર્થમાં લેવાથી શુદ્ધોપયોગને શુદ્ધ સ્વભાવ સાથે સંબંધ છે.

પછી કહે છે કે ઉપયોગમાં ક્રોધ નથી અને ક્રોધમાં ઉપયોગ નથી. એટલે કે જ્ઞાની એક પણ અજ્ઞાનમય વિભાવભાવો કરતો નથી અને અજ્ઞાની એકપણ જ્ઞાન પરિણામને કરતાં નથી. જ્ઞાની અને અજ્ઞાની એ બે પ્રકારના જુદા દ્રવ્યો છે. અહીં જ્ઞાની અસ્થિરતાના રાગરૂપે પરિણમે છે એવી સાધક દશા લેવા માગતા નથી. જે જીવ અજ્ઞાની હતો તે અજ્ઞાનમય પર સમય પ્રવૃત્તિ કરતો હતો તે જ્ઞાની થાય છે ત્યારે કરોતિ ક્રિયાનો અભાવ કરીને સ્વસમયરૂપ જ્ઞપ્તિ ક્રિયા કરે છે. દૃષ્ટાંત લોખંડને પાણીના સંગમાં કાટ લાગે છે. લોખંડમાંથી સ્ટેનલેસ સ્ટીલ બને છે. તે કટાતું નથી. લોખંડની શકિતને બાધા આવતી નથી. માત્ર કાટ લાગવાની યોગ્યતા દૂર કરવામાં આવે છે. તેમ અજ્ઞાની જીવ જ્ઞાની થાય છે ત્યારે તેની પરમાત્મ શકિતને બાધા આવતી નથી. માત્ર જ્ઞાનને આવરણ થતું હતું તે દૂર થાય છે. ભેદ જ્ઞાનનો પ્રયોગ દ્રવ્ય અને પર્યાયને જુદા નથી પાડતું. તે સ્વભાવને વિભાવથી જુદો પાડે છે.

ભેદજ્ઞાનના પ્રયોગ અનુસાર શુદ્ધતા વધતી જાય છે અને તે પ્રમાણમાં વિભાવરૂપ અશુદ્ધતા ઘટતી જાય છે. જ્યારે વિભાવનો સર્વથા નાશ થાય છે પછી ભેદજ્ઞાનના પ્રયોગનું પ્રયોજન નથી. આત્મા સંપૂર્ણ શુદ્ધ થાય છે તે મોક્ષદશા છે. તેને પરમ સંવર પણ કહેવામાં આવે છે.

આ રીતે આંશિક શુદ્ધ પર્યાયની પ્રગટતા તે સંવર એટલો મર્યાદિત ભાવ ન લેતા શુદ્ધતાની પ્રગટતાથી લઈને પરમાત્મ દશાની પ્રગટતા સુધીની વિધિ તે સંવર તત્ત્વ છે. તેની સાથોસાથ વિભાવનો અભાવ થવાથી નવા કર્મો બનતા નથી. આરીતે સંવરનું સ્વરૂપ આ પ્રમાણે છે.

૧) શુદ્ધપર્યાયની પ્રગટતા અને વૃદ્ધિ

૨) આસવોનું અટકવું - દૂર થવું - અભાવરૂપ થવું

૩) નવા દ્રવ્યકર્મો - અનંતાનુબંધી કર્મો બનતા જ નથી. કર્મની ફળદેવાની શકિત ઘટતી જાય છે. નવા દ્રવ્યકર્મો આવતા નથી.

સંવર તત્ત્વને સમજ્યા બાદ જ નિર્જરા તત્ત્વ સમજાય છે. શબ્દ 'સંવરપૂર્વક નિર્જરા' છે. અર્થાત્ નિર્જરા અને સંવર તત્ત્વો બંને સાધક દશામાં લક્ષગત થાય છે. નિર્જરા શબ્દ દ્રવ્યકર્મના ખરી જવાના ભાવરૂપ છે. કાર્મણ શરીર અનાદિ કાળથી જીવ સાથે બંધાયેલું છે તે ખરેખર તો સત્તામાં પડેલા દ્રવ્યકર્મોનો જથ્થો-સમૂહ જ છે. એ શરીરમાં નવા દ્રવ્ય કર્મો આવે છે. બંધાયેલા રહે છે અને સ્થિતિ પૂર્ણ થતા છૂટા પડી જાય છે. આ પ્રક્રિયા અનાદિકાળથી ચાલ્યા કરે છે પરંતુ તેને નિર્જરા નથી કહેતા. જીવ વિભાવ કરતો અટકે (સંવર તત્ત્વ) વિભાવ ન હોવાથી નવા દ્રવ્યકર્મો બનતા નથી અને જે કર્મની સ્થિતિ થાય છે તે તો છૂટા પડતા જાય છે. તેના પરિણામે કાર્મણ શરીરમાં રહેલા દ્રવ્યકર્મોનો જથ્થો ઘટતો જાય છે તે નિર્જરા નામ પામે છે. આરીતે સંવરપૂર્વક જ નિર્જરા હોય છે.

'દ્રવ્ય કર્મનું ખરી જવું' 'એવું કથન' 'નવું દ્રવ્યકર્મ ન બનવું' એવી વાસ્તવિકતાની સાપેક્ષતાવાળુ છે. તેથી આસ્રવનું અટકવું તે સંવર અને બંધનું અટકવું તે નિર્જરા એમ પણ વિચારી શકાય. આ રીતે વિચારતા નિર્જરા શબ્દ દ્રવ્યકર્મ માટે તથા ભાવકર્મ બંને માટે વાપરવામાં આવે છે. સામાન્ય રીતે દ્રવ્યકર્મો જીવને ફળને આપીને છૂટા પડે છે. જ્ઞાની કર્મના ઉદયમાં જોડાતા નથી તેથી કર્મ ફળ આપ્યા વિના ખરી જાય છે. જે કર્મફળ આપીને ખરી જાય છે તેને સવિપાક નિર્જરા કહે છે. જ્ઞાની કર્મ ફળને સ્વીકારતો નથી તેથી તે કર્મના ખરવાને અવિપાક નિર્જરા કહે છે. અવિપાક નિર્જરા એ સાચી નિર્જરા છે અને તે જીવના સ્વભાવ સન્મુખના પુરુષાર્થ વડે જ થાય છે. જીવના આવા પુરુષાર્થને સકામ નિર્જરા કહે છે. આ રીતે જોઈએ તો સકામ નિર્જરાને અવિપાક નિર્જરા સાથે સંબંધ છે. દ્રવ્યકર્મના ખરવા સાથેના સંબંધથી લક્ષમાં લેવામાં આવે ત્યારે જ સમ્યક્ પુરુષાર્થને સકામ કહેવામાં આવે છે. આ રીતે નવા કર્મની રચના અટકવી-અર્થાત્ સંવર પૂર્વક જ જુના કર્મના ખરી જવાને નિર્જરાને સંબંધ છે.

સાધક દશામાં સંવર - નિર્જરા તત્ત્વ અસ્તિરૂપે અને આસવ બંધ તત્ત્વ નાસ્તિરૂપે - અભાવ થવાની પ્રક્રિયારૂપે લક્ષમાં આવે છે. નિર્જરાને લક્ષમાં લેવા માગે તો સાધકદશાને પ્રવાહ રૂપે લક્ષમાં લેવી જોઈએ. માત્ર એક સમયની પર્યાયને લક્ષમાં લેવાથી માત્ર સંવરની સ્થાપના થાય. વૃદ્ધિ અને હાનિ જોવા માટે પ્રવાહનું લક્ષ અનિવાર્ય છે.

આ પ્રવાહના અંતિમ ચરણમાં ભાવ ઘાતિ કર્મોનો સર્વથા અભાવ થાય છે ત્યારે તેમાં નિમિત્તભૂત દ્રવ્યઘાતિ કર્મોનો પણ અભાવ થાય છે. ભેદજ્ઞાનનો પ્રયોગ પુરો થાય છે. અને પરમાત્મ દશા પ્રગટવાનો માર્ગ ખુલી જાય છે. પરમાત્મ દશા તુરત જ પ્રગટે છે. સાધકદશાનો અંત આવે છે. તે કૃતકૃત્યરૂપે ભાવમોક્ષ દશા અરિહંત દશા છે.

આસ્રવ અટકે એટલે નવું દ્રવ્ય બને નહીં તેથી કર્મના બંધાવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. સમ્યકદર્શનની પ્રગટતા-સાધકદશાની શરૂઆતથી જ આ પ્રમાણે થતું આવે છે. આસવનો નિરોધ તે સંવર અને બંધનો અભાવ તે મોક્ષ એ રીતે સમયસાર શાસ્ત્રમાં જે પ્રમાણે અધિકાર લેવામાં આવ્યા છે ત્યાં ઉપરોકત પ્રમાણેની સમજણ અનિવાર્ય છે કે બંધના અભાવની શરૂઆત તો સમ્યકદર્શનથી જ શરૂ થઈ છે સમ્યકદષ્ટિ જીવોને અનંત સંસારનું કારણ થાય એવા કર્મબંધ થતા નથી.

નિર્જરા અધિકારમાં ભાવ નિર્જરાનું જ સ્વરૂપ દર્શાવ્યું છે તે સમજવા જેવું છે. કર્મનો ઉદય આવે-જીવ તેમાં જોડાય નહીં-સ્વરૂમાં લીન રહે તે નિર્જરા છે તે સ્વીકાર્ય છે. પરંતુ જીવ તેમાં જોડાય-સુખદુખનો અનુભવ કરે અને તે ભાવ નિર્જરી ગયો એવું જયારે દર્શાવે ત્યારે જરૂર આશ્ચર્ય થાય. જેવા ભાવથી જીવ વર્તમાનમાં જોડાયો છે, ભવિષ્યનો વિચાર કરીએ તો સ્વરૂપ સાવધાનીને કારણે તે ભવિષ્યમાં તેમાં જોડાશે નહીં અથવા ઉતરતી માત્રામાં જોડાશે એમ આપણે સમજવું જોઈએ. (ગા. ૧૯૪)

જ્ઞાની અને અજ્ઞાની વચ્ચેનો તફાવત દર્શાવવા માટે ધંધો કરનાર શેઠ અને મુનિમનો દષ્ટાંત યોગ્ય જ છે. નફા નુકસાનનો માલિક શેઠ જ છે. મુનિમ નહીં. છતાં નુકસાન થતાં મુનિમને દુખ થાય છે.સિદ્ધાંતમાં શેઠના સ્થાને અજ્ઞાની છે અને મુનિમના સ્થાને જ્ઞાની છે. (ગા. ૧૯૭)

જ્ઞાનીના જીવનમાં જ્ઞાનનો જ મહિમા હતો. બાહ્યની ક્રિયા ગૌણ છે તેમ પણ ઉપયોગ થઈ શકે. એ જ પ્રમાણે દારૂની વાત લીધી છે. અજ્ઞાની અને જ્ઞાનીની બાહ્ય ક્રિયા સમાન દેખાય પરંતુ જ્ઞાની બંધાતો નથી એ સમ્યક્જ્ઞાનનો મહિમા છે. સમસ્ત વિભાવ ભાવને છોડીને અર્થાત્ અજ્ઞાનમય ભાવોનો અભાવ કરીને જ્ઞાતાભાવ પ્રગટ કરવો એ એક જ સુખી થવાનો મુકિતનો માર્ગ છે.

જ્ઞાનીને સ્વ અને પરના અત્યંત ભિન્નપણા વિવેક છે. તે પરદ્રવ્યને ઇચ્છતો નથી. જે કાંઈ સંયોગરૂપ છે તે બધાને છોડવા માંગે છે. તેને ખ્યાલ છે કે જો પુદ્ગલનો જીવમાં પ્રવેશ થાય તો જીવ અચેતન બની જાય, પરંતુ તેમ કયારેય બનવાનું નથી. આત્મામાં અરસ વગેરે પ્રતિજીવી ગુણો કાર્ય કરી રહ્યા છે.

ઇચ્છાનો ભાવ અને ભોગવવાનો ભાવ આ બંને ચારિત્રના દોષ છે. જયારે ઇચ્છિત વિષય હાજર નથી ત્યારે ઇચ્છા થાય છે. તે આકુળતારૂપ છે. જયારે ઇચ્છિત વિષય સંયોગરૂપે હાજર થાય છે ત્યારે તેને ભોગવવાનો ભાવ થાય છે. બે વચ્ચે સમય ભેદ છે. વિષય વિદ્યમાન થાય છે ત્યારે સંબંધી ઇચ્છા અટકી જાય છે. ઇચ્છાનું અટકવું તે ખરેખર

સુખનું કારણ છે પરંતુ અજ્ઞાની જીવ વિષયના ભોગવટાને અસુખનું કારણ માને છે. (ગા. ૨૧૬)

અધ્યવસાનનું સ્વરૂપ પણ સારી રીતે સમજાવ્યું છે. મિથ્યાત્વની ભૂમિકા એ જ સાચું બંધન છે. તેના તે પરિણામ બંધ-મોક્ષ સંબંધી બંધના કારણ બને છે. પરદ્રવ્ય પ્રત્યે એકત્વભાવ નથી. માત્ર અસ્થિરતાનો રાગ છે. તે પણ અધ્યવસાન જ છે. પરંતુ તેના કારણે જ બંધ થાય છે તેમાં બંધ-મોક્ષની અપેક્ષા નથી. તે બધી દેહ સંબંધી છે અને ઇન્દ્રિય સુખ-દુઃખનું કારણ થાય છે. (ગા. ૨૧૭)

અધિકારમાં છેલ્લે સાત પ્રકારના ભયની વાત વિસ્તારથી લીધી છે અને જ્ઞાનીને એક પણ પ્રકારનો ભય નથી એમ દર્શાવ્યું છે. જ્ઞાનીને બરોબર ખ્યાલ છે કે પોતે સતમય છે અને સત શાશ્વત છે. સમ્યગ્દૃષ્ટિ જીવના આઠ અંગની વાત પણ વિસ્તારથી સમજાવી છે. (ગા. ૨૨૮ થી ૨૩૬)

આ રીતે વિચારતા-સાધક દશાને પ્રવાહરૂપે લક્ષમાં લેતા સમયે જ જે નિર્જરા તત્ત્વ જણાય છે તેને વિષે ઘણી વાત તેનું ઘણું બધું વર્ણન આ અધિકારમાં કરવામાં આવ્યું છે.

બંધ અધિકારમાં આચાર્યદેવ સમજાવે છે કે અજ્ઞાની જીવ એવું માને છે કે બીજાનું જીવન મરણ પોતે કરી શકે-રોકી શકે છે. પોતે બીજા જીવોને સુખી દુઃખી કરી શકે છે. વળી બીજાને આત્મકલ્યાણના માર્ગે વાળી શકે છે કે સંસારમાં રખડાવી શકે છે. પરંતુ તે વાત તદ્દન ખોટી છે. બીજાના જીવન-મરણમાં કોઇ કર્તા તો નથી પરંતુ નિમિત્ત પણ નથી. જીવન મરણમાં નિમિત્ત તેનું આયુષ્ય કર્મ છે. સુખ-દુઃખમાં વેદનીય કર્મ અને મોહનીય નિમિત્ત છે. એ જ પ્રકારે બંધન અને મુક્તિનું સમજવું. આપણે પર જીવોના જીવનમાં વધારાના નિમિત્ત પણ નથી કારણ કે તે 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' મોક્ષ એટલે જીવની સંપૂર્ણ શુદ્ધ-પવિત્ર- સુખરૂપ દશા. અજ્ઞાની જીવ અનાદિકાળથી વિભાવરૂપે પરિણમે છે. ચાર ગતિ પરિભ્રમણ કરીને દુઃખી થાય છે. જે જીવ આ સમસ્ત વિભાવનો અભાવ કરે છે તે મોક્ષ દશા પ્રાપ્ત કરે છે. 'મોક્ષ એટલે વિભાવથી મુકાવું' આ મોક્ષનું નાસ્તિથી કથન છે - વિભાવ પરિણામ અનાદિકાળથી જીવના સ્વભાવને પૂર્ણરૂપે પરિણમનમાં આવરણ ઉત્પન્ન કરતા હતા. જિનાગમમાં સંવર નિર્જરારૂપ મોક્ષ માર્ગને મોક્ષનું કારણ કહ્યું છે. ક્યારેક આત્માનો જ્ઞાયક શુદ્ધ સ્વભાવને મોક્ષનું કારણ કહે છે. ખરેખર જે જીવ મોક્ષમાર્ગ રૂપે પરિણમે છે તે મોક્ષનું સાચું કારણ છે. આત્માના જ્ઞાયક સ્વભાવના આશ્રયે જ્ઞાતા ધારા પ્રગટ કરવાથી વિભાવનો નાશ થાય છે વિભાવ પરાશ્રયે થતાં પરિણામ છે-વિભાવને કરે એવો આત્માનો સ્વભાવ જ નથી. તેથી જ્ઞાયક સ્વભાવનો આશ્રય કરતા - પરાશ્રય છોડતા જીવ મુક્તિ પામે છે. સાદિ અનંત કાળ સુધી એવી જ દશારૂપે પરિણમશે.

દ્રવ્ય મોક્ષ અને ભાવ મોક્ષ એવી બે દશા જીવના જ પરિણામ છે. દ્રવ્ય મોક્ષ એ અજીવની પર્યાય નથી. જીવની સાત પર્યાયના વર્ણનમાં દ્રવ્ય મોક્ષને અજીવની પર્યાય કહી છે ત્યાં મોક્ષ દશામાં દ્રવ્યકર્મનો સર્વથા અભાવ છે તેમ સમજવું.

ભાવમોક્ષ દશા એ અરિહંત દશા છે. તે જીવ કૃતકૃત્ય પરમાત્મા છે. તેણે પોતાના વિભાવ ભાવનો સંપૂર્ણ અભાવ કર્યો છે. નિ.નૈ. સંબંધથી દ્રવ્યઘાતિકર્મો પણ નાશ પામ્યા છે તેથી ભવિષ્યમાં પણ પાછો વિભાવ થાય એવું નિમિતપણું પણ રહેતું નથી.

અરિહંતને અનંત ચતુષ્ટયની પ્રગટતા છે. તેનાં અનંત દર્શન-અનંત જ્ઞાન-અનંત વીર્ય એ ત્રણના ફળ સ્વરૂપે અનંત સુખ હોય છે. સહજ દર્શન-સહજ જ્ઞાન-સહજ વીર્ય અને સહજ સુખ એ જીવના અસાધારણ ગુણો છે. ત્યાં સહજ શબ્દસ્વભાવ સૂચક છે અને અનંત શબ્દ પર્યાય વાચક છે.

તીર્થંકર પદ એ અરિહંતની જ એક વિશિષ્ટતા છે. કેટલાક જીવો તીર્થંકરના દ્રવ્યરૂપ જ છે અને તે જ તીર્થંકર ગોત્ર બાંધે છે. તે ઉત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિ છે. તેથી તીર્થંકરને પવિત્રત્તાની સાથે પુણ્યના પણ ઉદય હોય છે. તીર્થંકરની ૪૬ પ્રકૃતિમાં ૪૨ પ્રકૃતિ તો અલગ અલગ પ્રકારના પુણ્યના ફળરૂપ હોય છે. તીર્થંકર પ્રકૃતિનો ઉદય મોક્ષ દશામાં જ આવે છે. તેથી તે ફળનો મહિમા છે તેથી તેને પરમાત્મા પદનો મહિમાનું કારણ બને છે. યોગનો અભાવ થતાં શરીર અને અઘાતિકર્મોનો અભાવ થાય છે ત્યારે સિદ્ધ શાસ્ત્રમાં ભાવભાવ શકિત ૩૭ અને અભાવ અભાવશકિત ૩૮ આવેછે. પરમાત્મા દશા કાયમ ટકે છે અને સંસારનો અભાવ થયો તે કાયમ અભાવ રૂપ જ રહે છે. પરમાત્મ દશા મનુષ્ય લોકમાં-મધ્ય લોકમાં પ્રગટથાય છે એ જ સમયે,ઉર્ધ્વ ગમન કરીને લોકાગ્રે પહોંચીને ત્યાં કાયમ માટે સ્થિર રહે છે. સિદ્ધ પરમાત્માના આઠ ગુણોમાં અનંત ચતુષ્ટય ઉપરાંત સૂક્ષ્મત્વ-અવગાહનત્વ-અગુરુલઘુત્વ તથા અવ્યાબાધત્વ છે.

મોક્ષ અધિકારમાં જીવને વિભાવ ભાવરૂપ-ભાવ બંધથી છોડાવવા માટે ભેદજ્ઞાનના પ્રયોગની વાત સમજવી છે. આત્માનું લક્ષણ ચૈતન્ય છે અને બંધનું લક્ષણ રાગ છે. બેને જુદા પાડવાનું કાર્ય જ્ઞાન કરે છે. ત્યાં દલીલનું વજન એ છે કે આત્માનું ચેતન લક્ષણ તેની બધી પર્યાયમાં વ્યાપે છે. બંધનું લક્ષણ રાગ-જીવની બધી પર્યાયમાં વ્યાપતું નથી. દ્રવ્ય નિત્ય છે અને વિભાવ પર્યાયરૂપ હોવાથી અનિત્ય છે. અહીં દ્રવ્ય અને પર્યાય વચ્ચેના ભેદ જ્ઞાનની વાત નથી, પરંતુ સ્વભાવ અને વિભાવ વચ્ચેના ભેદજ્ઞાનની વાત છે. ચેતન આત્માનો અસાધારણ ગુણ છે તેને પ્રથમ દ્રવ્યમાં અભેદ કરતાં દ્રવ્ય ચેતનમય થાય છે. દ્રવ્ય ચૈતન્યમય હોવાથી તેના બધા ગુણો અને બધી પર્યાયો ચેતનમય ગણવામાં આવી છે. રાગનો કાયમ માટે અભાવ થાય છે. રાગનો અભાવ થતાં આત્માના અસ્તિત્વને કોઈ બાધા આવતી નથી માટે રાગ આત્માથી ભિન્ન છે. (ગા.૨૯૪)

જ્ઞાની આત્માને ચેતન સ્વભાવી તથા દર્શન જ્ઞાન સ્વભાવી જાણે છે. આ રીતે પ્રયોગાત્મક ભેદજ્ઞાન વડે આત્મા અને બંધને જુદા પાડવામાં આવે છે. આત્મા અને ભાવ બંધ જુદા જાણવા એ ભેદજ્ઞાન નથી પરંતુ બેને જુદા પાડવા એ પ્રયોજન છે તેથી પ્રયોગાત્મક ભેદજ્ઞાન એ શબ્દયોગ્યછે. જીવને વિભાવથી જુદો પાડવામાં આવે ત્યારે વિભાવ અવસ્તુ થઈને નાશ પામે છે. (ગા.૨૯૭થી ૨૯૯)

અધિકારમાં આગળ પ્રતિક્રમણ - પ્રત્યાખ્યાન અને આલોચનાની વાત આવે છે. જે ભેદજ્ઞાનનો પ્રયોગ વર્તમાનમાં થાય છે તેને આલોચના કહે છે. તેના સંદર્ભમાં ભૂત ભાવિની વાત આવે છે. કાર્ય ભૂત ભાવિમાં થતું નથી. માત્ર વર્તમાનમાં જ થાય છે. અજ્ઞાની જીવ પર દ્રવ્ય ઉપર આક્રમણ કરતો હતો. પર દ્રવ્યની પરાધીનતા માનતા તેને પોતાની ઇચ્છા મુજબ ફેરવવા માગતો હતો તેવી ભૂલ વર્તમાનમાં ન કરી (આલોચના) તેને જ ભૂતકાળના પ્રતિક્રમણ કહે છે. ભૂતકાળ વીતી ચૂક્યો હોવાથી તેમાં કોઇ ફેરફાર શક્ય જ નથી. જે વર્તમાનમાં ભૂલ નથી કરતો તે ભવિષ્યમાં પણ નહીં કરે તે ભવિષ્યના પ્રત્યાખ્યાન છે.

પ્રતિક્રમણાદિ દરેકના બે ભેદ છે. દ્રવ્ય પ્રતિક્રમણ અને ભાવ પ્રતિક્રમણ. અહીં ભાવ શબ્દ જીવના વિભાવ માટે છે અને દ્રવ્ય શબ્દ સંયોગને દર્શાવે છે.જ્યારે જ્યારે રાગ થાય છે ત્યારે રાગનો વિષય કોઈ એક દ્રવ્ય અવશ્ય હોય છે. વિષયને જોઈને રાગ થાય છે કે જીવરાગી થઈને વિષય પસંદ કરે છે તે અંગે લાંબી ચર્ચા ચાલી શકે છે. પરંતુ બંને અવિના ભાવ રૂપે સાથે જ છે. દૃષ્ટાંત રૂપે સ્વચ્છ સ્ફટિક છે. તેમાં અલગ ઝાંયરૂપે પરિણમવાની યોગ્યતા છે પરંતુ પોતે સ્વતંત્રપણે તે રૂપે નહીં પરિણમે. તે પ્રકારના રંગીન પદાર્થના સંગમાં જ તે રંગની ઝાંય સ્ફટિકમાં જોવા મળે છે. (ગા. ૨૭૯)

સ્વભાવ અને વિભાવ વચ્ચેના પ્રયોગાત્મક ભેદજ્ઞાનની વાત લીધા પછી હવે રાગને છોડવા માટે પરદ્રવ્યનો પણ ત્યાગ આવશ્યક છે એમ સમજાવેછે. જે દારૂ છોડવા માગે છે તે પ્રથમથી પીઠામાં જવાનું બંધ કરે છે. મૂળગાથમાં આચાર્યદેવ મુનિને ઉદ્દિષ્ટ આહારના ત્યાગનું સૂચન કરે છે. (ગા.૨૮૬-૨૮૭)

અધિકારમાં આગળ મુખ્ય વાત કરે છે. જ્ઞાનનો શ્રદ્ધા અને ચારિત્ર સાથેનો સંબંધ કેવો છે તે સમજાવે છે. જ્ઞાનનો કર્તાકર્મ પ્રવૃત્તિ સાથે સંબંધ કેવો છે તે સમજવા જેવું છે. અજ્ઞાનીના મિથ્યાત્વ-અભિપ્રાયમાં આખું વિશ્વ ભોગ-ઉપભોગની સામગ્રી -તે આખા વિશ્વનેભોગવવા માગે છે તે અનુસાર આચરણ (ચારિત્ર)માં વિષયો ક્રમપૂર્વક ગૃદ્ધિભાવપૂર્વક ભોગવવા જાય છે. માલિક (એટલે જીવ) એવું ઈચ્છે છે એટલે તેનું જ્ઞાન વિષયોને જાણે છે ત્યારે પરજ્ઞેયરૂપે નહીં પરંતુ ભોગવવા યોગ્ય છે કે નહીં એ રીતે જાણે છે.

સમ્યગ્દૃષ્ટિને બાહ્ય વિષયોથી અલિપ્ત રહેવાની ભાવના હોવાથી તેને ત્યાગનો ભાવ છે. ચારિત્ર તે અનુસાર પ્રવૃત્તિ -ક્રમપૂર્વક કરે છે. ત્યારે જ્ઞાની પરને પરરૂપે જાણીને પરના ત્યાગનો ભાવ પ્રકાશે છે. સાધક દશામાં જ્ઞાનની ભૂમિકા ગાથામાં સમજાવે છે. શબ્દો છે -જ્ઞાન કરતું -ભોગવતું નથી-માત્ર જાણે છે. અનાદિથી જ્ઞાન યથાર્થ રહેલું છે- જ્ઞાન અર્થ વિકલ્પાત્મક છે. અર્થાત્ પદાર્થોને જેમ છે તેમ યથાર્થ પણે જાણે છે. શ્રદ્ધા અને ચારિત્રના પરિણામને લક્ષમાં લેતા તેમાં કર્મોદય અનુસાર થતાં વિભાવ ભાવો અને તેનાથી થતો બંધ અને સાધક દશામાં ભાવકર્મ અને દ્રવ્યકર્મની નિર્જરા અને અંતિમ ફળ સ્વરૂપ મોક્ષ શ્રદ્ધા અને ચારિત્રના અનાદિથી અનંતકાળ સુધીના ઇતિહાસનો સાક્ષી છે. સર્વ અવસ્થાને વિશે ન્યારો સદા જણાય. (ગા. ૩૨૦)

સ્વ સમય અને પર સમય એવી બે પ્રકારની પ્રવૃતિ કરવા જીવ સ્વતંત્ર છે. પ્રવૃતિ અનુસાર જીવને પણ સ્વ સમય જીવ અને પર સમય જીવ કહેવામાં આવે છે. પરંતુ જીવ સ્વભાવ તો એક રૂપ જ છે. જીવ સ્વભાવ સર્વજ્ઞ રૂપ છે અને નિરપેક્ષ શુદ્ધ છે. એ સ્વભાવને પરિણમતા દ્રવ્ય તરીકે લક્ષમાં લેવામાં આવે તો જે પરિણામ પરાશ્રયે થાય છે તે પર સમય પ્રવૃતિ છે. તે જીવ પરાશ્રય છોડીને સ્વાશ્રયે પરિણમે તો સ્વ સમય પ્રવૃતિ થાય છે. શ્રદ્ધા અને ચારિત્રની પર્યાયની મુખ્યતાથી વિચારીએ ત્યારે પર સમય પ્રવૃતિ અશુદ્ધ છે અને સ્વ સમય પ્રવૃદ્ધિ શુદ્ધ છે. જ્ઞાનની મુખ્યતાથી વિચારીએ ત્યારે સ્વ સમય પ્રવૃતિ સમયે જ્ઞાનની પર્યાયમાં સ્વ અને પરના અત્યંત ભિન્નપણાનાં વિવેક છે. જ્ઞાન જેને સ્વ-રૂપે જાણે છે તેમાં હુંપણું સ્થાપે છે. સમયસાર ગાથા બે માં આ વાતને જે સ્વને જાણે અને સ્વ-રૂપે પરિણમે-આ રીતે બે ક્રિયા એકી સાથે કરે તે જીવ છે. એ લીધું છે. અજ્ઞાની પરને પુદ્ગલને જાણે છે અને પુદ્ગલ રૂપે પરિણમે છે. તેના જ્ઞાનમાં સ્વ અને પરના અત્યંત ભિન્નપણાના સ્થાને સ્વ અને પરનું સંયોગી એકત્વ લક્ષમાં આવે છે. જ્ઞાની પરને જાણીને પરને ત્યાગે છે. અજ્ઞાની પરને સ્વરૂપે જાણીને તેમાં મમત્વ-હિતબુદ્ધિ કરે છે અને તેની સાથે કર્તા -ભોક્તા વડે જોડાય છે. જોડાવાપણું માને છે.

પરસમય જીવ આસ્રવ બંધ રૂપે પરિણમે છે. સ્વ સમય જીવ સંવર નિર્જરા રૂપે પરિણમે છે. આસ્રવ ભાવનું રૂપાંતર થાય છે અને સંવર ભાવની પ્રગટતા થાય છે. આ એક ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપની સળંગ પ્રક્રિયા છે. આ પ્રક્રિયા શરૂ થયા પછી નિરંતર ચાલુ રહે છે. ક્યાં સુધી ? જ્યાં સુધીમાં આસ્રવનો સર્વથા અભાવ ન થાય ત્યાં સુધી પછી શું થાય છે ? જે શુદ્ધ પર્યાય પ્રગટ થઈને વેગ પકડતી આવી છે. તે પરિપૂર્ણતાને પામીને સાદિ અનંતકાળ એ જ પરમસંવર રૂપ મોક્ષ રૂપે પરિણમ્યા કરશે.

જ્ઞાયક સ્વભાવના આશ્રયે પ્રગટ થયેલી સંવર રૂપની પર્યાય એને જ્ઞાયક સ્વભાવની મુખ્યતાથી વિચારતા જ્ઞાતા ધારા ગણવામાં આવે છે. પોતાના નિરપેક્ષ શુદ્ધ સ્વભાવના આશ્રયે પ્રગટ થયેલી પર્યાય શુદ્ધ પર્યાય છે. તે પર્યાયમાં અનાદિથી ચાલી આવતી મોહ-રાગ-દ્વેષ રૂપ વિભાવ પર્યાયનો મૂળમાંથી નાશ કરવાનું સામર્થ્ય છે. અનાદિના અજ્ઞાની જીવને પરમાત્મા થવામાં કોઈ અન્ય સાધનની જરૂર નથી.

જ્ઞાતાધારા - શરૂઆતની ભૂમિકામાં નિર્વિકલ્પ અને સવિકલ્પ રૂપ છે. નિર્વિકલ્પ દશામાં પ્રગટ થયેલી શુદ્ધતા સવિકલ્પ દશામાં ટકી રહે છે. શુદ્ધતાની વૃદ્ધિ માત્ર નિર્વિકલ્પ દશામાં જ થાય છે.નિર્વિકલ્પ દશાને શુદ્ધોપયોગ કહે છે અને સવિકલ્પ દશાને શુદ્ધ પરિણતિ કહે છે. સવિકલ્પ દશામાં જીવનો ઉપયોગ બાહ્યમાં અસ્થિરતાના ભાગ રૂપે જોડાય છે. સંવરની વ્યાખ્યા અસ્તિ અને નાસ્તિ એમ બે પ્રકારે બાંધવામાં આવે છે. અસ્તિ રૂપે શુદ્ધતાની પ્રગટતા તથા વૃદ્ધિ. નાસ્તિથી ત્યાં અશુદ્ધતાનો અભાવ-આસ્રવનો નિરોધ.

જીવમાં શુદ્ધ પર્યાયની પ્રગટતા થવી તે સંવર તત્વ છે. અજ્ઞાની અનાદિકાળથી મોહ-રાગ-દ્વેષ રૂપ પરિણમે છે. તે અશુદ્ધ પર્યાય છે. જીવના સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. કર્મોદયના નિમિત્તે તે વિભાવ પ્રગટ થાય છે. પાત્ર જીવ

જ્યારે જ્ઞાની ગુરુના સંગમાં આવે છે ત્યારે તેની પાસેથી પોતાનું અસલ સ્વરૂપ-સ્વભાવ શું છે તે જાણે છે. શરીરથી અત્યંત ભિન્ન એવું અરૂપી જ્ઞાયક તત્વ તે હું છું એમ પ્રથમ જાણે છે. સ્વભાવને તેના લક્ષણથી ઓળખીને તેમાં હુંપણું સ્થાપે છે. ત્યારથી જીવમાં શુદ્ધ પર્યાયની પ્રગટતા થાય છે. તે સંવર તત્વ છે. આ અસ્તિ રૂપ કથન છે. અશુદ્ધ પર્યાયની પ્રગટતા હવે પ્રગટ થતી નથી તેથી સંવરની નાસ્તિથી વાત કરવામાં આવે તો ત્યાં વિભાવનો એટલે કે આસ્રવનો નિરોધ થાય છે. દૃષ્ટાંત – મલિન વસ્ત્રને ધોવામાં આવે ત્યારે તેમાંથી મલિનતા દૂર થતી જાય છે અને તેટલી માત્રામાં સ્વચ્છતા પ્રગટ થતી જાય છે. વસ્ત્ર સંપૂર્ણ સ્વચ્છ થાય પછી ધોવાની પ્રક્રિયાનું પ્રયોજન નથી.

સિદ્ધાંતનો વિચાર કરીએ તો અજ્ઞાની જીવ એકાંત અશુદ્ધ છે. મિથ્યાદર્શન-જ્ઞાન ચારિત્ર રૂપ પરિણમે છે. તે જ્યારે જ્ઞાની થાય છે – સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. ત્યારથી તેના પરિણમનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપની શુદ્ધ પર્યાય પ્રગટે છે. જ્ઞાની એકપણ અજ્ઞાનમય પરિણામ કરતા નથી. આજ વાતને બીજી રીતે વિચારી શકાય છે.

જ્ઞાનીએ જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપ્યું છે. પોતાના દ્રવ્ય સ્વભાવને અપરિણામિદૃષ્ટિથી જ્યારે લક્ષમા લે છે. ત્યારે પોતે સ્વયં આખો જ્ઞાનમય જ છે એવો નિર્ણય થાય છે. અનાદિકાળથી પર્યાયમાં વિભાવ પરિણામ ધારા પ્રવાહ રૂપ થતાં હતાં પરંતુ વિભાવને કરે એવું કોઈ કારણ – સ્વભાવમાં નથી તેનું તેને આનંદાશ્ચર્ય થાય છે. અસ્તિપણે પોતે સર્વજ્ઞ સ્વભાવી છે. એવો અનુભવપૂર્વકનો નિર્ણય થાય છે. જ્ઞાનમાં ક્યાંય અશુદ્ધતા નથી. અનાદિની જ્ઞાનની પર્યાય પણ અશુદ્ધ ન હતી એવો વિશ્વાસ આવે છે. જ્ઞાયક સ્વભાવમાં અશુદ્ધતા નથી એટલું પર્યાપ્ત નથી. પરંતુ એ સ્વભાવમાં એવું સામર્થ્ય છે કે જીવની પર્યાયમાં જે અશુદ્ધતા ધારા પ્રવાહ રૂપ થાય છે તેને મૂળમાંથી નાશ કરવાનું સામર્થ્ય પોતાના જ્ઞાન સ્વભાવમાં છે એમ પ્રથમ ગુરુગમે જાણ્યું હતું. તેથી હવે તેની ખાત્રી કરવાનું મન થાય છે. જ્ઞાયક સ્વભાવના આશ્રયે નવી જ્ઞાતા ધારા પ્રગટ કરે છે ત્યારે તેને ચમત્કારનો અનુભવ થાય છે. મોહની અસર નીચે પોતે પોતાના સ્વભાવને જ જાણતો ન હતો. હવે તે જ્ઞાયક સ્વભાવ સ્પષ્ટ અનુભવમાં આવવા લાગે છે. આમ થતાં તેને વિશ્વાસ આવે છે કે જે રીતે મોહનો અભાવ કર્યો એ જ રીતે રાગને પણ અવશ્ય દૂર કરી શકાશે. પરાશ્રયે મોહ ઉત્પન્ન થયો હતો તે સ્વાશ્રયે દૂર થયો હજી અનાદિના સંસ્કાર છે તેથી પરનું લક્ષ થશે ખરું પરંતુ હવે પોતે જાગૃત છે તેથી બાહ્ય વિષયોમાં રોકાશે નહીં. સ્થૂળ દૃષ્ટાંત લઈએ તો ઘોડાગાડીમાં ઘોડાની બંને આંખ સામે આડશ રાખે છે. તેથી તે આજુબાજુ જોઈ ન શકે અને સીધો ચાલે. નાના હતા ત્યારે અલ્લાઉદ્દીનના જાદુઈ ફાનસની વાર્તા વાંચી છે. રસ્તામાં સોનું-ચાંદી વગેરે અનેક પ્રકારના આકર્ષણો આવશે પરંતુ તે લેવા રોકાતો નહીં. તેથી જ્ઞાની જાણે છે કે પોતાની રાગની ભૂમિકા દૂર ન થાય ત્યાં સુધી પરને જાણતા રાગ થયા વિના રહેશે નહીં. તેથી તે પ્રયત્નપૂર્વક પરને જાણવાનું ટાળે છે. ખરેખર અસ્તિભાવે સ્વભાવમાં ટકતાં પરનું લક્ષ થતું જ નથી.

આ ઉપરાંત એક બીજી પણ વાત છે. જે બંધારણનો ખ્યાલ છે તેનો ઉપયોગ કરે છે ત્યારે ખ્યાલ આવે છે કે બાહ્ય વિષયો ભોગવાતા જ નથી. હું બાહ્ય વિષયોને ભોગવું છું અને તેને ભોગવતા સુખ થાય છે એવો અનુભવ થતો

હતો ત્યારે પણ હું માત્ર પર સંબંધી પોતાની જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયને જ ભોગવતો હતો. અજ્ઞાન દશામાં હું ભ્રમણામાં જ હતો. હવે એ ભ્રમ નથી રહ્યો. બાહ્ય વિષયો ભોગવાતા જ નથી. એવો ખ્યાલ છે માટે સંયોગો મેળવવાનો ઉત્સાહ નથી રહ્યો. આમ હોવાથી નાસ્તિનું કાર્ય થતા જ્ઞાની વધુ સમય સ્વભાવમાં ટકવાની મહેનત, પુરુષાર્થ કરે છે. આમ છતાં પરનું લક્ષ થાય છે ત્યારે તેના ત્યાગની ભાવનાને નચાવે છે. આ રીતે સંવર-શુદ્ધ પર્યાયની પ્રગટતા વૃદ્ધિગત થતાં છેવટ પરમ સંવર અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

સંવરનું બીજું પડખું છે નવા દ્રવ્યકર્મને રોકવાનું. જીવ શુદ્ધતા રૂપે પરિણમે છે ત્યારે આસ્રવનો-વિભાવનો નિરોધ હોવાથી નવું દ્રવ્યકર્મ બનતું જ નથી તેથી તેનાથી બંધન થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સંક્ષેપથી વિચારતાં - સંવરનું સ્વરૂપ આ પ્રમાણે છે.

૧. જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપી તેના આશ્રયે જ્ઞાતા ધારાની-સ્વ સમય પ્રવૃતિની-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ પર્યાયની પ્રગટતા કરી તેની વૃદ્ધિ કરતા જવી.

૨. પ્રથમ મોહ અને બાદમાં ક્રમશઃ રાગ-દ્વેષ વિભાવ ભાવનો-આસ્રવતત્વનો અભાવ કરતા જવો.

૩. નવા દ્રર્વ્યકર્મની રચના થવા ન દેવી.

૪. સંવર એ સાધક દશાનું આવશ્યક અંગ છે.

સંવર એટલે શુદ્ધ પર્યાની પ્રગટતા - તેનાથી શું થાય ? તેનાથી આસ્રવનો નિરોધ થાય. બીજું શું થાય ? નવા કર્મો બનતા અટકે. જીવમાં અશુદ્ધતા ક્યાં જોવા મળે છે. મોહ-રાગ-દ્વેષ રૂપ વિભાવ પરિણામ અશુદ્ધ છે. તે પરિણામ આસ્રવ તત્વ છે તે આપણે નક્કી કરી ગયા છીએ. સંવરની પ્રાપ્તિ કોને કહે છે ? શુદ્ધ પર્યાયની પ્રગટતાને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યકચારિત્રના પરિણામને. આસ્રવરૂપે પરિણમેલો જીવ કેવી રીતે ઓળખાય ? મિથ્યાદર્શન-મિથ્યા જ્ઞાન-મિથ્યા ચારિત્ર વડે ઓળખી શકાય. મિથ્યાત્વ રૂપે પરિણમેલો જીવ મિથ્યાદષ્ટિ અથવા અજ્ઞાની છે. સમ્યગ્દર્શન રૂપે પરિણમેલો જીવ સમ્યગ્દષ્ટિ છે. તે જ્ઞાની છે.

૧. હવે પ્રશ્ન થાય છે કે જે મિથ્યાત્વ રૂપ અશુદ્ધતા અનાદિકાળથી ચાલી આવે છે. તે એકાએક શુદ્ધ કેવી રીતે થાય છે ? તે પર્યાયને શુદ્ધ થવાનું શું પ્રયોજન છે એ પણ વિચારવા જેવો પ્રશ્ન છે. તે એકાએક નથી થતું. તે ફેરફાર થવા માટે અનંતો પુરુષાર્થ કરવો પડે છે.

૨. તે પુરુષાર્થ કોણ કરે છે અને તે કેવા પ્રકારનો પુરુષાર્થ કરે છે ? બધા જીવો અનાદિકાળથી સુખી થવાનો પુરુષાર્થ કરે છે ? પુરુષાર્થ કરનારો જીવ જ છે. તે સ્વભાવ સન્મુખનો જ છે.

૩. આસ્રવ તત્વમાં મોહ-રાગ-દ્વેષ આવે છે. સંવરમાં સમ્યગ્દર્શન-સમ્યકચારિત્ર આવે છે. આમાં ક્યાંય જ્ઞાન ગુણની વાત નથી આવતી. આમાં જ્ઞાનની પર્યાયનું શું સ્થાન છે ? આમાં જ્ઞાનનું જ કામ છે. જ્ઞાન જ્યારે પોતાને જાણે છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે.

૪. આપણે બધા આપણને જાણીએ જ છીએ. શરીર તે હું છું. ખોટી ચર્ચા લંબાઇ નહીં તેથી કહું છું કે જીવ અને શરીરનું એકપણું તે હું છું, એ પણ વાસ્તવિકતા જ છે ને ! કેટલાક કામ એવા છે કે એકલાથી ન થાય - જેમકે એક હાથે તાલી ન વાગે - બધા અજ્ઞાનીની આ દલીલ છે. તે જ આસ્રવ તત્વ છે સંસાર તત્વ છે. તેથી હવે એ વાત કરવી છે.

૫. એ જ પ્રશ્ન હું કરું છું - મારો એ જ પ્રશ્ન છે કે સંવરની પ્રગટતામાં જ્ઞાનનું કામ શું છે ? બીજી રીતે રજુઆત કરું તો જ્ઞાનની પર્યાયમાં અશુદ્ધતા છે જ નહીં - તેથી તેમાં શું કરવાનું છે ? જ્યાં અશુદ્ધતા છે ત્યાં શુદ્ધતા પ્રગટ કરવી એ સંવર તત્વ છે. જ્ઞાનમાં વિપરીતતા છે જ નહીં તેથી ત્યાં કોઇ કામ નથી. આ પ્રશ્ન આવી ગયા છે અને જવાબ પણ આપેલા કે જ્ઞાનનું જ કામ છે પરંતુ મારા કહેવાનો ભાવ તમે સમજ્યા નહીં તેથી હવે વિસ્તારથી સમજાવું છું.

બધા અજ્ઞાની જીવો શરીર અને જીવમાં એકપણું માનીને જીવે છે. પ્રમાણિક પણે તેનું હુંપણું શરીરમાં જ છે. પરંતુ જીવના સંબંધ વિનાના શરીરની કોઇ ઉપયોગિતા નથી. મૃતક કલેવરમાં કોઇ હુંપણું કરતું નથી. માટે સંયોગી એકત્વની વાત કરવી છે. આ રીતે કરતાં પુદ્ગલમાં શરીર-સંયોગો અને દ્રવ્ય કર્મો બધું આવી જાય છે. અજ્ઞાની શરીરમાં હુંપણું અને સંયોગોમાં મારાપણું કરે છે. જેમાં ઉપર મુજબનું મમત્વ છે તેમાં કષાયભાવ અને ભોક્તાભાવ ધારણ કરીને અનંત કાળ સંસારમાં રખડે છે. એવા અજ્ઞાનીને સમજણ આપવી છે કે વિશ્વમાં જીવ અને પુદ્ગલ બે તદ્દન જુદા સ્વતંત્ર પદાર્થો છે. જીવ ચેતન સ્વભાવી અને અરૂપી છે. પુદ્ગલ રૂપી અને અચેતન છે. બે માંથી કોઇ પોતાના સ્વભાવ છોડી શકતા નથી. કે ફેરવી શકતા નથી. અજ્ઞાની એ પોતાને દેહરૂપ માન્યો પણ થઇ શક્યો નહીં. જે જ્ઞાન અને સુખ જીવના લક્ષણ છે.તેને શરીરના કાર્ય માનવા- મનાવવાનો પ્રયત્ન કર્યો. નજીવનો નાશ થયો- નપુદ્ગલનો. જીવ પોતાના લક્ષણ ફેરવી ન શક્યો એમ શરીરાદિ પણ ચેતનમય થઇ શક્યા નહીં. જીવ અને પુદ્ગલ બંને અનાદિના વિરોધી જ છે. તેથી અજ્ઞાનીની માન્યતા અને મહેનત નકામી જાય છે. જ્ઞાનીઓ પાત્ર જીવને આ વાત સમજાવવા માગે છે. જીવ પાત્રતા પ્રગટ કરીને પ્રથમ પોતાના જ્ઞાનમાં જીવ અને પુદ્ગલનું અત્યંત જુદાપણું લક્ષમાં લે. તેની દ્રઢતા કરે. તેની નિઃશંકતા કરે અને પછી સમસ્ત પુદ્ગલોથી જુદા પડવા રૂપનો ભેદજ્ઞાનનો પ્રયોગ કરે. જેમ દૂધને ફાડતા પાણી અને પનીર છૂટા પડી જાય છે તેમ પ્રયોગાત્મક ભેદજ્ઞાન કરતા જીવ સમસ્ત પુદ્ગલોથી છૂટો પડી જાય છે.તે સંવર તત્વ છે. આ પ્રયોગાત્મક ભેદજ્ઞાન થતાં જ્ઞાન સમ્યક થાય છે. તે પ્રજ્ઞા કહેવાય છે. તેમાં એકબાજુ

નિજાત્મા અને સામે પક્ષે આખું વિશ્વ રહી જાય છે.

આગળ વધતા પહેલા જ્ઞાન અને શ્રદ્ધા ગુણના કાર્યોનો વિચાર કરી લઈએ સંબંધને સમજાવતા બે પ્રકારના કથન આવે છે. 'જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન' અને 'શ્રદ્ધા અનુસાર જ્ઞાન' બંને કથનો વિરોધાભાસી લાગે કે આમાં નિર્ણય જ ન થાય. જ્ઞાન પહેલા કે શ્રદ્ધા ? બીજાને કુદડીવાદ લાગે. પરંતુ આપણે આપણા જ્ઞાનને વ્યવસ્થિત કરી લઈએ. આપણે જાણેલાનું શ્રદ્ધાન એ રીતે શરૂઆત કરીએ. સગાઈ કરતા પહેલા-ઉમર-અભ્યાસ-દેખાવ-જ્ઞાતિ વગેરે બધા પડખા તપાસવા જોઈએ. પછી યોગ્ય વ્યક્તિનો નિર્ણય કરો. ત્યારબાદ ગોળ ખાવાની વિધિ થાય-હિસાબ પુરા લખાય જાય પછી ઓડિટ થાય. સ્વાભાવિક રીતે શરૂઆત નયજ્ઞાનથી થાય છે. બધા પડખાઓનો અભ્યાસ કર્યા પછી જ નિર્ણયાત્મક જ્ઞાન થાય છે. નયાતિકાંત થાય ત્યારે જ પ્રમાણજ્ઞાન-પ્રગટ થાય છે. અવગ્રહ-અવાય-ધારણા-આવા મતિજ્ઞાનના ભેદોનો આપણને ખ્યાલ છે. પછી શ્રુતજ્ઞાન હવાલો સંભાળીને તર્કણાત્મક જ્ઞાન દ્વારા નિર્ણય કરે છે. અહીં તત્વની વાતમાં પ્રથમ પુરુષ પ્રમાણ-યુક્તિ પ્રમાણ-આગમ પ્રમાણ અને અનુમાન પ્રમાણ. આ રીતે જ્ઞાન કરીને નિર્ણય ઉપર આવે છે કે આ જીવ તે હું છું. હું સંપૂર્ણ પણે જ્ઞાયક છું. વિભાવને કરે એવો મારો કોઈ સ્વભાવ નથી. પરદ્રવ્યો સાથે મારે અસ્તિ-નાસ્તિ વર્તે છે. હું સ્વતંત્રતાથી શોભાયમાન છું મારે અને પુદ્‌ગલને નાતે-જાતે-કોઈ સંબંધ નથી. આવો નિર્ણય કરીને-પ્રયોગાત્મક-ભેદજ્ઞાન વડે પોતાના આત્માને સમગ્ર વિશ્વથી જુદો પાડીને આ હું છું એમ જાહેર કરે છે. પછી પોતે સાચો જ છે તેની કસોટી કરીને નિર્ણય આપવાનું શ્રદ્ધાને ફરમાવે છે. જેમ હિસાબ સાચો હોય તો ઓડિટરે તેના ઉપર સિક્કો મારવો જોઈએ એમ શ્રદ્ધાને ભાગે બીજો વિકલ્પ જ રહેતો નથી. આ પ્રમાણે જ્ઞાનપૂર્વક શ્રદ્ધા કામ કરે છે.

અજ્ઞાનીએ શરીરમાં હુંપણું સ્થાપ્યું છે. હુંપણું સ્થાપવું એ શ્રદ્ધાનું કામ છે. તેથી જ્યારે ઉપરોક્ત પ્રમાણે સમ્યક થાય છે. ત્યારે તેણે શરીરમાંથી હુંપણું છોડીને આત્મામાં જ હુંપણું સ્થાપવું રહ્યું જ્યારે શ્રદ્ધા દેહાધ્યાસ છોડીને જ્ઞાયકમાં હુંપણું સ્થાપે છે તે જ સમયે સ્વાનુભૂતિ થાય છે. અર્થાત્ આ અપેક્ષાએ શ્રદ્ધાપૂર્વક જ્ઞાન છે.

અજ્ઞાનીની માન્યતા હું શરીર છું. આખું વિશ્વ મારા માટે ભોગ ઉપભોગની સામગ્રી છે. વિભાવને કરે એવો મારો સ્વભાવ છે. હું રાગ દ્વારા બાહ્ય વિષયોને ગૃદ્ધિ ભાવપૂર્વક ભોગવું છે. મારું જ્ઞાન પણ પરપ્રકાશક છે. એક સમયે એક વિષયને જાણે એવી ક્ષમતાવાળું છે. તેથી તે જ્ઞાન દ્વારા હું ઈચ્છિત વિષય સુધી પહોંચીને ભોગવું છું. ભોગવતા મને સુખ થાય છે. વિશ્વમાં કોઈ જીવ નામનો પદાર્થ નથી. તેથી તેને શોધવાની વ્યગ્રતા હું કરતો નથી. તે જીવ જ્યારે જ્ઞાની થાય છે ત્યારે પોતાનું સર્વસ્વ પોતાના જ્ઞાયક સ્વભાવમાં જ સ્થાપે છે. શરીર સંયોગો તથા કર્મો તે બધા પુદ્‌ગલ છે તેવા જ્ઞાનપૂર્વક મારે તેની સાથે કાંઈ લાગતું નથી. જેટલા કોઈ પુદ્‌ગલો છે. તે બધા મારાથી દૂર જાઓ. તે સ્હેજે દૂર ન થાય તો હું તેમનો ત્યાગ કરીશ. જ્ઞાન અને સુખ મારો જ સ્વભાવ છે. મારામાંથી જ મળે છે - પુદ્‌ગલોમાં કે શરીરમાં

જ્ઞાન નથી અને સુખ નથી. તેથી મારે તેની સાથે કોઈ નિસ્બત નથી - મારા અભિપ્રાયમાં પરનો ત્યાગ છે તેથી ચારિત્રની પર્યાય પણ પરથી છૂટીને સ્વભાવના આશ્રયે આવે છે. આ પ્રક્રિયા પૂર્ણ થશે ત્યારે મારી મુક્તિ છે.

મિથ્યાત્વાદિ ચાર આસ્રવો જ્યારે ક્રમશઃ દૂર થાય ત્યારે સર્વપ્રથમ મિથ્યાત્વ જાય છે. માત્ર મિથ્યાત્વ નથી જાતું પરંતુ તેની સાથે મિથ્યાત્વની ભૂમિકાના અવિરતિ-કષાય-યોગ બધા જાય છે. તેથી વાસ્તવિક રીતે મિથ્યાત્વની સાથે અનંતાનું બંધી કષાય જાય છે. અર્થાત્ સમ્યગ્દર્શન થતા એક પણ નવા અજ્ઞાન મય ભાવો રહેતા નથી. તેથી નવા અજ્ઞાનમય કર્મોનું આસ્રવ પણ અટકે છે. આ સંવર તત્વ છે આ સંવર પ્રગટવાની રીત છે.

પાત્ર જીવો માત્ર પોતાને જ્ઞાયક સ્વભાવી સ્વીકારે છે. એટલું પર્યાપ્ત નથી. હું અલ્પજ્ઞ નથી. હું સર્વજ્ઞ સ્વભાવી છું એવો તેને સ્વીકાર આવે છે. જો પરમાત્મા સર્વજ્ઞ દશા પ્રગટ કરી શકે છે. તો હું અવશ્ય કરી શકું એવો વિશ્વાસ આવે છે. માત્ર વિશ્વાસ નહીં મારે અવશ્ય પરમાત્મા થવું છે એવી ભાવના પણ જાગે છે. જો સર્વજ્ઞ થવું હોય તો વિભાવ છોડવો જોઈએ. વિભાવ છોડવો હોય તો પરનું જાણપણું છોડવું જોઈએ. મને જાણવા માટે મારે સતત - શક્યઃ સ્વભાવમાં એકાગ્ર થવું જોઈએ. જો હું સ્વભાવમાં નિર્વિકલ્પ દશામાં રહું તો સ્વરૂપ લીનતા વધતા મોક્ષની નજીક જાય છે. પરનો સંગ છોડવાથી તેના તરફની તલપ પણ ઘટે છે. આ રીતે જ્ઞાયકના આશ્રયે જ્ઞાતા ધારા અને વૈરાગ્યની ધારાથી સાધક દશામાં આગળ વધી શકાય છે. હવે આપણે આચાર્યદેવ કઈ રીતે સમજાવે છે તેનો અભ્યાસ કરીએ.

ગાથા ૧૮૧-૧૮૨-૧૮૩ :- સંવર તત્વ સમજવા માટે જીવ અને પુદ્ગલનું અત્યંત ભિન્નપણું છે તેને દૃઢ કરવું અનિવાર્ય છે. તેથી આચાર્ય દેવ એ જ વાત ગાથામાં સમજાવે છે. જીવ અને દ્રવ્યકર્મ જુદા છે. એ જ રીતે શરીર અને સંયોગો પણ જુદા છે. આ બધા વર્ણાદિમાન છે. અજ્ઞાનીએ એ બધા સાથે એકત્વ અને મમત્વ રાખ્યું છે. તેથી જીવ અને પુદ્ગલ વચ્ચે અસ્તિ-નાસ્તિ દૃઢ કરવી જોઈએ.

ઉપયોગ શબ્દ દ્વારા જીવનના પરિણામની વાત કરે છે. જીવ ઉપયોગ સ્વભાવી છે અને ઉપયોગ એ જીવની પર્યાય છે. જીવ જાણનારા છે તેથી તે જ્ઞપ્તિ ક્રિયા કરે છે. ૧૮૧ ગાથામાં જીવનું ક્રોધથી જુદાપણું દર્શાવ્યું છે. દ્રવ્યકર્મ અને નોકર્મનો વારો ૧૮૨ ગાથામાં છે. આ સૂચક એટલા માટે છે કે વિભાવ પરિણામ જીવની સત્તામાં થાય છે. અજ્ઞાની જીવ સ્વતંત્રપણે કરે છે. કરવા જેવા માનીને કરે છે. તેથી જીવનું વિભાવથી જુદાપણું દૃઢ કરાવવું આવશ્યક છે. પ્રયોગાત્મક ભેદજ્ઞાન માટે પ્રજ્ઞારૂપી છીણી સ્વભાવ અને વિભાવ વચ્ચે જ પટકવાની છે. પુદ્ગલ દ્રવ્ય જીવથી સદાય અત્યંત ભિન્ન છે પરંતુ તે વચ્ચેનું જુદાપણું લક્ષમાં ન લેતા જીવ અને પુદ્ગલ એક છે એવી વિપરીત માન્યતા એ જ મિથ્યાત્વ છે.

ટીકાકાર આચાર્યદેવ બે પદાર્થોનું અત્યંત ભિન્નપણું દર્શાવવા માટે બે વચ્ચે આધાર-આધેય સંબંધ પણ નથી ત્યાં સુધી લઈ જાય છે અને તે યોગ્ય જ છે. આ રીતે વિચારતા એક પક્ષે જ્ઞાન-અભેદપણે આત્મા છે સામે પક્ષે

દ્રવ્યકર્મ શરીર-સંયોગો અને વિભાવ ભાવ છે. તેમાં જીવ-કર્મ-અને નોકર્મો 'તો સ્વતંત્ર પદાર્થો છે.' પરંતુ વિભાવ તો એક પર્યાય છે. તે કાંઈ દ્રવ્ય નથી. તેથી તેને એવી સ્વતંત્ર સત્તા ન મળે. કદાચ આપણે વિચારીએ કે જીવ અને વિભાવ વચ્ચે સ્વભાવ ભેદ છતાં પણ ત્યાં બે પદાર્થ બનતા નથી. અત્યંત જુદામાં તો પૃથકત્વ લક્ષણ છે. બંનેના ક્ષેત્રો જુદા હોવા જોઈએ. એ વાત જુદી છે. એક પદાર્થમાં સ્વભાવ અને પર્યાય વચ્ચે પ્રદેશની ભિન્નતા શક્ય જ નથી. તેથી અહીં વિભાવના સ્થાને અજ્ઞાની જીવની વાત કરવા માગે છે. અજ્ઞાની જીવ કરોતિ ક્રિયા કરે છે. જાણતો નથી. જ્ઞાની માત્ર જાણે છે કાંઈ કરતો નથી. એટલે ભેદ જ્ઞાનમાં પ્રયોગ કરવાથી અજ્ઞાની મટીને જ્ઞાની થાય છે. કર્તા મટીને અકર્તા થાય છે. જ્ઞાતા થાય છે.

ગાથા ૧૮૩ :- એ જ વાત કરે છે 'અવિપરીત જ્ઞાન' એટલે પ્રયોગાત્મક-ભેદજ્ઞાન-સમ્યકજ્ઞાન જેને થાય છે તે સકળ કર્તુત્વને છોડે છે. આ સંવરની પ્રાપ્તિ અને આસ્રવનો નિરોધ છે. પ્રજ્ઞાથી જ વિવેકી જ્ઞાનથી જ આસ્રવનો નિરોધ થાય છે.

મિથ્યાજ્ઞાનમાં અશુદ્ધતારૂપની વિપરીતતા નથી પરંતુ અવિવેક રૂપનો દોષ અવશ્ય છે. ગાથા ૧૮૧ નો ફરી વિચાર કરીએ તો જ્ઞાની સદા જ્ઞાન રૂપે પરિણમે છે. તે એકપણ અજ્ઞાનમય પરિણામ કરતો નથી. અજ્ઞાની સદા અજ્ઞાનમય પરિણામ કરે છે. તે એકપણ જ્ઞાનમય કરતો નથી. તેથી અજ્ઞાની સદા કર્મો બાંધે છે. અને જ્ઞાની નિરાસ્રવ જ છે.

ગાથા ૧૮૪-૧૮૫-૧૮૬ :- શાસ્ત્રમાં ચાંડલને ત્યાં જન્મેલા જોડિયા બાળકનો દૃષ્ટાંત આવે છે. ત્યાં બંને સંસ્કાર અને ઉછેરના તફાવતની વાત છે. કોઈને ડાયાબીટીસ છે. જયારથી ખ્યાલ આવે છે કે મીઠાઈ મારા માટે ઝેર છે. ત્યારથી તેનો ત્યાગ કરે છે. પ્રતિજ્ઞા લઈને તેનું પાલન કરે છે. આ જમાનામાં જે અન્યમતી છે- પૂ. ગુરુદેવશ્રીના પરિચયમાં આવે છે. જૈન ધર્મના સિદ્ધાંત સમજીને જૈનધર્મનું પાલન કરે છે તે હવે કયારેય જૈન ધર્મ નહીં છોડે. આવા અનેક દૃષ્ટાંતો વિચારી શકાય.

અનાદિનો અજ્ઞાની-જ્ઞાની ગુરુના યોગમાં આવે છે. જ્ઞાની પાસેથી સાંભળે છે કે જીવ તો સર્વજ્ઞ સ્વભાવી છે. અતીન્દ્રિય સુખ અને પરમાત્મા થવાને સર્જાયેલો છે. વિભાવને કરે એવો આત્માનો કોઈ સ્વભાવ જ નથી. અચેતન પદાર્થમાં જ્ઞાન કે સુખ કોઈ નથી. તેમાંથી કયારેય સુખ આવવાનું નથી. પરંતુ વિષયો મેળવવાનો ભાવ પણ મને આકૂળતા ઉત્પન્ન કરનાર છે. મારી જે જ્ઞાન અને સુખની માગણી છે તે મારો સ્વભાવ જ છે. અત્યારે પણ જે જ્ઞાન અને સુખ અનુભવાય છે. એ મારામાંથી જ આવે છે. વળી પરમાર્થે માર્ગ જ્ઞાન અને સુખ સિવાય બીજી માગણી જ નથી. આવો જેને જ્ઞાનમાં દૃઢ નિર્ણય થાય છે. જ્ઞાની થાય છે. અકર્તા થાય છે. તેને શુભભાવ પણ કાળા નાગ જેવા લાગે છે. તે પૂર્વના વિભાવ અનુસાર વર્તમાનમાં પ્રાપ્ત સંયોગોની ઉપેક્ષા કરે છે. પ્રતિકૂળ સંયોગોથી ડરતો નથી અને અનુકૂળ સંયોગોમાં પણ જોડાતો નથી. પ્રયત્નપૂર્વક પોતાના સ્વભાવમાં રહે છે. અજ્ઞાની જીવ આવું સાહસ કરી શકતો

નથી. એ એની જુની ઘરેડમાં જ જીવે છે.

અજ્ઞાની પોતાને રાગનો કર્તા માને છે તેથી તે રાગનેજ કર્યા કરે છે. જ્ઞાની પોતાને જ્ઞાન સ્વભાવી માને છે. જ્ઞાતા ભાવ રૂપે પરિણમે છે. સંયોગોનો ઉદાસીન જ્ઞાતા રહે છે. જ્ઞાની ફરી અજ્ઞાની થતો નથી.

ગાથા ૧૮૭-૧૮૮-૧૮૯ :- આ ગાથાઓમાં સંવરની પ્રાપ્તિ કેવી રીતે થાય. માત્ર જીવ કેવી રીતે જ્ઞાની થાય છે તે દર્શાવે છે. વિભાવો તથા સંયોગોથી પોતાના આત્માને છોડાવવાનો છે અને પોતાના જ્ઞાયક સ્વભાવમાં લગાડવાનો છે આ કાર્ય કરવામાં નિજાત્મા જ સાધન છે.

કરવાનું કાર્ય (૧) ઉપયોગને હિતબુદ્ધિપૂર્વક અંદરમાં વાળીને દર્શન જ્ઞાન સ્વભાવી આત્મામાં હુંપણું કરવાનું છે. (૨)ધ્યાતા-ધ્યાન-ધ્યેય બધું પોતાનો આત્મા જ છે. તેથી આત્માનું જ ધ્યાન કરવાનું છે. (૩) પોતે ચેતયિતા હોવાથી હિતબુદ્ધિપૂર્વક પોતાની જ્ઞાન ચેતના પ્રગટ કરવાની છે. પોતાના સ્વભાવ ઉપર જ ચેતન જાગૃતિ રાખવાની છે. એકત્વનું ચિંતવન કરવાનું છે - હું એકત્વ-વિભક્ત છે અર્થાત્ (૪) સ્વથી એકત્વરૂપ છું અને પરથી સદાય વિભક્ત છું એવું ચિંતવન વિકલ્પાત્મક ભૂમિકામાં પણ ચાલુ રાખવાનું છે.

છોડવાનું શું છે ? (૧) પુણ્ય-પાપ રૂપ વિભાવ ભાવોને છોડવાના છે. વિભાવ ભાવ વડે જે જોડાણ કર્મો શરીર અને સંયોગો સાથે હતું તેને છોડવાનું તથા પોતાના સ્વભાવ સાથે જોડાવાનું. સ્વભાવમાં જોડાવા માટે વિભાવ કરતાં અટકવું. (૨) પરદ્રવ્યની ઈચ્છા છોડવી. જે અશક્ય જ છે. છતાં તેને શક્ય બનાવવાની ઘેલછા હતી તે છોડવાની છે. જ્ઞે.જ્ઞા. સંબંધથી જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર લક્ષમાં આવે છે. પરજ્ઞેયો મારા માં સ્વભાવથી આવી ગયા એવી ભ્રમણા ઉત્પન્ન થાય છે. પરંતુ કોઈ આત્માના સ્વક્ષેત્રમાં આવ્યા નથી એનો નિર્ણય કરીને મને જે સુખ દુઃખનું વેદન હતુ તે મારા વિભાવ પરિણામનું વેદન હતું - પરનું નહીં. આની દૃઢતા કરીને પરદ્રવ્યોની ઈચ્છા છોડવી (૩) આના ફળ સ્વરૂપે જીવ સર્વ સંગથી રહીત થાય છે. સ્વભાવમાં એકાગ્રતાથી પ્રાપ્ત અતીન્દ્રિય સુખના ફળ સ્વરૂપે વિભાવ પરિણતિ અટકે છે અને સહજે બાહ્ય વિષયો છૂટી જાય છે તે અસ્તિનું કાર્ય છે. પરંતુ તેની સાથોસાથ બાહ્ય વિષયોનો સંગ પણ છોડવો જોઈએ. દારૂ પીવાનું છોડવા માગે તેણે પીઠામાં જવાનું પ્રથમ બંધ કરવું જોઈએ. ત્યાં દારૂ પીનારા હોય - દારૂ પણ હોય તેથી ત્યાં જવું નહીં. સંયોગની હાજરીમાં જેવા સંયોગી ભાવો થાય છે. સંયોગની અનુપસ્થિતિમાં એવા ભાવ થતા નથી. તેથી બાહ્ય ત્યાગને પણ અવશ્ય સ્થાન છે. કર્મો-શરીર-સંયોગો-તે બધાને છોડવા ઉપરાંત તે બધાનું ચિંતવન પણ અવશ્ય છોડવું. પૂર્વે ભોગવેલા ભોગોને યાદ ન કરવા. ફરીને પાછા સંયોગો મળશે એવું પણ ચિંતવન ન કરવું. સાધક દશામાં સ્વભાવમાં ટકી ન શકાય ત્યારે અશુભથી બચવા શુભભાવોમાં જોડાય છે. શાસ્ત્રમાં આવે કે જઘન્ય જ્ઞાનીને સ્વર્ગ સહીત મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ વાત સાચી હોવા છતાં મોક્ષે જતાં પહેલા હું શલાકા પુરુષ થઈશ વગેરે પ્રકારે ચિંતવન ન કરવું. આવી અસ્તિ તથા નાસ્તિરૂપની ક્રિયા કરવાથી નિર્વિકલ્પ

દશામાં તે મોક્ષની નજીક જતો જાય છે અને અલ્પકાળમાં સાધના પૂર્ણ કરીને પરમાત્મા થાય છે. સાધક સવિકલ્પ દશામાં પડતો નથી. તે પોતાની પુરુષાર્થની ધારા ટકાવી રાખે છે. જ્ઞાની મટીને અજ્ઞાની થતો નથી. કે પોતે પ્રાપ્ત કરેલી ગુણસ્થાનની ભૂમિકાથી નીચે નથી આવતો. પુરુષાર્થ ઢીલો પડવાને કારણે વિકલ્પ આવ્યો હતો તેથી જાગૃત થઈને પુરુષાર્થ વધારે છે. દૃષ્ટાંત : ફ્રીજમાં ટેમ્પેચર સેટ કર્યું હોય છે. તે આવી જતા પાવર અટકે છે. ફરી ટેમ્પેચર વધતા પાવર ચાલુ થઈ જાય છે. તેમ અહીં નથી થતું. – અત્યારે કેટલાક AC એવા છે જેમાં કોમ્પ્રેસર બંધ થતું જ નથી ચાલુ રહે છે અને રૂમની એક સરખી ઠંડક જાળવી રાખે છે.

ગાથા ૧૯૦-૧૯૧-૧૯૨ :- જીવ સંવરની પ્રાપ્તિ કરે તેની સાથો સાથ સંસાર ચક્રમાં કેવો બદલાવ આવે છે તે આ ગાથાઓમાં સમજાવે છે. સંસાર ચક્ર કેવી રીતે અટકી જાય છે તે સમજવા માટે સુગમ દૃષ્ટાંતો લઈએ એક વિદ્યાર્થી કોલેજમાં ભણે છે ત્યાં તે ક્રિકેટ ટીમનો આગળ પડતો ખેલાડી છે અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ સક્રિય ભાગ લે છે. ધારેલો અભ્યાસપૂર્ણ થાય ત્યારે પણ તે આગળ ભણવાના બ્હાને કોલેજ છોડવા માગતો નથી. એક દિવસ પિતા માંદા પડે છે. દવાખાને જઈ શકતા નથી. દર્દીઓ આવી ગયા છે.પોતે પણ ડોક્ટર થયો છે. તેથી દવાખાનું સંભાળે છે. દર્દીઓ સારવાર લઈને પૈસા આપતા જાય છે. પોતાને પોતાના ભણતરની કિંમત સમજાય છે. પૈસા મળે એ ગમે છે. ધીમે ધીમે કામે લાગી જાય છે. રોજ સાંજે એક કલાક ક્રિકેટ રમી આવે છે. રવિવારે રમવાનો શોખ પૂરો કરવા માટે નિરાંતે રમે છે. કસરતની ટેવ છૂટી ગઈ છે તેથી થાકી જાય છે. બીજે દિવસે બરોબર ધંધો કરી શકતો નથી. પછી શું થાય છે ? રમવાનું છૂટી જાય છે. અહીં એવું જ થાય છે. સંસારમાં અનેક પ્રકારના નિ.નૈ. સંબંધો ગૂંથાયેલા છે. જ્ઞાનીઓ પાત્ર જીવને આગ્રહ કરે છે કે કુતુહલ કરીને પણ એકવાર તું તારા આત્માને જાણ. ત્યાં ગમે તેવું છે એમ સ્વાનુભવપૂર્વક કહે છે. જો તે જીવ જ્ઞાનીનું માનીને સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કરે. તે પ્રમાણે કેવી રીતે કરવું. તે સમજવાનો પ્રયત્ન કરે છે અને પહેલી જ વાત આવે છે કે તું શાશ્વત છો – તેના ઉપર જો વિચાર કરે તો તેને ખ્યાલ આવે છે કે જો હું કાયમ ટકનાર છું – તો તેને સાતમાંથી એકપણ પ્રકારનો ભય ન રહે. પ્રાથમિક શરૂઆત પણ જો આવી સુખ રૂપ હોય તો આગળ અવશ્ય વધવા જેવું છે. તળાવ બાજુથી આવતો ઠંડો પવન પણ શાતા ઉપજાવે તો તળાવ પાસે જઈને ડૂબકી મારવાનું મન અવશ્ય થાય. અહીં જો સ્વભાવનો આશ્રય કરે તો અપેક્ષિત શાંતિ મળે છે. સ્વભાવમાં હુંપણું સ્થાપે તો અતીન્દ્રિય આનંદ મળે છે. હવે આખી સંયોગોની પરંપરા શરૂ થાય છે. સ્વાનુભવ થતાં નવું કર્મ બનતું નથી બંધાતું નથી. તેમ થવાથી તેના ઉદયમાં આવવાની વાત રહેતી નથી. જો મોહનીય કર્મ બંધાતું નથી. તો તેના નિમિત્તે જીવમાં વિભાવ થતાં નથી. અઘાતિ કર્મ બંધાતું નથી. ભવિષ્યમાં શરીર કે સંયોગો મળવાનું બંધ થાય છે. સંયોગોને લક્ષે નવા વિભાવ થતા નથી. આ રીતે સંસારનો અભાવ થાય છે. સ્વભાવના આશ્રયે શુદ્ધતા વધતી જાય છે અને મુક્તિ પ્રાપ્ત થાય છે.

# નિર્જરા અધિકાર

સાધક દશામાં સંવર નિર્જરા તત્વ સાથે જ જોવા મળે છે. આ બંને જીવની શુદ્ધ પર્યાયો છે. સંવરમાં શુદ્ધતાની પ્રગટતા અને વૃદ્ધિ બંને લેવામાં આવે છે. એની પરિપૂર્ણતાએ પરમ સંવર અર્થાત્ મોક્ષ છે ક્યારેક શુદ્ધતાની વૃદ્ધિ તે નિર્જરા છે એમ પણ આવે છે. ત્યારે પ્રશ્ન થાય કે સંવર નિર્જરા એક જ તત્વ છે ? ના, એક સમયની પર્યાયમાં સંવર અને નિર્જરા વિદ્યમાન હોવા છતાં લક્ષગત થતા નથી. વૃદ્ધિનો ખ્યાલ કરવો હોય તો જીવના સાધકદશાના પરિણામને પ્રવાહરૂપે લક્ષમાં લેવા જોઈએ. જ્યારે પ્રવાહ લક્ષમાં લેવામાં આવે ત્યારે નિર્જરાતત્વ લક્ષગત થાય છે.

નિર્જરા તત્વને સમજવા માટે જીવ નહીં પરંતુ કર્મતંત્ર ઉપર લક્ષ કરવું જરૂરી છે. કારણ કે જે કર્મો જીવની સાથે બંધાયેલા પડ્યા છે. તે ખરી જાય – ઓછા થાય. ત્યારે નિર્જરા ગણવામાં આવે છે. જીવ જો સ્વભાવના આશ્રયે શુદ્ધ પર્યાયની પ્રગટતા કરે તો તેની અસર દ્રવ્યકર્મ ઉપર પડે છે. તે સમયે જે મોહનીય કર્મ જીવથી છૂટું પડે છે તે નિર્જરા નામ પામે છે. શુદ્ધ પર્યાયની પ્રગટતાને કારણે કાર્મણ વર્ગણા નવા દ્રવ્યકર્મરૂપે પરિણમતી નથી. આ રીતે નવું કર્મ બન્યું નહીં અને જુનું ફળ આપ્યા વિના છૂટું પડ્યું તે સાચા અર્થમાં નિર્જરા છે. સારાંશ એ છે કે સંવર નિર્જરા તત્વને જુના અને નવા દ્રવ્યકર્મો સાથે કોઈ પ્રકારના સંબંધો છે.

નિર્જરાના ચારભેદ છે ખરેખર તો નિર્જરાને ચાર દૃષ્ટિથી સમજી શકાય છે. પરમાર્થે સંવર નિર્જરા રૂપ સાધક દશાને ચાર અપેક્ષા લાગુ પડે છે. તેમાં સકામ નિર્જરા અને અકામ નિર્જરા જીવ પ્રત્યેના પુરુષાર્થના સદ્ભાવ અને અભાવ સાથે સંબંધ છે અને સવિપાક તથા અવિપાક નિર્જરાને દ્રવ્યકર્મ જીવને ફળ આપે છે કે નથી આપતું તેની સાથે સંબંધ છે. પ્રથમ એ દરેકને અલગ રૂપે વિચારીએ.

૧. સકામ નિર્જરા :– જ્યારે જીવ આત્મકલ્યાણ માટે પોતાના સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કરીને જ્ઞાયકના કથા નિરપેક્ષ શુદ્ધ સવભાવમાં હુંપણું સ્થાપી તેના આશ્રયે શુદ્ધોપયોગ રૂપે પરિણમે છે તે સમયે તેણે અશુદ્ધ પર્યાયની પ્રગટતા ન કરી. પૂર્વે બંધાયેલું મોહનીય કર્મની સ્થિતિપૂર્ણ થતાં તે અનુબંધ અનુસાર ફળ આપવા તૈયાર છે પરંતુ આ સમયે જીવ વિભાવરૂપે ન પરિણમ્યો તેથી જીવને ફળ ન મળ્યું. એ મોહનીય કર્મ ફળ આપ્યા વિના ખરી ગયું. આ સાચી નિર્જરા છે.

કર્મ ફળ આપયા વિના છૂટું પડ્યું તેને તે અપેક્ષાએ અવિપાક નિર્જરા કહે છે. આ રીતે સકામ નિર્જરાને અવિપાક સાથે જોડવાથી એ નિર્જરાનું સાચું સ્વરૂપ થાય છે.

સવિપાક નિર્જરા :– આ પ્રકાર પરિણામ તો અજ્ઞાન દશામાં થયા જ કરે છે. મોહનીય કર્મોદય આવે છે. જીવ તેની સાથે જોડાઈને વિભાવરૂપે–અશુદ્ધ પર્યાયરૂપે પરિણમે છે અને નવીન કર્મબંધ કરે છે. અધ્યાત્મમાં તેની કોઈ કિંમત નથી.

અકામ નિર્જરા :- આ એક એવો પ્રકાર છે. જ્યાં જીવને સ્વભાવ સંમુખના પરિણામ વિના પણ કર્મો ખરી જાય છે. ક્યારેક બને છે. દૃષ્ટાંત રૂપે દુષ્કાળના સમયમાં જ્યારે મનુષ્ય અને ઢોર મરતા હોય ત્યારે એમાનો કોઈ જીવ મંદ પરિણામ કરીને દેહ ત્યાગ કરે છે અને સ્વર્ગમાં જાય છે. ક્યારેક બનતી આવી ક્રિયાને પણ અધ્યાત્મમાં સ્થાન નથી. સંસાર અટકતો નથી.

સંયોગોમાં ન જોડાતા જીવ સ્વભાવમાં નિર્વિકલ્પ દશા રૂપે જોડાય ત્યારે નિર્જરા થાય છે. તે સમજવું સહેલું છે. પરંતુ જ્યારે સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રત્યેક સમયે નિર્જરા કરે છે તે સમજાતું નથી. સ્વભાવ અને તેના આશ્રયે શુદ્ધતા પ્રગટ થયા પછી જ્ઞાનીને મિથ્યાત્વ અને અનંતાનુંબંધી કષાય થતા નથી તે નિર્જરા છે એવી સ્પષ્ટતા થાય ત્યારે મનમાં આશંકા ઉત્પન્ન થાય છે. બાહ્ય ભોગ - ઉપભોગની સામગ્રી ભોગવાય કે ન ભોગવાય. તેની સાથે નિર્જરાને પરમાર્થે સંબંધ નથી એ સમજવું મુશ્કેલ છે.

ધ્યાનમગ્ન અજ્ઞાની કર્મ બાંધે છે અને લડાઈ કરતો જ્ઞાની કર્મની નિર્જરા કરે છે તે ગળે ઉતરે એવી વાત નથી. સમ્યગ્દૃષ્ટિ કર્મના ઉદયમાં જોડાય છે - વિભાવ રૂપે પરિણમે છે સુખી દુ:ખી થાય છે અને પછી તે કર્મ નિર્જરી જાય છે. આ ગાથા સમજવી અઘરી છે. જીવના અંતરંગ પરિણામ અનુસાર જ બંધ મોક્ષની વ્યવસ્થા છે. સામાન્ય રીતે જીવના અંતરંગ પરિણામ અનુસાર જ શુભાશુભભાવો અને પ્રકારની બાહ્ય ક્રિયાઓ હોય છે. પરંતુ તેનો નિયમ નથી. બાહ્યમાં દ્રવ્યલિંગનું કડક પાલન હોય અને એ જીવ મિથ્યાદૃષ્ટિ હોય શકે.

રાગનો છેલ્લો કણ દૂર થાય ત્યાં સુધી નિર્જરા તત્વ છે. પરમાત્મ દશામાં શુદ્ધોપયોગની પ્રગટતા રૂપ સંવર તત્વ ચાલુ રહે છે. પરંતુ હવે ત્યાં નિર્જરા નથી.

નિર્જરા એટલે શુદ્ધતાની વૃદ્ધિ શબ્દ છે સંવરપૂર્વક નિર્જરા, અર્થાત્ શુદ્ધતાની પ્રગટતા થયા બાદ શુદ્ધતાની વૃદ્ધિ થાય છે. ખરેખર પ્રયોગાત્મક ભેદજ્ઞાન વડે જ્ઞાયક સ્વભાવને વિભાવથી મિથ્યાત્વથી છોડાવીને જ્ઞાયક તે હું છું એવું જ્ઞાન તે સંવર તત્વ છે. સાધક જ્ઞાયકમાં હુંપણું અને જ્ઞાનમાં સ્વપરનો અત્યંત વિભાગ કાયમ રાખે છે, એમ થવાથી વિભાવ ઉત્પન્ન થતો નથી. નવા અજ્ઞાનમય કર્મો બનતા નથી અને અજ્ઞાનમય દશામાં બંધાયેલા કર્મો જીવથી જુદા પડતા જાય છે. સત્તામાં પડેલા કર્મોનો જથ્થો ઓછો થવો એ નિર્જરાતત્વ છે. સમ્યગ્દર્શનની પ્રગટતાથી આ પ્રક્રિયા ચાલુ થાય છે. વર્તમાન પર્યાયને લક્ષમાં લેતા સંવર તત્વનો ખ્યાલ આવે છે. પર્યાયને પ્રવાહમાં જોતા નિર્જરા તત્વ ઉઠતું આવે છે.

જ્ઞાયક સ્વભાવમાં હુંપણું - વિભાવથી ભેદજ્ઞાનના પ્રયોગ દ્વારા પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થવી. નવું કર્મ બને નહીં જુનું કર્મ જીવથી છૂટું પડી જાય, આ નિર્જરા છે. મોહનીય કર્મો ફળ આપ્યા વિના છૂટા પડે છે. તે દ્રવ્યનિર્જરા છે. ભાવ નિર્જરા બે અપેક્ષાએ સમજવી છે એક ભાવ મિથ્યાત્વના પરિણામ પ્રગટ ન થવા - ચારિત્ર મોહ રૂપ - રાગ-દ્વેષના પરિણામ પણ ઘટતા જાય છે. તે પણ ભાવ નિર્જરા છે. સાધકમાં આ બંને અર્થાત્ દ્રવ્ય નિર્જરા તેમજ ભાવ નિર્જરા બંને થાય છે. જ્ઞાનની પર્યાયમાં આ જ્ઞાન અને સુખ સ્વભાવી જીવતે હું છું અને તેનાથી જે કાંઈ ભિન્ન છે તેને

પરજાણીને તેના અત્યંત ભિન્નપણાના વિવેક રૂપ પ્રજ્ઞા તે જ્ઞાન શક્તિ છે. શ્રદ્ધા તથા જ્ઞાનમાં જે ભિન્ન છે તેના ત્યાગનો ભાવ છે. સામાન્ય રીતે અન્ય માં પુદ્ગલને લીધા છે તે બધા વર્ણાદિમાન છે. અજ્ઞાન દશામાં જે પુદ્ગલો પ્રત્યે આસક્તિ હતી તે બધા પ્રત્યે ત્યાગનો ભાવ હોવાથી ચારિત્રની પર્યાય વૈરાગ્ય રૂપ લક્ષગત થાય છે. આ જ્ઞાન અને વૈરાગ્ય શક્તિના કારણે જીવ સાધક દશામાં આગળ વધે છે.

દૃષ્ટાંત :- પૈસા કમાવાના હેતુથી ફેક્ટરી ચાલુ કરી હતી. આંકડાની રમતના આધારે સારો નફો મળવાની ભાવના હતી. થોડા દિવસ ચાલ્યું. પછી હિસાબ મેળવતા ખ્યાલ આવ્યો કે નફો દેખાય છે પરંતુ ખરેખર નુકશાનીમાં જ જઈએ છીએ. તેથી ફેક્ટરી બંધ કરવાનો નિર્ણય કર્યો પરંતુ ઉઘરાણી પતાવવા તથા માલનો નિકાલ કરવા માટે થોડો સમય ફેક્ટરી ચાલુ પણ રાખવામાં આવે છે. ઠીક એવું જ જીવ અને પુદ્ગલની ભાગીદારીમાં જોવા મળે છે. મને બાહ્યના વિષયોની માલિકી પણ મળે છે. એવું લાગ્યું પરંતુ જ્યારે ઉંડાણથી તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે જે બાહ્ય વિષયો મને મળ્યા એમ લાગતું હતું તે ક્યારેક એક ક્ષેત્રાવગાહ રૂપ રહીને પોતાને મળ્યાનો ભ્રમ ઉત્પન્ન કરતા હતા. થોડા સમય પછી એક ક્ષેત્રાવગાહ સંબંધ પણ રહેતો ન હતો. સંબંધને કારણે જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર રૂપે લક્ષમાં આવતી હતી. તેથી લાગ્યું કે જ્ઞેયો ખરેખર મને મળ્યા છે પરંતુ વિગતવાર તપાસ કરતા લક્ષમાં આવ્યું કે જ્ઞાનની પર્યાય પણ ખરેખર જ્ઞેયાકાર થઈ ન હતી તે તો અરૂપી જ હતી. શરીરના લાલન પાલન માટે જીવ આખી જીંદગી ખુવાર થાય છે. તે શરીરને જીવને દુઃખી કરવામાં જરાય શરમ નથી આવતી.

પાત્ર જીવને જ્યારે આ સત્ય લાધે છે ત્યારે તે પુદ્ગલ સાથેનો સંબંધ છોડે છે. સર્વ પ્રથમ શરીરમાંથી હુંપણું છોડીને – આત્માની માગણી શું છે તેને મહત્વ આપે છે. પરમાત્મ દશા સુધી શરીરનો સંગ છૂટતો નથી એ વાસ્તવિકતાને ખ્યાલમાં રાખીને શરીર સાથેના સંબંધો બદલાવતો જાય છે. સંયોગો પ્રાપ્ત થતા જ નથી. તેમાંથી સુખ આવતું જ નથી. એવો નિર્ણય હોવાથી શરીરને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિયો સાથેના સંબંધો પણ ઘસાતા જાય છે. જ્ઞાનની પર્યાય પર સન્મુખતા છોડીને પોતાને જાણવામાં અને ત્યાં ટકવામાં પ્રયત્નશીલ રહે છે. આ આખી પ્રક્રિયા ચાલુ રહે છે તે નિર્જરા તત્વ છે. ગાથા ૧૯૭માં મુનિમના દૃષ્ટાંતથી આ વાત સ્પષ્ટપણે સમજાવવામાં આવી છે.

ગાથા ૧૯૮-૧૯૯-૨૦૦ માં સંસારનું મૂળ ક્યાં છે તે સમજાવ્યું છે. મોહનીય કર્મોદય સાથે મેળ વિશેષવાળા મોહ-રાગ-દ્વેષ રૂપ ભાવો મારું સ્વરૂપ નથી. હું તો માત્ર જાણનાર છું. આ રીતે વિભાવથી જુદો પડે છે. જ્ઞાની પોતાનું હુંપણું-મારાપણું-હિતબુદ્ધિ-કર્તા-ભોક્તા બધા ભાવો પોતાના જ્ઞાયક સ્વભાવમાં જ સ્થાપીને જ્ઞપ્તિક્રિયા કરે છે અને તેને જ અનુભવે છે. આ એક કાર્ય કરવાનું રહે છે. જ્ઞાનનું જ્ઞેય પણ પોતાનો શુદ્ધાત્મા જ છે. ગાથા ૨૦૧-૨૦૨માં અજ્ઞાન દશા વર્ણવે છે. તેને આત્માની ઓળખાણ નથી તેને પુદ્ગલની પણ સાચી ઓળખાણ નથી. તે સ્વ અને પરના એકપણામાં જ બળ આપ્યા કરે છે. આવો જીવ કદાચ જિનાગમનો અભ્યાસી હોય અથવા ૯ જૈનોને યોગ્ય બાહ્ય આચરણનું યોગ્ય પાલન કરતો હોય. દ્રવ્યલિંગી મુનિ થયો હોય તો પણ તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. શ્રી કળશ ૧૩૮ માં 'અપદ' શબ્દ છે તેનો અર્થ છે મિથ્યાત્વ-દર્શન મોહનીય કર્મોદય અનુસાર થતા ભાવ મિથ્યાત્વને

બંધનું કારણ ગણ્યું છે. આખા વિશ્વને ભોગવવાનો ભાવ હોવાથી તે અનુસાર થતા રાગમાં અનંતાનુંબંધી કર્મ બંધાય છે. જીવ અને પુદ્‌ગલનું અત્યંત ભિન્નપણું જ્યાં સુધી ભાસે નહીં ત્યાં સુધી સંસાર ચાલુ રહે છે. જિનાગમમાં 'રાગ' શબ્દ છે તે મિથ્યાત્વ સહિતના રાગનો જ નિર્દેશ કરે છે. જ્ઞાનીના રાગને બંધનું કારણ ગણતા નથી. ત્યાં અસ્થિરતાનો રાગ એવો શબ્દપ્રયોગ થાય છે. મોહ-રાગ-દ્વેષની ભૂમિકા છોડીને એકરૂપ જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપીને તેનો આશ્રય કરવાનો છે. ગાથા ૨૦૩ થી ૨૦૬ શાંતિથી વાંચીને પચાવવા જેવી છે. આત્મા નિર્ભેળ જ્ઞાયક જ છે. સ્વભાવ એકરૂપ સ્થિર શાશ્વત છે. વિભાવથી ભેદજ્ઞાન કરી – શુદ્ધ પર્યાયમાં નથી આવવું. ગુણભેદમાં નથી અટકવું અને સીધું પોતાના સર્વજ્ઞ સ્વભાવમાં હુંપણું સ્થાપવું છે. સર્વજ્ઞ સ્વભાવમાંથી પ્રગટ થતી પર્યાય પણ એક રૂપ જ હોય. જ્ઞાનની પર્યાયના પાંચ ભેદનો ઉલ્લેખ કરીને કહે છે કે જ્ઞાનની પર્યાયના આવા ભેદો પણ જ્ઞેયના આશ્રયે લક્ષમાં આવે છે. પરદ્રવ્યનો હિતબુદ્ધિપૂર્વકનો આશ્રય તો દૂર રહો. જ્ઞાનની પર્યાય કોને જાણે છે. તેમાં પરજ્ઞેય પણ પોષાતા નથી. જાણનારો જાણનારી ક્રિયાને કરીને પોતાને જાણે એટલું જ સ્વીકારવામાં આવ્યું છે. જે આ રીતે નિર્વિકલ્પ અનુભૂતિ કરે છે તેની એ શુદ્ધોપયોગ દશા જ તેને પરમાત્મ પદની પ્રાપ્તિ કરાવે છે. પર દ્રવ્ય શરીરાદિની તો વાત જ નથી. અજ્ઞાનીએ જ્યાં હુંપણું સ્થાપ્યું છે અને તેને અનુસાર જે વિભાવ પર્યાયની પ્રગટતા ધારાવાહી થાય છે તે અપદ છે. નિર્ભેળ જ્ઞાયક તે જ 'પદ' છે. જ્ઞાતા જ્ઞાન અને સ્વ એ રીતે પરિણમવું અનિવાર્ય છે. 'બહુ લોક જ્ઞાન ગુણો રહિત આ પદ નહીં પામી શકે' તેથી જો તને સંસાર પરિમુક્ત થવાની ભાવના હોય તો આ જ્ઞાન પદ પ્રાપ્ત કર.

ગાથા ૨૦૬માં સ્વભાવમાં લીન રહેવાનો આદેશ આપે છે. આત્મા જ્ઞાન અને સુખ સ્વભાવી છે. જ્ઞાયકના-સર્વજ્ઞ સ્વભાવના આશ્રયે જ્ઞાતાધારા પ્રગટ થાય છે તે સહજ રૂપે સ્વીકારમાં આવે છે. સ્વભાવના આશ્રયે અતીન્દ્રિય સુખ મળે છે તે સાંભળ્યું છે અને સ્વીકાર્યું છે. તેથી સ્વભાવમાંથી અતીન્દ્રિય સુખ અવશ્ય પ્રગટશે. એવો ભાવ અવશ્ય આવે પરંતુ જેમ સ્વીચ દબાવીએને લાઇટ થાય એવું અહીં બનતું નથી. જેમ લીંડી પીપરને ઘસ્યા બાદ જ તેમાંથી તીખાશ પ્રગટ થાય એમ અહીં પણ સ્વભાવમાં એકાગ્રતા ટકાવવી જોઈએ. તેથી સ્વભાવની પ્રીતિ-સંતોષ અને તૃપ્ત થવાની વાત કરે છે. સમ્યગ્દર્શન એ અંતિમ ધ્યેય નથી. આગળ વધવાનું છે તેથી જે પ્રકારના પુરુષાર્થથી ભવના અભાવનું કામ થયું તે જ પુરુષાર્થ ચાલુ રાખવાનો છે. વિભાવથી જુદા પાડવાનો ભેદજ્ઞાનનો પ્રવાહ પણ નિરંતર ચાલુ રહેવો જોઈએ. એમ આપણે સાચે માર્ગે છીએ એનો વિશ્વાસ વધશે. અસ્તિપણે વાત લીધા પછી નાસ્તિપણાની વાત પણ એ જ રીતે દૃઢ કરાવે છે. ગાથા ૨૦૭-૨૦૮-૨૦૯ માં જીવ અને પુદ્‌ગલના અત્યંત ભિન્નપણાને ઘૂંટ્યું છે. પરથી જુદા પડીને સ્વાનુભૂતિ કરનારા જ્ઞાનીઓએ પોતાના આત્માને સર્વપ્રકારે ગ્રહણ કર્યો છે. અહીં પરિગ્રહ શબ્દનો ઉપયોગ પર માટે ન કરતા. પોતા માટે કરે છે. પરિગ્રહનો નિષેધ કરનારા પરિગ્રહને બિરદાવે છે. પરદ્રવ્ય પરિગ્રહ સહજપણે છૂટી જાય. તેના સ્થાને પોતે સવિશેષપણે પરિગ્રહને છોડે છે. જીવ પુદ્‌ગલ ક્યારેય એક થાય નહીં. જો વચ્ચે તાદાત્મ્યપણું સર્જાય તો બંનેનો નાશ થાય પરંતુ ક્યારેય બનવાનું જ નથી. જ્ઞાની ક્યારેય પુદ્‌ગલ રૂપને ગ્રહણ કરવા માગતા નથી. પરંતુ જો કોઈ પુદ્‌ગલ જીવ રૂપ થવા માગે તો પણ જ્ઞાની તેને સ્વીકારવા તૈયાર નથી. જ્ઞાનીને બાહ્ય વિષયોની ઈચ્છા નથી તેને અનિચ્છક રૂપે ઓળખાવે છે. ગાથા ૨૧૦ થી ૨૧૩ ચાર ગાથામાં જ્ઞાની કયા પરિગ્રહ

ને ઇચ્છતો નથી એના સેમ્પલ રજુ કર્યા છે. જ્ઞાની શુભ કે અશુભ ભાવને ઇચ્છતો નથી. તેનાં નિમિત્તે બંધાતા પુણ્ય-પાપરૂપ દ્રવ્યકર્મને ઇચ્છતો નથી. દેહાધ્યાસ છોડ્યો હોવાથી શરીર ટકવા માટે આવશ્યક એવા આહાર-પાણીને પણ ઇચ્છતો નથી. વર્તમાનમાં જે સંયોગોનો અનાદર કરવામાં આવે છે. તેવા સંયોગો ભવિષ્યમાં મળે તે પણ ઇચ્છતો નથી. તે જ્ઞાની આનો માત્ર જ્ઞાતા જ રહે છે. અઘાતિકર્મોદય અનુસાર સંયોગરૂપે પ્રાપ્ત સંયોગોમાં તેને જરાપણ રસ નથી. સવિકલ્પ દશામાં અશુભ ભાવથી બચવા માટે જ શુભભાવ રૂપે પરિણમે છે. વહેલી મુક્તિ નહીં થાય તો પુણ્યના ફળ આપ્યા વિના રહેશે નહીં. તે જ્ઞાનમાં હોવા છતાં તેને પુણ્યના ફળમાં રસ નથી.

ગાથા ૨૧૬ મા જ્ઞાની ભવિષ્યના ભોગને કેમ ઇચ્છતો નથી તે વાત સમજાવે છે. ઇચ્છાનો ભાવ અને ભોગવટાના ભાવ વચ્ચે સમયભેદ અવશ્ય છે તેથી ઇચ્છિત ભોગવી શકાતું નથી તેથી જ્ઞાની એ બે માંથી કોઇને ઇચ્છતો નથી. આ વાત શાંતિથી વિસ્તારથી સમજવા જેવી છે. ચારિત્રની પર્યાયના જોડકા સમજવા જેવા છે. રાગ અને દ્વેષ આપણને લાગે કે આપણે ક્યારેક રાગ કરીએ છીએ અને ક્યારેક દ્વેષ કરીએ છીએ. પરંતુ ત્યાં સમયભેદ નથી. મુખ્ય ગૌણ શૈલીમાં એકને એક સમયે જાણીએ ત્યારે તે એક પ્રત્યે રાગ અને તે જ સમયે બીજા અનંત પ્રત્યે દ્વેષ આવી જ જાય છે. શુભ અને અશુભભાવો પણ આપણે વારાફરતા કરીએ છીએ. રાગના વિષયો જુદા છે. દ્વેષના વિષયો જુદા લક્ષમાં આવે છે. શુભ ભાવોને અનુરૂપ ક્રિયાઓ અને અશુભ ભાવને અનુરૂપ ક્રિયાઓ પણ જુદી જોવા મળે છે. આ ચારભાવો અનુભવમાં પણ આવે છે અને સમજવામાં પણ સહેલા છે પરંતુ 'ઇચ્છા' સમજવી મુશ્કેલ છે. ઇચ્છાને કોઇ એક બાહ્ય વિષય સાથે સંબંધ છે. એ ક્યો વિષય છે ? જે હાજર નથી તે આ રીતે તે ઉપરોક્ત ચાર કરતા જુદી પડે છે. ઇચ્છા શુભભાવ છે કે અશુભભાવ ? ઇચ્છાને અશુભ ભાવમાં જ સ્થાન આપવું પડે.

અશુભ ભાવના ફળમાં અનુકૂળ સંયોગો મળે કે પ્રતિકૂળ ? પ્રતિકૂળ સંયોગો. એનો અર્થ એ થયો કે જેની ઇચ્છા કરી છે તે ભવિષ્યમાં મળે કે પ્રતિકૂળ ? પ્રતિકૂળ સંયોગો. એનો અર્થ એ થયો કે જેની ઇચ્છા કરી છે તે ભવિષ્યમાં મળવાની શક્યતા ઘટી જાય છે. તો પછી ઇચ્છા કરવાનું શું પ્રયોજન છે ? કદાચ ભવિષ્યમાં ઇચ્છિત વિષય મળે તો તે ઇચ્છાને કારણે મળે છે કે અન્ય કોઇ શુભભાવના ફળરૂપે ? જવાબ એ છે કે તે અન્ય પુણ્યનું ફળ છે ઇચ્છાનું ફળ નથી.

ઇચ્છા સમયે તે વિષયની કોઇ એકરૂપમાં કલ્પના કરી હશે. ભવિષ્યમાં એ વિષય મળે ત્યારે તમે પૂર્વે જે રૂપમાં વિચાર્યું છતું એ રૂપે જ મળશે કે કોઇ અન્ય રૂપમાં ? ત્યાં પણ કોઇ નિયમ નથી. ઇચ્છાનો ભાવ તો એક સમયનો છે બીજા સમયે તે નાશ પામી જાય છે. ત્યારે ભવિષ્યમાં તે વિષય મળે ત્યારે પરમાર્થે ત્યાં પહેલાનો ઇચ્છાનો ભાવ હોતો નથી. વાત સાચી છે. પરંતુ માની લઇએ આપણે બુદ્ધિભાવપૂર્વક એક વિષયની ઇચ્છા કરી છે. ભવિષ્યમાં જયારે પણ તે વિષય મળે ત્યારે યાદશક્તિમાં આવે કે મેં પૂર્વે જે ઇચ્છયું હતું તે હવે મળ્યું. પરંતુ તે સમયે અસલ ઇચ્છાનો ભાવ તો નથી જ. વેદ્ય-વેદક ભાવ શબ્દનો અભ્યાસ કરીએ તો વેદાવાયોગ્યમાં વિષય અને તેને વેદવાનો ભાવ એમ બે રીતે વિચારી શકાય. ઇચ્છા અને ઇચ્છિત વિષય વચ્ચે સમયભેદ અવશ્ય છે. હવે ભોગવટા ના ભાવનો વિચાર કરીએ. એ સમજવા માટે એક દ્રષ્ટાંત લઇએ. શરીરને આહારની જરૂર છે પોષણ માટે આહાર જરૂરી છે શરીરને જયારે આહારની

જરૂર છે ત્યારે ભૂખ લાગે છે. આહારની ઇચ્છા થાય છે તે ઇચ્છાનો ભાવ છે તે સમયે આહાર મળતો નથી. તે રસોડામાં જાય છે. પરંતુ રસોઇ તૈયાર નથી. રાહ જોવાની રહી. જ્યાં સુધી રસોઇ તૈયાર ન થાય ત્યાં સુધી ખાવાના જ વિચારો આવ્યા કરશે અને આકૂળતા થશે. થોડા સમય પછી રસોડામાંથી અવાજ આવે છે કે હાથ ધોવો – રસોઇ તૈયાર છે. તે શબ્દો સાંભળતા જ શાંતિ થાય છે કે હાશ ! ખાવાનું મળ્યું. હવે વાસ્તવિકતાનો વિચાર કરો. હજુ જમવા બેઠો નથી. ખોરાક પેટમાં ગયો નથી. ખોરાક પચે પછી શક્તિ આવે – આ બધામાં હજુ ઘણો સમય લાગવાનો છે. છતાં શાંતિ શા માટે થઇ ? વળી, તે જ સમયે ખાવાના વિચાર અદ્દશ્ય થાય છે. શા માટે ? ખાવામાં વીસ મીનીટ લાગે તે દરમ્યાન બીજા જ વિચારો ચાલે છે. નવી નવી ઇચ્છાઓ થયા કરે છે. – આમ શા માટે ? ખાતા સમયે જે ખવાય છે તે સંબંધી વળી જુદી જ જાતના ભાવ થાય છે. હવે પ્રશ્ન એ છે કે ભોગવતા જે સુખ થાય છે તેનું કારણ શું ? – અજ્ઞાની ભોગવટા ને સુખનું કારણ માને છે તેથી ફરી ફરીને નવી ઇચ્છાઓ કરતો રહે છે અને આ રીતે જીવનાં સંસાર ચાલુ રહે છે.

આ ગાથામાં કહે છે કે જ્ઞાની તેથી ઇચ્છા કરતો નથી. હવે જ્ઞાનીની વિચારસરણી શું છે. તેને પાયાના સિદ્ધાંત રૂપે જીવ અને પુદ્‌ગલને અત્યંત ભિન્ન સ્વીકાર્યો છે. અભિપ્રાયમાં દ્વિક્રિયાનો નિષેધ છે. તેથી પરદ્રવ્યોનું કર્તા-ભોક્તાપણું અશક્ય છે તેમ જાણતો હોવાથી તે કોઇપણ પરદ્રવ્યની ઇચ્છા કરતો જ નથી. અસ્થિરતા ભાવરૂપે ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે ખરી તે જાણે છે કે ઇચ્છિત વિષય પ્રાપ્ત થતાં તે વિષય સંબંધીની ઇચ્છા અટકીએ સુખનું કારણ છે. વિષયનો ભોગવટો સુખનું કારણ નથી તેથી જ્ઞાની ફરી ફરીને સ્વભાવમાં લીન રહેવાનો પ્રયત્ન કરતો જ રહે છે. બાહ્ય વિષયોને જાણવાનું પણ ટાળે છે. ત્યાં બાહ્ય વિષયને ભોગવવાની વાત જ રહેતી નથી. સાધકને શુભભાવ ના ફળસ્વરૂપે અનેક પ્રકારના અનુકૂળ સંયોગો મળે છે. પરંતુ તે માત્ર જ્ઞાનના પરજ્ઞેયો રહે છે. તે બાહ્ય વિષયમાં જોડાતો નથી અથવા જોડાય છે તો પણ દરેક સમયે તેની કષાય શક્તિ ઘટતી જાય છે. જ્ઞાની કોઇ બાહ્ય વિષયના અનુસંધાનમાં ઇચ્છા કે ભોગવટાનો ભાવ કરતો નથી.

ગાથા ૨૧૭ :– આ ગાથામાં અધ્યવસાનની વાત કરે છે. અધ્યવસાન કહેતા જેની સાથે ન હોવું જોઇએ એવું જોડાણ. આવો સંબંધ નિયમરૂપે મોહનીય કર્મોદય સાથે છે. દર્શન મોહનીય કર્મોદય અનુસાર અજ્ઞાની જીવ ભાવ મિથ્યાત્વરૂપે પરિણમે છે. તે એકત્વ બુધ્ધિરૂપનો સંબંધ છે. તે બંધનું કારણ છે. અનંત સંસારનું કારણ છે. તેમાં બાહ્ય સમસ્ત વિશ્વને ભોગવવાનો ભાવ–અભિપ્રાય પડ્યો છે. તે અનુસાર થતો રાગ અનંતાનુબંધી કષાય છે. જીવ ભાવ મિથ્યાત્વ રૂપે પરિણમે છે ત્યારે અનુભાગ શક્તિ અનુસાર દર્શન મોહનીય કર્મ આવે છે.

સમ્યગ્દર્શન થયા બાદ જીવ સ્વભાવમાં જ રહેવા માગે છે. અભિપ્રાયમાં આખા વિશ્વનો ત્યાગ છે પરંતુ ત્યારે સાધક દશામાં ચારિત્ર મોહનીય કર્મોદય અનુસાર રાગ–દ્વેષ થાય છે. તે પણ અધ્યવસાન જ છે. પરંતુ અભિપ્રાયનો દોષ એકત્વ બુધ્ધિરૂપનો દોષ દૂર થયો છે તેથી ચારિત્ર મોહનીય કર્મ તેને શરીર અને સુખ દુઃખ રૂપી ફળને જ આપે છે. અનંતસંસારનું કારણ થતું નથી.

આ રીતે દર્શન મોહનીય કર્મ જીવને અનંત સંસારનું ફળ આપે છે અને માત્ર ચારિત્ર મોહનીય કર્મ જીવને

શરીર સંબંધે સુખ દુઃખનું ફળ આપે છે. બંને અધ્યવસાનો જ છે. પરંતુ તેમની જાત ફરી જાય છે. જીવને ખરેખર મોહનીય કર્મ સાથે જ સંબંધ છે. પરંતુ તે સંબંધ આપણા ખ્યાલમાં નથી આવતો આપણને શરીર અને સંયોગો સાથે જ સંબંધ દેખાય છે અને તે વાસ્તવિક લાગે છે.

હવે આપણને – શરીર અને સંયોગો સાથેના સંબંધો લક્ષમાં આવે છે. તેમાં આપણે સારા-નરસા અને સુખ દુઃખનો અનુભવ કરીએ છીએ. વિષયોને ભોગવતા સુખ દુઃખ થાય છે અને તે વિષયો મને સુખ દુઃખ આપે છે. એવું સ્વીકારી લઈએ છીએ. વિષયોમાં નિમિત્ત અઘાતિ કર્મોદય છે. તે અનુસાર સુખ દુઃખ અને બંધન મુક્તિ માની લઈએ છીએ. તેથી સંયોગોને ફેરવવાની માથાકૂટમાં પડીએ છીએ. પરંતુ તમને જે બંધન તથા દુઃખ થાય છે તે મોહનીય કર્મોદયનું ફળ છે. તે જ મૂળમાં રહેલું છે. ખરેખર દર્શન મોહનીય કર્મોદય અને તે અનુસાર ભાવ મિથ્યાત્વ જ કારણ રૂપ છે. તે દર્શાવવા માટે દૃઢ કરાવવા માટે હવેની ગાથાઓ છે.

ગાથા ૨૧૮-૨૧૯ માં સુવર્ણ અને કાદવનો દૃષ્ટાંત આપીને કહે છે કે સાંસારીક પ્રવૃતિમાં રહેલો જ્ઞાની કર્મ બાંધતો નથી અને અજ્ઞાની કર્મથી બંધાય છે. વળી જેમ રજ ચોટવાનું કારણ તેલની ચીકાશ છે. રજ નથી તેમ સંયોગો વચ્ચે રહેલો સમ્યદૃષ્ટિ બંધાતો નથી. અજ્ઞાની સમયે સમયે બંધાય છે.

ગાથા ૨૨૦ થી ૨૨૩ :- દૃષ્ટાંત આપે છે. ઈયળનું શરીર અર્ધ પારદર્શક હોય છે. જુદા જુદા રંગની માટી ખાવાથી એવાં રંગરૂપે દેખાય પરંતુ ઈયળ તે રંગરૂપે થઈ નથી. તેમ જ્ઞાની બધી સાંસારીક પ્રવૃત્તિમાં જોડાયેલો લક્ષગત થાય પરંતુ તે બંધાતો નથી. પછી બીજી અગત્યની વાત કરે છે. જેમ કાકીડો પોતાના શરીરના રંગ બદલાવે છે. તેમ સમ્યગ્દૃષ્ટિ પણ જો વિષયોમાં આસક્ત થઈ જાય તો ફરી મિથ્યાદૃષ્ટિ થઈને કર્મ બાંધે છે.

ગાથા ૨૨૪ થી ૨૨૭માં જે ધનઅર્થી દાન અર્થી રાજાની સેવા કરે છે. તો રાજા તેને ફળ આપે છે. જો કોઈ રાજાની સેવા ન કરે તો રાજા તેને ફળ આપતો નથી. તેમ જે કર્મબંધનો અભિલાષી વિભાવરૂપે પરિણમે છે તો કર્મ બંધન થાય છે.

આ અધિકારની અત્યાર સુધીની ગાથાઓમાં સમ્યગ્દૃષ્ટિ જીવના જીવનની વાત કરી છે. એક અપેક્ષાએ સાધક દશાની વાત છે. વળી તેને સમજતા જ્ઞાની નિર્જરા કઈ રીતે કરે છે. તેનો પણ ખ્યાલ આવે છે. સાધક દશા સમ્યગ્દર્શને આભારી છે. આ ગાથાઓમાં સાધકની કષાય શક્તિ કેવી રીતે ઘટતી જાય છે. તેનો કોઈ ઉલ્લેખ નથી. માત્ર નવા અજ્ઞાનમય કર્મો બનતા નથી તેથી પૂર્વે બંધાયેલા કર્મો ફળ આપ્યા વિના ખરી જાય છે. તે જ દર્શાવ્યું છે. અધિકારની છેલ્લી આઠ ગાથાઓમાં સમ્યગ્દૃષ્ટિના આઠ અંગની વાત છે. જ્ઞાની શેનાથી ઓળખાય તે લક્ષણો દર્શાવે છે. સંસારી જીવમાં કોણ જ્ઞાની છે અને કોણ અજ્ઞાની છે તેનો નિર્ણય થવાથી કોની પાસેથી તત્વ મેળવવું એનો નિર્ણય સુગમ થાય. પરંતુ જ્ઞાની અને અજ્ઞાનીનો તફાવત માનીએ એટલો સહેલો નથી. બાહ્ય આચરણથી અંદરનું માપ કાઢવાની ટેવ છે. વળી તેના દ્વારા જિનાગમમાં પણ ઓળખાણ કરાવે છે. પરંતુ જ્ઞાનીની અંતરંગ પરિણતિને જાણવા

માટે ખરેખર તો જ્ઞાની થવું પડે. વિશેષતા એ છે કે પાત્ર જીવ જ્ઞાનીને ઓળખી લે છે. પાત્રતા કોને કહેવાય એની વિચારણા કરીએ તો જેને છ દ્રવ્યોની વ્યવસ્થા બરોબર સમજાય છે અને ભલે બર્હિલક્ષી જ્ઞાનમાં પણ જેણે અસ્તિ-નાસ્તિ દૃઢ કરી છે તેને સરળતા રહે છે. જેણે નવતત્વના અભ્યાસપૂર્વક જીવ પુદ્‌ગલના અસમાનજાતિયસંબંધને યોગ્ય રીતે સમજીને જીવ અને પરિણામનો યોગ્ય અભ્યાસ કર્યો છે. આસ્રવ બંધનો અભાવ કરીને સંવર નિર્જરા તત્વની પ્રગટતા માટે તત્પર છે તેને જે જીવે સમ્યગ્દષ્ટિ જીવે આ કાર્ય કરી લીધું છે તેની અંતરંગ દશાનું અનુમાન કરી શકે છે.

ગાથા ૨૨૮ :- આ ગાથામાં સમ્યગ્દષ્ટિના પ્રથમ અનેમુખ્ય અંગની વાત લીધી છે. નિઃશંકતા અર્થાત્ જ્ઞાનીને તત્વસંબંધી કોઈ શંકા નથી. તત્વ કહેતા છ દ્રવ્ય - નવતત્વનું સ્વરૂપ. અહીં આપણે ભેદરૂપ શ્રદ્ધાનની વાત નથી કરવી. તેને છ દ્રવ્યની શંકા નથી. તેનો ભાવ એ છે કે તેને જીવ અને સમસ્ત પુદ્‌ગલો વચ્ચેની અસ્તિ-નાસ્તિનો બરોબર ખ્યાલ છે. અર્થાત્ મારે પુદ્‌ગલ સાથે નાતે-જાતે કોઈ સંબંધ નથી એવી નિઃશંકતા છે. વળી તેણે નવતત્વના અભ્યાસ દ્વારા જીવના પરિણામ અને અજીવનાં (દ્રવ્ય કર્મના) પરિણામને બંનેને જુદા રાખ્યા છે. બંનેના સ્વતંત્ર પરિણામ પછી જ નિ.નૈ. સંબંધને સ્થાન આપ્યું છે. પોતાની ભૂલની જવાબદારી મોહનીય કર્મોદય ઉપર ન નાખતા પોતાની જ ભૂલને કબુલી છે : સાત પ્રકારની પર્યાયોને સંકેલીને બધાનું ઉદ્‌ભવ સ્થાન પરિણમતું દ્રવ્ય છે. તે જીવ પરિણામ થતાં જ કર્મોદયનો સંગ કરીને તેની સાથે મેળ વિશેષથી નાચી ઉઠે છે. તેનો નિર્ણય કર્યા બાદ અંદરમાં જીવના સ્વભાવ સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે. પરિણામનું પ્રયોજન હોવા છતાં પોતાનો અસલ સ્વભાવ શું છે તે જાણવા માગે છે. લક્ષમાં રહે કે જ્ઞાની ગુરુના ઉપદેશ દ્વારા જ આવો ભાવ આવે છે. જ્ઞાની સ્વભાવ સુધી પહોંચ્યા છે. સ્વભાવ નિર્મળ જ્ઞાયક જ છે. વિભાવને કરે એવો કોઈ ત્રિકાળ સ્વભાવ નથી એના અનુભવ પૂર્વક નિર્ણય કર્યો છે. સર્વજ્ઞ સ્વભાવના આશ્રયે અમર્યાદ શક્તિ રૂપ સાર્થ્યનો વિશ્વાસ કર્યો છે અને સ્વભાવના આશ્રયે જ્ઞાતાધારા પ્રગટ કરતા જાય છે. અતીન્દ્રિય સુખનો આ રીતે અનુભવ કરીને બધા સંસારી જીવો આ રીતે આરાધના કરીને સુખી થાય એવા ભાવપૂર્વક ઉપદેશ આપે છે. છ દ્રવ્ય નવતત્વના અભ્યાસનું આ ફળ છે એમ નક્કી કરીને જે જ્ઞાની થાય છે તેને પણ નિશાંકિત અંગ પ્રગટે છે. સ્યાદવાદ શૈલીના વીતરાગ માર્ગને વરેલા જ્ઞાનીઓ જ વિશ્વની નિર્દોષ વ્યવસ્થા દર્શાવી શકે છે. અન્ય ધર્મો માત્ર સંસારતત્વનું જ વર્ણન કરી શકે છે.

એવી પણ નિઃશંકતા પ્રગટે છે. સ્વાનુભૂતિ છે તે વેદનપૂર્વકની નિઃશંકતા છે. આ ગાથામાં બીજી નિર્ભયતા ની વાત કરી છે. તેનો નિઃશંકતા સાથે શું સંબંધ છે તે હવે સમજવાનો પ્રયત્ન કરીએ. જૈન દર્શનનો એકડો છે સત્‌ની સ્થાપના. સત્ અને શૂન્યની દલીલથી અને સત્‌ના ક્ષેત્ર તથા સ્વભાવ સાથેના તાદાત્મ્ય સંબંધથી સત્‌ની શાશ્વતતાની પ્રતીતિ થાય છે. તેની સાથે બે વાત બને છે. હું શરીરાદિ બધા પુદ્‌ગલથી જુદો છું અને હું જીવ રૂપે શાશ્વત છું. શરીરએ પુદ્‌ગલ પરમાણુઓ સ્કંધ છે. તેમાં પ્રત્યેક સમયે નવા પરમાણુ આવતા જાય છે અને છૂટા પડતા જાય છે. આ જાણવાથી અજ્ઞાનીને શરીરમાં હુંપણું હોવાથી તેને શરીરઅને સંયોગોના લક્ષે સાત પ્રકારના ભય હોય છે. જેણે

શરીરથી ભિન્ન આત્મામાં હુંપણું સ્થાપ્યું છે તે પોતાને શાશ્વત અનુભવે છે. તેથી તેને કોઈ પ્રકારના ઉપરોક્ત ભયો હોતા નથી. જીવ અને પુદ્ગલનું સ્વતંત્ર પણું અને શાશ્વતપણું આગમ દ્વારા નક્કી કર્યું હતું તે હવે પોતે જ અનુભવે છે. તેથી તેને વેદનપૂર્વકની નિઃશંકતા આવે છે. આ રીતે નિઃશંકતા અને નિર્ભયતા બને એકબીજાના પુરક છે. જીવના બે અંગ અવિનાભાવ રૂપે એકબીજાના પુરક જોઈ શકાય છે. શરીર અને સંયોગના સંબંધથી સાત પ્રકારના ભયો હોય છે. જ્ઞાની એ બધાથી જુદો પડી ગયો હોવાથી તેને કોઈ ભય નથી.

ગાથા ૨૨૯ :- આ ગાથા મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ એ ચાર અસંજ્ઞ આસ્રવોની વાત લીધી છે. જ્ઞાની આ બધાથી વિરક્ત રહીને સ્વરૂપ ગુપ્ત રહે છે તેથી તે નિઃશંક છે એવું આગાથામાં સમજાવવા માગે છે. પોતે સ્વરૂપલીન રહે છે. વિભાવરૂપે નથી પરિણમતો તેથી પૌદગલિક આસ્રવો તેને કર્મબંધના કારણ થતા નથી આથી તે નિઃશંક છે. પ્રશ્ન એ થાય છે કે ચારેય દ્રવ્યાસ્રવોનો અભાવ તો માત્ર સિધ્દ દશામાં જ જોવા મળે છે. તો આને સમકિતના અંગરૂપે કઈ રીતે ગણાવી શકાય. તેનું સમાધાનએ છે કે જ્ઞાની એ મિથ્યાત્વના અભાવની સાથે મિથ્યાત્વની ભૂમિકાને યોગ્ય અવિરતિ આદિ અભિપ્રાયમાં પણ આ ચારેયનો ત્યાગ છે. તે પોતાના સ્વભાવમાં જ ટકવા માગે છે અને ટકે છે વિભાવરૂપે પરિણમતો નથી. જેમ કોઈ ડરે તો બીજા તેને ડરાવે. જે ડરતો નથી તેને કોઈ ડરાવતું પણ નથી. જેમ કોઈની સામે જોઈને હસ્યા તો ફસ્યા. જો તમે દ્રવ્યાસ્રવની અપેક્ષતા-સાપેક્ષતા રાખો તો બંધન છે. જો ન રાખો તો બંધન નથી. જ્ઞાતાએ આ કાર્ય કરી લીધું છે તેથી હુંફરી બંધાઈશ એવી શંકા જ્ઞાનીને નથી. હું નહીં બંધાઉં એમ નિઃશંક છે.

ગાથા ૨૩૦ :- આ ગાથામાં સમ્યગ્દષ્ટિ કાંક્ષા રહિત છે તેમ સમજાવે છે. લૌકિકમાં કાંક્ષા અને ઈચ્છા એમ બે પ્રકારના શબ્દપ્રયોગ થાય છે. બંનેમાં બાહ્ય વિષય મેળવવાનો ભાવ છે. બંનેમાં તફાવત છે. ઈચ્છામાં કોઈ વસ્તુ મળે એવી ઈચ્છા થાય છે. પરંતુ મળે ન મળે એની એટલી દરકાર નથી. કોઈ વિષયની ક્ષણિક ઈચ્છા થાય - વળી પોતાના ભાવ તથા સંયોગો બદલાઈ જાય ત્યારે ઈચ્છા ન પણ રહે. તેના સ્થાને વાંછા શબ્દ એ વિષયની તલપ દર્શાવે છે. મળે ત્યારે જ ચેન પડે - ન મળે ત્યાં સુધી આકૂળતા રહે અને તેની ઈચ્છા ધારા પ્રવાહ રૂપ ચાલુ રહે. આ અર્થમાં વિચારીએ તો અજ્ઞાનીને વાંછા હોય છે અને જ્ઞાનીને ઇચ્છા હોય છે એમ બે રીતે સમજી શકાય અજ્ઞાની પોતાના શરીરની જાળવણી રાખે છે. શરીરને જે સારું લાગે તેમ મેળવવાના પ્રયત્નો કરે છે. તેનું બધું ધ્યાન બહાર ઉપર જ કેન્દ્રિત છે. તેને ખ્યાલ નથીં કે જે મળે તે અઘાતિ કર્મોદય અનુસાર મળે છે. તેને ખ્યાલ નથી કે આ જાતના પરિણામો મને અનંતકાળ સુધી સંસાર પરિભ્રમણના કારણો બને છે. જ્ઞાનીને ખ્યાલ છે કે આ બધા કર્મના ફળ છે. વર્તમાનમાં તેના ઉપર મારી કોઈ સત્તા પડતી નથી. વળી તે ઘાતિ-અઘાતિ કોઈ કર્મમાં જોડાવા માગતો નથી. પોતાના સ્વભાવમાં જ લીન રહેવા માગે છે. પરિણામે નવા કોઈ કર્મો બનતા નથી કે જેથી કર્મફળનો વિચાર આવે પોતે જ કર્મ અને કર્મફળને તોડી નાખીને સ્વરૂપ ગુપ્ત રહે છે, રહેવા માગે છે. જ્ઞાની જાણે છે કે મારે ધિંગાણા કર્મતંત્ર સાથે જ છે. તેની સાથે જ મારા પનારા છે અને તેનાથી છૂટું એટલું મને લાભનું કારણ છે. હવે વાત રહીં એક અન્ય ધર્મોની - પુદ્ગલના બધા ધર્મો પુદ્ગલમય છે. વર્ણાદિમાન છે અને જીવથી અત્યંત ભિન્ન છે તેથી જ્ઞાની પુદ્ગલના એકપણ ધર્મની કાંક્ષા કરતો નથી. ''પરિગ્રહ કદિ મારો બને તે હું અજીવ બનું ખરે'' તેની સાથે નિઃશંકતા છે કે જીવના ગુણો જીવમય છે અને

પુદ્ગલના ગુણો પુદ્ગલ સાથે તાદાત્મ્યમય છે. પોતાના ગુણો તો શાશ્વત જ છે તેને મેળવવાનો પ્રશ્ન નથી. હવે અન્ય ધર્મોનો જૈન દર્શન છોડીને અન્ય અન્યમતીનો વિચાર કરીએ. એક સામાન્ય માન્યતા છે કે દરેક ધર્મમાં કાંઇક તો સારું હોય જ. આ પણે ખ્યાલ છે કે દરેક ધર્મમાં પાંચ પ્રકારના શુભભાવોમાંથી એક પણ શુભભાવની વાત ન કરે તો ધર્મ ચાલે જ નહીં. એક જૈન ધર્મ જ એવો છે જે શુભભાવથી ધર્મ થવાનું માનતો નથી. બીજી એક વિશિષ્ટતા જૈન દર્શન જ વિશ્વના બધા પદાર્થોને અનેકાંતરૂપ સ્વીકારે છે. અન્ય કોઇ ધર્મને વસ્તુના અનેકાંત સ્વરૂપનો ખ્યાલ જ નથી. જેને જૈનધર્મની વિશિષ્ટતાનો ખ્યાલ છે તેને બીજા ધર્મો નિરર્થક જ લાગે છે. તે બધા સંસાર તત્વને પોષણ કરનારા છે તેથી જ્ઞાનીને અન્ય ધર્મોની કાંક્ષા નથી.

ગાથા ૨૩૧ :- આગલી ગાથામાં રાગની વાત હતી તેની સામે આ ગાથામાં દ્વેષની વાત છે. ગ્લાનિની વાત છે રાગ અને દ્વેષ બંનેનો વિભાવમાં સમાવેશ થાય છે. જ્ઞાનીને વિભાવ રૂપે જ પરિણમવું નથી તેથી તેને રાગ કે દ્વેષ કોઇમાં રસ નથી.

ગાથા ૨૩૨ :- અમૂઢ દષ્ટિ-જ્ઞાનીને તત્વની સંપૂર્ણ ચોખવટ હોવાથી તેને મુઢતા નથી. તત્વની યથાર્થ ચોખવટ કરનારા દેવ શાસ્ત્ર-ગુરુ છે. પાત્ર જીવે પ્રથમ પુરુષ પ્રમાણ વચન પ્રમાણ કરી અભ્યાસ શરૂઆત કરી છે. પુરા અભ્યાસ બાદ નિઃશંકતા આવી છે. તેથી તેને દેવ શાસ્ત્ર-ગુરુનો અનેક ગણો મહિમા વધી ગયો છે. તેની સાથોસાથ કુદેવ -કુગુરુ-કુશાસ્ત્રો જીવનું અહિત કરનારા છે. તેને અનુસરનારને તેને સાચુ સમજવાનો અવકાશ પણ નથી રહેતો તે ઉપરાંત કદાચ અસંજ્ઞી થઇને લાંબા સમય સુધી ઉપદેશને યોગ્ય પણ ન થાય. ખરેખર તો અમુઢતા એ નિઃશંકતાની સાથે જ જન્મે. છે. પરમાર્થે એક જ આશય દર્શાવનારા છે. અમુઢ દષ્ટિને સત્ય દષ્ટિ પણ કહી શકાય.

ગાથા ૨૩૩ માં સિધ્ધ ભક્તિની તથા ઉપગૃહક અંગની વાત કરે છે. પહેલા તો એમ લાગે કે શુભાશુભ ભાવની પ્રથમના પાડયા પછી હવે થોડા ઢીલા પડ્યા છે. પરંતુ એમ નથી. સિધ્ધ ભક્તિમાં ઉપબૃહણ અંગ દર્શાવવા માગે છે. ઉપબૃહણ એટલે શુધ્ધતાની વૃધ્ધિ. જ્ઞાની પુરુષાર્થને ઢીલો પડવા દેતા નથી.તેને ખ્યાલ છે કે અધ્યાત્મમા પુરુષાર્થ જ મુખ્ય છે. તે આગળ વધીને સિધ્ધ દશા પ્રગટ કરવા માગે છે. તેને મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરવાની તાલાવેલી લાગી છે. તેથી તે જરાપણ પ્રમાદને સ્થાન નથી આપતા. સમ્યગ્દર્શન માટે અપૂર્વ પુરુષાર્થ કર્યો તેથી થોડો સમય આરામ લેશે એમ નથી. તેને આગળ વધવાની હોંશ છે એટલે એ નિરંતર કાર્યશીલ રહે છે. વળી ફરી મિથ્યાત્વ નહીં આવે એવું એકાંત નથી કરતા. તેને ખ્યાલ છે કે જો પ્રમાદ વધી જાય તો ફરી મિથ્યાદર્શનનો પ્રસંગ આવશે.

હવે કયારેક કોઇને પ્રમાદ આવી જાય. બાહ્ય લૌકિક આચરણમા પણ શીથિલતા આવી જાય અથવા કોઇ એવા અશુભ ભાવ પણ કયારેક આવી જાય. પરિણમોની વિચિત્રતા પાર વિનાની છે. તેથી આવા ભય સ્થાનો પણ રહે છે. તેવા સમયે જાગૃતિ રાખીને સાવચેત રહેવા જેવું છે.

# સંવરપૂર્વક નિર્જરા

સાધક દશામાં નિર્જરા તત્વ લક્ષગત થાય છે. તે સાધક દશાનું અનિવાર્ય અંગ છે. પરમાર્થે તે પણ શુદ્ધ પર્યાયની પ્રગટતા જ છે. માત્ર એક સમયની સાધક દશાને લક્ષમાં લેતા નિર્જરા તત્વ લક્ષગત થતું નથી. એક સમયની અપૂર્ણ શુદ્ધતાએસંવર તત્વ છે. નિર્જરા તત્વને જાણવું હોય તો સાધક દશાને પ્રવાહ રૂપે લક્ષમાં લેવી જોઈએ. જીવના વિભાવના નિમિત્તે નવા દ્રવ્ય કર્મમાં સ્થિતિબંધ અને અનુભાગ બંધ થાય છે. તે સ્થિતિપૂર્ણ થતાં તે કર્મ અવશ્ય જીવથી જુદુ પડે છે. આવું અનાદિકાળથી થતું આવ્યું છે. જ્ઞાની થાય ત્યારથી-જીવ નિર્વિકલ્પ દશા રૂપે સ્વાનુભૂતિ રૂપે પરિણમે છે. ત્યારે તે સમયની પર્યાય વિભાવરૂપ નથી તેથી નવું દ્રવ્ય કર્મ બંધાતું નથી. જુનું કર્મ જુદું પડ્યું અનેનવું કર્મ બંધાણું નહીં તેથી કર્મમાં જથ્થો ઘટતો જાય છે. તેને નિર્જરાતત્વ કહે છે. આ રીતે જીવની દ્રવ્યકર્મથી રહીત થવાની પ્રક્રિયા શરૂ થાય છે તે નિર્જરા તત્વ છે.

નિર્જરા એટલે શુદ્ધતાની વૃદ્ધિ એવી સામાન્ય સમજણ છે. પરંતુ તેનો ભાવ આ પ્રમાણે સમજવો. શુદ્ધતાની પ્રગટતા અને વૃદ્ધિ-જીવની જ્ઞાતા ધારાને આભારી છે અને એ તો પરમાર્થે સંવર તત્વ છે. શુદ્ધતાની વૃદ્ધિનો ખ્યાલ-પર્યાયના પ્રવાહને લક્ષમાં લેતા જ જણાય છે. તેથી આપણા જ્ઞાનને વ્યવસ્થિત કરવું. સાધક દશામાં સંવર નિર્જરા તત્વ લક્ષગત થાય છે.

જ્ઞાયક સ્વભાવના આશ્રયે જ્ઞાતાધારા શરૂ થાય છે. ત્યારે પરનું લક્ષ-પરનોઆશ્રય છૂટી જાય છે. મોહનીય કર્મની ઉપેક્ષા થાય છે. તેથી આસ્રવ તત્વનો-વિભાવભાવનો અભાવ થાય છે. વિભાવનો અભાવ થતા નવું દ્રવ્ય કર્મ બનતું નથી. તેથી બંધાતું નથી. અવિદ્યમાન હોવાથી ભવિષ્યમાં ઉદયમાં આવવાનું રહેતું નથી. કર્મોદયના અભાવમાં ભવિષ્યમાં જીવ વિભાવરૂપે પરિણમતો નથી. એ રીતે શુદ્ધતા વધતી જાય છે અને અશુદ્ધતા ઘટતી જાય છે.

સાધકની એક સમયની પર્યાયને લક્ષમાં લેતા અપૂર્ણ શુદ્ધતા-સંવરતત્વ લક્ષમાં આવે છે. સાધક દશાને પ્રવાહરૂપે લક્ષમાં લેતા નિર્જરા તત્વ લક્ષગત થાય છે. વિભાવનો સર્વથા અભાવ થતાં ક્ષીણ મોહ ગુણ સ્થાન થતાં સાધક દશાની પૂર્ણતા થાય છે. ભેદજ્ઞાનનો પ્રયોગ પુરો થાય છે. ભવ્યત્વની પ્રગટતા રૂપ કાર્ય પણ પૂર્ણ થાય છે અને પરિપૂર્ણ પવિત્ર પરમાત્મ દશા પ્રગટે છે.

# સંવર નિર્જરા મોક્ષ

પ્ર.૧ સંવરનું સ્વરૂપ શું છે ?

ઉ.૧ સર્વ પ્રથમ થયેલી અપૂર્ણ શુદ્ધ પર્યાયની પ્રગટતાથી શરૂઆત કરીને સંપૂર્ણ શુદ્ધ પર્યાયની પ્રગટતા થવી તે સંવર તત્વ છે. દ્રવ્યકર્મને જીવમાં પ્રવેશ ન કરવા દેવો એવો તેનો આશય છે. જીવ સદાય પરિમનશીલ છે. તે જીવ જ્યારે પોતાના જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપે છે અને તેનો આશ્રય કરે છે. તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ દશારૂપે પરિણમે છે. તે સંવરતત્વ છે. આ દશા આવે ત્યાર પહેલા મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ આસ્રવરૂપના પરિણામે જીવ પરિણમતો હતો. એને અનુસરીને નવા દ્રવ્યકર્મો જીવ સાથે બંધાતા હતા. જીવ જયારે સંવર રૂપે પરિણમે છે ત્યારે ત્યાં અજ્ઞાનમય વિભાવનો અભાવ થાય છે. તેથી નવા દ્રવ્યકર્મો બનતા નથી. બનતા જ નથી તેથી બંધાવાનો પ્રશ્ન રહેતો નથી. આને સંવરે કર્મને આવતા રોક્યા એમ કહેવામાં આવે છે. સ્વભાવ સંમુખનો પુરુષાર્થ વૃદ્ધિ ગત થતો જાય છે તે પ્રકારે શુદ્ધતાના અંશો વધતા જાય છે. વિભાવ દૂર થતો જાય છે તે પ્રકારે શુદ્ધતાના અંશો વધતા જાય છે. વિભાવ દૂર થતો જાય છે. જયારે વિભાવનો સર્વથા નાશ થાય છે. ત્યારે પરમાત્મ દશા મોક્ષ છે. તેને પરમ સંવર પણ કહેવામાં આવે છે.

પ્ર.૨ શુદ્ધતાની વૃદ્ધિને સંવરમાં લેશો તો નિર્જરાને ભાગે શું રહેશે અમે તો શુદ્ધતાની વૃદ્ધિને નિર્જરા એવું સમજ્યા છીએ ?

ઉ.૨ તમે જે જાણ્યું છે તે ખોટું નથી. પરંતુ તમારી ખતવણી ખોટી છે. સાધકના પરિણામને પ્રવાહ રૂપે લક્ષમાં શુદ્ધતાની વૃદ્ધિ લક્ષગત થાય છે. ખરેખર તો સાધકને પ્રત્યેક સમયે સંવર-નિર્જરા હોય છે.

પ્ર.૩ તો પછી નિર્જરાનું કાર્ય શું ?

ઉ.૩ નિર્જરાનો અર્થ કર્મનું ખરી જવું. સાધક વિભાવ કરતાં અટકે છે તે ભાવ નિર્જરા છે. તે સમયે જે દ્રવ્યકર્મ ઉદયમાં આવ્યું હતું એટલે કે જીવથી જુદું પડ્યું હતું તે સમયે નવા દ્રવ્યકર્મનો બંધ થયો નહીં તેથી જીવની સાથે બંધાયેલા દ્રવ્યકર્મો જુદા પડે છે. એમ કહેવામાં આવે છે. તે દ્રવ્ય નિર્જરા છે. પહેલા પણ સ્થિતિપૂર્ણ થતાં બંધાયેલા કર્મો જીવથી જુદા પડતા હતા. પરંતુ તેના સ્થાને નવું કર્મ આપતું એટલે તે નિર્જરાતત્વ ન હતું. વિભાવનો સર્વથા અભાવ થાય ત્યાં સુધી આ ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલુ રહે છે. આ રીતે પ્રયોગાત્મક ભેદ જ્ઞાન એ જ નિર્જરા તત્વ છે.

પ્ર.૪ સાધક દશામાં જ્ઞાનનું પરિણમન કેવું છે ?

ઉ.૪ જ્ઞાન અલ્પજ્ઞ જ છે. જ્ઞાનમાં સવિકલ્પ દશામાં પણ સ્વ પરના ભિન્નપણાનો વિવેક ચાલુ જ છે. પર દ્રવ્યો તો જુદા છે જ. પરંતુ જ્ઞાનમાં આ વિભાવ પણ જીવથી ભિન્ન છે એવો વિવેક વર્તે છે. તેથી પ્રયોગાત્મક ભેદજ્ઞાન ચાલુ જ રહે છે.

પ્ર.૫ મોક્ષ તત્વ શું છે ?

ઉ.૫ જીવની પરિપૂર્ણ પવિત્રદશા તે મોક્ષ છે. વિભાવથી સર્વથા રહીતપણું તે મોક્ષ છે. તે દશા હવે શાશ્વત રહે છે. ત્યાં અનંત ચતુષ્ટયની પ્રગટતા થાય છે. અરિહંત દશાએ ભાવ મોક્ષ દર્શાવે છે અને સિદ્ધ દશાએ દ્રવ્ય મોક્ષ છે. સિદ્ધ દશામાં શરીર અને કર્મનો સંબંધ રહેતો નથી.

પ્ર.૬ સર્વ વિશુદ્ધ અધિકારમાં આચાર્ય દેવ શું લેવા માગે છે ?

ઉ.૬ આ શાસ્ત્રની રચના નાટક રૂપે થઈ છે. નાટકમાં ભાગ લેનારા-નાટક પૂર્ણ થાય ત્યારે તેના અસલ ચાલુ વેશમાં સ્ટેઈજ ઉપર આવે છે. તેમ અહીં જીવ સર્વ સ્વાંગ છોડીને અસલ રૂપે પરમ પારિણામિક ભાવ રૂપે સ્ટેઈજ ઉપર હાજર થશે એવા આશયથી આ અધિકાર લેવામા આવ્યો છે. નાટકનો વિચાર કરીએ તો જેને 'અસલ ચાલુ વેશ' કહીએ છીએ એ પણ ખરેખર એક સ્વાંગ જ છે. આશય એ છે કે પદાર્થ કયારેય પર્યાય વિનાનો હોતો જ નથી. તેથી લૌકિકમાં જેને કોઈ પરિચિત વ્યક્તિ હોય તો તે ગમે તે વેશમાં હોય તો પણ આપણે ઓળખી જઈએ છીએ.તેમ અહીં કરવાનું છે. સંસારી જીવે વિભાવના સદ્‌ભાવ કે અભાવરૂપ કોઈ એક સ્વાંગ ધારણ કર્યો છે. ઔદયિકાદિ ચારે ભાવો સ્વાંગ જ છે. બધા જીવોમાં તેનો જ્ઞાન સ્વભાવ જ એક રૂપ છે. તેથી આ અધિકારમાં પણ એ જ વાત લાગુ પડે છે. અજ્ઞાની જીવ પોતાના જ્ઞાયક સ્વભાવને લક્ષમાં રાખીને બહિરાત્મ દશાને સ્વભાવથી વિરુદ્ધ જાણીને તેનો ત્યાગ કરીને જ્ઞાયકના આશ્રયે જ્ઞાતા ધારા પ્રગટ કરે છે. સાધક પણ સ્વભાવને આશ્રયે પ્રગટ થતી ઉગ્ર જ્ઞાતાધારાને અનુસરીને જે અસ્થિરતાના ભાવો ક્રમશઃ નાશ પામતા જાય છે તેને સાક્ષી ભાવે જાણે છે. પરમાત્મા અતીન્દ્રિય આનંદને અનુભવતા જેના આશ્રયે એ દશા પ્રગટી છે તે સ્વભાવને સદાય મુખ્ય જ રાખે છે.

પ્ર.૭ ટીકાકાર આચાર્ય દેવ પરિશિષ્ટ અધિકારમાં શું દર્શાવવા માગે છે ?

ઉ.૭ આચાર્ય દેવ અહીં બે વિષય-વિસ્તારથી લેવા માગે છે. એક પદાર્થના અનેકાંત સ્વરૂપને સ્યાદવાદ શૈલીથી સમજાવવા માગે છે. પદાર્થનું અંતરંગ અનેકાંત સમજાવવા માટે અભેદ એવો દ્રવ્ય સામાન્ય સ્વભાવ-ગુણ ભેદરૂપ અને પર્યાય ભેદરૂપ સદાય રહે છે તે સમજાવવા-દ્રવ્ય-ગુણના સંબંધમાં એક-અનેક રૂપ દ્વૈત તથા દ્રવ્ય-પર્યાય રૂપ સંબંધમાં નિત્ય-અનિત્ય રૂપ દ્વૈત સમજાવે છે. તે ઉપરાંત અસ્તિ-નાસ્તિ અનેકાંતની સિદ્ધિ માટે દરેક પદાર્થ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વડે પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું અત્યંત ભિન્નપણું દર્શાવવા માગે છે.

આ સમજાવતા સમયે તે સત્‌ને જ સમજાવવા માગે છે. સત્‌ જ એક અનેકરૂપ છે. વળી તે જ નિત્ય-અનિત્ય રૂપ છે. અસ્તિ-નાસ્તિના આઠ ભેદમાં પણ સત્‌ને જ સમજાવવા માગે છે. એ રીતે બાર ભેદ રૂપે વાત લીધી છે. સત્‌નું વર્ણન સ્વભાવ વડે જ થઈ શકે તેથી સ્વભાવ વડે જ એ બાર કળશ લીધા છે. ત્યારબાદ તત્‌-અતત્‌ના બોલ વડે સ્વભાવને જુદો પાડીને કુલ ચૌદ ભેદ લીધા છે. આ રીતે સ્યાદવાદ શૈલીથી અનેકાંત વસ્તુ સ્વરૂપ સ્થાપે છે.

બીજો વિષય-એક જ્ઞાન સ્વભાવી આત્મામાં ઉપાય-ઉપેય ભાવ કઈ રીતે બને છે તે સમજાવે છે. અજ્ઞાની જીવ જે પ્રકારનું જીવન જીવે છે. તેનાથી તેને છોડાવીને તેને પરમાત્મ દશા સુધી લઈ જવાનો માર્ગ દર્શાવવા માગે છે. આ ધ્યેયને પહોંચી વળવાની બધી સામગ્રી જીવમાં વિદ્યમાન જ છે. તે રીત સમજાવે છે.

ઉપેય-ધ્યેયનો વિચાર કરીએ તો ક્રમપૂર્વક ધ્યેયમાં પ્રથમ આત્માની પ્રાપ્તિ સ્વાનુભૂતિ પ્રગટ કરવી. તે કાર્ય થયા બાદ ધ્યેયમાં મોક્ષની પ્રાપ્તિ લેવામાં આવે છે. ધ્યેયની સિદ્ધિ માટે સાધન-ઉપાય-જ્ઞાન ગુણ અને તેનું સમ્યગ્જ્ઞાન રૂપનું પરિણમન છે. તે આ રીતે અજ્ઞાની જીવ શું ગુરુગમે લક્ષમાં લે છે કે વિભાવ પરિણામ ભલે પર્યાયરૂપે વિદ્યમાન હો - તો પણ તે સમયે જ્ઞાયક સ્વભાવ તો એકરૂપ નિરપેક્ષ શુદ્ધ જ છે. તે સ્વભાવને અનુસરીને જે જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે તેમાં વિભાવ નથી. મોહ-રાગ-દ્વેષની અસર નીચે ઉપયોગ અશુદ્ધ રૂપ લક્ષગત થાય છે. મિથ્યાત્વને અનુસરીને જ્ઞાન-મિથ્યા જ્ઞાન રૂપ કહેવાય છે ત્યારે પણ જ્ઞાનમાં આવરણ છે વિપરીતતા નથી.

વિભાવ રૂપ પરિણમન અનાદિથી હોવા છતાં પરમાત્મા વિભાવથી સર્વથા રહીત છે. તેથી વિભાવને કરે એવો સ્વભાવ ન હોય શકે. પરમાત્મા સર્વજ્ઞ દશા રૂપે પરિણમે છે. તેથી જ્ઞાન જીવનો સ્વભાવ છે તેના જોરમાં જીવ સ્વાનુભૂતિ પ્રગટ કરે છે. ધ્યેયની સિદ્ધિ કરે છે. ત્યાર બાદ તે ઉપેય તત્ત્વ રૂપે-પરમાત્મ દશાને લક્ષમાં લે છે. હવે તે જ જ્ઞાન સ્વભાવના જોરમાં અસ્થિરતાના વિભાવનો પણ અભાવ કરીને પરમાત્મ દશા પ્રગટ કરે છે.

આ રીતે ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય દેવે પ્રયોજનભૂત વિષયની સ્પષ્ટતા કરી છે.

# બંધ અધિકાર

જીવ અનાદિકાળથી બંધનને પ્રાપ્ત છે અને તેના કારણે તે પરમાર્થે દુઃખી છે. મોહ-રાગ-દ્વેષના જે પરિણામ અને ફળની વાત આપણે આસ્રવ અધિકારમાં વિસ્તારથી સમજ્યા છીએ તેમાં એવા વિભાવ ભાવોમાં પ્રથમ યોગ અનુસાર નવા દ્રવ્યકર્મની રચના થાય છે અને કર્મ મિથ્યાત્વ-અવિરતિ અને કષાય વડે જીવની સાથે બંધાય છે. આ રીતે જીવ અને દ્રવ્યકર્મ વચ્ચે ઉભયબંધ થાય છે.

આ અધિકારની શરૂઆતમાં રજ-ધૂળ ચોંટવાની કારણ તેલનું શરીર ઉપર માલિશ છે એમ દૃષ્ટાંતમાં લીધું છે. સિદ્ધાંતમાં જીવને દ્રવ્યકર્મ સાથેના બંધનું કારણ મિથ્યાત્વ-અવિરતિ અને કષાય ગણવામાં આવે છે. આ ભાવોને અભેદરૂપે અધ્યવસાન કહે છે. બે પદાર્થો અત્યંત ભિન્ન હોવા છતાં તે ખરેખર એક છે એવી માન્યતા-ભાવ મિથ્યાત્વ તે જ ખરો અધ્યવસાન છે. તે અનુસાર જીવ કેવા પ્રકારની માન્યતા કરે છે તે આ અધિકારમાં વિસ્તારથી સમજાવ્યું છે.

(૧) હું બીજા જીવોને જીવાડી કે મારી શકું છું. હાથમાં માંકડ કે મચ્છરને પકડીને એવો દાવો કરે છે કે આનું જીવન-મરણ મારે આધિન છે. તેનું સમાધાન આ પ્રકારે છે. દરેક જીવનું જે-તે ગતિમાં જન્મ-મરણ થાય છે તે પરમાર્થે તેનું સ્વતંત્ર પરિણમન છે. તેમાં નિમિત્ત તેનું આયુષ્ય કર્મ છે. બીજો જીવ તેમાં ક્યાંય નિમિત્ત પણ નથી.

(૨) હું બીજાને સુખી દુઃખી કરી શકું છું. ત્યાં પણ ઉપરોક્ત રીતે સ્વતંત્રતા કાયમ રાખીને નિમિત્તનો વિચાર કરવામાં આવે તો તેમાં નિમિત્ત વેદનીય કર્મોદય ઉપરાંત મોહનીય કર્મ પણ છે.

(૩) હું બીજાને સાચા ધર્મમાં વાળી શકું છું અને ધર્મથી વિમુખ પણ કરી શકું છું. ત્યાં પણ એ જ યુક્તિ લગાવવી રહી.

આ પ્રમાણે અજ્ઞાનીના અધ્યવસાન અને તેના નિરાકરણની વાત લેવામાં આવી છે. મિથ્યાત્વ ગયા બાદ સાધક દશામાં અવિરતિ-કષાય અનુસાર જે પર સાથેના સંબંધો ચાલુ રહે છે તેને પણ ગૌણ પણે અધ્યવસાન કહે છે. તે ગાથા ૨૪૮ થી ૨૭૦ અનુસાર જે પરિણામ થાય છે તે અસ્થિરતાના રાગ રૂપ છે અને તેનું ફળ દેહ સંબંધી સુખ દુઃખ છે. આવો અધ્યવસાન અનંત સંસારનું કારણ નથી.

જેણે કર્તા કર્મ અધિકારનો અભ્યાસ કર્યો છે. નવ તત્વમાં જેને સ્થાન નથી. અભ્યાસના કોર્ષની બહારનો વિષય-વધારાનો વિષય-તેનો અભ્યાસ કર્યો છે. જીવે પૂર્વરંગથી લઈને નિર્જરા અધિકાર સુધીનો અભ્યાસ કર્યો છે. જે અનાદિકાળથી જાણકાર રૂપે પરિણમી રહ્યો છે. મનુષ્ય અને દેવગતિના અનેક પ્રકારના સુખને ભોગવી શક્યો છે.

જિનાગમોનો સારો એવો જેને અભ્યાસ છે તેને માટે બંધ અધિકારમાં હવે શું સમજવાનું બાકી છે ?

આસ્રવનો અભાવ કરીને જ્યાં સંવર પ્રગટ થયો ત્યારથી જ બંધનો અભાવ થતો આવ્યો છે. જેમ પરમ સંવર એ જ મોક્ષ છે એમ આસ્રવનો અભાવ થતાં બંધનો પ્રશ્ન રહેતો જ નથી. યુવરાજ જ ન હોય તો રાજા થવાનો પ્રશ્ન જ નથી.

જીવના એક વિભાવ ભાવને અનુસરીને કર્મ બંધ થાય છે. "ત્યાં પહેલા કર્મો આવે છે અને પછી બંધાય છે" આ પ્રકારની સમજણમાં જ મુશ્કેલી છે. જીવ-કાર્મણ વર્ગણા અને તેનું કર્મમાં રૂપાંતર ત્યાં પ્રદેશ ભેદ જ નથી. એક જ ક્ષેત્ર હોય ત્યાં નિ.નૈ. સંબંધ શક્ય છે. તેથી આવવું એવા શબ્દના સ્થાને 'બનવું' એ વધુ યોગ્ય છે. પ્રદેશ ભેદ ન હોવાથી આવવું અને બંધાવું તેમાં ખરેખર ભેદ પાડી ન શકાય.

દૃષ્ટાંત રૂપે દર્શન સામાન્ય અને જ્ઞાન બે અલગ ગુણોને જોડકા રૂપે લેવામાં આવે છે. દર્શન અને જ્ઞાન બંનેનો એક જ વિષય છે અને એકીસાથે જ કામ થાય છે. તો પણ 'દર્શનપૂર્વક જ્ઞાન' એવા શબ્દો શાસ્ત્રમાં છે. વળી અજ્ઞાની જીવમાં મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ એ ચારેયનો બંધ એક જ સમયે એકી સાથે જ પડે છે. તેથી ત્યાં પણ યોગને કારણે પહેલા કર્મ બને અને પછી બંધાય એમ થાતું નથી. શાસ્ત્રમાં બંધ પછી મોક્ષ અધિકાર લેવાનો એક આશય સમજવાનો પ્રયત્ન કરીએ. મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ અનુસાર થયેલા બંધના અભાવનો વિચાર કરીએ તો ત્યાં પ્રથમ મિથ્યાત્વ જાય છે ત્યાર પછી જે અવિરતિ આદિ બાકી રહે છે તે મિથ્યાત્વની ભૂમિકાના નથી. જે રાગના પરિણામ અજ્ઞાનીને અનંત સંસાર રૂપ કર્મ બંધના કારણ થતાં હતા તે જ પરિણામ સમ્યગ્દષ્ટિને અલ્પ સંસારના કર્મબંધનું કારણ થાય છે. એ ક્રમ અનુસાર જયારે અવિરતિ-પ્રમાદ-કષાયનો અભાવ થાય છે તે બારમાગુણસ્થાને સંસારનો અભાવ થાય છે. સ્વભાવનું આચરણ રહે છે અને અનંત ચતુષ્ટયની પ્રગટતા રૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. ત્યારે પણ યોગ રહી જાય છે. પરમાત્માને વચન યોગ અને કાય યોગ છે તો પરમાત્મ દશાને બાધા નથી આવતી. તેથી બંધનો અભાવ તે મોક્ષ એમ સમજી શકાય છે.

દર્શન સામાન્ય-જ્ઞાન અને પુરુષાર્થને જીવના સ્વભાવ રૂપે લેવામાં આવે છે. તે ત્રણે અનાદિકાળથી અવરાયેલા છે. જ્ઞાનમાં આવરણનું કારણ જ્ઞાનાવરણીય કર્મ ગણવામાં આવે છે. દર્શનાવરણીય-જ્ઞાના વરણીય અને અંતરાયના ક્ષયોપશમ અનુસાર ક્ષયોપશમ જ્ઞાનાદિ પ્રગટતા લક્ષગત થાય છે. પરંતુ તે કથન માત્ર છે જ્ઞાન પર્યાય અને જ્ઞાના વરણીય કર્મ સાથેના એવા સંબંધો છે તે વાસ્તવિકતા છે તો પણ જ્ઞાનના આવરણનું કારણ મોહ-રાગ-દ્વેષ જ છે. તેના અભાવનો ઉપાય રૂપે સ્વભાવનો આશ્રય છે અને જયારે સ્વાશ્રયે રાગ સર્વથા દૂર થાય છે ત્યારે મોક્ષ થાય છે તેથી પરમાર્થે જ્ઞાનના આવરણનું કારણ જ્ઞાનાવરણીય કર્મ નથી. ભાવ બંધ અટકે ત્યારે દ્રવ્ય બંધ અટકે છે.

આ અધિકારમાં આચાર્ય દેવ અધ્યવસાનનું સ્વરૂપ સમજાવે છે. બંધ અધિકારમાં એને જ સ્થાન છે. ગાથા ૨૧૭ માં આપણે બે પ્રકારના અધ્યાવસાનનો અભ્યાસ કર્યો છે. ખરેખર તો મિથ્યાત્વ જ અધ્યવસાન છે. વિપરીત

અભિપ્રાયને કારણે ભોગવવાના ભાવ સાથે પ્રગટ થયેલી રાગની પર્યાય અનંત સંસારનું કારણ થાય એવો કર્મ બંધ કરે છે. જીવ અને પુદ્ગલ અત્યંત ભિન્ન જ સદાયને માટે છે. એવી નિઃશંકતા, મારું સ્થાન એક અરૂપી સર્વજ્ઞ સ્વભાવ રૂપ છે એવો વિશ્વાસ. તેના ફળ સ્વરૂપે પ્રગટેલી સમસ્ત વિશ્વ પ્રત્યે ત્યાગની ભાવના, આમ થતાં જીવનું જીવન જ બદલાય જાય છે. પોતે પોતાના સ્વભાવમાં જ મસ્ત રહે છે. તેને વિશ્વની કાંઈ પડી નથી. તેને બહાર જોવાની ફુરસદ જ નથી. કેમ જાણે અજગરના મોઢામાંથી એની ઝેરી દાઢ કાઢી નાખી હોય. કર્તા-ભોક્તા ભાવના સ્થાને એકલું ઉદાસીન જ્ઞાતાપણું. આ સંદેશો આચાર્ય દેવ આપવા માગે છે.

સમ્યગ્દર્શન થયા બાદ ચારિત્ર મોહનીય કર્મ એ પણ અધ્યવસાન જ છે. પરંતુ ત્યાં પરિણામ સ્થિર નથી થયા. રાગની કષાય શક્તિ ઘટતી જાય છે. એટલો તફાવત છે એ સમયે અઘાતિ કર્મોદય અનુસાર જીવને અનેક પ્રકારના સુખ દુઃખો મુખ્યપણે સુખની પ્રાપ્તિ થાય છે. અસ્થિરતાના રાગ પાછળ એકત્વ બુદ્ધિપૂર્વક ભોગવવાનું જોર ન હોવાથી એ પરિણામ અલ્પ સંસારનું જ કારણ થઈને અટકી જાય છે. વળી તે સહજપણે દૂર થતી પ્રક્રિયા છે. તેથી તેને સામાન્ય ન્યાયે બંધનમાં ગણવામાં નથી આવતી. અધ્યવસાનની વાત લીધા પછી આચાર્ય દેવ પરાશ્રિત વ્યવહારને પણ એ જ રીતે દૂષણ આપે છે. રાગ તો પરાશ્રિત છે જ. પરંતુ અહીં પરાશ્રયે થતાં જ્ઞાનને પણ વ્યવહારમાં લેવા માગે છે.

ગાથા ૨૩૭ થી ૨૪૬ :- આ દસ ગાથાઓમાં સંસારમાં ઉપલબ્ધ જુદા જુદા પરિબળોને કામમાં લઈને રાગ જ બંધનું કારણ છે. એમ પાકુ કરાવે છે. અહીં રાગ શબ્દ-મિથ્યાત્વ સહિતનો રાગ સમજવો જોઈએ-જિનાગમની આ જ શૈલી રહેલી છે. દૃષ્ટાંતમાં તેલ અને રજ બે મુખ્ય છે. તેલમાં ચિકાશ હોવાથી રજ ચોંટે છે. આ સાદા અનુભવની વાત કરે છે. હવે બીજા પરિબળો (૧) શરીર ઉપર તેલનું માલિશ (૨) રજથી ભરેલા લોક (૩) શસ્ત્રો (૪) વ્યાયામ (૫) સચેત - અચેતનો ઘાત આવા સંયોગોમાં શરીર ઉપર જ ચોંટે છે.

હવે બીજા બધા પરિબળો એ પ્રમાણે જ રાખે છે. તે વ્યક્તિ સાબુથી ચોળીને નહાય છે અને શરીરની ચિકાશ દૂર કરે છે. ફરીને ઉપરોક્ત સ્થાનમાં વ્યાયામ કરે છે. તેને રજ ચોંટતી નથી. તેથી રજ ચોંટવાનું મુખ્ય કારણ તેલની ચિકાશ છે એમ નક્કી થાય છે.

સિદ્ધાંતમાં તેલના સ્થાને દર્શન મોહનીય કર્મ છે.

રજના સ્થાને લોકમાં વ્યાપક એવી કાર્મણ વર્ગણાઓ છે.

મન-વચન-કાયા દ્વારા અનેક પ્રકારની ક્રિયાઓ

કાયા દ્વારા વપરાતા સાધનો

અન્ય સચિત-અચિતનો ઘાત

સિદ્ધાંતમાં મોહનીય કર્મો સાથે જોડાયને ભાવ મિથ્યાત્વ રૂપનું પરિણમન બંધનું કારણ છે. જીવ જયારે મિથ્યાત્વ રૂપે પરિણમે છે. ત્યારે મોહનીય કર્મોદય તેમાં નિમિત્ત રૂપે હાજર છે. વળી વિભાવને અનુસરીને નવા કર્મોનું બંધન થાય છે. તે સમયે અઘાતિ કર્મોદય અનુસાર જે શરીર અને સંયોગો મળ્યા છે તેનો ઉપયોગ કરે છે. સંસાર પ્રવૃતિ ચાલુ રાખે છે. આ રીતે જીવના પુદ્ગલ સાથેના સંબંધનું મૂળ મોહનીય કર્મોદય સાથે નિ.નૈ. સંબંધથી નાચી ઉઠવાથી થાય છે. તે જ સમયે કાર્મણ વર્ગણા કર્મ રૂપે પરિણમીને જીવ સાથે બંધાય છે. આ રીતે ચક્કર અનાદિનું ચાલે છે.

હવે કર્મના સ્થાને કાર્મણ વર્ગણાને જ કારણ માનીએ તો શું થાય ? પ્રથમ તો કર્મરૂપનું કાર્મણ વર્ગણાનું પરિણમન સ્વતંત્ર પરિણમન નથી. તે નૈમિતિક પરિણમન છે. વળી તેમાં નિમિત્ત અશુદ્ધ પર્યાય જ છે અને તે અશુદ્ધ પર્યાય જીવના ભાવ મિથ્યાત્વ રૂપના પરિણામ છે. જીવના મોહનીય કર્મો સાથેના સંબંધો છે. કર્મ બનવામાં આ એક જ નિમિત્ત છે. વળી તે ક્ષેત્રે રહેલા જીવના જ વિભાવ ભાવ છે. વિશેષ ચોખવટથી કરીએ તો શુદ્ધ દ્રવ્ય-શુદ્ધ પર્યાય તેમાં નિમિત્ત જરા પણ નથી. અન્ય કોઈ પરિબળો કર્મબંધના કારણ નથી. (૧) તીર્થંકર પરમાત્મા - લોકનું દ્રવ્ય છે. મન અને વચનનો યોગ છે. પરમાત્માનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત છે. અજ્ઞાની જીવની લૌકિક પ્રવૃતિ જેવી છે. તેવી જ સમ્યગ્દૃષ્ટિની છે. પરંતુ અજ્ઞાની સમયે સમયે કર્મ બંધ છે. જ્ઞાની કર્મ બંધ કરતો નથી.

એક પ્રશ્ન થાય છે કે કર્મ બંધનો વિષય આગળ આવી ગયો છે. આસ્રવ અધિકારમાં જુનું કર્મ નવા કર્મનું કારણ થાય છે કે જયારે જીવ વિભાવ કરે તો પછી બંધ અધિકારમાં એ વિષય ફરી લેવાનું શું પ્રયોજન છે ? વળી તે સમજાવવા માટે અહીં દૃષ્ટાંતમાં-શસ્ત્રો-વ્યાયામ અને સચેત અચેતનો ઘાત આ બધાનું શું પ્રયોજન છે ?

ઉત્તર પ્રયોજન છે. પ્રથમ 'અચેતના ઘાત' એનો વિચાર કરીએ. સ્કંધો બને છે અને વિખરાઈ છે. આવું ચાલ્યા જ કરે છે. તેથી તેમાં ભાંગ ફોડને મહત્વ ન અપાય. પરંતુ દેશમાં તોફાનો થાય છે. મકાન-વાહન વગેરેને તોડે છે અને બાળે છે. ત્યાં ખરેખર જીવનો હિંસાનો ભાવ કામ કરી જાય છે.

''હવે અચેતનો ઘાત '' સચેતમાં જીવ અને શરીરના સંયોગી એકત્વની વાત છે. અરૂપી જીવનો કોઈ ઘાત કરી શકતું નથી. શસ્ત્રોમાં લાકડી-તલવાર વગેરે આવે. ઉપરોક્ત સાધનો કાયા દ્વારા હિંસામાં જ ઉપયોગી છે. મન તથા વચન દ્વારા પણ હિંસા થઈ શકે છે. ત્યાં કોઈ બાહ્ય સાધનોની જરૂર નથી અને દેખી શકાય એવો ઘાત પણ નથી. જયાં ઘાત લક્ષમાં આવી શકે આ બધા પરિબળોની વાત આસ્રવ અધિકારમાં ન હતી. ત્યાં માત્ર મોહનીય કર્મ સાથેના સંબંધની જ વાત હતી. ત્યાં માત્ર આસ્રવ સિદ્ધ કરવાનું પ્રયોજન હતું. આ અધિકારમાં આગળ વધીને બંધનું સ્વરૂપ પણ દર્શાવે છે.

હવે ગાથા ૨૪૭ થી ૨૬૨ :- આ ગાથાઓમાં અન્ય જીવને લક્ષે તેના જીવન-મરણ તથા સુખ દુઃખનો વિચાર કરવામાં આવે છે. સર્વપ્રથમ ઉપાદાનની મુખ્યતાથી વિચારતા એ શરીરનું સ્વતંત્ર પરિણમન છે. નિમિત્તથી વિચારતા તેમાં અઘાતિ કર્મોદયનું નિમિત્તપણું છે. ચારેય કર્મો તેનો ભાગ ભજવે છે. તેમાં શરીરની રચનાના મુળમાં

નામ કર્મ છે. શરીરની જન્મથી મરણ સુધી જે સ્થિતિ છે તેમાં શરીરનું ઉપાદાન અને અઘાતિ કર્મોદય આથી વિશેષ કોઇ નથી. અર્થાત્ પરમાર્થે બીજા કોઇ પરિબળ કામ કરતા નથી. હજુ વિશેષ સ્પષ્ટતા કરીએ તો જીવનમરણમાં આયુષ્ય કર્મ જ નિમિત્ત છે. સુખ દુઃખમાં વેદનીય કર્મ ઉપરાંત મોહનીય કર્મને પણ યાદ કરવું રહ્યું. અહીં મોહનીય કર્મમાં ચારિત્ર મોહનીય સમજવું. કારણ કે વેદન માટે જીવ વચ્ચે આવે છે. બધા અઘાતિ કર્મોદય અનુસાર જીવને માત્ર સંયોગ રૂપ સામગ્રી મળે છે. અર્થાત્ પુણ્ય પ્રકૃતિ જીવને અનુકૂળ સંયોગો આપશે અને પાપ પ્રકૃતિ અનુસાર પ્રતિકૂળ સામગ્રી મળશે. એટલે કે તેનું ફળ પુદ્ગલમાં જ મળશે એ ઘાતિ કર્મો ન હોવાથી તેનું કોઇ ફળ જીવમાં નથી.

હવે આપણે બીજા જીવનો વિચાર કરીએ તે આ વ્યક્તિને જુએ છે ત્યારે તેને કેવા ભાવો આવે છે તે વિચારીએ. લક્ષમાં રહે કે બીજાના જીવન મરણ અને સુખ-દુઃખ સંબંધીના જ વિકલ્પોનો વિચાર કરવાનો છે. બે પ્રકારના વિકલ્પો શક્ય છે. કાંતો બીજાને દુઃખી કરવાનો અથવા મારવાનો એવો અશુભ ભાવ હશે. તે અનુસાર તેને પાપ પ્રકૃતિના બંધ થશે અથવા તેને સુખી કરવાનો કે જીવાડવાનો ભાવ હશે - તો તે અનુસાર તેને પુણ્ય બંધ થશે. હવે એક ત્રીજી વ્યક્તિનો વિચાર કરીએ તે અજ્ઞાની છે. તેનો અભિપ્રાય એવો છે કે પોતે ધારે તે પ્રમાણે કરી શકે છે અને તે પ્રમાણે થશે. આ વ્યક્તિને કાંતો મારી શકું છું, જીવાડી શકું છું, દુઃખી કરી શકું છું અને સુખી પણ કરી શકું છું. આ ચારમાંથી કોઇપણ ભાવ હોય તો તે અનંત સંસારી છે. હવે આ અજ્ઞાની જીવ ચારિત્ર અપેક્ષાએ ગમે તે ભાવ કરે તો પણ કર્મબંધ અનંતાનુબંધીનો જ હશે. તે ઉપરાંત તેને પણ શુભભાવથી પુણ્ય બંધ અને અશુભભાવથી પાપ બંધ થશે. જ્ઞાનીને જે બંધ થશે તે અલ્પ સંસારનું કારણ થશે. આ બીજી વ્યક્તિઓના જે ભાવ હોય તથા તે અનુસાર બાહ્ય ક્રિયા હોય તેની કોઇ અસર અસલ વ્યક્તિ રૂપ જરા પણ નથી. તે અનુસાર તે પોતાના ઉપાદાન અનુસાર અને એના નિમિત્ત પ્રમાણે પરિણમે છે. બીજી વ્યક્તિ તેમાં નિમિત્ત પણ નથી.

હવે ત્રીજા જોડકાનો વિચાર કરીએ. જો કોઇ માનતું હોય કે પોતે બીજાને ધર્મ પમાડી શકે છે કે બીજાને ધર્મથી વિમુખ કરી શકે છે. તો તે પ્રકારની બંને માન્યતાઓ અનંતસંસારનું કારણ થાય છે. છેવટનો નિર્ણય એ છે કે અધ્યવસાન અનુસાર બંધ છે. આ વાસ્તવિકતા જ આચાર્ય દેવ આ અધિકારમાં સ્થાપિત કરવા માગે છે. અધ્યવસાન અર્થાત્ એકત્વ બુદ્ધિ રૂપનું પરિણમન અજ્ઞાનીને હોય છે. એ જીવ ક્યારે અને ક્યાં એકત્વ બુદ્ધિ કરે એનો કોઇ નિયમ નથી. જેણે પોતાના આત્મા સાથે એકત્વપણું સાધ્યું નથી તે ચેતન-અચેતન ગમે ત્યાં એકાકાર થઇ જાય છે. ગાથા ૨૭૦ માં ત્રણ પ્રકારના અધ્યવસાનનું વર્ણન આવે છે. તે દૃષ્ટાંત રૂપ સમજવા. વળી ત્યાં અજ્ઞાન હોવાથી ભેદપૂર્વક વિચારીએ તો તે જીવને મિથ્યા દર્શન-મિથ્યા જ્ઞાન-મિથ્યા ચારિત્ર હોય છે. ગાથા ૨૬૭ થી ૨૭૦નો આ શય એ છે કે એવા જીવોની પ્રથમથી જ બહિર્દૃષ્ટિ છે તેથી તેને અંતર્મુખ થવામાં ઘણી મુશ્કેલી પડે છે. મિથ્યાત્વની એવી ગહન અસર છે કે તે ઉપયોગને સ્વભાવ સન્મુખ કરતો જ નથી. 'દ્વેષ અરોચકભાવ'. આવા જીવોને જ્ઞાનીનો યોગ પ્રાપ્ત થાય તો પણ લાભ ન થાય. પરમાં મારાપણું આવે તો કર્તુત્વનું જોર ઘણું વધી જાય. ભોગની સામગ્રી ઉપર જોરથી તૂટી પડે. ઉપભોગની સામગ્રી એવી રીતે ભોગવાતી નથી તેથી લાચાર થાય છે. બંધનગ્રસ્ત વ્યક્તિની આ જ દશા થાય છે.

જ્ઞાનીઓ આવા જીવોને પ્રયત્નપૂર્વક-સ્પષ્ટ સમજાવીને-સાચા મૂળભૂત સિદ્ધાંતો સમજાવીને તેમનો ઉપયોગને સ્વભાવ સન્મુખ વાળવા માટે પ્રયત્ન કરે છે. પર દ્રવ્યો સાથેની એકત્વ બુદ્ધિ જીવનું કેટલું અહિત કરે છે તે સમજાવે છે. જ્ઞાનીઓ આવા જીવોને સમજાવીને-પટાવીને-પ્રેમથી વાળીને તથા ક્યારેક ધમકી આપીને પણ સાચે માર્ગે લઈ આવવા માગે છે. અધ્યવસાન અનંત સંસારનું કારણ છે એ વાત વિસ્તારથી સમજાવ્યા બાદ હવે આચાર્ય દેવ એક નવો રસ્તો અપનાવે છે. જે શાંતિથી સમજવા જેવો છે.

કળશ ૧૭૩ અને ગાથા ૨૭૨ના ભાવને ઉંડાણથી સમજવા જેવો છે. જીવના પરિણામને નયવિભાગથી લક્ષમાં લેવામાં આવે તો રાગ પર લક્ષે થાય છે. તેથી વ્યવહાર નય લાગુ પડે છે. જ્ઞાનરૂપનું પરિણમન સ્વભાવને અનુરૂપ હોવાથી નિશ્ચય નયનો વિષય બને છે. અધ્યવસાન-રાગ બંધ અને દુઃખનું કારણ હોવાથી છોડાવવામાં આવે છે તેના અનુસંધાનમાં બધો વ્યવહાર છોડાવે છે એમ તારણ કાઢે છે. વાત સાચી છે પરંતુ આપણે વિચારવું રહ્યું કે વિભાવ સિવાય ક્યો પરાશ્રિત વ્યવહાર છે ? સ્વભાવના આશ્રયે તો જ્ઞાતા ધારા પ્રગટ થાય છે તે કરવી છે.

વિભાવ સિવાય અન્ય કોઈ પરાશ્રિત વ્યવહાર લક્ષમાં આવે છે? રાગ કરેયાં જ્ઞાન કરે રાગ બંધનું કારણ છે. જ્ઞાન બંધનું કારણ નથી. વળી, બીજાને મારવું વગેરેને પણ અધ્યવસાનમાં સમાવી લેવામાં આવે છે. ગાથા ૨૭૦માં 'હું પરને જાણું છું' એ પણ અધ્યવસાન છે એમ લીધું છે. ત્યાં જીવ એક પર દ્રવ્યને જાણે છે તે વિષયની પસંદગી રાગ અનુસાર થાય છે. રાગ ને અધ્યવસાનમાં સ્થાન મળે છે તેથી એક પરદ્રવ્યના જાણવામાં અધ્યવસાન લાગુ પડે છે. તો પછી હવે ક્યો પરાશ્રિત વ્યવહાર નયનો વિષય બાકી રહ્યો જેનો આ ગાથામાં નિષેધ કરાવવા માગે છે ? સ્વભાવ ગ્રહણની વાત ઘી થી લસપસતા શીરાની માફક સહેલાઈથી ગળે ઉતરી જાય છે પરંતુ ક્યા વધારાની વાત છોડાવવા માગે છે તે શોધવું રહ્યું. વળી એ બંધનું કારણ છે એમ પણ નક્કી કરવું રહ્યું. પદાર્થમાં દ્રવ્યના ભેદ રૂપે-ગુણ અને પર્યાય લેવામાં આવે છે તે વ્યવહાર છે વળી અસ્તિ-નાસ્તિ ટકાવીને દરેક દ્રવ્ય પોતાના ગુણની પર્યાય દ્વારા વિશ્વ વ્યાપી સંબંધમાં આવે છે એ પણ વ્યવહાર છે પરંતુ અંતરંગનો વ્યવહાર પરાશ્રિત નથી અને વિશ્વવ્યાપી સંબંધ નિર્દોષ છે માટે બંધનું કારણ નથી. છેવટ એક વાત રહે છે. સમયસાર ગાથા ૩ અનુસાર દરેક પદાર્થની સ્વરૂપ અસ્તિત્વ સત્તામાં બીજાનો પ્રવેશ-અર્થાત્ કલ્પના પણ વિસંવાદ ઊભો કરે છે. જો કદાચ એમ થાય તો વિપ્લવ થાય. પરંતુ એ પ્રમાણ બનવું અશક્ય છે.

ગાથા ૨૭૨-૨૭૩ :- જૈન અનુયાયી શાસ્ત્રોનો અભ્યાસ કરે વ્રત-નિયમધારે-દ્રવ્યલિંગ ધારણ કરે અર્થાત્ જે પ્રકારના પરિણામ જ્ઞાનીના જીવનમાં જોવા મળે છે. એવા પરિણામ કરે તો પણ તેને મોક્ષની પ્રાપ્તિ નથી. અભવ્ય જીવનો દૃષ્ટાંત આપીને કહે છે. જેણે નિજાત્માને ઓળખ્યો નથી. તેની અનુભૂતિ કરી નથી એવા જીવો મુક્તિ પામતા નથી. એથી વિશેષ કહે છે-મિથ્યાદૃષ્ટિને બાહ્ય વિષયો સાથે એકત્વ બુદ્ધિ અને ભોક્તા ભાવ છે તેથી તેને અનુસરીને થતા ચારિત્રના પરિણામોનો હેતુ પણ ભોગ જ છે-ધર્મ નહીં આત્મા કલ્યાણ નહી.

ગાથા ૨૭૬ માં જ્ઞાનીના જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણો અને ચારિત્રના પરિણામોનો વિસ્તાર કરીએ તો સંવર-નિર્જરા-પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન-યોગ-એ બધાનો વિષય પોતાનો આત્મા જ છે. જ્ઞાનીના ગુણો અને પર્યાયોનો વિકાસ સ્વભાવના આશ્રયે જ થાય છે. સમ્યગ્દર્શન સ્વભાવના આશ્રયે સમ્યગ્જ્ઞાનનો વિષય પણ નિજાત્મા સ્વરૂપલીનતા એ જ પરથી પાછા ફરવા રૂપ પ્રતિક્રમણ છે. જ્ઞાનીએ યોગ દ્વારા પોતાના શુદ્ધાત્મ સ્વભાવ સાથે જોડાણ કર્યું છે.

વ્યવહાર નયે જ્ઞાન-દર્શન-ચારિત્રનો વિષય પંચ પરમેષ્ટિમાંથી કોઈ હોય છે. આ રીતે પ્રથમ પુરુષ પ્રમાણ કરીને આત્માની યથાર્થ ઓળખાણ માટે વસ્તુઓના અનેકાંત સ્વરૂપની યથાર્થ સ્થાપના માટે સ્યાદવાદ શૈલીથી લખાયેલા સત્શાસ્ત્રોનો અભ્યાસ તે મુખ્ય છે. જ્ઞાનમાં છ દ્રવ્યોનું યથાર્થ જ્ઞાન થયા પછી નવતત્વના અભ્યાસ દ્વારા નવતત્વમાં છુપાયેલી આત્મજ્યોતિ સમક્ષ પહોંચીને-આ જ હું છું એવા નિર્ણયાત્મક જ્ઞાનપૂર્વક તેની શ્રદ્ધા દ્વારા કસોટ કરીને સ્વીકૃતિ મળે ત્યારે શ્રદ્ધા પોતાનું હુંપણું શરીરમાંથી કાયમ માટે છોડીને નિજાત્મામાં સ્થાપે છે. તેથી નવતત્વની શ્રદ્ધાને વ્યવહાર રૂપે સ્થાન મળે છે. આ પ્રમાણે જેણે સ્વાનુભૂતિ કરીને પોતાને ભાવમરણથી બચાવ્યો છે તે હવે ચારિત્રની પર્યાય દ્વારા સ્વરૂપલીનતા કરે છે તે અનુસાર સ્હેજે છ કાય જીવની રક્ષા થાય છે. તેથી ચારિત્રના વ્યવહારમાં છ કાયને સ્થાન આપ્યું છે.

ગાથા ૨૭૮-૨૭૯ :- આ ગાથામાં પ્રથમ દૃષ્ટાંત આપે છે. સ્ફટીકમણિનો તેથી રંગની વાત આવશે. સ્ફટિક સ્વચ્છ છે અર્થાત્ તેનો કહી શકાય એવો કોઈ રંગ નથી. તેની સ્વચ્છતા છે. તે સંપૂર્ણ પારદર્શક છે. તેની સ્વચ્છતામાં રંગની ઝાંય પડી શકે છે. તેથી સ્ફટિકનો જે રંગીન પદાર્થના સંગમાં જોવામાં આવે તે પ્રકારની ઝાંય સ્ફટિકમાં જોવા મળે છે. કળશ ૧૭૫ના અનુસંધાનમાં રહેલો છે. કળશમાં વાસ્તવિકતા રજુ કરીને પ્રશ્ન રજુ કર્યો છે. રાગને બંધનું કારણ કહ્યું છે. વળી રાગને આત્માથી ભિન્ન બતાવવામાં આવે છે. આના અનુસંધાનમાં એક પ્રશ્ન છે કે રાગનું નિમિત્ત કયું છે પર છે કે આત્મા પોતે જ જવાબદાર છો ? પ્રશ્ન દ્વારા એ પોતે નક્કી કરે છે કે રાગ જીવનું સ્વાભાવિક પરિણમન નથી પરંતુ નૈમિત્તિક પરિણમન છે. રાગ જીવનો સ્વભાવ ન હોવાથી બંધાવાનો જીવનો સ્વભાવ નથી. વળી નૈમિત્તિક પરિણામમાં દ્રવ્ય પોતે જ નિમિત્ત હોય તે બને નહીં. જો પોતે જ કારણ હોય તો તે સ્વાભાવિક પરિણમન હોય હવે આપણે જોઈએ કે આચાર્ય દેવ રાગમાં નિમિત્ત રૂપે કોને દર્શાવે છે. જવાબ મળે છે.

સિદ્ધાંતમાં આત્મા અરુપી છે, પુદ્ગલ રુપી છે. જે પુદ્ગલના (શરીર) સંગમાં આત્મા લક્ષમાં આવે છે. પરંતુ સિદ્ધાંતમાં રંગની વાત નથી લેવી. રાગની વાત લેવી છે. જીવ રાગ રૂપે પરિણમે છે. ત્યારે રાગમાં નિમિત્ત કોણ છે તે પ્રશ્ન છે. જવાબ એ છે કે સ્વયં રાગાદિરૂપે પરિણમેલું પર દ્રવ્ય નિમિત્ત છે- સ્વયં રાગ રૂપે પરિણમેલું તો દ્રવ્યકર્મ છે. તેથી જીવની રાગ રૂપ દશામાં નિમિત્ત રાગાદિ રૂપે સ્વયં રહેલું દ્રવ્ય કર્મ છે. વિશેષ સ્પષ્ટતા કરીએ તો રાગ રૂપ કર્મોદય અર્થાત્ જે રાગ રૂપે જીવ સાથે બંધાયેલું હતું. સ્થિતિ પૂર્ણ થતાં ફળ દેવા માટે ઉદયમાં આવ્યું છે તે જીવના રાગમાં

નિમિત્ત થાય છે. અન્ય કોઈ પદાર્થ તે સમયના જીવના રાગમાં નિમિત્ત નથી. વિષયની દઢતા માટે પછીની ગાથામાં કહે છે કે જીવ કયારેય સ્વતંત્રપણે રાગ રૂપે પરિણમતો નથી તેથી જીવ રાગનો અકારક છે. આ વાક્ય વિચાર તથા ચિંતન માગી લે છે. વાસ્તવિકતા એ છે કે જુનું કર્મ-જીવ અને કાર્મણ વર્ગણા બધા સ્વતંત્ર દ્રવ્યો છે. એક જીવ છે અને બે પુદ્ગલ છે. ત્રણેય સ્વતંત્રપણે પરિણમીને એકબીજા સાથે નિ.નૈ. સંબંધમાં આવે છે. આ સમયે જે જીવની વાત લીધી છે તે અજ્ઞાની જીવ છે. જીવ સ્વભાવે જ્ઞાયક જ છે અને વિભાવને કરે એવો કોઈ સ્વભાવ તેનો નથી એ અપેક્ષાએ અવશ્ય જીવ વિભાવનો અકારક જ છે. દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે. દ્વિક્રિયા શક્ય જ નથી. દરેક દ્રવ્ય જયારે વિશ્વવ્યાપી સંબંધમાં જોવામાં આવે છે. ત્યારે પોતાના સ્વાભાવિક પરિણમનનો ફાળો જ આપે છે. આપી શકે છે કારણકે તે સિવાય અન્ય કાંઈ શક્ય જ નથી. જે સ્વભાવમાં ન હોય તે બહારથી લાવી શકાય નહીં. જિનાગમ આ બધા સિદ્ધાંતો આપણને આત્મસાત કરાવે છે. નિ.નૈ. સંબંધની વાત આવે ત્યારે પૂ. ગુરુદેવના શિષ્યો એકી અવાજે કહેશે કે નિમિત્ત સર્વથા અકિંચિતકર છે. બાહ્યમાં જે વિષયનું પરિણમન પોતાના (આપણા) પરિણામને અનુકૂળ હોય-લાગે તેના ઉપર નિમિત્તનો આરોપ આપવામાં આવે છે. આથી વિશેષ કાંઈ નહીં. પૂ.ગુરુદેવશ્રીના પ્રતાપે આ બધા સિદ્ધાંતો આપણે સહજપણે સ્વીકારીએ છીએ. મુમુક્ષોમાં નિમિત્તાધીન દૃષ્ટિ ભાગ્યે જ જોવા મળે છે.

હવે એક પ્રશ્ન વિચારવા જેવો છે. ખાસ કરીને જે સાંસારિક પ્રવૃતિઓ જોવા મળે છે. તેના અનુસંધાનમાં-શરૂઆત કરીએ તો ભાવકર્મ-દ્રવ્યકર્મ વચ્ચેના નિ.નૈ. સંબંધો. જીવના એક સમયના પરિણામને નિમિત્ત બનાવીને આઠ પ્રકારના દ્રવ્યકર્મો બને છે. દરેક કર્મબંધના પ્રદેશબંધ-સ્થિતિબંધ અને અનુભાગ બંધ થાય છે. હવે પ્રશ્ન એ થાય છે કે એક સમયની વિભાવ પર્યાયમાં એવું શું હોય છે કે આઠે પ્રકારના કર્મોમાં અલગ સ્થિતિ બંધ અને અલગ અનુભાગ બંધ કઈ રીતે બને ? આપણે એમ સહજપણે સ્વીકારી લઈએ છીએ કે પોતે સંસારમાં ચાલુ રહેવા માગે છે તેથી સંસાર ચાલુ રહે તે પ્રમાણે ઘાતિ અને અઘાતિ કર્મો બાંધે છે. પરંતુ પ્રશ્ન તો ઊભો જ રહે છે-કે જીવના પરિણામમાં એવી શક્તિ કયાંથી આવે છે.

હવે બીજી રીતે વિચારીએ મિથ્યાત્વના પરિણામ એકરૂપ-સ્વભાવથી વિમુખ-પરની સાથે એકત્વ અને સમગ્ર વિશ્વને ભોગવવાનો અભિપ્રાય-એક અપેક્ષાએ અદ્વૈત પરિણામ ચારિત્રની પર્યાયમાં દ્વૈત-રાગ દ્વેષ ત્રણ જોડકાં. સંખ્યાનો બીજી રીતે વિચાર કરીએ તો લોકપ્રમાણ અસંખ્ય વિભાવ ભાવો સામે એટલા જ ચારિત્ર મોહનીય કર્મો એક એક ચારિત્ર-વિભાવ પર્યાયનો અવિષય વિશ્વનો એક પદાર્થ છે. વિશ્વમાં અનંત પદાર્થો આ અનંત પદાર્થોમાં કોઈ એક પદાર્થને એક સમયે વિષય બનાવનારી એક જીવની એક ચારિત્ર પર્યાય. એ જ વિશ્વના પદાર્થને એક સમયે અનેક જીવની ચારિત્ર ગુણની પર્યાય વિષય કરી શકે છે. વળી આ બધું વ્યવસ્થિત ચાલતું રહે છે. આ બધાનો વિચાર કરતાં કોઈ જીવ ઈશ્વરકર્તાવાદ તરફ ખેંચાઈ જાય તેનું આશ્ચર્ય છે કે ઘણા વાદમાં નથી ખેંચાતા એનું આશ્ચર્ય કરવા જેવું છે ?

અનંત જીવો અને અનંતાનંત પુદ્‌ગલ પરમાણુઓ બધા અસંખ્ય પ્રદેશી લોકમાં જ રહે છે તેથી લોકના એક એક પ્રદેશે જાતિ અપેક્ષાએ છ અને સંખ્યા અપેક્ષાએ અનંત રહેવાના જ છે. તેમ થતાં તેમની વચ્ચે-ખાસ કરીને જીવ તથા પુદ્‌ગલ વચ્ચે બીજા પણ સંબંધો જોવા મળે છે. આમ છતાં દરેક દ્રવ્ય અન્ય દ્રવ્યથી અત્યંત ભિન્ન જ રહે છે.

એક દ્રવ્ય-સત્તામાં પડેલા અનંત કર્મો, જીવની એક સમયની પર્યાય-તેની અસર ક્યાં કર્મ ઉપર કઇ જાતની ? અપકર્ષણ ઉત્કર્ષણ કે સંક્રમણ ? એક દ્રવ્યની એક સ્વાભાવિક પર્યાય-તેના દ્વારા એક રૂપ વિશ્વ વ્યાપી સંબંધો એક પક્ષે જોવા મળે છે અને જીવ તથા પુદ્‌ગલની-મુખ્યપણે જીવની એક વિભાવ પર્યાયને વિશ્વના અનંત પદાર્થો સાથે અનેકવિધ સંબંધો-અનેકવિધ અસરો-આ બધું આશ્ચર્ય ઊપજાવે એવું છે.

કદાચ અનંતાનંત પરમાણુઓ જે અનેક પ્રકારના સ્કંધો બનાવે છે તેની પાછળ શું રહસ્ય છે ? અનેક પ્રકારના ૮૪ લાખ જીવ યોનિ-શરીરો બને છે. અને કોઇને કોઇ જીવ તેમાં નિવાસ કરવા આવી પહોંચે છે શું એ જીવની માગણી અનુસાર શરીરો બને છે ? શું જીવના ભાવ અને તેના ફળને અનુરૂપ શરીરો બને છે. પૃથ્વી-પાણી-હવા બધાનો વિચાર કરીએ ત્યારે લાગે કે શું બધા સ્કંધો-જીવના શરીરો જ હશે ? કેટલાક સ્કંધો જીવના પરિણામોના દૂરોગામી ફળના સાધન રૂપ જ બન્યા હશે ? વૃક્ષના છોડ ઉપર નાના પાંદડા ઉગે નવા નવા રંગ બદલાશે-વૃક્ષ થાય-તે બધું શું મનુષ્ય અને પતંગિયાને આકર્ષવા માટે જ છે ? બીજા ઢોર માટે તો માત્ર આહારની સામગ્રી જ લાગે ? આવા અનેક દૃષ્ટાંતો વિચારી શકાય. ધ્રુવ પ્રશ્ન એ ન રહે છે કે જીવ પુદ્‌ગલ કોઇ પોતાના પરિણામ દ્વારા બીજાને આકર્ષી શકે ? શું ખરેખર કોઇ એકબીજાને અનુકૂળ થઇ શકે ?

ગાથા ૨૮૦ થી ૨૮૬ :- આ ગાથાઓમાં ભાવકર્મ અનેક દ્રવ્યકર્મ વચ્ચે પરંપરાથી ચાલ્યા આવતા નિ.નૈ. સંબંધોની વાત લીધી છે. તે ઉપરાંત વિભાવને અને બાહ્ય વિષયોને નિ.નૈ. સંબંધ દર્શાવ્યો છે. તેથી લક્ષ રાખીને સમજવા જેવું છે. ગાથામાં અપ્રતિકમણ અને અપ્રત્યાખ્યાન શબ્દોનો ભાવ પણ યોગ્ય રીતે સમજવો જોઇએ. અસ્તિરૂપ શબ્દ આક્રમણ છે. તેનો પ્રતિપક્ષી શબ્દ પ્રતિક્રમણ છે. પરંતુ સામાન્ય રીતે લોકો સમજતા નથી. આપણે પર દ્રવ્યો સાથે સંબંધમાં આવીએ છીએ-શરીરના કાર્ય આપણે કરીએ છીએ. તે ખરેખર આક્રમણ છે કારણ કે પરદ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે. તેને આપણી ઇચ્છા મુજબ પરિણમવવાનો આશય એ જ આક્રમણ છે. જ્ઞાની આવા આક્રમણ કરતો નથી. તે પરનો ઉદાસીન જ્ઞાતા રહે છે. તેને આપણે અણપ્રતિક્રમણ કહીએ છીએ. દૃષ્ટાંતમાં આચાર્ય દેવ મુનિલિંગ અને એને યોગ્ય આહારને યાદ કરે છે. જે આહાર મુનિ માટે બનાવવામાં આવ્યો હોય તે મુનિ માટે યોગ્ય નથી. તે યુક્તા હાર નથી તેથી મુનિએ તે ગ્રહણ ન કરવો જોઇએ. આહાર ત્યાગને દ્રવ્ય ત્યાગ કહે છે અને આહારના ભાવના ત્યાગને ભાવ ત્યાગ કહે છે. બંને વચ્ચે આ પ્રકારનો સુમેળ હોવો જોઇએ. સિદ્ધાંતમાં જીવે કર્મોદયનો તીરસ્કાર કરવો જોઇએ. આ રીતે અધિકારમાં બંધના કારણ અને બંધના અભાવની સમીક્ષા કરી છે.

# મોક્ષ અધિકાર

'મને વેણ ઉપડે ત્યારે મને ઉઠાડજો' વાત જ અસ્થાને છે. તું જ બીજાને ઉઠાડીશ. 'મને સમ્યગ્દર્શન થયું તે કેમ ખબર પડે – કોને પૂછવું ? અતીન્દ્રિય આનંદનો અનુભવ જ પર્યાપ્ત છે. કોઈને પૂછવાની જરૂર નથી. પેન્સીલની અણી કાઢનારને થોડા સમયે જોતા રહેવું પડે છે. કપડા ધોતી વખતે નીતારીને જોવું પડે છે પરંતુ હવે ઓટોમેટીક વોશીંગ મશીન એની મેળે બંધ થાય છે અને સફાઈ પૂર્ણ થઈ તેની રીંગ પણ આવે છે.'

ભવ્ય જીવને મોક્ષની પ્રાપ્તિ કરવાની ભાવના જાગે છે. ત્યારે તેણે ભવ્યત્વ પ્રગટ કરવું પડે છે. ભેદજ્ઞાનનો પ્રયોગ શરૂ થયા બાદ ધારા પ્રવાહ રૂપ ચાલુ રહે છે અને મોક્ષની પ્રાપ્તિ થતાં ભવ્યત્વનો અભાવ થાય છે. દીલ્હી જેવા મોટા શહેરમાં એક સ્થાનથી બીજા સ્થાન સુધી બસમાં મુસાફરી કરતાં સમયે ક્યાં ઉતરવાનું છે તેની સદાય જાગૃતિ રાખવી પડે છે. પરંતુ જ્યાં ઉતરવાનું છે તે જો છેલ્લું સ્ટોપ હોય તો ચિંતા કર્યા વિના શાંતિથી મુસાફરી કરી શકાય. મોક્ષ માર્ગનું છેલ્લું સ્ટોપ તે મોક્ષ છે. ભાવતા ભોજન બનાવનારને ભોજન તૈયાર કર્યા પછી જમવા બેસે ત્યારે તૃપ્તિ અનુભવે છે. અભ્યાસ કરનારા પુરતો પુરુષાર્થ કરે અને પરીક્ષા આપી દે પછી તદન હળવા થઈ જાય છે. બીજા બધા પ્રયત્નોમાં તો પરિણામની અનિશ્ચિતતા છે પરંતુ મોક્ષમાર્ગનું ફળ તો નિશ્ચિત જ છે. ધ્યેયની સિદ્ધિ એ જ પરમ સુખની અનુભૂતિ છે. પરીક્ષા આપનારને પેપર સારું લખાણું હોય તો સારા માર્ક અવશ્ય મળશે એવો સહજ વિશ્વાસ છે છતાં પરિણામની રાહ જોવા પૂરતી આકુળતા રહ્યા કરે છે. ભાવ મોક્ષ દશાને કૃતકૃત્ય દશા છે હવે વધારાના પુરુષાર્થની જરૂર નથી. ટ્રેઈન ફુલ સ્પીડ પકડી લે પછી તે જ ગતિએ જવાનું છે. ભવ્યત્વનો અભાવ થાય એવું પુરુષાર્થમાં નથી. અનંત પુરુષાર્થ સાદિ અનંતકાળ સુધી સહજ ચાલુ રહે છે. પરીક્ષા અને પરીણામ વચ્ચેના ગાળા જેવું ભાવ મોક્ષ અને દ્રવ્ય મોક્ષ વચ્ચે નથી. સમયગાળો ગમે તેટલો હોય પરંતુ આકુળતાને સ્થાન નથી. તફાવત દર્શાવવા માટે નાના નાના ટેકનીકલ વાંધા શાસ્ત્રમાં આવે છે. નવા અઘાતિકર્મો બંધાતા નથી. પરંતુ સ્થિતિ બંધ અનુસાર રહેલા કર્મોનો સંયોગ છે. વળી ક્યાંય અઘાતિ કર્મોદય અનુસાર પ્રાપ્ત સંયોગોનો પણ ઉલ્લેખ છે પરમાત્માને પણ ઈન્દ્રિય દુઃખ અને સુખ પ્રાપ્ત થાય છે – પરંતુ વાસ્તવિકતા એ છે કે અજ્ઞાનીને પણ અઘાતિ કર્મો સુખ દુઃખ આપતા નથી. તેની મર્યાદા શરીર અને સંયોગો પ્રાપ્ત કરાવીને પૂરી થાય છે. જીવ તેમાં જોડાઈને નવા વિભાવ કરે છે અને તેને ભોગવે છે. પરંતુ પરમાત્માને ભાવઘાતિ કર્મોનો નાશ છે અને સહજ રીતે દ્રવ્ય ઘાતિકર્મોનો પણ અભાવ છે. ક્યાંય અરિહંત ભગવાનને અનંત સુખ છે અને સિદ્ધ પરમાત્માને અવ્યાબાધ સુખ છે અઘાતિ કર્મના અભાવને એક શબ્દ સાથે જોડીને પણ વાત આવે છે.

વાસ્તવિકતા એ છે કે જીવને દ્રવ્યકર્મ અને શરીર સાથેનો સંબંધ અનાદિકાળનો છે. તે બંનોનો અભાવ થાય ત્યારે જ સિદ્ધ દશા થાય છે. અનંત સંસારનું કારણ દર્શન મોહનીય કર્મ સાથેનો સંબંધ છે તે નિયમભૂત છે અને

સામસામા છે. તેની સરખામણીમાં શરીર સાથેનો સંબંધ અઘાતિ કર્મો મારફત છે અને સામસામા સંબંધ નથી. આ રીતે વિચારતા દ્રવ્ય કર્મ સાથે જેટલો ગાઢ સંબંધ છે તેટલો શરીર સાથે નથી. સિદ્ધ દશાનો વિચાર કરીએ તો દ્રવ્યકર્મ અને ભાવકર્મ જેવું કાંઇ રહેતું નથી. પરંતુ શરીર સાથેના સંબંધના પ્રતિક રૂપે છેલ્લા શરીરને અનુરૂપ આકાર અને અવગાહન રહી જાય છે. અનિર્દિષ્ટ સંસ્થાન એ સિદ્ધ ભગવાનાની વ્યંજન પર્યાય છે. વાર્તા લખનારા, નાટકની રચના કરનારા, કાવ્યો રચનારા કવિઓ પોતાના ભાવ અનુસાર સાહિત્ય તૈયાર કરે છે. વિશ્વનું નાટક સહજ છે સ્વયં સંચાલિત છે. કોઇ દ્વારા કરાયેલ નથી છતાં અદભૂત છે. ચાર ગતિરૂપ નાટકમાં ભાગ લેનારા નટ જે રીતે અનિવાર્ય છે. એટલી જ અગત્યતા નાટક જોનારની પ્રેપકની છે. નાટકમાં ભાગ લેનારા પોતાનો ભાગ સહી રીતે ભજવે એ જેટલું અગત્યનું એટલું જ અગત્યનું પ્રેક્ષકના અભિપ્રાયનું છે. આ નાટકમાં નટને પ્રેક્ષક બનવાની સુવિધા છે પરંતુ પ્રેક્ષકને નાટકમાં જોડાવાની સગવડ નથી. જેમ લૌકિકમાં કોઇ નાટક કેટલી વાર ભજવાય છે. તેના ઉપર તેનો મહિમા છે. તેની સામે પરમાત્મ દશાનો વિચાર કરીએ તો આપણે ભલે એ વાત વાગોળીએ કે પરમાત્મા ત્રણ કાળ-ત્રણ લોકને પ્રત્યેક સમયે જાણે છે. આપણે ભલે તેનો મહિમા કરીએ પરંતુ પરમાત્મા તો એ નાટક છોડીને પરમાત્મા થયા છે. પરમાત્મા તો પોતાને જ જાણ્યા કરે છે અને અનંત સુખનો અનુભવ કરે છે. એ અપેક્ષાએ વિશ્વનું જાણપણું 'બાઇ પ્રોડકટ' રૂપે છે. ખરેખર તો વાસ્તવિકતા એ છે કે અજ્ઞાની જીવે અજ્ઞાન ભાવે પરિણમીને ઊભી કરીને એક ઇન્દ્ર જાળ છે. દરેક અજ્ઞાનીનું વિશ્વ અલગ જ છે. અજ્ઞાની પોતાના સ્વપ્નની દુનિયામાં રાચે છે. દરેક પદાર્થ સ્વતંત્રપણે પરિણમીને એકબીજા સાથે મેળ વિશેષરૂપે નાચી ઊઠે છે. પોતાના સ્વભાવને અનુરૂપ ભાવ વડે પરિણમે છે એ જ વિશ્વની શોભા છે. વિશ્વની મહાસત્તા રૂપ સાદશ્ય અસ્તિત્વના વરવા સ્વરૂપને પરમાત્માએ જાણ્યું છે અને દિવ્યધ્વનિ દ્વારા વર્ણવ્યું છે.

મોક્ષ શબ્દ પણ દ્રવ્યકર્મની સાપેક્ષતાનો છે. દ્રવ્યકર્મનો સર્વથા અને આગામી સર્વકાળ અભાવ તે મોક્ષ છે. આ અપેક્ષાએ નાસ્તિનું કથન છે. અસ્તિથી વિચારીએ તો મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા. જીવની સંપૂર્ણ શુદ્ધ અવસ્થા તે મોક્ષનો પ્રતિપક્ષ શબ્દ છે બંધ. જીવ અને પુદ્દગલ બંનેના સમયવર્તી પરિણામ મોક્ષ છે. તે બંને જુદા પાડવા માટે જીવના પરિણામ પૂર્વે ભાવ શબ્દ અને પુદ્દગલ પૂર્વે દ્રવ્ય શબ્દનો પ્રયોગ થાય છે. પરંતુ જયારે જીવના પરિણામને દ્રવ્ય અને ભાવ બંને સંજ્ઞા લગાડવામાં આવે ત્યારે તે શબ્દોના અલગ ભાવ ખ્યાલમાં લેવા રહ્યા. અરિહંત દશા માટે ભાવ મોક્ષ અને સિદ્ધ દશા માટે દ્રવ્ય મોક્ષ શબ્દનો પ્રયોગ થાય છે. બંને સમ્પૂર્ણ શુદ્ધ દશા હોવા છતાં થોડો તફાવત છે. પરંતુ આ અધિકારમાં તેની વિશિષ્ટતાની વાત આવતી નથી.

બંધનો અભાવ કરીને મોક્ષની પ્રગટતા કરવાની છે. આ ક્રિયા તે પુરુષાર્થ માગી લે છે. મિથ્યાત્વનો અભાવ કરીને સમ્યગ્દર્શનની પ્રગટતાએ જાત્યાંતર રૂપનો પુરુષાર્થ છે એનો નિષેધ અહીં નથી. અહીં તો અપૂર્ણ શુદ્ધ દશા છોડીને સંપૂર્ણ શુદ્ધ દશા પ્રગટ કરવાની છે. પરથી અને પોતાની વિભાવ પર્યાયથી ભેદજ્ઞાન કરીને જ્ઞાયકમાં હુંપણું સ્થાપવું એ અપૂર્વ પુરુષાર્થ માગી લે છે. સાધક અને પરમાત્મા વચ્ચે એવો કોઇ જાત્યાંતર પુરુષાર્થ નથી. આમ છતાં

બાહ્ય વિષયનો કાયમ માટે ત્યાગ ઘણો પુરુષાર્થ માગી લે છે. વસ્તુને જોવાની દૃષ્ટિ મહત્વનો ભાગ ભજવે છે. તેને માટે દૃષ્ટાંતોને ફરી સમજવાનો પ્રયત્ન કરીએ જેને ગળપણનો શોખ હોય તે રોજ ગોળનો ગાંગડો ખાવાનું પસંદ કરશે કે રોજ નવી નવી મીઠાઈ ? જેને મેલેરીયા તાવ આવતો હોય તે સિંકોનાનું ઝાડ ગોતે તેની અંતર્છાલ કાઢે. ધોઈને તેને ઉકાળે અને પીવાનું પસંદ કરશે કે ક્વીનાઈનની ગોળી મગાવીને ખાશે ? (૨) શો કેઈસમાં મોટો સ્ફટિક રાખવાનું પસંદ કરવું કે સ્ફટિકને હાથમાં લઈને જુદી જુદી રંગીન વસ્તુ ઉપર મૂકતા જવું ? આપણે જ્ઞાનની પર્યાયને પરજ્ઞેયના સંગમાં જ અનુભવમાં લીધી છે તે ચાલુ રાખવું કે જ્ઞાનની પર્યાયને અરૂપી જ્ઞાયકરૂપે લક્ષમાં લેવી ? આત્મા જાણનાર છે તેથી જાણીને જ સંતોષ માનવો કે પરને જાણ્યા બાદ તેને મેળવવા કે ભોગવવાનો પ્રયત્ન કરવો ? છોડ ઉપર ખીલેલા પુષ્પને જોઈ સૂંઘીને જ સંતોષ માનવો કે તેને તોડીને હાથમાં રાખવું ? આવા અનેક દૃષ્ટાંતો સ્વાનુભૂતિ પૂર્વે લઈને નિર્ણય કર્યો હતો. એ નિર્ણય અનુસાર દૃષ્ટિ મજબૂત કરી હતી. અત્યારે તો ધ્યેયની પૂર્ણતાની ઘડી ચાલે છે ત્યારે ઉપયોગને કાયમ માટે સ્વભાવમાં જ ટકાવી રાખવા રૂપનો પુરુષાર્થ કરવાનો રહ્યો. પરમાત્મ દશા એ અપેક્ષાએ સહજ છે. જ્યાં સુધી મિથ્યાત્વની ભૂમિકા છે ત્યાં સુધી જીવ અને પુદ્ગલના અત્યંત ભિન્નપણાને જ મુખ્ય કરીને વિચારવામાં આવતું હતું. બે પદાર્થના જુદાપણાથી શરૂ કરીને ચાલવાનું તો વિભાવ સુધી હતું. હવે આચાર્ય દેવ આત્મા અને બંધને જુદા જાણવાની વાત કરે છે. જેમ પુદ્ગલનું સ્વલક્ષણ રૂપીપણું છે. તેમા બંધનું સ્વલક્ષણ શું છે એટલું જ જો કોઈ જાણવા માગે તો સ્પષ્ટ જવાબ આપવામાં મુશ્કેલી નડે. બંધ શબ્દ દ્વારા ઉભયસંબંધ ખ્યાલમાં આવે. પરંતુ અહીં એ પ્રકારનો પ્રશ્ન નથી. ખરો પ્રશ્ન એ છે કે આ જીવ બંધાયેલો છે. એમ શાના આધારે નક્કી થાય ? સાચો જવાબ એ છે કે જો જીવની પર્યાયમાં રાગ હોય તો નક્કી થાય કે જીવ બંધાયેલો છે.

ગાથા ૨૯૪ માં સ્પષ્ટ જવાબ છે કે આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે અને બંધનું સ્વલક્ષણ રાગ છે. બેને જુદા પાડવાનું સાધન તો એક જ છે ભગવતી પ્રજ્ઞા. ગાથાની ટીકાનું લખાણ શાંતિથી સમજવા જેવું છે – આત્મા અને બંધને જુદા કરનારો આત્મા જ છે. તેના સાધનનો વિચાર કરીએ ત્યારે પ્રજ્ઞા એ જ એનું સાધન છે. ખરેખર તો આત્મા પ્રજ્ઞારૂપી સાધન વડે પોતાને બંધથી જુદો પાડીને પોતાનો નિર્ભેળ સ્વાદ લે છે. પછીની ગાથાઓમાં કહે છે કે આત્મા અને બંધને જુદા કરનારા પ્રજ્ઞા છે. વળી તે આત્માનું ગ્રહણ પણ પ્રજ્ઞા વડે જ થાય છે. વિશેષ સ્પષ્ટતા માટે અભ્યાસી જીવ પ્રશ્ન કરે છે. આત્મા અને બંધ કે જેઓ ચૈત્યચેતક ભાવ વડે અત્યંત નિકટતાને લીધે એક જેવા થઈ રહ્યા છે. તેઓ પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે છેદી શકાય ? વાસ્તવિકતાની દૃઢતા કરાવવા માટે કહે છે કે આત્મા અને બંધ એક જેવા થઈને રહ્યા છે અને સમાજમાં બધા તેનો એકરૂપે સ્વીકાર પણ કરે છે.

આત્મા ચૈતન્ય લક્ષણ વડે નક્કી થાય છે. આત્માના ગુણો અને પર્યાયો આત્માના જ ભેદ હોવાથી તે બધામાં ચૈતન્ય લક્ષણ વ્યાપેલું છે. બંધનું સ્વલક્ષણ રાગ છે. રાગ એક ચારિત્ર ગુણની પર્યાય છે. પરંતુ રાગને જીવનું લક્ષણ ન કહી શકાય કારણ કે રાગ જીવની સર્વે અવસ્થામાં વ્યાપતો નથી. પરમાત્મામાં રાગનો સર્વથા અભાવ છે. આ

યુક્તિ સર્વમાન્ય છે. પરંતુ રાગ એક ક્ષણિક પર્યાય છે. એ વિદશ પર્યાય છે. તે દરેક અવસ્થામાં હોવી જોઈએ એવો ક્યાંય નિયમ નથી. આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય કહ્યું ત્યાં આત્મા ચેતપિતા છે એમ દર્શાવે છે અથવા તો આત્મામાં ચૈતન્ય એક ગુણ છે તે પણ કાયમ ટકે છે.

રાગાદિનું ચૈતન્ય સાથે જ ઉપજવું થાય છે તે ચૈત્ય ચેતક ભાવની અતિ નિકટતાને લીધે જ છે. એક દ્રવ્યપણાને લીધે નહીં. આ વાક્ય વિચાર કરતા કરી મૂકે છે. આપણો અનુભવ કહે છે કે જ્ઞાન અને રાગ સાથે થાય છે માટે બંને આત્માના સ્વભાવ છે. કોઈ પદાર્થના જાણવાની સાથે જ તે ગમે છે અથવા નથી ગમતો એવો ભાવ સ્હેજે આવી જાય છે. વસ્તુ ચાખ્યા પછી ભાવે ન ભાવે થાય. રાગ જ્ઞાનમાં જણાય એ ખ્યાલમાં આવે અને એ બંને મારા પરિણામ છે એનો પણ સ્વીકાર આવે. પરંતુ અહીં એક દ્રવ્યમયપણાની ના પાડવામાં આવે છે. જ્ઞાન અને ચારિત્ર એક જીવની જ પર્યાય છે. જ્ઞાન જાણવાનું કામ કરે છે અને ચારિત્રની પર્યાય રાગ રૂપે થાય છે એનો સ્વીકાર સહજ છે પરંતુ અહીં એક દ્રવ્યપણાની ના પાડે છે. તેથી રાગનો કર્તા અજ્ઞાની છે અને જ્ઞાની જ્ઞાનરૂપે પરિણમે છે. અજ્ઞાની જ્ઞાનમય પરિણામ ન કરે અને જ્ઞાની અજ્ઞાનમય પરિણામને ન કરે. આ રીતે બે જીવ વચ્ચે જ્ઞેય જ્ઞાયક સંબંધ લેવો રહ્યો. એક જીવમાં જ્ઞાનના પ્રદેશો જુદા અને રાગના પ્રદેશો જુદા એમ સિદ્ધાંત નથી. જ્ઞાન અને રાગ પ્રમાણિક પણે તો ભાવે અત્યંત ભિન્ન છે. તે બંનેને કાયમ માટે જુદા કરવા છે. વિભાવનો અભાવ કરી નાખવો છે.આત્મામાંથી નિર્મૂળ કરવો છે માટે ક્ષેત્રે ભિન્ન કહ્યું. એ અપેક્ષાએ યોગ્ય ગણાય. જે કાયમ માટે મારામાંથી નીકળી જાય તે મારું સ્વરૂપ નહીં. અજ્ઞાન મારું નહીં. ટીકામાં દીપકનો દૃષ્ટાંત છે. દીપક તો પ્રકાશનો પૂંજ છે. તેમાં જે પદાર્થો પ્રકાશિત થાય છે તે બધા દીપકથી જુદા જ છે. જ્ઞાનમાં પરજ્ઞેય તથા તે જ્ઞેય પ્રત્યેનો રાગ બંને જણાય છે. જ્ઞાયક બંનેથી જુદો જ છે. જ્ઞાની ભેદજ્ઞાનના બળ વડે જેમ પર દ્રવ્યોને જુદા જાણે છે તેમ ઉભયબંધને પણ જુદા જાણે છે. ભેદજ્ઞાનનો અભાવ હોવાથી તેને શરીરમાં હુંપણું છે. દ્રવ્યેન્દ્રિયથી જ્ઞાન અને સુખ મળે છે એમ માને છે.

ગાથા ૨૯૫ માં જીવ અને બંધને પ્રજ્ઞા વડે જુદા કરવાનું પ્રયોજન શું છે ? ઉત્તર જીવ અને બંધ પરમાર્થે જુદા જ છે. જીવ સ્વતંત્ર પદાર્થ છે ઉભયબંધમાં ભાવ બંધ અને દ્રવ્યબંધ એ બંને પણ જુદા જ છે. આ રીતે જીવ-જીવની વિભાવ પર્યાય અને દ્રવ્યકર્મ એ ત્રણને જુદા દર્શાવ્યા જે જુદા છે તેને જુદા પાડવા એ પ્રયોજન છે. (૨) જીવ અને જીવની પર્યાય કોઈ બે પદાર્થ જેમ જુદા નથી. છતાં વિભાવને શા માટે જુદો દર્શાવવામાં આવ્યો ? ઉત્તર એ વિભાવ છે સ્વભાવ નથી. વિભાવ છે તે સ્વભાવથી વિરુદ્ધ છે. સ્વભાવનો ઘાતક છે માટે કાયમ માટે દૂર કરવો છે. ક્ષણિક વિભાવ કાયમ માટે દૂર થઈ શકે છે માટે કરવો છે. જુદા પાડવાનું ખરેખર પ્રયોજન તો તેમાંથી જીવની સત્તાને ચેતન લક્ષણથી જુદા પાડીને તેનું ગ્રહણ કરવાનું છે.

ગાથા ૨૯૬ જીવને પ્રજ્ઞા લક્ષણથી જુદા પાડ્યા બાદ એ જ પ્રજ્ઞા વડે જીવનું ગ્રહણ થાય છે.

ગાથા ૨૯૭ આ ગાથામાં પ્રજ્ઞા આત્માને ચેતન લક્ષણ વડે અન્ય સમસ્તથી જુદો પાડીને આત્માને ચેતકરૂપે ગ્રહણ કરે છે. છ દ્રવ્યોનો વિચાર કરીએ ત્યારે આત્મા એક ચેતક છે. અન્ય પાંચ દ્રવ્યો અચેતન છે. ચેતન લક્ષણ વડે આત્મા અન્ય પાંચ દ્રવ્યોથી જુદો પડી જાય છે. વળી બધા આત્માઓ ચેતક છે પરંતુ પોતાનું ચૈતન્ય લક્ષણ એ બીજા આત્માઓ કરતાં જુદું જ છે. આ રીતે પોતાના ચેતન લક્ષણ વડે પોતાનો આત્મા આખા વિશ્વથી જુદો પડી જાય છે. ત્રિકાળ સ્વભાવ તેના પરિણામ વડે જ લક્ષગત થાય છે તેથી પોતે ચેતનારો થઈને ચેતન વડે ચેતવાનું કાર્ય કરે છે. ટીકાકાર આચાર્યદેવ છ કારકની પ્રક્રિયા વડે તેને વિસ્તારથી સમજાવવા માગે છે. આ ષટકારકની પ્રક્રિયામાંથી પસાર થઈને બધું અભેદ કરે ત્યારે ચેતન ઉઠતો આવે છે. આત્માને પરથી જુદો લક્ષમાં લેવાની આ પ્રક્રિયા આ ગાથામાં સમજાવી છે. પરંતુ આ રીતે ચેતકનું ગ્રહણ તો સમ્યગ્દર્શન થતાં જ થયું છે.

ગાથા ૨૯૯ આ ગાથામાં આત્માને તેના દર્શન-જ્ઞાન દ્વારા દર્શક અને જ્ઞાયક રૂપે દર્શાવે છે પ્રજ્ઞા વડે જે વિધિ ચેતન લક્ષણ માટે લીધી હતી. એ જ બધી વિધિ દર્શન-જ્ઞાન લક્ષણ માટે કરવામાં આવે છે. બે વચ્ચે સમયભેદ નથી છતાં સમયભેદ અને પ્રયોજન ભેદથી વિચારીએ ત્યારે આ ત્રણ ગુણને બે ભાગમાં વહેંચીને કેમ લખાણ કર્યું એ સમજાશે. ચેતન લક્ષણનો ઉપયોગ અન્ય દ્રવ્યોથી પોતાને જુદો પાડવાનો હતો. આ બે લક્ષણનો ઉપયોગ પોતાને રાગથી જુદો દર્શાવવાનો છે.

ચેતક સ્વભાવી પોતાના આત્મામાં જો રાગ લક્ષણ જોવા મળે તો વિવેકી જ્ઞાન નક્કી કરે છે કે હું હજું અજ્ઞાની છું. લક્ષમાં રહે કે આ મિથ્યાત્વની ભૂમિકાનો અનંતાનુબંધી કષાય છે. ફરીને આપણે મોક્ષ અધિકારને ગૌણ કરીને અજ્ઞાનની ભૂમિકામાં જવાનું રહે છે. જ્ઞાનીના યોગમાં આવીને શાસ્ત્રાભ્યાસ દ્વારા જ્યારે ભેદજ્ઞાનનો પ્રયોગ કરવા જનાર પાત્ર જીવની ભૂમિકામાં આવીને પ્રયોગાત્મક ભેદજ્ઞાનમાં સ્વાનુભૂતિ પ્રગટ કરી હતી તે યાદ કરવાની રહેશે. સંવર-નિર્જરા વડે આસ્રવ-બંધ તત્વનો અભાવ કરીને પછી મોક્ષ અધિકારમાં આવવાનું રહેશે. મોક્ષની પ્રાપ્તિ થતાં આખી સાધક દશાની પૂર્ણાહુતિ થાય છે.

ગાથા ૩૦૧-૩૦૫ :- આ ગાથાઓમાં 'રાધ' શબ્દને કેન્દ્રમાં રાખ્યો છે. આ શબ્દ પ્રચલિત નથી. આરાધના શબ્દ જેટલો વપરાશમાં આવે છે. એવો રાધ નથી. પરંતુ રાધને લક્ષે અપરાધ અને નિરપરાધ શબ્દોનો પ્રયોગ કર્યો છે. અપરાધ એટલે ગુન્હો એનો બધાને ખ્યાલ છે. તેની સામે જે અપરાધી નથી તે નિરપરાધ છે એ પણ બરોબર છે. પરંતુ એટલે થી આરાધના શું છે તેનો ખ્યાલ ન આવે પરંતુ દૃષ્ટાંતના ગુણદોષમાં આપણે નથી જવું. સિદ્ધાંતમાં જે જીવ વિભાવ રૂપે પરિણમે છે. તે કર્મથી બંધાય છે. જે વિભાવરૂપે નથી પરિણમતો તે બંધાતો નથી. આ વાત સાચી છે.

ગાથા ૩૦૬-૩૦૭ :- જીવના પરિણામને શુભ-અશુભ અને શુદ્ધ એમ ત્રણ પ્રકારે વર્ણવવામાં આવે છે.

અજ્ઞાની જીવો અનાદિકાળથી શુભાશુભ ભાવો રૂપે પરિણમે છે. ભાવમાં અરસ પરસ પલટા થયા કરે છે. અશુભના સ્થાને શુભ અને ફરી શુભના સ્થાને અશુભ થયા કરે છે. આ બંને ભાવો અશુદ્ધ પર્યાયના પેટાળમાં લેવામાં આવે છે. બંને જીવને કર્મબંધનું કારણ થાય છે. પરંતુ અશુભ ભાવના ફળમાં જે પ્રતિકૂળતા સંયોગ રૂપે મળે છે. તેના સ્થાને શુભ ભાવ અનેક પ્રકારના અનુકૂળ સંયોગો મેળવી આપે છે. તેથી જન સમુદાયમાં અશુભ ભાવ ખરાબ છે અને શુભ ભાવ સારો છે. એવી વ્યાપક માન્યતા છે. વળી અન્ય સમસ્ત ધર્મો કોઈને કોઈ શુભ કરવાનો ઉપદેશ આપે છે. તેથી સામાન્ય જનતાની એવી જ માન્યતા છે કે પુણ્યથી પાપ પાછા ઠેલાય છે. અન્ય ધર્મોમાં શુભ ભાવને જ ધર્મ માનવામાં આવે છે. શુભ ભાવ કરવાથી સુખ પણ મળે અને ધર્મ પણ થાય. આનાથી આગળ કોઈ વિચાર સરણી ચાલતી નથી. આ બંને પ્રકારના પરિણામ અશુદ્ધ છે. કર્મબંધનું કારણ છે અને જીવને અનંત કાળ સુધી ચાર ગતિ પરિભ્રમણ કરાવે છે. આ વાત જિનાગમ સિવાય ક્યાંય નથી.

હવે જિનાગમના ઉપદેશમાં સાધકને અશુભથી બચવા માટે કેવા પ્રકારના શુભભાવો હોય છે એ વાત આવે છે. સાધક તો સ્વભાવનો અનુભવ કર્યા બાદ સ્વભાવમાં જ લીન રહેવા માગે છે. પરંતુ એટલો પુરુષાર્થ ટકે નહીં અને અનાદિના સંસ્કાર છે તેથી તેનો ઉપયોગ બાહ્ય વિષયોમાં જાય છે ત્યારે શુભ કે અશુભ બે પ્રકારના ભાવમાંથી એક ભાવ અવશ્ય થાય છે. તેથી તે શુભભાવમાં જોડાય છે. જ્યાં સુધી સંસાર પરિભ્રમણ મટે નહીં. ત્યાં સુધી જન્મ-મરણ છે તેથી તેને પુણ્યના ફળ પણ મળે છે. તેનું વર્ણન જિનાગમમાં મળે છે.

તેથી 'સ્વર્ગ સહિત મોક્ષ' એવી મનોવૃતિ થવાની શક્યતા છે. આ રીતે જે જૈન ધર્મ અનુયાયી છે. જે વ્યવહાર જૈન ધર્મનું પાલન કરી રહ્યા છે. પરંતુ અજ્ઞાની છે તે સ્વભાવ સન્મુખનો ઉગ્ર પુરુષાર્થ ઉપાડવાને બદલે તે શુભભાવના ફાયદા વર્ણવીને તેનાથી આગળ વધવા નથી માગતા તેવા જીવોને જાગૃત કરીને પુરુષાર્થમાં પ્રેરણા કરે છે. તેનાં અભ્યાસ કરતા પહેલા આગમના આધારપૂર્વક શુભ ભાવથી કેટલું થાય છે તે આઠ મુદ્દા રૂપે સમજાવે છે. તેમાં ભોગની સામગ્રીની વાત નથી પરંતુ આત્મ કલ્યાણની ભાવના વધે તે વાત છે તેથી સમજવા જેવી છે. આચાર્યદેવ પ્રતિક્રમણ ક્રિયાને શુભભાવના સેમ્પલ રૂપે રહીને સમજાવે છે.

(૧) પ્રતિક્રમણ :- કરેલા દોષોનું નિરાકરણ, (૨) પ્રતિસરણ :- સમ્યકવાદિ ગુણોમાં પ્રેરણા, (૩) પરિહાર :- મિથ્યાત્વાદિ દોષોનું નિવારણ, (૪) ધારણા :- પંચ નમસ્કાર મંત્ર-પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે મનને સ્થિર કરવું. (૫) નિવૃતિ :- વિષયોમાં ભમતા મનને પાછું વાળવું (૬) નિંદા :- આત્મ સાક્ષીએ દોષોનું પ્રગટ કરવું (૭) ગર્હા :- ગુરુ સાક્ષીએ દોષોનું પ્રગટ કરીને પ્રાયશ્ચિત મેળવવું. (૮) શુદ્ધિ :- દોષ થતાં પ્રાયશ્ચિત વિશુદ્ધિ કરવી.

આ બધા મુદ્દાનું સ્વતંત્ર ચિંતવન પણ જીવને લાભનું કારણ થાય છે. અસ્તિ-નાસ્તિ બંને કાર્ય થાય છે. પરમાર્થે સ્વરૂપલીનતા એ જ પ્રાયશ્ચિતની સાચી વિધિ છે એનો ખ્યાલ આવવો જોઈએ. જીવ અશુભમાંથી શુભમાં

આવે અને પછી શુદ્ધતા પ્રગટ કરે એવો કોઈ ક્રમ જોવા મળતો નથી. શુભાશુભ વચ્ચે ખરેખર તો ક્રમ જ નથી. પોતાની મેળે ગમે ત્યારે થયા કરે છે. તે અપેક્ષાએ તે ખરેખર સ્વતંત્ર સત્ છે. અશુભમાંથી શુભમાં આવે એટલે પુણ્યનો બંધ અને અશુભની નિર્જરા છે જ નહીં. શાસ્ત્રમાં પુણ્ય-પાપ અધિકારમાં પણ બંનેને સમાન-અશુદ્ધતાની કોટિમાં લીધા છે. સમાનપણે બંધના કારણરૂપે દર્શાવ્યા છે. તેથી શુદ્ધ પર્યાયની પ્રગટતા એ એક જ કરવા યોગ્ય છે. આ સિદ્ધાંત માન્ય રાખીને આ ગાથામાં કઈ રીતે સમજાવે છે તે જોઈએ.

આ ગાથામાં પણ ગાથા ૩૦૧ થી ૩૦૩ માં અપરાધ-રાધ-નિરપરાધ એવા શબ્દોની જેમ- અપ્રતિક્રમણ-પ્રતિક્રમણ-અણપ્રતિક્રમણ એવા ત્રણ શબ્દોનો પ્રયોગ કર્યો છે. અનુક્રમે તેનો અર્થ અશુભભાવ- શુભભાવ-શુદ્ધભાવ થાય છે. અણપ્રતિક્રમણ શબ્દનો એક અર્થ ન કરતા-બે તદ્દન વિરોધી ધર્મોને દર્શાવવા માટે કરવામાં આવે છે તેથી સમજવામાં મુશ્કેલી નડે તેમ છે. પ્રથમ અજ્ઞાની જેનો આધાર લે છે તે આચાર્યદેવના કળશ અનુસાર આચાર્યદેવનો આશય તો આ કળશમાં જ્ઞાનીના શુભભાવનું શું સ્થાન છે તે સમજાવવાનો છે. ત્યાં અશુભભાવને વિષકુંભ કહ્યો છે તેની સરખામણીમાં શુભ ભાવને અમૃતકુંભ કહ્યો છે. કારણ કે અશુભ તો સર્વથા વિષકુંભ જ છે. અનંત સંસારનું કારણ ગણી શકાય. તેથી તેની સરખામણીમાં જ્ઞાનીથી જો સ્વરૂપમાં ન ટકી શકાય ત્યારે અશુભથી બચવા માટે તે શુભભાવ કરે છે. પોતાનું એમ કરવાથી ઓછું અહિત થશે એવી તેની પાકી સમજણપૂર્વકનું આ પગલું છે. સવિકલ્પ દશામાં આ બે પ્રકારના વિકલ્પો જ શક્ય છે તેથી તે પ્રકારે શુભ ભાવથી સંતોષ માને છે. તેને ખ્યાલ છે કે શુભ ભાવથી પુણ્ય અવશ્ય થશે. પરંતુ તેને પુણ્યના ફળમાં રસ નથી. તેથી આચાર્યદેવ આ કળશમાં શુભ ભાવને વ્યવહાર નયે અમૃતકુંભ કહે છે. ત્યારે પણ તેના અભિપ્રાયમાં તો તે બંધનું જ કારણ હોવાથી વિષકુંભ જ છે.

આચાર્ય દેવ શબ્દથી ભૂલ ન થાય માટે અણપ્રતિક્રમણ રૂપ અશુભ ભાવ માટે પહેલી ભૂમિ પ્રતિક્રમણ રૂપ- શુભ ભાવ માટે બીજી ભૂમિ અને અણપ્રતિક્રમણ રૂપ-શુદ્ધ ભાવ માત્રે ત્રીજી ભૂમિ એવો શબ્દ પ્રયોગ કરે છે. ભ્રમમાં રહેલા વ્યવહારાભાસી જૈન ધર્મીને -અર્થાત્ જે જિનાગમના વ્યવહાર ચારિત્રને જ સાચો ધર્મ માની બેઠા છે. તેવા જીવોના હિતને અર્થે આ બે ગાથાઓમાં શુદ્ધ ભાવ જ અમૃતકુંભ છે અને શુભાશુભ બંને ભાવો વિષકુંભ જ છે એવી સ્પષ્ટતા કરે છે. ક્રમ આ પ્રમાણે દર્શાવે છે.

બહિરાત્મા-માત્ર અશુદ્ધ ભાવો-શુભા શુભભાવો નિરંતર થયા કરે છે-ચારગતિ પરિભ્રમણ. સાધક દશા, શુદ્ધ ભાવની પ્રગટતા અને વૃદ્ધિ. તેની સાથોસાથ વિભાવની (આસ્રવની) નિવૃતિ. તે અપેક્ષાએ શુભ અને અશુભ બંને પરિણામો ગુણ સ્થાન પ્રમાણે ઘટતા જ જાય છે. તે વાત કાયમ રાખીને અશુભ ભાવો ઝડપથી ઘટતા જાય છે. તેની અપેક્ષાએ શુભ ભાવો વધતા જાય છે. સાધકને શુભ ભાવ હેય બુદ્ધિએ પ્રગટ થાય છે. વળી ૪-૫-૬

ગુણસ્થાનોની સવિકલ્પ દશામાં કેવા શુભભાવો હોય છે. (હોવા જોઈએ) એવું વર્ણન પણ વ્યવહાર શાસ્ત્રોમાં છે. મોક્ષની ભૂમિકામાં એકલો શુદ્ધ ભાવ જ છે. તેથી આ અધિકારમાં આ વિષયની આવી છણાવટ કરવામાં આવી છે. સાધકને જે શુભભાવ છે તે વ્યવહારનયે અમૃતકુંભ કહેવામાં આવે છે. તે શુભભાવ પરમાર્થે તો વિષકુંભ જ છે. તેથી સાધક ભૂમિકાને યોગ્ય વ્રત નિયમના ભાવને છોડીને ફરી ફરી નિર્વિકલ્પ દશામાં ચાલ્યા જાય છે.

મુ. રામજીભાઈ આ ગાથાઓને એક સુંદર દૃષ્ટાંત દ્વારા સમજાવતા હતા. એક શ્રીમંતનો નબીરો ઉનાળાની બપોરમાં નીચે બગીચામાં આવેલા લીમડા નીચેથી પાકી લીંબોળી ગોતીને ખાતો હતો. ઉપરથી તેના પિતાએ બુમ પાડીને કહ્યું. એ છોકરા લીંબોળી ખામાં-ઉપર આવ. ત્યારે નીચેથી દીકરાએ જવાબ આપ્યો કે શું લીંબોળી ન ખાઉં તો ઝેર ખાઉં ? ત્યારે તેના પિતા કહે છે કે અરે નાલાયક તને ઝેર ખાવાનું કોણ કહે છે. તારે માટે અહીં ફ્રીઝમાંથી કાઢેલી હાફુસ કેરી ખાવા માટે તને બોલાવું છું.

આ અધિકારમાં આસ્રવ-બંધ બંનેનો અભાવ કરીને મોક્ષની પ્રાપ્તિ કેવી રીતે થાય છે. તે જુદી જુદી ગાથાઓ દ્વારા સમજાવ્યું છે.જેમ સ્વાનુભૂતિ થતાં વિકલ્પ અને વચન વ્યવહાર અટકી જાય છે. તેમ મોક્ષ થતાં તેનો સર્વથા અભાવ થાય છે. તેથી મોક્ષ અધિકારમાં લખવાનું જ ન હોય. માત્ર મોક્ષ દશામાં અનંત આનંદનો જ અનુભવ કરવાનો હોય છે.

હવે ભાવ મોક્ષ દશા અને દ્રવ્ય મોક્ષ દશાને સંક્ષેપમાં સમજીએ. ભાવ મોક્ષ દશા- અરિહંત દશા- તેરમું ગુણ સ્થાન-કૃત્ય પરમાત્મા. હવે કોઈ વધારાનો પુરુષાર્થ કરવાનું રહ્યું નહી. રાગનો સર્વથા અભાવ થઈને વીતરાગતા આવે. ચાર પ્રકારના ભાવઘાતિ કર્મોનો અભાવ કરીને પરમાત્મ દશા પ્રગટે છે. તેમાં અનંત દર્શન-અનંત જ્ઞાન-અનંત વીર્ય તેના ફળ સ્વરૂપે અનંત સુખની પ્રગટતા-અનંત ચતુષ્ટયની પ્રગટતા થાય છે. તેની સાથો સાથ દ્રવ્ય ઘાતિ કર્મો પણ નાશ પામે છે. અઘાતિ કર્મો નાશ નથી પામતા તેથી ભગવાન સશરીરિ છે. અરિહંતોમાં તીર્થંકરનું દ્રવ્ય એક વિશિષ્ટતાવાળુ છે. તેને અનંત ચતુષ્ટયની પ્રગટતા થાય છે. ૪૨ પુણ્ય કૃતિઓના ફળ પણ તે જીવ તે છેલ્લા ભવમાં ભોગવે છે. વિશિષ્ટતા એક છે કે જે તીર્થંકર પ્રકૃતિ-ઉત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિ છે તેનું ફળ તે જીવ પરમાત્મા થાય પછી જ આવે છે. અર્થાત્ તીર્થંકર ક્યારેય તીર્થંકર પ્રકૃતિના ફળને ભોગવતા નથી.

દ્રવ્ય મોક્ષ દશા :- સિદ્ધ દશા ચાર અઘાતિ કર્મોના ફળ પુરા થાય ત્યારે યોગનું કંપન પણ અટકી જાય છે. તે જીવ અશરીરિ થઈને લોકાગ્રે બિરાજમાન થાય છે ત્યાં નિર્મળ ચૈતન્ય ગોળો જ છે. જે કાયમાં માટે એક જ સ્થાનમાં સમશ્રેણીએ રહે છે. લક્ષમાં રહે કે સિદ્ધ દશા મધ્ય લોકમાં જ પ્રગટે છે.

# સર્વ વિશુદ્ધ જ્ઞાન અધિકાર

સમયસાર શાસ્ત્રની રચના નાટક રૂપે છે. નાટકમાં ભાગ લેનારા છેલ્લે પોતાના અસલ સ્વરૂપે સ્ટેઇજ ઉપર હાજર થાય છે. એવા ભાવથી આ અધિકાર લેવામાં આવ્યો છે. પરંતુ પર્યાય વિનાનો આત્મા દર્શાવવું અશક્ય છે કારણ કે કોઈ દ્રવ્ય પર્યાય વિનાનું હોતું જ નથી. આ અધિકારની શરૂઆત થતાં ખ્યાલ આવે કે આચાર્યદેવ ફરીને કર્તા કર્મ અધિકારની વાત કરવા માગે છે. પ્રથમ આત્માનું અન્ય સમસ્ત પદાર્થોથી અત્યંત ભિન્નપણું દર્શાવવાની સાથે પદાર્થની દ્રવ્ય પર્યાય રૂપ વ્યવસ્થા દર્શાવે છે. ત્રિકાળ ભાવની માફક પરિણમનનો પ્રવાહ પણ અનાદિ અનંત છે. સ્વભાવ એનો એક જ છે. જ્યારે પરિણમનમાં પર્યાયો ક્ષણિક લક્ષણથી લક્ષિત છે. ઉત્પન્ન ધ્વંશી છે તેથી અનાદિથી અનંત કાળ સુધીનો પ્રવાહ અનંત પર્યાયો વડે દર્શાવ્યો છે. એ બધું વ્યવસ્થિત છે. પર્યાયો એક પછી એક ક્રમપૂર્વક પ્રગટ થઈને નાશ પામતી જાય છે. એ રીતે વ્યતિરેક એટલે દરેક પર્યાય એક બીજાથી જુદી છે અને ક્રમપૂર્વક પ્રગટ થાય છે. ક્રમબદ્ધ પર્યાય એવો શબ્દ પ્રયોગ થાયછે. આ પર્યાયના પ્રવાહને દર્શાવવાની વ્યવસ્થા બધા પદાર્થોને લાગુ પડે છે. દરેક પદાર્થમાં આ પ્રમાણે દ્રવ્ય પર્યાયની વ્યવસ્થા છે. (ગા. ૩૦૮ થી ૩૧૧)

દ્વિક્રિયાવાદનો નિષેધ કરવા માટે ભાવ મિથ્યાત્વનો કર્તા કોણ છે એ પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. જીવની જેમ પુદ્‌ગલમાં પણ દર્શન મોહનીય કર્મ છે. ત્યાં જીવ પોતાના ભાવ મિથ્યાત્વને કરે છે અને પુદ્‌ગલ દર્શન મોહનીય કર્મ રૂપે પરિણમે છે. કારણ અને કાર્ય બંને એક જ પદાર્થમાં દ્રવ્ય અને પર્યાય રૂપ છે તેથી બંનેની જાત એક જ છે. જો જીવ દર્શન મોહનીય કર્મને કરે તો જીવને પુદ્‌ગલ માનવું પડે અથવા દર્શન મોહનીય કર્મને ચેતનમય માનવું પડે. વળી જીવ અને પુદ્‌ગલ બંને ભેગા મળીને જીવના વિભાવને કરે છે એમ માનવામાં આવે તો પુદગલને ભાવ મિથ્યાત્વનું ફળ ભોગવવાનો પ્રસંગ બને પરંતુ તે કાંઈ શક્ય નથી. (ગા. ૨૨૬ થી ૩૩૧)

આ ગાથાઓમાં દૃષ્ટાંત દ્વારા સિદ્ધાંત સમજાવે છે. ખડી (ચુનો) સફેદ છે ભીત કાળી છે, ખડી ભીંત ઉપર લગાડવાથી ભીંત સફેદ થાય છે (દેખાય છે) એ વ્યવહાર છે. ત્યાં ખડીને ભીંત સાથે તાત્વિક સંબંધ છે કે નહીં તેનો વિચાર કરતા ખડી ભીતની નથી. તો ખડી કોની છે ? ખડી ખડીની છે. કઈ ખડીની ખડી છે ? ખડીથી જુદી કોઈ ખડી નથી. તો પછી ખડી ખડીની છે એમ કહેવાનું કોઈ પ્રયોજન નથી. તેથી ખડી તો ખડી જ છે. એ નિશ્ચય છે. તેનો પક્ષ ટકાવીને ખડીરૂપે પરિણમે છે. ભીત ભીતના સ્વભાવ રૂપે પરિણમે છે. આમ બંને સ્વતંત્રપણે સ્વભાવરૂપે પરિણમે છે તે વાત કાયમ રાખીને ખડી ભીતને સફેદ કરે છે. એમ વ્યવહાર કરવામાં આવે છે. સિદ્ધાંતમાં જીવનો પરદ્રવ્ય સાથેનો સંબંધ લેવો છે ત્યાં જીવ ચાર પ્રકારે જોડાય છે. જીવ પરને દેખે છે. જાણે છે. શ્રદ્ધે છે અને અનુસરે છે. એમ લેવું છે. ત્યાં જીવ તો જીવ જ છે. સિદ્ધાંતમાં જીવ જીવરૂપે (જ્ઞાનરૂપે) પરિણમે છે. પરદ્રવ્ય પોતાના સ્વભાવરૂપે પરિણમે છે અને પોતાના સ્વક્ષેત્રમાં જ રહે છે. જીવ અને પરદ્રવ્ય બંને સ્વક્ષેત્રમાં રહીને જીવ પરને જાણે છે. જ્ઞાન સર્વગત છે એવો વ્યવહાર કરવામાં આવે છે.

હવે વાસ્તવિક અજ્ઞાની જીવ પરને જાણે છે ત્યારે તે મારાથી અત્યંત ભિન્ન છે એમ જાણતા નથી. જ્ઞેય જ્ઞાયક સંકર દોષ કરે છે. શ્રદ્ધા :- પરને તે મારા માટે ભોગની સામગ્રી છે એવો અભિપ્રાય રાખે છે. ચારિત્રના પરિણામ તે પર દ્રવ્યને ગૃદ્ધિ ભાવથી ભોગવવા લાગે છે.

જ્ઞાની જીવ પરને જાણે છે ત્યારે સ્વને સ્વ-રૂપે જાણતા પરને પર રૂપે પોતાથી અત્યંત ભિન્ન છે એવા વિવેક વડે જાણે છે. તેને પર સાથે જ્ઞેય જ્ઞાયક સંબંધ છે. તે જ્ઞેય જ્ઞાયક સંકર દોષ કરતો નથી. શ્રદ્ધામાં સમસ્ત પરદ્રવ્યોના ત્યાગનો અભિપ્રાય છે. તે અનુસાર ચારિત્રમાં પણ તે અપોહે છે, ત્યાગે છે. જ્ઞાનીનો પર સાથે સંબંધ દેખીને તે પરને ભોગવે છે એમ સ્થૂળ દષ્ટિથી જોનારને લાગે છે પરંતુ તે સ્વભાવના આશ્રયે દૂર થતો ભાવ છે. જ્ઞાની ક્રમશ પરથી જુદો પડે છે. (ગાથા ૩૭૩થી ૩૮૨)અજ્ઞાની જીવઅનાદિકાળથી વિભાવ કરે છે. સંયોગના લક્ષે વિભાવ કરે છે. તે પોતાના વિભાવમાં સંયોગો મુખ્ય ભાગ ભજવે છે અને તેથી સંયોગોને આઘા પાછા કરવા માગે છે. અનુકૂળ સંયોગોને લાવવા અને ટકાવવા માગે છે અને પ્રતિકૂળ સંયોગો ન આવે એવા પ્રયત્ન કરે છે અને છતાં આવી પડે તો તેને દૂર કરવા માગે છે. પદાર્થો સંયોગો સ્વતંત્રપણે પરિણમે છે અને ક્ષેત્રાંતર કરે છે. તેમાં નિમિત્ત અઘાતિ કર્મોદય છે. જીવના વર્તમાન પરિણામ તેમાં કાંઇ ફેરફાર કરી શકતા નથી જીવ રાગ ભાવ વડે તેમાં જોડાય છે અને દ્વેષ વડે તેનાથી દૂર જવા માગે છે.

હવે જીવનો વિચાર કરીએ ત્યારે જીવ સ્વતંત્રપણે વિભાવ કરે છે અને તેમાં નિમિત્ત મોહનીય કર્મોદય છે. સંયોગો તેમાં નિમિત્ત નથી કારણ કે અરિહંત પરમાત્માને દ્રવ્ય-ભાવ ઘાતિ કર્મનો અભાવ છે. સંયોગો વિદ્યમાન હોવા છતાં વિભાવ થતો નથી. સંયોગો અચેતન છે તેથી તેમાં બુદ્ધિપૂર્વકનું કોઇ કાર્ય નથી. આમ હોવાથી સંયોગો જીવને આમ કરશે એવી કોઇ શકયતા જ નથી. ઉપરોકત ગાથાઓમાં આ ભાવને સ્પષ્ટ કરે છે.

સંયોગોનાં સ્પર્શાદિ ગુણોનું પરિણામ છે. ફૂલમાં સુગંધ છે તે જીવને કહેતું નથી કે મને સુંઘ. સામે પક્ષે જીવ પણ પોતાના સ્થાનથી ખસીને તેને ગ્રહવા જતો નથી એ સમજાવવા માટે બે દૃષ્ટાંત આપે છે. કામ કરતું નથી. સંયોગો દીપકને કહેતા નથી કે તું મને પ્રકાશ એમ જીવ સ્વયં જ્ઞાન સ્વભાવી છે અને પોતાના સ્વક્ષેત્રમાં પોતાને પ્રકાશે છે. સંયોગો જીવને કહેતા નથી કે તું મને ભોગવ-ભોગવવાનું તો શકય જ નથી પરંતુ તું મને જાણ એમ પણ સંયોગો કહેતા નથી. જ્ઞાન સ્વયં સ્વ-પર પ્રકાશક હોવાથી સંયોગો સહજપણે જ્ઞાનમાં ઝળકે છે.

લોખંડની સોય-લોહચુંબકના આ કર્ષણને આધિન થઇને લોહચુંબક તરફ ખેંચાઇને જાય છે. તેમ જ્ઞાન જ્ઞેયના ક્ષેત્રમાં જતું નથી. જ્ઞાન-જીવ પોતાનું સ્વક્ષેત્ર છોડતું નથી. સંયોગો પોતાના ક્ષેત્રને છોડતા નથી. આ રીતે જે જીવ વિભાવરૂપે પરિણમે છે તે ખોટી રીતે સંયોગોને વિભાવના કારણરૂપે દર્શાવે છે. પોતાની ભૂલ કબુલ કરતો નથી. પરનુ જાણવું ક્ષમ્ય છે પરંતુ રાગ અનુસાર સંયોગોને ભોગવવાના ભાવપૂર્વક જાણપણું ક્ષમ્ય નથી.

હવે મુંઝવતો પાયાનો પ્રશ્ન જ્ઞાનીને અભિપ્રાયમાં સમસ્ત કર્મો અને તેના ફળનો ત્યાગ છે. નિર્વિકલ્પ દશા

અતીન્દ્રિય સુખરૂપે અનુભવમાં આવે છે. તેમાં ટકી ન શકાય અને વિકલ્પ આવે તે દુખરૂપે વેદાય છે છતાં જ્ઞાનીનો ઉપયોગ શા માટે વારંવાર બહારમાં જાય છે ? નિર્વિકલ્પ દશા સુખરૂપે અનુભવમાં આવે છે તો ત્યાં શા માટે લાંબુ ટકાતું નથી ? ચારિત્ર મોહનીય કર્મોદય અનુસાર જે અસ્થિરતાના ભાવરૂપ વિભાવ થાય છે તેનો વિષય કોઈને કોઈ માત્ર એક જ પદાર્થ છે આમ શા માટે ? ઉપયોગ બહાર ગયો પરંતુ બાહ્યના અનંત પદાર્થોમાંથી માત્ર આ એક જ કેમ ? ઉગ્ર પુરુષાર્થીમુનિની પણ આવી સ્થિતિ શા માટે ?

વિભાવ કેટલા પ્રકારે થાય છે તે સમજતા તેના ૧૪૭ ભેદ ખ્યાલમાં આવે છે. મનથી-વચનથી તથા કાયાથી ત્રણના સંબંધથી તથા તેમાં કરવું કરાવતું અને અનુમોદના આપવી એના સંબંધ વિચારીએ ત્યારે ૪૯ ભેદથાય છે. તેના ભૂતકાળમાં કરેલા, વર્તમાનમાં કરે છે અને ભવિષ્યમાં કરશે એમ વિચારતા ૧૪૭ ભેદ થાય છે. દ્રવ્યકર્મની પ્રકૃતિ ૧૪૮ છે તેથી તેના ફળ પણ ૧૪૮ છે. આ બધાથી જીવ પાછો ફરીને પરમાત્મા થાયછે. આ રીતે પરમાત્માનું નાસ્તિથી વર્ણન ઘણું લાંબુ છે.

સમયસાર શાસ્ત્રની રચના નાટકના સ્વરૂપે કરવામાં આવી છે. નાટક પૂર્ણ થતાં સર્વ કલાકારો સ્વાંગ છોડીને પોતાના અસલ સ્વરૂપે સ્ટેજ ઉપર એકી સાથે હાજર થાય છે. એ રીતે સર્વ વિશુદ્ધ જ્ઞાન અધિકાર દ્વારા શાસ્ત્રની પૂર્ણાહુતિ થાય છે ત્યારે સ્હેજે આપણે માનીએ કે જીવ સ્વભાવ અસલ રૂપે જોવા મળશે. પરંતુ જેમ કલાકાર પોતાના રોજીંદા વસ્ત્રમાં સજ્જ છવે તેમ જીવ પણ કોઈને કોઈ પર્યાય રૂપે જ જોવા મળે છે. જીવની સ્વાભાવિક અવસ્થા મોક્ષ છે તેનું તો વર્ણન થઈ ગયું છે. તેથી આ અધિકારમાં આત્માના સ્વરૂપને અન્ય સમસ્ત દ્રવ્યોના સંબંધ વિનાનો દર્શાવવા માગે છે.

દરેક દ્રવ્ય વિશ્વનો સભ્ય હોવાથી વિશ્વ વ્યાપી સંબંધમાં જ જોવા મળે છે. તેમાં જીવ અને પુદ્ગલ અસમાનજાતિયદ્રવ્યપર્યાયરૂપે જોવા મળે છે. પરમાત્મ દશાને બાકીના વિશ્વના પદાર્થોથી અત્યંત ભિન્ન-વિરક્ત દર્શાવવામાં આવે છે. પરંતુ તેને પણ વિશ્વ સાથે નિર્દોષ જ્ઞે.જ્ઞા. સંબંધ અવશ્ય છે. તે પણ ખરેખર નિ.નૈ. સંબંધ જ છે. તેથી આ અધિકારમાં ગાથા ૩૦૮ થી ૩૧૧ - શરૂઆતની ચાર ગાથાઓમાં જીવ અને પુદ્ગલ બંને દ્રવ્યોના સંપૂર્ણ ભિન્નપણાને દર્શાવવા માગે છે. જીવ પોતાના અનાદિથી અનંતકાળ સુધીના પરિણામને ક્રમબદ્ધ રૂપે સળંગ રૂપે દર્શાવે છે અને એ જ રીતે પુદ્ગલ પણ અનાદિ અનંત દ્રવ્ય પર્યાયરૂપે પ્રભુત્વ શક્તિ રૂપે વિદ્યમાન છે. પદાર્થની સમજણ સત્‌ની સ્થાપનાથી થાય છે અને તે દ્રવ્ય સામાન્ય સ્વભાવ છે. તે અભેદ સ્વભાવ ગુણ અને પર્યાયના ભેદ સહિત જ સદાય હોય છે અને તે ભેદા ભેદ સત્તા તે સ્વરૂપ અસ્તિત્વ સત્તા છે. આ પ્રમાણે દરેક પદાર્થ અંતરંગનું અનેકાંત લઈને રહેલ છે. પરિણામ વિણ ન પદાર્થ છે ને પદાર્થ વિણ પરિણામ છે. જો આ રીતે જીવના સ્વરૂપને લક્ષમાં લેવામાં આવે તો પછી વ્યક્ત એવી પર્યાય દ્વારા (લક્ષણ દ્વારા) દ્રવ્ય સામાન્ય સ્વભાવનું (લક્ષ્યનું) ગ્રહણ શક્ય છે. આવા લક્ષણ દ્વારા લક્ષ્ય સુધી પહોંચવાની જવાબદારી-સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ પાત્ર ભવ્ય રૂપે જીવે કરવાનો રહે છે. જીવના સ્વભાવભૂત સ્વતંત્ર પ્રવાહ સુધી જીવને પહોંચાડવા માટે આચાર્ય દેવ અલગ ગાથાઓના ગુંચળા રજુ કરે છે. તેમાં (૧) પદાર્થની

દ્રવ્ય-ગુણ-પર્યાય રૂપ વ્યવસ્થાનો સ્વીકાર નહીં કરનારા એકાંત મિથ્યાદષ્ટિ જીવોની ભૂલ દર્શાવે છે. (૨) જીવ અને કર્મ વચ્ચેના ઉભયબંધને કેન્દ્રમાં રાખીને ભાવ બંધને કરે તેવો કોઈ સ્વભાવ જીવમાં નથી અને દ્રવ્યકર્મને કરે એવો કોઈ સ્વભાવ પરમાણુમાં નથી. એમ સાબિત કરીને ઉભયબંધને તેના કોઈ સભ્યને કોઈનો આધાર નથી એમ સ્થાપે છે. જેમ આકાશમાં ફૂલ નથી તેમ બૌદ્ધને માન્ય કોઈ પદાર્થ નથી એવો નિર્ણય કરાવે છે. આ રીતે જીવના મોહનીય કર્મ સાથેના સંબંધને તોડીને જીવનું સ્વતંત્ર સ્વરૂપ પ્રગટ કરે છે. મોહનીય કર્મ સાથેના સંબંધનો અભાવ થતાં-અઘાતિ કર્મ સાથેના સંબંધમાં રહેતા શરીર અને સંયોગો સાથેના સંબંધો પણ આધારહિત થઈને નાશ પામે છે. જીવ અને પુદ્ગલ સ્કંધો સાથે રાગ દ્વારા રચાયેલા સંબંધો દૂર કર્યા બાદ બાહ્ય વિષયો સાથેના જ્ઞે.જ્ઞા. સંબંધને પણ છોડાવે છે. વિશ્વમાં જ્ઞે.જ્ઞા. કે ભાવ્ય-ભાવક રૂપના સંકર દોષને ક્યાંય સ્થાન નથી એ સિદ્ધ કરે છે. (૩) છેલ્લી ગાથાઓમાં શરીર સાથેના સંબંધોને પણ છોડાવે છે. અન્ય મતની પ્રગટ પ્રસિદ્ધિ થાય એવા વસ્ત્રો તથા ટીલા ટપકાની વાત પણ બાકાત રાખતા નથી.

જીવ અને તેના અનંત ગુણો તેના સ્વભાવો અને પરિણામોનો મહિમા કરતા જ રહેવાથી પરમાંથીએકત્વ બુદ્ધિ, મમત્વ અને હિતબુદ્ધિ છૂટતા જાય છે અને જેનો ક્યારેય અનુભવ નથી કર્યો ખરીને સાધક અને સિદ્ધ દશાની પ્રાપ્તિની ભાવના વૃદ્ધિગત થતી જાય છે. આચાર્યદેવે નિમિત્ત રૂપનું કાર્ય પૂર્ણ કર્યું છે. પાંચમી ગાથામાં શુદ્ધાત્માને દર્શાવવાની પ્રતિજ્ઞા કરતા સમયે કહ્યું જ હતું. કે ''જો હું દર્શાવી શકું તો પ્રમાણ કરજો. તેમાં કોઈ દોષ શોધવાનો પ્રયત્ન ન કરતા અને એકવાર પ્રમાણ કર્યા બાદ તેમાંથી ખસતા નહીં આ એક જ શાશ્વત સુખનો માર્ગ છે '' એમ નક્કી કરીને પ્રમાદ છોડીને ઉગ્ર પુરુષાર્થ કરજો.

આચાર્યદેવનો આશય જીવોને દ્રવ્ય સામાન્યનું સ્વરૂપ દર્શાવીને ત્યાં સુધી પહોંચાડવાનો છે. શાસ્ત્રમાં નવતત્વનું સ્વરૂપ વિસ્તારથી વર્ણવવામાં આવ્યું છે. નવતત્વમાં જીવ અને અજીવ બે દ્રવ્યો છે. અજીવમાં દ્રવ્યકર્મ અને તેમાં પણ મોહનીય કર્મ લેવા માગે છે. જીવ અને મોહનીય કર્મ સાથે નિયમભૂત નિ.નૈ. સંબંધો છે. મોહનીય કર્મોદય-નિમિત્ત અને જીવના મોહ-રાગ-દ્વેષ રૂપ વિભાવ ભાવો-નૈમિત્તિક. એ જ વિભાવભાવ-એ જ સમયે નિમિત્ત અને દ્રવ્યકર્મનો-મોહનીય કર્મ બંધ-નૈમિતિક એ જ વિભાવભાવ આ બે પ્રકારના નિ.નૈ. સંબંધો એક જ સમયે એકી સાથે થાય છે.

જીવના વિભાવ ભાવો ભાવાસ્રવ-ભાવ બંધ રૂપ છે. નવો કર્મબંધ દ્રવ્યાસ્રવ અને 'દ્રવ્ય બંધ' છે. અજ્ઞાની જીવ સ્વતંત્રપણે કર્તા થઈને મોહ-રાગ-દ્વેષ રૂપે પરિણમે છે. તે પરિણામ અશુદ્ધ પરિણામ છે તે ઔદયિક ભાવ છે. અને તેમાં નિમિત્ત ઉદયભાવ રૂપે પરિણમેલું મોહનીય કર્મ છે. સંવર-નિર્જરા છે તે ક્ષાયોપશમિક ભાવે છે અને તેમાં નિમિત્ત મોહનીય કર્મનો ક્ષયોપશમ છે. ભાવ મોક્ષ દશા-પરમાત્મ દશા ક્ષાયિકભાવ છે અને તેમાં નિમિત્ત મોહનીય કર્મનો ક્ષય છે. આ રીતે જીવના અનાદિકાળથી અનંત કાળ સુધીના બધા પરિણામોને આવરી લીધા છે. જીવના ઔદયિકાદિ ચાર ભાવની સામે નિમિત્ત રૂપે કર્મના ઉદયાદિ ચાર ભાવની વાત સમજાવી છે. જીવના ઔદયિક ભાવો અશુદ્ધ છે-કર્મબંધનું

કારણ છે. જીવના ઔપશમિક ભાવો અને ક્ષાયોપશમિક ભાવો અંશે શુદ્ધ અને અંશે અશુદ્ધ છે. એક વિશેષતા-સાધક દશામાં અશુદ્ધતા ઘટતી જાય છે અને શુદ્ધતા વધતી જાય છે. મોક્ષ દશા સર્વથા શુદ્ધ છે. જીવના આ સાતેય પરિણામોને દ્રવ્ય કર્મની સાપેક્ષતા લાગુ પડે છે. એ અપેક્ષાએ જીવના બધા પરિણામને કારણે જીવ એ અશુદ્ધ દ્રવ્ય રૂપ કહેવાય છે.

પાંચમી ગાથામાં આચાર્યદેવ શુદ્ધાત્મા દર્શાવવાની પ્રતિજ્ઞા કરી. એ સ્વભાવમાં પર્યાય ભેદ કે ગુણભેદ નથી એવી સ્પષ્ટતા કરી. નવતત્વના અભ્યાસથી આપણને ખ્યાલ આવે છે કે એમાં ક્યાંય શુદ્ધાત્માની વાત નથી. તો પછી એ પ્રશ્ન થાય છે કે જો નવતત્વમાં શુદ્ધાત્મા નથી તો નવતત્વનું નિરૂપણ શા માટે કર્યું ? સમયસારની નાટક સમયસાર રૂપ રચના છે. નાટકમાં જે કાંઈ જોવા મળે છે તે બધા સ્વાંગ છે. અસલ સ્વભાવ નથી. તેથી નાટકના અંતમાં નાટક કરનારા મૂળ રૂપે સ્ટેજ ઉપર આવે છે. તેથી આ સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકારમાં આચાર્ય દેવ હવે આપણને શુદ્ધાત્મા દર્શાવશે. પરંતુ આ આખા અધિકારમાં આચાર્ય દેવે શુદ્ધાત્મા દર્શાવ્યો જ નથી. શાંતિથી વિચાર કરો તો ખ્યાલ આવે કે નાટકના સ્ટેજ ઉપર જે કલાકારો છેલ્લે આવે છે. તે પણ પરમાર્થે એક સ્વાંગ જ છે. વળી કોઈ દ્રવ્ય પર્યાય વિનાનું ક્યારેય હોય જ નહીં. તેથી કોઈ ક્યારેય દ્રવ્ય સામાન્ય સ્વભાવને જુદો દર્શાવી શકે જ નહીં. વળી, દ્રવ્ય બંધારણનો વિચાર કરો તો દ્રવ્ય ગુણ અને પર્યાય વિનાનું ક્યારેય હોતું જ નથી.રાજા એના રસાલા સાથે જ નીકળે છે. તેથી દ્રવ્ય હંમેશા સ્વરૂપ અસ્તિત્વ સત્તારૂપે જ લક્ષગત થાય છે એ સ્વરૂપ અસ્તિત્વ અનેકાંત રૂપ છે તેથી તેના સભ્યોને અતદભાવ રૂપે જુદા લક્ષમાં લઈને જ દ્રવ્ય સામાન્ય સ્વભાવ સુધી પહોંચી શકાય છે. તેથી શાસ્ત્રમાં નવ તત્વમાં છુપાયેલી આત્મ જ્યોતિની વાત આવે છે. હવે આચાર્યદેવ આ અધિકારમાં નવતત્વમાંથી સ્વભાવ સુધી કઈ રીતે પહોંચાડે છે તે આપણે સમજવાનો પ્રયત્ન કરીએ.

જીવના પાંચ ભાવોમાં જે પરમ પારિણામિક ભાવ છે તે દ્રવ્ય રૂપ છે. અર્થાત્ તે દ્રવ્ય સામાન્ય સ્વભાવ છે. તે ઔદયિકાદિ ચાર ભાવાંતરોને અગોચર છે એમ શાસ્ત્રનું કથન છે. ચાર ભાવાંતરમાં બધી પર્યાયો આવી જાય છે તો પછી સ્વભાવ સુધી કઈ રીતે પહોંચવું ?

આ અધિકારની પહેલી ચાર ગાથાઓ ઘણી ઉપયોગી છે. વિશ્વના બધા પદાર્થો પ્રભુત્વ શક્તિથી શોભાયમાન છે. દરેક પદાર્થ ટકીને બદલે છે. પદાર્થનો સ્વભાવ છે તે કાયમી ટકી રહે છે અનેસ્વભાવ અંતર્ગત અનાદિકાળથી અનંતકાળ સુધી પરિણમે છે. જીવ જ્ઞાયક સ્વભાવી છે અને જ્ઞાતાભાવ રૂપે પરિણમે છે. દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય ક્ષેત્ર-કાળ અને ભાવ એ મર્યાદામાં જ રહે છે. આ અસ્તિ-નાસ્તિ તોડી શકાતી નથી.

જીવ અનાદિકાળથી અસમાનજાતિયદ્રવ્યપર્યાયરૂપે પરિણમે છે. તે સંબંધ જીવ અને પુદ્ગલ વચ્ચે છે. પુદ્ગલમાં સ્કંધ લેવામાં આવે છે. પુદ્ગલમાં શુદ્ધ પરમાણુની વાત નથી. જીવ જો પુદ્ગલ સ્કંધ સાથે જોડાય તો તેણે એટલા સમય સુધી સ્કંધને અનુરૂપ પરિણમવાનું રહે છે. જેમ એક પરમાણુ પાણીરૂપે પરિણમે ત્યારે પાણીરૂપ છે. તે જો અગ્નિ સાથે જોડાય તો તે પરમાણુ એટલો સમય ઉષ્ણતારૂપે પરિણમે છે. પરમાણુ છૂટો રહે ત્યારે તે પરમાણુના મૂર્ત સ્વભાવરૂપે પરિણમે છે. તેમ જીવ જ્યારે પુદ્ગલનો સંબંધ છોડે ત્યારે નિર્મળ જ્ઞાયક રૂપે પરિણમે છે.

આ અધિકારની પ્રથમ ગાથાઓ બાદ આચાર્યદેવ આ અસમાનજાતિયદ્રવ્યપર્યાયનું સ્વરૂપ સમજાવવા માગે છે. આગળ પ્રતિક્રમણાદિ ગાથાઓ દ્વારાએ સંયોગી દ્રવ્ય પર્યાયથી જુદા કઈ પડે છે તે સમજાવવા માગે છે. તે જીવ જ્યારે પુદ્દગલ સાથેના સંબંધથી છૂટો પડે ત્યારે તે સ્વભાવને પ્રાપ્ત કરે છે. આ વાત પ્રથમ આપણે વિસ્તારથી સમજીશું.

જીવ જ્ઞાયક સ્વભાવી છે તે જ્ઞપ્તિ ક્રિયા કરે છે. એ રીતે પુદ્દગલ પરમાણુ છે તે મૂર્તપણું ટકાવે છે. આ અનાદિથી અનંતકાળ સુધીની છે. તેની નોંધ દરેક દ્રવ્યની પ્રમેયત્વ શક્તિમાં પડી છે અને બધા પદાર્થોનો ત્રણ કાળનો ઈતિહાસ સર્વજ્ઞના જ્ઞાનમાં સચવાયો છે. આવા જીવ અને પુદ્દગલો અસમાનજાતિયદ્રવ્યપર્યાયરૂપે પરિણમે ત્યારે પણ જીવ જાણવાનું કાર્ય જ કરે છે અને પુદ્દગલમૂર્તપણું સાચવીને રહેલ છે. વિશ્વની વ્યવસ્થાના ભાગ રૂપે જીવ અનાદિકાળથી કર્મ અને શરીર સાથે એકદ્રવ્યપર્યાયરૂપે રહેલો છે. અહીં કર્મ શબ્દથી મોહનીય કર્મ દર્શાવવા માગે છે. મોહનીય કર્મના સ્વભાવને અનુસરીને જીવ અઘાતિકર્મો સાથે સંબંધમાં આવે છે. વળી અઘાતિકર્મો દ્વારા એ શરીર અને સંયોગો સાથે સંબંધમાં આવે છે. આ રીતે જીવ શરીર સાથે સંબંધમાં આવીને શરીરને પ્રાપ્ત ઈન્દ્રિય-મન અને હાથ-પગ રૂપ અવયવો મારફત સંયોગો સાથે સંબંધમાં આવે છે. આવા બધા સંબંધો અનાદિકાળથી છે નવા નથી.

હવે પ્રયોજનવશ મોહનીય કર્મના બે ભાગનો અલગથી અભ્યાસ કરીએ જીવ મુખ્યપણે દર્શન મોહનીય કર્મ સાથે નિયમભૂત નિ.ને. સંબંધમા રહેલો છે મોહનીય કર્મના સ્વભાવને અનુસરીને તે મુખ્યપણે ચારિત્ર મોહનીય કર્મ સાથે તથા ઉપરોક્ત બધા સાથે સંબંધમાં આવે છે. અજ્ઞાની જીવ પોતાના જ્ઞાયક સ્વભાવથી ખસ્યો છે અને દર્શન મોહનીય અસર નીચે તેને અન્ય બધામાં મમત્વ-એકત્વ બુદ્ધિ અને હિત બુદ્ધિ વર્તે છે. તેથી તેને સર્વને ગ્રહણ કરવાનો ભાવ છે. ચારિત્ર મોહનીય કર્મને અનુસરીને જીવની પર્યાયમાં દ્વૈત પ્રવર્તે છે. તે દ્વૈતને કારણે અઘાતિ કર્મો-શરીર અને સંયોગો પ્રત્યે જીવ દ્વૈત ભાવ રૂપે પરિણમે છે.

જીવના મોહનીય કર્મ સાથેના જોડાણથી જીવમાં મોહ-રાગ-દ્વેષ રૂપ વિભાવ પરિણામો થાય છે. મોહનીય કર્મના બે ભાગનો વિચાર કરવાનું પ્રયોજન એ છે કે દર્શન મોહનીય કર્મ મુખ્ય છે. વળી તેની સાથેનો સંબંધ છૂટે ત્યારથી જ જીવને માટે મોક્ષમાર્ગ ખુલે છે. મિથ્યાત્વનો અભાવ થતાં સમસ્ત વિશ્વ સાથેની એકત્વ બુદ્ધિ અને હિતબુદ્ધિ છૂટી જાય છે. એકત્વ બુદ્ધિ માત્ર વર્તમાન પુરતી જ ન હતી. તે ત્રણ કાળને સ્પર્શતી હતી. સમ્યગ્દર્શનની પ્રગટતા થતાં સમસ્ત વિશ્વ પ્રત્યે ત્યાગનો ભાવ પ્રગટે છે. વળી ચારિત્ર મોહનીયની અસરમાં પણ ભૂત ભાવીની અસર છૂટી જાય છે. અજ્ઞાન દશામાં જે રાગ ભાવ અનંતસંસારનું કારણ થતાં હતા. અનંતાનુબંધી રૂપ હતા. તેનો પણ અભાવ થાય છે. આ મોક્ષમાર્ગની શરૂઆત છે.

હવે માત્ર ચારિત્ર મોહનીય કર્મ સાથેનો સંબંધ રહ્યો અને તેની મારફત અઘાતિ કર્મો શરીર અને સંયોગો સાથે સંબંધ રહ્યો. અભેદપણે જીવના પરિણામનો વિચાર કરીએ તો શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રએ ત્રણના પરિણામ એકબીજા સાથે મેળ વિશેષથી ચાલે છે. અજ્ઞાનીને શ્રદ્ધા અને ચારિત્રની વિપરીતતાને (અસમાનજાતિયદ્રવ્યપર્યાયને કારણે) અનુસરીને જ્ઞાન પણ અલ્પજ્ઞરૂપે પરિણમે છે. સમ્યગ્દર્શન થતાં જ્ઞાનમાં સ્વ અને પરનો વિવેક જાગૃત થાય છે.

સ્વપ્રકાશકપણું ખુલ્યું હોવાથી એ શક્ય બન્યું છે. શ્રદ્ધામાં અભિપ્રાયમાં ત્યાગનો ભાવ છે. તેથી જ્ઞાનીના જ્ઞાન અને શ્રદ્ધાનને અનુસરવા-ચારિત્રની પર્યાયમાં પણ સ્વરૂપલીનતા પ્રગટ થાય છે. તેથી અસ્થિરતાના રાગ-દ્વેષનું જોર ઘટતું જાય છે અને છેલ્લે અભાવ થાય છે. પરમાત્મ દશા પ્રગટ થયા બાદ માત્ર શરીર સાથે સંબંધ રહે છે. વચન વ્યવહાર છૂટ્યા બાદ માત્ર શરીર સાથે સંબંધ રહે છે અને અઘાતિ કર્મનો સંબંધ છૂટતા સિદ્ધ દશા પ્રગટ થાય છે.

હવે આચાર્યદેવ આ અધિકારમાં આ બધું કેવી રીતે સમજાવે છે તેનો અભ્યાસ કરીએ. સર્વપ્રથમ ગાથા ૩૦૮ થી ૩૧૧ જીવ પોતે સ્વતંત્રપણે પોતાના અનાદિથી અનંતકાળ સુધીના પરિણામને ક્રમપૂર્વક કરે છે. એ જ રીતે પુદ્ગલ પણ પોતાના મૂર્ત પરિણામને વ્યવસ્થિત રૂપે કરે છે. આ રીતે આ બંનેનો સ્વતંત્ર ત્રણ કાળનો ઇતિહાસ છે. જીવ જ્ઞાન રૂપે પરિણમે છે. તેના અનાદિથી અનંતકાળ સુધીના પરિણામમાં પાંચ ભેદ પડે છે. કોઇ વ્યકિત વર્તમાનમાં એ જ્ઞાન પર્યાયની વિદશતાતે ગૌણ કરીને તે જ્ઞાનની પર્યાય કયાંથી આવી તેનો વિચાર કરે તો અથવા બીજી રીતે ભેદ રૂપ જ્ઞાનની પર્યાયને અભેદરૂપ જ્ઞાયક સ્વભાવમાં અંતર્નિમગ્ન કરે તો દ્રવ્ય સામાન્ય સ્વભાવ રૂપ જ્ઞાયક સુધી પહોંચી શકે છે. આ રીતે આ અધિકારમાં દ્રવ્ય સ્વભાવ દર્શાવે છે.

ગાથા ૩૧૨ થી ૩૧૭ સુધીમાં અજ્ઞાનીનું સ્વરૂપ દર્શાવ્યું છે. તે મોહનીય કર્મને અનુસરીને અજ્ઞાન ભાવ રૂપે પરિણમે છે. અને એ રીતે પરિણમતા તેના ફળને તે જ ભોગવે છે. મોહનીય કર્મનું સ્વરૂપ આપણે લક્ષમાં લીધું છે. તેમાં આ નિજાત્માને છોડીને આખા વિશ્વની સાથે પ્રયોજન વશ સમસ્ત પુદ્ગલ સ્કંધો સાથે એકત્વ બુદ્ધિપૂર્વકનો કર્તા-ભોક્તા ભાવ છે. તેથી જે અજ્ઞાની જીવ મોહનીય કર્મ અનુસરે છે. તે પરનો કર્તા થાય છે અને પરને ભોગવે છે.

ગાથા ૩૧૮-૩૧૯-૩૨૦ :- આ ગાથામાં સંક્ષેપમાં જ્ઞાનીનું સ્વરૂપ દર્શાવ્યું છે. જ્ઞાનીને પર દ્રવ્યોમાં એકત્વ બુદ્ધિ રૂપનું કર્તા-ભોક્તાપણું નથી. અસ્તિપણે એ પોતાના જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપીને જ્ઞાતા ભાવ રૂપે પરિણમે છે. જ્ઞાની ઉદાસીન જ્ઞાતા રહીને કર્મ અને કર્મ ફળને જાણે છે. તેનો વિસ્તાર વિચારતા શરીર અને સંયોગ રૂપ બધા પદાર્થો સ્વતંત્રપણે પરિણમી રહ્યા છે તેની નોંધ કરે છે. અહીં આપણે એ વાત લક્ષમાં રાખવી છે. પુદ્ગલો પણ ષટકારક અનુસાર પરિણમે છે તો પણ તે પરિણામને ભોગવે છે એવું બનતું જોવા મળતું નથી. જીવમાં ભોગવટામાં સુખ દુઃખનો અનુભવ છે તેવો કોઇ ગુણ પુદ્ગલમાં નથી. જ્ઞાની-કર્મ-નોકર્મને જાણે છે. જ્ઞાની નવા કર્મ બાંધતો નથી. તેથી જ્ઞાની કર્મને જાણે છે તેમાં માત્ર સત્તામાં પડેલા કર્મો આવે છે.

ગાથા ૩૨૦ માં કોને જાણે છે તે વિસ્તારથી લીધું છે તેમાં કર્મોદય-બંધ-નિર્જરા તેમજ મોક્ષ એમ જીવના અનાદિકાળથી અનંતકાળ સુધી બધા પરિણામ અને તેમાં નિમિત્ત બધા કર્મોને આવરી લીધા છે. જીવના ઔદયિકાદિ ચારેય ભાવો અને તેની સાથેના વિશેષ રૂપ કર્મના ઉદયાદિ ચારનો સમાવેશ કર્યો છે. આ ગાથા જ્ઞાનીની છે, સાધકની છે તેથી દર્શન મોહનીય કર્મ સાથેના કોઇ સંબંધની વાત ન લેવી. જ્ઞાની રાગને તથા તેમાં નિમિત્ત ચારિત્ર મોહનીય કર્મોદયને જાણે છે. તેમ જ જે નવું ચારિત્ર મોહનીય કર્મ બંધાય છે તેને પણ જાણે છે. નિર્જરાની મુખ્યતાથી વિચારીએ તો જેટલી

સ્વરૂપલીનતા વધતી જાય છે. તે અનુસાર નવું ચારિત્ર મોહનીય બનતું નથી અને જુનું ખરી જાય છે. તે દ્રવ્યનિર્જરા છે.

ગાથા ૩૨૧-૩૨૨-૩૨૩ :- અનાદિકાળથી અસમાનજાતિયદ્રવ્યપર્યાયને કારણે જીવના પરિણામમાં જ્ઞાન ધારા અને કર્મધારા ચાલે છે. સમજણનું કાર્ય જીવને ભાગે છે અને કર્તા-કર્મ પ્રવૃત્તિ મોહનીય કર્મને કારણે છે એવી અજ્ઞાનીને સ્પષ્ટતા નથી. જીવના પરિણામમાં જ્ઞાન-દર્શન-ચારિત્રએ ત્રણ ગુણોના પરિણામ દ્વારા જ્ઞાની-અજ્ઞાનીના ભેદ પડે છે. તેનો પણ અજ્ઞાનીને ખ્યાલ નથી. અજ્ઞાનીને બહારમાં આઘુ-પાછુ કરવાનો ભાવ આવે છે. વિશ્વમાં રામ રાજ્ય સ્થાપવા માગે છે અથવા પોતે સરમુખત્યાર બનીને પોતાની રીતે વિશ્વની વ્યવસ્થા ગોઠવવા માગે છે. એ બધી કર્તા-કર્મ પ્રવૃતિ છે તેનો તેને ખ્યાલ નથી. તેથી તે પોતાને કર્તા માને છે. વિશ્વને વ્યવસ્થિત રાખવાની પોતાની જવાબદારી ખરેખર તો પોતાનો સ્વભાવ છે એવું માને છે. માણસે આળસુ ન રહેવું જોઇએ. કોઇને કોઇ પ્રવૃતિ કરતાં રહેવું જોઇએ. આને પુરુષાર્થ નામ આપે છે. આ ગાથાઓમાં આચાર્યદેવ કહેવા માગે છે કે જૈનના સાધુ પણ આ પ્રકારે માને અને એ પ્રમાણે ઉપદેશ આપે તો તેનામાં અને જન સમુદાયમાં કોઈ ફેર નથી-અહીં ઉપદેશને મુખ્ય રાખીને કહે છે કે અન્ય મતના સાધુમાં અને જૈનના સાધુમાં કોઇ તફાવત નથી. જૈન ધર્મ તો આત્માને જ્ઞાયક જ દર્શાવે છે. વિશ્વના અન્ય પદાર્થોની સ્વતંત્રતા સ્વીકારે છે. પરપ્રત્યેનો કર્તાભાવ છોડીને અકર્તા થવાનો ઉપદેશ આપે છે. કર્તા કર્મ પ્રવૃતિ મિથ્યાત્વને અનુસરીને થાય છે. સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાતા દૃષ્ટા રહે છે, અકર્તા થાય છે.

ગાથા ૩૨૪-૩૨૫-૩૨૬ માં હવે કર્મ સાથેના સંબંધનો વિષય છોડીને પરદ્રવ્યો સાથેના સંબંધની વાત સમજાવવા માગે છે. જેમ કર્મો જીવથી જુદા છે તેમ પરદ્રવ્યો પણ જીવથી જુદા જ છે. અજ્ઞાનીને એનો ખ્યાલ નથી. વળી આ ગાથાઓમાં કરોતિક્રિયાની વાત ન લેતા. એકત્વબુદ્ધિ રૂપ પરદ્રવ્યોમાં હુંપણું અને મારાપણાની વાત કરવા માગે છે. આશય એ છે કે જ્યાં હુંપણું અને મારાપણું છે ત્યાં કર્તા-કર્મ પ્રવૃતિ જોવા મળે છે. મિથ્યાદષ્ટિનું અજ્ઞાનીનું હુંપણું પોતાના આત્મામાં નથી. તેનું હુંપણું શરીરમાં છે - મારાપણું બાહ્ય વિષયોમાં છે. એકત્વ બુદ્ધિ અને હિત બુદ્ધિ વિશ્વ વ્યાપી છે. આ ગાથાઓમાં કહે છે કે જ્ઞાની પોતાની ભૂલ સુધારી લે છે અને નિજાત્મામાં જ હુંપણું-મારાપણું-હિતબુદ્ધિ બધું સમાવી લે છે. જેમ દેહાધ્યાસ છોડે છે. તેમ સમસ્ત અન્ય પદાર્થોમાંથી પણ હિતબુદ્ધિ છોડે છે.

પ્રમાણ જ્ઞાનનો વિષય આખો પદાર્થ છે તેમાં નય વિભાગ લાગુ પડે છે. પરંતુ બે પદાર્થો વચ્ચે ખરેખર નય લાગુ નથી પડતા. પરંતુ અજ્ઞાની જ્યાં સ્થિત છે તેને લક્ષમાં રાખીને જિનાગમમાં પણ પરદ્રવ્યો સાથેના સંબંધોને વ્યવહારનયના વિષયમાં લીધા છે. જ્ઞાનીને માટે પોતાનો શુદ્ધાત્મા સ્વદ્રવ્ય છે અને પરદ્રવ્યો પોતાથી ભિન્ન છે. એમ જ્ઞાનમાં ભાસે છે. સમયસાર ગાથા આઠ અનુસાર અજ્ઞાનીને તેના ભાવથી સમજાવવા માટે પરદ્રવ્ય તે મારા છે એમ વ્યવહાર નયે કહે છે. ત્યાં એ વ્યવહાર છોડાવવાનો આશય છે. તેથી આ ગાથાઓમાં જ્ઞાનીના વ્યવહારનયના કથનને પરમાર્થ માનવાની ભૂલ કરે છે. એ રીતે અજ્ઞાનીને નય વિભાગથી સમજાવે છે. જ્ઞાની જાણે છે કે એ વ્યવહારનયનું કથન જુદું છે. આ ગાથાઓમાં કર્તા-કર્મ પ્રવૃતિની વાત નથી માત્ર જીવનું હુંપણું અને મારાપણું કર્યાં છે. એટલાં જ વિષય લેવા

માગે છે. પરમાર્થે જ્ઞાની નિજાત્મામાં જ હુંપણું જાણે છે.

ગાથા ૩૨૯ થી ૩૩૧ :- દર્શન મોહનીય કર્મોદય અને જીવના વિભાવભાવ સાથેના નિ.નૈ. સંબંધ લક્ષમાં લેતા- નિ.નૈ. સંબંધમાં કારણ-કાર્ય લાગુ પાડીને-તેમજ તેને નયવિભાગથી સમજાવવાનો જયારે પ્રયત્ન થાય છે. ત્યારે જેને કાંઈ ખબર નથી તે દ્વિધામાં મુકાય જાય છે. તેથી તેનો પ્રશ્ન એ છે કે ભાવ મિથ્યાત્વનો કર્તા ખરેખર કોણ છે? ખરેખર જીવ જ ભાવ મિથ્યાત્વનો કર્તા છે. આ સીધો જવાબ છે. પરંતુ પ્રશ્ન કરનાર અજ્ઞાની છે. તેણે અન્ય જીવો પાસેથી આ પ્રશ્નનો જવાબ મેળવવાના પ્રયત્નો કરી લીધા છે. પરિણામે તેની જ્ઞાનમાં સ્પષ્ટતા થવાને બદલે ગૂંચવણ વધી છે. તેથી તે જ્ઞાની ગુરુના શરણે આવીને પ્રશ્ન રજૂ કરે છે. શ્રીગુરુ ભાવ કર્મનો કર્તા અજ્ઞાની જીવ જ છે. એમ કહીને અટકતા નથી. પરંતુ પ્રશ્ન કર્તા જેમની પાસેથી જવાબ મેળવીને મૂંઝાણા છે તે બધી વાત ખોટી છે એમ પણ સાથે ચોખવટ કરે છે. (૧) જો દ્રવ્યકર્મ જીવમાં વિભાવ કરે છે એમ માનવામાં આવે તો પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ પુદ્‌ગલ જ હોય એ ત્યારે ભાવ મિથ્યાત્વને અચેતનપણાનો પ્રસંગ આવે. (૨) જેણે જીવ દ્રવ્યકર્મને બાંધે છે એમ સાંભળ્યું છે. તે કથન વ્યવહારનયનું છે. એનો જેને ખ્યાલ નથી. તે દ્રવ્યકર્મનો કર્તા પુદ્‌ગલ દ્રવ્ય છે. એ નિશ્ચય નયની વાત જેના ખ્યાલમાં નથી એના અભિપ્રાયમાં દ્રવ્ય મિથ્યાત્વને ચેતનપણાનો પ્રસંગ આવે. (૩) જો જીવ અને કર્મ બંને મળીને એક પરિણામને કરે છે એમ માનવામાં આવે તો તે પરિણામનું ફળ જીવ અને કર્મ બંને એ ભોગવવું પડે (૪) જો કોઈ દ્રવ્ય એને કરતું નથી-તો તે પર્યાય ન રહેતા દ્રવ્ય બની જાય છે. અહીં અજ્ઞાની જીવ મિથ્યાત્વનો કર્તા હોવાથી મિથ્યાત્વના પરિણામને પુદ્‌ગલ દ્રવ્ય માનવાનો પ્રસંગ આવે. આ રીતે ચાર અજ્ઞાની-અન્યમતીના અભિપ્રાયનો નિષેધ કરીને વિભાવનો કર્તા અજ્ઞાની જીવ જ છે એમ નક્કી કર્યું.

ગાથા ૩૩૨ થી ૩૪૪ :- આગલી ગાથાઓમાં એ વાત સિદ્ધ કરી કે ભાવ કર્મનો કર્તા જીવ જ છે. તેના અનુસંધાનમાં આ ગાથાઓ છે. વેદાંત વસ્તુને સર્વથા અપરિણામી માને છે. સાંખ્ય પણ વેદાંતનો જ એક ભાગ છે. વિશ્વમાં ક્ષણિક સત્ વિદ્યમાન હોવા છતાં વેદાંત નનયો ભણે છે. સાંખયમત વસ્તુને અપરિણામી જ માને છે. એટલે કે કોઈ દ્રવ્ય પોતાના પરિણામને કરતું નથી એમ માને છે. દરેક પદાર્થ નિત્ય-અનિત્યાત્મક છે. તે સત્ સ્વીકારીને કહે છે કે એક દ્રવ્ય પોતાના પરિણામને કરતું નથી. પરંતુ બીજાનું કામ કરે છે. દૃષ્ટાંત :- બે વ્યક્તિ જમવા બેસે છે. એક વ્યક્તિ બીજી વ્યક્તિને ખવડાવે છે અને બીજી વ્યક્તિ પહેલાને ખવડાવે છે. આ રીતે ક્રિયા થઈ હોવા છતાં દ્રવ્ય અપરિણામી રહ્યું એમ માને છે. પરંતુ આ વાત પ્રત્યક્ષથી વિરુદ્ધ છે. સાંખ્ય મતની માન્યતાને પોષક દૃષ્ટાંતો પાણી અગ્નિના નિમિત્તે ગરમ થાય છે. દરેક દ્રવ્ય પરિણમનમાં કાળ દ્રવ્યનું નિમિત્ત છે. જીવ અને દ્રવ્યકર્મના સામસામા નિ.નૈ. સંબંધને યોગ્ય રીતે ન સમજનારા આ બે વચ્ચે સગવડ પ્રમાણે છલક છલાણું કરે છે. સારું કામ થયું હોય તો પોતે જશ લે છે અને ખરાબ થયું હોય ત્યારે બીજાનો વાંક કાઢે છે. બીજા કોઈ ઉપર દોષ નાખી શકાય તેમ ન હોય તો કર્મનો દોષ કાઢે છે. છેવટ કોઈ ન મળે તો ઈશ્વર તો છે જ. દૃષ્ટાંત :- કેટલાક કાર્ય આપણે કરી શકીએ. કેટલાક કાર્ય નગર પાલિકામાં છે. કેટલાક રાજય કે કેન્દ્ર સરકારના છે. દિવસ-રાત તથા ભરતી-ઓટની વાત આવે ત્યારે ઈશ્વર કરે છે. એમ સામાન્ય રીતે માનવામાં આવે છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં પણ આત્મા કર્તા છે-આત્મા ભોક્તા છે એ વાત આવે છે. ત્યારે પણ શિષ્ય આવી જ દલીલો કરીને શંકા રજૂ કરે છે. જન્મથી મરણ સુધીના શરીરના પરિણામો તથા સંયોગોના ફેરફાર-બધાનું સ્વતંત્ર પરિણમન જ છે. પરંતુ ત્યાં પણ સંબંધ તરફથી લક્ષ કરતાં અઘાતિકર્મોદય અનુસાર એ થાય છે એ વાત પણ એટલી જ સાચી છે. પંડિતોની સભામાં પૂ.ગુરુદેવે કહ્યું હતું કે જીવ પરનિરપેક્ષપણે વિભાવ કરે છે. ત્યારે પંડિતો-સ્તબ્ધ થઈ ગયા હતા કારણ કે તેઓની એ સ્પષ્ટ જ માન્યતા હતી કે કર્મો જ જીવને વિભાવ કરાવે છે.

નવા દ્રવ્યાસ્રવનું કારણ જુના દ્રવ્યાસ્રવો છે એમ કથન આવે અર્થાત્ કર્મ જ કર્મને કરે છે. પુદ્ગલ જ પુદ્ગલને કરે છે. એક પરમાણુ બીજા પરમાણુમાં કાંઈક કરે છે. આવી અનેક માન્યતાઓ વર્તે છે. દ્રવ્ય બંધારણ એ કહે છે કે જેને આપણે સ્વભાવ કહીએ તે પોતાના સ્વભાવથી અન્ય કાંઈ કરી શકે નહીં અને અન્ય સત્તા (સ્વભાવ) સાથે સંબંધમાં આવે એવી કાંઈ વ્યવસ્થા સ્વભાવમાં નથી. જિનવાણી કહે છે કે બધા પદાર્થો ટકીને બદલે છે. જો તું આ નહીં માને તો તારા ઉપર જિનવાણીનો કોપ થશે એવી દલીલ કોઈ જૈન ધર્મ અનુયાયી સાંખ્યમતી સામે દલીલ કરે તો શું થાય ? સર્વ ધર્મ પરિષદમાં આવો પ્રશ્ન આવે તો શું થાય ? સાંખ્યમતી પ્રમાણે જૈન ધર્મનો જ નિષેધ કરે કે તે તો કુદડીવાદ છે તેને કોઈ સિદ્ધાંતો જ નથી. અથવા કોઈ દલીલ કરે કે તું પદાર્થની અંદર પર્યાયનો સ્વીકાર કરે છે તો દરેક દ્રવ્ય પોતાના પરિણામને કરે છે એમ માનવામાં તને શો વાંધો છે ? પરિણામ માટે પરાધીનતા માનવાને બદલે દરેકની સ્વતંત્રતાની હા પાડને ! ત્યારે પોતાનો તંત - (વિપરીત માન્યતા) ને સલામત રાખીને કઈ રીતે હા પાડે છે. તે ગાથા ૩૪૧ થી ૩૪૪ માં આચાર્ય દેવ પોતે જ ફરમાવે છે. તેની દલીલ છે કે જીવ જીવને કરે છે. તેની સામેના જવાબો છે - જીવનો સ્વભાવ શાશ્વત અણકૃત છે તેથી તેમાં કાંઈ કરવાપણું નથી. વળી લોક પ્રમાણ અસંખ્ય પ્રદેશી જીવના ક્ષેત્રમાં સંકોચ વિસ્તાર થતો હોવા છતાં પ્રદેશોની સંખ્યામાં વધઘટ શક્ય જ છે. દરેક જીવનું લોકપ્રમાણ નિશ્ચિત ક્ષેત્ર જ છે-તેથી ત્યાં પણ કોઈ ફેરફારની શક્યતા નથી. પોતે પોતાને અપરિણામી રાખે છે. એ પણ કુતર્ક જ છે. કારણ કે દરેક દ્રવ્ય સ્વભાવ અપેક્ષાએ નિશ્ચિત જ છે - આ રીતે આ ગાથાઓનો આશય એ છે કે અજ્ઞાની જીવને સ્વતંત્રપણે કર્તા માનો. સ્વ સમય કે પરમસમય બંને પ્રકારના પરિણામોને કરવા જીવ સ્વતંત્ર છે. કેટલાક કહેવાતા જૈન મુનિઓ પણ જો વાસ્તવિકતાને ન સમજતા હોય તો તે અજ્ઞાની જ છે.

દરેક પદાર્થનું શાશ્વત સત્ - નિયત પ્રદેશત્વ તથા ટકીને બદલવું એવો સ્વભાવ સદાય એમ જ છે. અસ્તિત્વ ગુણ-પ્રદેશત્વ ગુણ-વસ્તુત્વ ગુણ-દ્રવ્યત્વ ગુણ એવા સામાન્યગુણો આ વ્યવસ્થાને અનાદિથી અનંતકાળ સુધી ટકાવી રાખે છે. આ ઉપરાંત આ વ્યવસ્થા એવી જ રહે એ જોવાની જવાબદારી કેમ જાણે અગુરુલઘુત્વ ગુણને ભાગે રહે છે. આ દરેક ધર્મનું બંધારણ છે.

ગાથા ૩૪૫ થી ૩૪૮ આગલી ગાથાઓ સાંખ્યમતીને સમજાવવા માટે હતી. આ ગાથાઓ બૌદ્ધમતીને સમજાવવા માટે છે. વિશ્વ સત્‌મય છે. સત્ શાશ્વત છે-સત્ અનેકાંત સ્વરૂપ છે. આ સત્ સુધી માત્ર જૈન દર્શન પહોંચી

શક્યું છે. અનેકાંત સ્વરૂપને અનંત ધર્મત્વ અને વિરુદ્ધ ધર્મત્વ એવી બે શક્તિઓ દ્વારા સમજાવી શકાય છે. હાથીને તપાસનારા પાંચ આંધળાના દૃષ્ટાંતે અન્ય સમસ્ત ધર્મો નથી તો અનંત ધર્મત્વ શક્તિને સમજી શક્યા નથી. જો અનંત ધર્મોની વાત ગળે ઉતરે તો વિરુદ્ધ ધર્મત્વ શક્તિ તો સમજવા પણ તૈયાર ન થાય એ સ્વાભાવિક છે. વેદાંત વસ્તુને સર્વથા નિત્ય અપરિણામી માને છે અને બૌદ્ધો વસ્તુને સર્વથા ક્ષણિક માને છે બંને એકાંતવાદી છે. દરેકને પોતાના અનુયાયીઓ છે. અનુયાયીઓ ગુરુની વાત શિરોમાન્ય કરવાને ટેવાયેલા છે. વસ્તુની વ્યવસ્થા સમજવી એ જ્ઞાનનું કાર્ય છે. તે બીજાને સમજાવવા માટે શબ્દો અનિવાર્ય છે. કયાં વાચ્યને સમજાવવા માટે કયો શબ્દ છે તે આપણે સ્વીકારી જ લઈએ છીએ. આશય એ છે કે ગુરુ શબ્દો દ્વારા સમજાવે છે અને શિષ્યો સમજી જાય છે. આ એકાંત માન્યતાને પડકાર આપનાર જૈન દર્શન જ છે. વેદાંત કે બૌદ્ધ જે કહે છે તે નિત્ય દ્રવ્ય અને ક્ષણિક પર્યાયને અવશ્ય લાગુ પડે છે. પણ તેનો એકાંત કરે છે તે તેની ભૂલ છે. તેથી .વેદાંતીને ક્ષણિક પર્યાય અને બૌદ્ધને નિત્ય સ્વભાવ દર્શાવવો આવશ્યક છે. પદાર્થમાં આ બધું સમજાવવું સુગમ પડે છે કારણ કે રૂપી પદાર્થ બધાના જ્ઞાનનો વિષય થાય છે. એકાંતવાદીને સમજાવવા માટે આટલી પ્રાથમિક સમજણ અનિવાર્ય છે.

અહીં દલીલ કરવામાં આવે છે કે બૌદ્ધો કર્તા અન્ય છે અને ભોક્તા અન્ય છે એમ માને છે. પરંતુ ખરેખર એમ નથી. કારણ કે બૌદ્ધ માત્ર એક સમયની પર્યાયને પર્યાય ન માનતા તેને જ દ્રવ્ય માની લે છે. તે આગળ-પાછળ કાંઈ માનવા જ તૈયાર નથી. પર્યાયનો પ્રવાહ સ્વીકારવામાં જ તેને દોષ લાગે છે. સર્વથા ક્ષણિક સત્‌માં અપેક્ષાને સ્થાન જ નથી.

દ્રવ્ય બંધારણ તરફથી વિચારીએ તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ્ સત્ દરેક પર્યાયને લાગુ પડે છે. દ્રવ્ય પર્યાય રૂપ વસ્તુ સ્વરૂપ લક્ષમાં લેતા અભિન્ન ષટકારકની વ્યવસ્થા સમજાય છે. જીવ સુખનો અનુભવ કરે છે. તેને લક્ષમાં લેવા માટે કર્તા-ભોક્તાપણાનો સ્વીકાર આવે છે. ક્ષણિક પર્યાયનું જ વેદન છે તેનો ખ્યાલ કરતા જીવ પોતાની જે પર્યાયને કરે છે. તેને જ તે સમયે ભોગવે છે. એ વાત આવે ષટકારકમાં અપાદાનકારક અને સંપ્રદાનકારક એ રીતે રહેલા છે. જે પર્યાય જે સમયે પ્રગટ થાય તે સમયે જ ભોગવાય છે. કારણ કે ક્ષણિક છે. તો પછી પ્રશ્ન થાય છે કે અન્ય કરે છે અને અન્ય ભોગવે છે. એ વાત આવી ક્યાંથી ? સમાધાન એ છે કે જેમ પર્યાયનો પ્રવાહ છે તેમ અજ્ઞાનમય સંસાર પણ એક પ્રવાહરૂપ છે. તે દર્શાવવા માટે આ વાત આવી છે. વિશેષતા એ છે કે ચારિત્રના દ્વૈતને કારણે ચારગતિના પરિભ્રમણ છે. જેને આર્યવૃતિ છે તેને હંમેશા વધતી રહે કે સલામત રહે તેમ પણ નથી. શુભ ભાવના ફળમાં આગળ જતા શુદ્ધ ભાવ થાય એવું પણ નથી. શુભભાવના ફળમાં અનુકૂળ સંયોગો મળે તેને ભોગવે તો જ સુખ થાય. ભોગવવાનો ભાવ અશુભ હોવાથી આર્યવૃત્તિના સ્થાને અનાર્યવૃતિ આવે. જો અનુકૂળ સંયોગોને ભોગવે નહીં તો- ભોગવવા ન હોય તો ઉપવાસાદિનું કષ્ટ શા માટે ભોગવવું ? વળી શુભભાવના ફળમાં સ્વર્ગ જ મળે એવો નિયમ નથી. પુણ્ય બંધાણુ એટલે અનુકૂળતા જ મળશે એવો નિયમ નથી. કારણ કે સત્તામાં પડેલા કર્મોમાં ઉત્કર્ષણ-અપકર્ષણ-સંક્રમણ થયા જ કરે છે. અહીં આવા વિચાર કરવાનું પ્રયોજનએ છે કે સંસાર એકાંતે હેય છે. એવો દૃઢ નિર્ણય વહેલાસર થાય.

મનુષ્ય શુભ ભાવ કરે અને દેવ તેનું ફળ ભોગવે. મનુષ્ય અશુભ ભાવ કરે અને નારકી એનું ફળ ભોગવે એમ પણ જોવા મળે છે. જે જીવ મનુષ્ય ગતિમાં શુભ ભાવ કરે છે તે જ જીવ સ્વર્ગમાં તેનું ફળ ભોગવે છે. આ રીતે પરિણામ કરનારો જુદો છે અને ફળ ભોગવનાર જુદો છે એમ પણ છે અને જે વર્તમાનમાં કરે છે તેનું ફળ ભવિષ્યમાં ભોગવે છે એવું પણ છે. આ લક્ષમાં લેવાથી સંસારનો પ્રવાહ ખ્યાલમાં આવે છે. વળી પ્રત્યભિજ્ઞાનનો વિષય તો સમજવો તદન સુગમ છે. જે જીવ બૌદ્ધ ધર્મી હોય અને તટસ્થ વિચારક હોય તો આ બધી દલીલોથી પ્રભાવિત અવશ્ય થાય અને પોતે સાચે માર્ગે આવી શકે.

આ અધિકારની અત્યાર સુધીની બધી ગાથાઓમાં દ્રવ્ય બંધારણ અને અનેકાંત જ ઘુટાવ્યું છે. તે ઉપરાંત સંસાર તત્વની વાત પણ વિસ્તારથી લીધી છે. સંસાર તત્વના પ્રયોજન ભુત વિષયોની ચોખવટ પણ કરી છે. હજી એ જ વિષય આગળ લંબાવે છે. આપણે અભિન્નકારકનું સ્વરૂપ લક્ષમાં લીધું છે. સંયોગી પદાર્થને લક્ષમાં રાખીને ભિન્નકારકની વાત હવેની ગાથાઓમાં કરે છે.

ગાથા ૩૪૯ થી ૩૫૫ :- અભિન્નકારકમાં જો નિશ્ચયનય લાગુ પડે તો ભિન્નકારકનું કથન વ્યવહાર નયનો વિષય થાય. એનું પ્રયોજન ઉપાદાન અનુસાર થતાં સ્વતંત્ર પરિણામ સમયે તેને અનુરૂપ જે અન્ય પદાર્થના પરિણામ જોવા મળે છે તેનું જ્ઞાન કરાવવાનું છે. કેટલાક કાર્ય ઉપાદાન અનુસાર થાય અને કેટલાક કાર્ય નિમિત્ત અનુસાર થાય એમ નથી. માત્ર નૈમિતિક પરિણામમાં જ નિમિત્તનું જ્ઞાન જરૂરી છે એમ નથી. તેમાં જ નિમિત્ત હોય છે એમ નથી. દૃષ્ટાંત :- પાણીની ઉષ્ણ અવસ્થામાં જ અગ્નિઆદિનું નિમિત્ત હોય છે એમ નહીં. પાણીની સહજ સ્વાભાવિક શિતળ અવસ્થા ઉપર પણ આબોહવાની અસર નિમિત્ત હોય છે. શિયાળાની મધરાતના પાણીને શિતળ કહેવું કે ભર ઉનાળે બપોરના બે વાગ્યાના પાણીને શિતળ કહેવું ? માત્ર એક પદાર્થના પરિણામનો વિચાર કરતા ત્યાં સંપૂર્ણ કાર્ય ઉપાદાન અનુસાર જ થાય છે એનો નિર્ણય થાય છે. જ્યારે એ પદાર્થના કાર્યને બીજા દ્રવ્યના સંબંધમાં લક્ષમાં લેવામાં આવે છે. ત્યારે તે દ્રવ્યની સંપૂર્ણ સ્વતંત્રતાને સલામત રાખીને વિચારતા પરમાર્થે વિશ્વ વ્યાપી સંબંધો લક્ષગત થાય છે. તે બધા નિ.નૈ. સંબંધો છે અહીં ભિન્નકારક રૂપે જે દર્શાવવામાં આવે છે. તે અનુકૂળ નિ.નૈ. સંબંધનો દૃષ્ટાંત છે શિલ્પી શિલ્પને કરે છે.

ગાથા ૩૫૬ થી ૩૬૫ :- આ ગાથાઓ પણ આવા નિ.નૈ. સંબંધને લગતી છે. તફાવત એ છે કે દૃષ્ટાંત રૂપે એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથેનો સંબંધ લીધા પછી સિદ્ધાંત જીવના પરિણામમાં લાગુ પડે છે. તે ઉપરાંત નિમિત્તાધીન દૃષ્ટિવાળા જીવોની માન્યતા છે કે નિમિત્તમાં ઉપાદાનના કાર્ય ઉપર અસર કરવાની શક્તિ છે. અર્થાત્ નિમિત્ત પોતાના સામર્થ્યથી ઉપાદાનના કાર્યમાં ફેરફાર કરી શકે છે. તેનો પણ અહીં નિષેધ કરવામાં આવે છે. ઉપાદાન અનુસાર થતાં સ્વતંત્ર પરિણામને ફેરવવાની કોઇનામાં શક્તિ જ નથી. દૃષ્ટાંત :- કાળા પથરની ભીંત ઉપર સફેદ ચુનો લગાડવાથી ભીત સફેદ થાય છે. એ પ્રમાણે છે ખરેખર ત્યાં ભીત સફેદ દેખાય છે. એવું સમજાવવા માગે છે. પાયાના સિદ્ધાંતો દૃષ્ટાંતમાં જ સ્પષ્ટ કર્યા છે. કઇ રીતે તે જોઇએ. પાયનો પ્રશ્ન એ છે કે ભીંતને અને ચુનાને કોઇ તાત્વિક કે પારામાર્થિક સંબંધ છેકે બને

તદ્દન ભિન્ન પદાર્થો છે. સમાધાન એ છે કે તે બંને તદ્દન ભિન્ન પદાર્થો છે. બીજો પ્રશ્ન એ છે કે જો ચુનો ભીંતનો નથી તો કોનો છે ? સમાધાન એ છે કે ચુનો ચુનાનો જ છે. ત્રીજો પ્રશ્ન એ છે કે કયો ચુનો કયાં ચુનાનો જ છે. ત્રીજો પ્રશ્ન એ છે કે કયો ચુનો કયા ચુનાનો છે. સમાધાન એ છે કે ચુનાથી જુદો કોઈ ચુનો નથી. છેલ્લે પૂછે છે કે તો પછી આવા દ્વૈતનું શું પ્રયોજન છે ? સમાધાન એ છે કે પરનો નથી પણ પોતાનો છે એટલું સમજાવવા માટે દ્વૈતનો આશ્રય લેવામાં આવે છે. તે વ્યવહારનયનું કથન છે. છેલ્લે એ નક્કી થાય છે કે એવાભેદ રૂપ વ્યવહારનું શું કામ છે. ચુનો તો ચુનો જ છે એ નિશ્ચય છે. સિદ્ધાંતમાં જીવના પરિણામને ચાર ગુણો અને તેના પરિણામ એમ વિસ્તારથી સમજાવે છે. ચાર ગુણોમાં દર્શન સામાન્ય-જ્ઞાન-શ્રદ્ધા અને ચારિત્રની વાત કરે છે. દૃષ્ટાંતમાં આપણે મૂળ વિષયની ચર્ચા કરી લીધી છે. તેથી હવે અહીં જીવની પર્યાયને ચાર ગુણોની પર્યાયના ભેદથી કઈ રીતે લેવા માગે છે. તેટલું અગત્યનું છે. જ્ઞાન પરને જાણે છે. એમાં પ્રથમ સમજીએ દર્શન સામાન્ય પર દ્રવ્યની સ્વરૂપ અસ્તિત્વ સત્તા ગ્રહણ કરે છે. જ્ઞાન તે જ સત્તાને ભેદ સહિત જાણે છે. હવે શ્રદ્ધા અને ચારિત્રનો વિચાર કરતાં સમયે જ્ઞાની અને અજ્ઞાનીના ભેદથી વિચારવાનું રહે છે. અજ્ઞાનીએ પોતાનું હુંપણું શરીરમાં રાખ્યું છે. અજ્ઞાનીનું જ્ઞાનપરને પરરૂપે નથી જાણતું. ચારિત્ર અપેક્ષાએ વિચારતા જો પદાર્થ અનુકૂળ લાગે તો તેના ગ્રહણનો ભાવ છે. જો તે પદાર્થ પ્રતિકૂળ લાગે તો જ તેના ત્યાગનો ભાવ છે. જો પરદ્રવ્ય એવું પ્રતિકૂળ ન લાગે તો તેનો સંગ્રહ કરવા માગે છે. તેને ગ્રહણ કરવા માગે છે. તેની સામે જ્ઞાનીનું હુંપણું પોતાના જ્ઞાયક સ્વભાવમાં છે. તેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન રૂપ પ્રજ્ઞારૂપ છે. અર્થાત્ તે જ્ઞાનમાં જે પરદ્રવ્ય જણાય છે. તે બધા મારાથી અત્યંત ભિન્ન છે એવો જ્ઞાનમાં વિવેક છે. તે ઉપરાંત પરના ત્યાગનો ભાવ છે. મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્દર્શન થતાં ત્યાં પણ પરના ત્યાગનો જ ભાવ છે. જ્ઞાનીને ચારિત્ર અપેક્ષાએ પરના ત્યાગનો જ ભાવ છે. એ રીતે સમજાવવા માગે છે. ખરેખર તો જ્ઞાની સાધક દશા રૂપે મોક્ષમાર્ગ રૂપે જ પરિણમે છે. તે સાધક દશાને ગુણભેદ દ્વારા સમજાવી હોય તો ઉપર પ્રમાણે સમજી શકાય છે.

ગાથા ૩૬૬ થી ૩૭૧ માં પણ જીવ અને પુદ્ગલનું અત્યંત ભિન્નપણું દર્શાવે છે. નવરાત્રીમાં ગરબામાં વપરાતા ઘડામાં મૂકેલા દીવાનો દૃષ્ટાંત આપે છે. દીવો બુઝાતા ઘડાને કાંઈ થતું નથી અને ઘડો તૂટે તો દીવાને કાંઈ થતું નથી. સિદ્ધાંતમાં જીવમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણ ગુણોની તન્મયતા લે છે. પુદ્ગલમાં કર્મ-શરીર અને સંયોગોની વાત છે. જીવના ગુણોનો પુદ્ગલના ગુણોમાં અભાવ છે અને પુદ્ગલના ગુણોનો જીવમાં અભાવ છે. તેથી જીવ છે તે સ્કંધોની તોડફોડ કરી શકતો નથી. એવો સંદેશો આપે છે. બે પદાર્થોની અત્યંત ભિન્નતા દૃઢ કરાવે છે.

ગાથા ૩૭૩ થી ૩૮૨ :- આ ગાથાઓનો ભાવ ઉંડાણથી સમજવા જેવા છે. પુદ્ગલ-સ્કંધની પાંચ રૂપી પર્યાયોનો અનુલક્ષીને કહે છે કે ફુલ કહેતું નથી. કે તું મને સૂંઘ. બીજી અપેક્ષાએ ફુલ કહેતું નથી કે તું મને જાણ એકમાં ભોગવટાની વાત છે. બીજામાં જાણવાની વાત છે. બાહ્ય રૂપી વિષયો જીવને ભોગવવાના ભાવ રૂપે પરિણમવા માટે કે પોતાને જાણવા માટે આમંત્રણ આપતા નથી. આટલી વાત વિષયો પક્ષે કહેવામાં આવી છે. સામે પક્ષે સંસારમાં જીવ બાહ્ય વિષયોને ભોગવવા માટે સામેથી તૈયાર છે એ વાત આવે તે કાંઈ આમંત્રણની રાહ જોવામાં માનતો નથી. ભોગવવાનો ઉગ્ર ભાવ આવે ત્યારે સામેથી ભોગવવા માટે તૈયાર થાય છે. જ્ઞે.જ્ઞા. સંબંધ સહજ છે. પરંતુ જીવે

અનાદિકાળથી પુદ્ગલને જાણ્યા છે તેથી પરનુંજાણપણું તેને સહજ છે. તો પણ તેને કર્તા ભોક્તા ભાવની જે અધિકતા છે. એવી ઉત્સુકતા માત્ર જાણવાના વિષયોમાં નથી. જ્યાં નિસ્બત ન હોય ત્યાં જાણવા પણ જતો નથી. હવે આનું વિશેષ પ્રયોજન વિચારીએ. માખી હંમેશા ઉડાઉડ કરે છે તે જ્યારે ગોળ ઉપર બેસે છે ત્યારે ત્યાં બેસી રહે છે. કોઈ તેને ત્યાંથી ઉડાડવાનો પ્રયત્ન કરે તો પણ તે ઉડતી નથી. પરંતુ ઘણીવાર માખી પોતાની મેળે પણ ગોળ ઉપરથી ઉડી જાય છે. આવા અનેક સંયોગી દૃષ્ટાંતો લઈ શકાય. હવે મૂળ પ્રશ્ન એ છે કે જીવને જ્યારે સ્વાનુભૂતિ થાય છે ત્યારે સ્વાભાવિક અતીન્દ્રિય સુખનો અનુભવ થાય છે. તે સ્વભાવના આશ્રયે – સ્વભાવમાંથી આવે છે. સ્વભાવ એ અક્ષય પાત્ર છે અનંત સામર્થ્યમાંથી પ્રત્યેક સમયે અનંત પર્યાયરૂપે પ્રગટ થાય તો પણ સામર્થ્ય તો એટલું ને એટલું જ રહે છે. આવા સુખનો અનુભવ કરનારને પૂર્વે ભોગવેલા બધા ભોગ તદ્દન નીરસ લાગે છે. તો પછી પ્રશ્ન એ છે કે નિર્વિકલ્પ દશા કેમ ટકતી નથી. ફરીને સવિકલ્પ દશામાં કેમ આવે છે ? વિકલ્પની ભૂમિકામાં અતીન્દ્રિય સુખ નથી. સાધક દશાને બાધા નથી આવતી પરંતુ અતીન્દ્રિય સુખનું અવેદન છે. જીવમાં પાછો પુરુષાર્થ વધારીને નિર્વિકલ્પ દશામાં આવી જાય છે. આવું ચાલ્યા કરે છે ક્યારેક અર્ધ પુદ્ગલ પરાવર્તન જેટલો લાંબો કાળ ચાલે છે.ઉપયોગ બહાર આવે ત્યારે કોઈને કોઈ વિષય સામે હોય છે. મુનિદશામાં વારંવાર સવિકલ્પ દશા આવે છે. તેથી અનેક પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. (૧) શું પુરુષાર્થ વારંવાર ઢીલા પડી જાય છે ? (૨) શું બાહ્ય વિષયોનું આકર્ષણ છે ? (૩) સ્વભાવનો ઘણો અનાદર કર્યો છે તેથી સ્વભાવ ઉપયોગને ટકવા દેતો નથી ? (૪) શું કાળલબ્ધિ અને ભવિ તવ્યતા ભાગ ભજવે છે ? (૫) શું અઘાતિકર્મોદય અનુસારએ સ્થિતિ આવે છે ?–વિશેષ રૂપે વિચાર એવો ભાવ આવે છે કે જો મુનિરાજ સાતમાના સાતિશયમાં આવે તો ધારા પ્રવાહરૂપ પુરુષાર્થને કારણે શ્રેણી આરોહણ કરી દે છે. દૃષ્ટાંત :– રનવે ઉપર ઉભેલું પ્લેન એન્જિન જોરથી ઘુમાવે છે. પછી દોડીને એરલીફટ કરે છે. તેમ મુનિ શ્રેણી આરોહણ માટે તૈયારી કરે છે. પરંતુ એમ લાગતું નથી. કારણ કે છઠ્ઠું–સાતમું વારંવાર આવે છે. જેમ દીવો બુજાવાની તૈયારીમાં હોય ત્યારે ઝબકારો વધી જાય છે તેમ ચારિત્ર મોહ અભાવ રૂપ થતાં પહેલા જોર અજમાવે છે. પરંતુ આ બધી .મુનિદશાની વાત છે. ચોથું ગુણસ્થાન ઘણું લાંબુ ચાલે છે.

ખરેખર તો આચાર્યદેવે આ બધી ગાથાઓ અજ્ઞાનીને સમજાવવા માટે લખી છે કે બાહ્ય વિષયો તને એના તરફ આકર્ષણ ઉભુ કરતા નથી. પ્રમેયત્વ ગુણ સામેથી માહિતી આપવા માગતું નથી. અજ્ઞાની ગમે તેટલી મહેનત કરે તો પણ તે પોતાનું સ્થાન છોડીને બહાર જઈ શકતો નથી. આ રીતે અજ્ઞાનીની માન્યતા અને એ પ્રમાણેનું આચરણ તદ્દન નિરર્થક છે.

ગાથા ૩૮૩ – ૩૮૪–૩૮૫ :– આ અધિકારમાં અત્યાર સુધી અજ્ઞાન દશાનું વિસ્તારથી વર્ણન કર્યું. અજ્ઞાનીને શુદ્ધાત્માની પ્રાપ્તિ ન થાય. મિથ્યાત્વની અસર નીચે તે સ્વભાવથી વિમુખ છે.તેને આત્મા પ્રત્યે અનંતાનુબંધીનો ક્રોધ છે. તેનું હુંપણું શરીરમાં જ છે. તેણે જ્ઞાન અને સુખને શરીરને પ્રાપ્ત ઇન્દ્રિયોમાં ખતવી દીધી છે તેથી તેને કોઈ મૂંઝવણ જ નથી. અત્યાર સુધીમાં એકાંતવાદી અજ્ઞાનીને સમજાવીને અનેકાંત વસ્તુ સ્વરૂપનો ખ્યાલ આપ્યો. જો એ પાત્ર જીવો તેને સમજે તો તે ગૃહિત મિથ્યાત્વ છોડે. પરંતુ આગૃહિત મિથ્યાત્વ ચાલુ જ રહે. તે જીવને હવે સાચે

માર્ગે આવવાની તક વિશેષ રહે છે. જો જીવ જૈન દર્શનનો યોગ્ય અભ્યાસ કરે તો તેનું બર્હિલક્ષી જ્ઞાન વધુ વ્યવસ્થિત થાય. જો તે ઊંડો અભ્યાસ કરે – આગમના અવલંબન અને ન્યાય યુક્તિ દ્વારા નિર્ણયાત્મક જ્ઞાન સુધી પહોંચી શકે. અનુમાન જ્ઞાન પણ અનુભવવત્ હોય ત્યાં સુધીનુ કામ થઈ શકે. આવી જ્ઞાનની ભુમિકા થાય ત્યાં સુધીમાં અગૃહિત મિથ્યાત્વ પણ મંદ પડતું જાય છે. પરંતુ જે ભાવે મિથ્યાત્વ મંદ પડે છે તે ભાવે તેનો અભાવ થતો નથી.

મિથ્યાત્વના અભાવ માટે જાત્યાંતર રૂપનો પુરુષાર્થ આવશ્યક છે. શાસ્ત્રમાં આવે છે કે બંધના કારણો–બંધનું સ્વરૂપ અને બંધના અભાવની રીત તેનો ખ્યાલ કરવા માત્રથી બંધનો અભાવ થતો નથી. દુશ્મનને મારવા તરવાર હાથમાં આવે એટલું પર્યાપ્ત નથી – તરવારથી દુશ્મનને મારવો જરૂરી છે.

સિદ્ધાંતમાં જીવ અને પુદ્ગલનું અત્યંત ભિન્નપણું જાણવું જરૂરી છે. અનેક જીવનના પ્રસંગોમાં લગાડીને મને ભોગની સામગ્રી પણ મળતી નથી. એનો નિર્ણય કરવો જોઈએ. મિથ્યાત્વ અનુસાર બાહ્ય વિષયોને ભોગવવાનો અભિપ્રાય રાખ્યો. તે અનાદિના ચારિત્ર અપેક્ષાએ ભોગવવાના ભાવો કર્યા. અભિપ્રાયમાં આખું વિશ્વ ભોગવવું હતું. પરંતુ સ્વભાવના અનાદરના કારણે શક્તિ હણાય ગઈ હોવાથી ચારિત્ર અપેક્ષાએ માત્ર એક બાહ્ય વિષયનું ગ્રહણ કરી શક્યો અને તેને ગૃદ્ધિભાવથી ભોગવીને સંતોષ માન્યો. અભ્યાસ બાદ હવે તેને ખ્યાલ આવ્યો કે આખું વિશ્વ તો ઠીક એક પરદ્રવ્ય પણ ભોગવી શકાતું નથી. જેમ પરમાણુ સ્કંધ રૂપ થઈને સલુકાઈથી જુદો પડી જાય છે. તેમ સ્કંધો (ભોગની સામગ્રી) શરીર અને જીવના ક્ષેત્રમાં ખરેખર તો આકાશના એક ક્ષેત્રે–જીવ–શરીર અને સંયોગ એક ક્ષેત્રાવગાહ સંબંધમાં આવે છે. ત્યારે પણ તે બધાના અસ્તિત્વ–ક્ષેત્ર અને સ્વભાવ ભિન્ન જ રહે છે. તે ભોગની સામગ્રી થોડો સમય એક ક્ષેત્રાવગાહ રહીને સલુકાયથી દૂર થઈ જાય છે. આકાશના એક ક્ષેત્રે સામાન્ય એક ક્ષેત્રાવગાહ સંબંધ હોય–વિશિષ્ટ એક ક્ષેત્રાવગાહ (શરીર) હોય કે ઉભયબંધ (કર્મ) હોય તો પણ બધા પદાર્થો અત્યંત ભિન્ન જ રહે છે.જો એકપણ પદાર્થ જીવને મળતો નથી તો આખા વિશ્વનો પ્રશ્ન જ નથી માટે મિથ્યાત્વ અનુસારની માન્યતા મૂળમાં જ ખોટી છે.

જેમ પરમાણુ સ્કંધમાંથી છૂટો પડી જાય છે. જેમ સ્કંધ જીવના ક્ષેત્રથી જુદો પડી જાય છે. એવી જ રીતે જીવે સલુકાઈથી જવું જોઈએ. હું બધાથી જુદો છું. એનો નિર્ણય જરૂરી છે. જેમ ઝાળની વચ્ચે બેઠેલો કરોળીયો સહેલાઈથી ઝાળથી જુદો પડી જાય છે. તેમ જીવે પણ એ રીતે જુદા પડી જવું જોઈએ. હું એક અરૂપી જ્ઞાયક પદાર્થ છું. એમ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ–દ્રવ્ય તરીકેનું અસ્તિત્વ છે. માત્ર જ્ઞાન ગુણ કે સમજણની ક્રિયાને જુદી લક્ષમાં લેવાનું નિરર્થક છે. ભલે આપણા ક્ષયોપશમ અનુસાર ગુણ અને તેની પર્યાયમાંથી મળે પરંતુ તે બધા ગુણોને અને બધી પર્યાયોને દ્રવ્યમાં અંતર્લીન કરીને દ્રવ્ય સ્વભાવ સુધી પહોંચવું જરૂરી છે.પ્રથમ ગુણની પર્યાયોને અભેદ કરીને જીવની પર્યાયમાં આવવું અને પછી જીવ સ્વભાવ સુધી પહોંચવું આ રીતે જીવે પોતે સમસ્ત પુદ્ગલથી વિમુખ થઈને સ્વભાવમાં આવવું જોઈએ.

આ ગાથાઓ તો પ્રતિક્રમણ–પ્રત્યાખ્યાન અને આલોચનાની છે. આપણે જે વિચાર્યું અને વર્તમાનમાં શું કરવાનું છે તે પ્રમાણે કરીએ તો શાસ્ત્રભાષામાં તે આલોચના છે. ખરેખર જે કામ થાય છે તે વર્તમાનમાં જ થાય છે. તેથી

જીવ વર્તમાનમાં સ્વભાવમાં સ્થિત રહે તે આલોચના છે. તે સમયે કોઈને કોઈ કર્મોદય હોય છે અને બાહ્યમાં કોઈ સંયોગો હોય છે. અજ્ઞાનભાવે તેમાં જોડાતો હતો તેના સ્થાને તે સ્વભાવમાં એકાગ્ર રહે છે અને એ રીતે બાહ્યથીજુદો પડે છે. વર્તમાનની આલોચનાના આશ્રયે જ પ્રતિક્રમણ-પ્રત્યાખાનની વાત આવે છે. અર્થાત્ ભૂતકાળમાં જેવી ભૂલ તે કરતો હતો. તે હવે કરતો નથી તેને પ્રતિક્રમણ અર્થાત્ ભૂતકાળની ભૂલોથી પાછો ફર્યો એમ કહેવામાં આવે છે. અજ્ઞાની જીવો પર ઉપર આક્રમણ કરતા હતા – તેની નિરર્થકતા જાણીને એવી ભૂલથી પાછા ફરવું તે પ્રતિક્રમણ છે. જે વર્તમાનમાં ભૂલ કરતો નથી તે ભવિષ્યમાં પણ નહીં કરે. જે વર્તમાનમાં પર ઉપર આક્રમણ કરતો નથી. તે ભવિષ્યમાં પણ નહીં કરે તેને પ્રત્યાખ્યાન કહે છે. એક વિશેષતા-જે વર્તમાનમાં આલોચના કરે છે તે નવું કર્મ બાંધતો નથી. જો કર્મ બન્યું જ નથી તો ભવિષ્યમાં ઉદયમાં આવવાનો પ્રશ્ન જ નથી. તે અપેક્ષાએ ભવિષ્યમાં તેણે સંયોગોથી જ વિમુખ થવાનું રહે છે.

જ્ઞાનીનું આ પ્રકારનું આચરણ તે સમ્યગ્ચારિત્ર છે.

ગાથા ૩૮૭-૩૮૮-૩૮૯ :- આ ગાથાઓમાં ભોગવટા પ્રધાની અજ્ઞાની જીવનો ઉપયોગ કઈ રીતે કામ કરે છે તે સમજાવે છે. પરંતુ આચાર્યદેવ એના દ્વારા જીવ ચેતન ગુણ પાસેથી કઈ રીતે કામ લેવું તે સમજાવવા માગે છે. ગાથામાં જે પોતાના ઉપયોગને અજ્ઞાનરૂપ કરે છે તે અઘાતિકર્મના ફળ અનુરૂપ જે બાહ્ય સંયોગ રૂપ ભોગ સામગ્રી મળે છે. તેના તરફ કેવી જાતનું વલણ રાખે છે તેનું વર્ણન કરે છે. (૧) જે કર્મફળને ભોગવે છે તે પોતાના ઉપયોગને ખરેખર તો પોતાના આત્માને કર્મફળ રૂપ કરે છે. અર્થાત્ બાહ્ય વિષયો સાથે ગૃદ્ધિ ભાવથી જોડાય છે. (૨) જે ઉપરોક્ત પ્રમાણે સંયોગોને ભોગવે છે તે એવું માને છે કે મે મારી હોશિયારીથી આવા સંયોગો મેળવ્યા. (૩) જે વિષયોને ભોગવતા સુખ દુઃખનો અનુભવ કરે છે. તે તે જ સમયે આઠ પ્રકારના નવા કર્મોને બાંધે છે. સાદા શબ્દો દ્વારા સમજીએ તો જે વર્તમાનમાં મોહ-રાગ-દ્વેષ રૂપે પરિણમે છે તે જ સમયે બાહ્યની સંયોગરૂપ સામગ્રીને ભોગવે છે. પોતાના વિભાવને કારણે નવા કર્મનો બંધ પણ અવશ્ય થાય છે. આ બધા નિ.નૈ. સંબંધો છે. વિશેષ સ્પષ્ટતા (૧) જીવના વિભાવમાં સંયોગો અને તેનો ભોગવટો નિમિત્ત નથી. વિભાવમાં નિમિત્ત મોહનીય કર્મોદય છે. (૨) બાહ્ય વિષયોનો ભોગવટો નવા દ્રવ્યબંધનું કારણ નથી – જીવનો વિભાવ નવા કર્મબંધમાં નિમિત્ત છે. (૩) જીવના વર્તમાનભાવ અનુસાર વર્તમાનની સંયોગરૂપ સામગ્રી નથી. સંયોગોમાં નિમિત્ત અઘાતિ કર્મોદય છે. (૪) અઘાતિ કર્મોદય અનુસાર જીવને સુખ દુઃખ નથી થતા-કર્મોદય મારફત માત્ર શરીર અને સંયોગો મળે છે. (૪) જીવને સુખ દુઃખનું કારણ વિષયો અને સંયોગો નથી ઈચ્છાનો ભાવ દુઃખ રૂપે વેદાય છે અને ખરેખર ઈચ્છા અટકે છે તે સુખનું કારણ થાય છે. હવે ચેતન ગુણના પરિણામનો વિચાર કરીએ. આ ગાથાઓ પહેલાના ૨૨૪માં કળશમાં ચેતન જાગૃતિ શું છે તે સમજાવ્યું છે. કોઈ એક વિષય ઉપર હિતબુદ્ધિપૂર્વક એકાગ્રતા કરવી તે ચેતન ગુણનું કાર્ય છે. જ્યાં જીવને સુખ ભાસે છે. ત્યાં ચેતન જાગૃત થાય છે. અજ્ઞાનીની વિભાવ પર્યાયમાં જીવને સુખ ભાસે છે. તેથી તે વિભાવ રૂપે પરિણમે છે. આમ હોવાથી અજ્ઞાની જીવની ચેતન જાગૃતિ પોતાના વિભાવ ભાવ ઉપર છે. વિભાવ ભાવ સ્વભાવથી વિરુદ્ધ હોવાથી વિભાવ કહેવાય છે. તે અશુદ્ધ છે. તેથી અજ્ઞાનીની ચેતના-અજ્ઞાનચેતનાના નામ પામે છે. વિભાવ ભાવને સીધો સંબંધ કોઈ એક બાહ્ય સંયોગ સાથે છે. દરેક સમયે થતા

રાગનો તે સમયે એક બાહ્ય વિષય અવશ્ય હોય છે. આ રીતે અજ્ઞાનીની ચેતન જાગૃતિ વિભાવ સાથે સંયોગો ઉપર કર્મ ફળ ઉપર જાય છે. તેથી તે ચેતન પર્યાય તેના વિષયના અનુસંધાને કર્મ ફળ ચેતના નામ પામે છે.

સંજ્ઞી જીવને જ્યારે કાંઈ સંયોગ ઉપર નારાજગી થાય અથવા કોઈ સામગ્રીથી પોતે ખુશ થાય ત્યારે ક્યારેક વિચારવા લાગે છે કે આ પ્રમાણે કેવી રીતે થાય છે. ત્યારે તેનું ધ્યાન અઘાતિ કર્મ તરફ જાય છે. પુણ્ય પ્રકૃતિ તેને આનંદનું કારણ થાય છે. ત્યારે તેટલો સમય તે જીવની ચેતન જાગૃતિ પણ ત્યાં છે. તેને કર્મ ચેતના કહેવાય છે. આ રીતે કર્મચેતના અને કર્મફળ ચેતનાનો સમાવેશ અજ્ઞાન ચેતનામાં થાય છે. પાત્ર જીવને જ્યારે ખરેખર સંસાર દુઃખ રૂપ લાગે છે ત્યારે તે પોતાનો મૂળ સ્વભાવ શું છે ત્યાં નજર કરે છે. વિભાવને કરે એવો કોઈ સ્વભાવ કોઈ જીવમાં નથી. બધા જીવો જ્ઞાન સ્વભાવી છે. જે પાત્ર જીવપોતે જ્ઞાન સ્વભાવી નિર્મળ જ્ઞાયક જ છે. એવો નિર્ણય કરીને તેમાં હુંપણું સ્થાપી તેનો આશ્રય કરે છે. તે મોક્ષમાર્ગમાં આવી આત્મ કલ્યાણના માર્ગે ચડી જાય છે. આ રીતે જે પોતે જ્ઞાયક સ્વભાવી થાય છે. ત્યારે તે જીવની ચેતન જાગૃતિ પણ પોતાના જ્ઞાન ઉપર જ્ઞાયક ઉપર સ્થિત થાય છે. તે ચેતનની પર્યાયને જ્ઞાન ચેતના કહે છે- અસ્તિપણે જ્ઞાન ચેતનારૂપે પરિણમેલો જીવ હવે સકળ કર્મના તથા કર્મફળના ત્યાગની ભાવનાને નચાવે છે.

દોષ-વિભાવ કેટલી રીતે થાય એ ફરી સ્મરણમાં લઈએ. કરવું-કરાવવું અને અન્ય કરનારને અનુમોદન આપવુ. પછી બીજા ત્રણ-મનથી-વચનથી-કાયાથી. એ બધાને ત્રણ કાળ-ભૂત-વર્તમાન અને ભવિષ્યમાં લગાડવાથી સંપૂર્ણ ચિત્ર ખ્યાલમાં આવે છે. સર્વપ્રથમ આલોચનાનું કાર્ય થાય છે. વર્તમાનમાં કોઈ કર્મોદય છે અને બાહ્યમાં સંયોગ પણ છે. પરંતુ પોતે વિભાવ કરતો નથી. બીજાને વિભાવ કરવાનો ઉપદેશ આપતો નથી. કે સ્વયં સ્વતંત્રપણે વિભાવરૂપે પરિણમનારને અનુમોદના આપતો નથી. મનથી-વચનથી-કાયાથી આ બધાના સંબંધ વિશેષો ૪૯ થાય છે.

જે વર્તમાનમાં આ રીતે જ્ઞાયકનો આશ્રય લે છે તે હવે પોતે ભૂતકાળમાં કરેલા દોષોને યાદ કરીને તેનું મમત્વ છોડે છે. પોતે પૂર્વે કરેલી ભૂલનું દુઃખ થાય છે. પરંતુ જે સત્ પડી ચૂક્યું છે. તે વ્યર્થ નથી જતું. તેથી ભૂલનો એકરાર કરીને સંતોષ માને છે. પોતે વર્તમાનમાં જે રીતે સ્વભાવનો આશ્રય લઈ રહ્યો છે. તે જ પ્રકારે ભવિષ્યમાં પણ લેશે એવો દૃઢ સંકલ્પ કરે છે. આમ છતાં તેને સ્પષ્ટ ખ્યાલ છે કે ભવિષ્યનો થોડો સમય પુરુષાર્થની કચાશના કારણે અને એ અપેક્ષાએ કર્મની બળજોરીના કારણે ભવિષ્યમાં થોડો સમય ક્ષીણ થતો જતો વિભાવ દૃશ્યમાન થશે. તેથી પહેલેથી જ વિશેષ જાગૃતિ રાખી વિશેષરૂપે સ્વભાવનું અવલંબન લે છે.

કર્મનો ત્યાગ કર્યા પછી (કથન અપેક્ષાએ) અર્થાત્ સાથો સાથ તે ૧૪૮ કર્મના ફળનો ત્યાગ કરે છે. કર્મ અને કર્મફળ બધું પુદ્ગલ જ છે. એથી જ્ઞાનીને સમસ્તનો ત્યાગ વર્તે છે. અભિપ્રાયમાં સર્વનો એકી સાથે ત્યાગ કર્યા બાદ ચારિત્ર અપેક્ષાએ ત્યાગ કરે છે. પ્રત્યેક સમયે કર્મ ઉદયમાં આવીને ફળ આપે છે. ઘાતિકર્મ ઉદયમાં આવે છે. તેમ અઘાતિ કર્મ પણ સંયોગ રૂપ સામગ્રી હાજર કરે છે. જ્ઞાની એ વર્તમાન સમયે સ્વરૂપમાં લીન રહે છે અને તેને કર્મફળનો ખ્યાલ પણ નથી. વળી સવિકલ્પ દશામાં કર્મ ફળ જ્ઞાનીના જ્ઞાનમાં જણાય છે. ત્યારે જ્ઞાની તેના ત્યાગની ભાવનાને નચાવે છે અને એ

રીતે ભાવ નિર્જરા કરે છે.

આ પ્રમાણે જીવ કર્મતંત્રથી પોતાને જુદા પાડે છે. ખરેખર વિચાર કરીએ તો જીવની બધી પ્રવૃતિ કર્મ તંત્ર સાથે જ જોડાયેલા છે. પરંતુ અજ્ઞાની પોતાને શરીર અને સંયોગો સાથે સંબંધ છે. થનારા છે એમ માનીને જીવન જીવે છે.

ગાથા ૩૯૬ થી ૪૦૪ :- જીવ કર્મથી જુદો છે. ઉભય બંધને પ્રાપ્ત હતો તેમાંથી જીવ પોતે કર્મથી વિમુક્ત થયો. કર્મની અપેક્ષાએ શરીર અને સંયોગો તો પ્રત્યક્ષ રૂપે જુદા લક્ષગત થાય છે. તેથી જે કર્મ વિમુક્ત થાય છે તે શરીર અને સંયોગોથી પણ જુદો પડે છે. આ ગાથાઓમાં જીવ બધાથી જુદો છે એમ લેવાને બદલે જ્ઞાન બધાથી જુદુ પડે છે એમ લીધું છે ત્યાં જ્ઞાન એટલે અભેદપણે આત્મા એમ જ લેવાનું છે. જ્ઞાન ચેતનામાં પણ ચેતન જાગૃતિ આત્મા ઉપર જ છે. આત્મા એટલે આખો જ્ઞાયક-નિર્મળ જ્ઞાયક. આ રીતે આચાર્યદેવ શુદ્ધાત્મા દર્શાવવા માગે છે.

ગાથા ૪૦૫ થી ૪૧૪ :- આત્માને શરીર જ નથી, આહાર જ નથી. એ રીતે દ્રવ્યલિંગ છે તે મોક્ષનં કારણ નથી એ સમજાવવા માગે છે.

સર્વ વિશુદ્ધ જ્ઞાન અધિકાર પૂર્ણ થાય છે. ત્યારે ફરી આપણે આ અધિકારનું પ્રયોજન વિચારીએ. પાત્ર જીવ આત્મકલ્યાણ કરે એ હેતુ પ્રયોજન છે. શુદ્ધાત્મ સ્વરૂપને જાણી તેમાં હુંપણું સ્થાપી તેનો આશ્રય લેવાનું પ્રયોજન છે. અનાદિના દર્શન મોહનીય કર્મોદય સાથેના સંબંધ તોડવાથી આ શક્ય બને છે. જીવ અને પુદ્ગલ બે તદ્દન વિરોધી પદાર્થો છે. પરંતુ મિથ્યાત્વની અસર નીચે તેમને એક માનવામાં આવે છે. તેથી સર્વ પ્રથમ જીવ અને પુદ્ગલના અનાદિથી અનંતકાળ સુધીના પ્રવાહો અસ્ખલિતપણે વ્યવસ્થિત ચાલ્યા જાય છે. તેની સ્થાપના કરવામાં આવી છે. જો આ સિદ્ધાંત આત્મસાત થાય તો બે પદાર્થોને એક માનવાની ભુલ ન થાય. જો જીવ પોતાના જ્ઞાયક સ્વભાવની મર્યાદામાં આવી જાય અને મોહનીય કર્મોદયમાં ન જોડાય તો ત્યારથી મોક્ષમાર્ગ શરૂ થઈ જાય અને જીવ મુક્ત થાય પછીની ગાથાઓમાં અનેક વિધ દૃષ્ટાંતો દ્વારા અનાદિથી ચાલતું સંસાર ચક્ર દર્શાવ્યું. સ્વભાવ અને વિભાવ પર્યાય વચ્ચે પ્રજ્ઞા છીણીનો ઉપયોગ કરીને જે રીતે જીવ કર્મ તંત્રથી જુદો પડે છે – એ જ પ્રકારે તે શરીર અને બાહ્ય સંયોગોથી જુદો પડે છે – ભાવલિંગ દશાએ પહોંચવામાં આવે ત્યારે બાહ્ય દ્રવ્યલિંગ અનિવાર્ય હોવા છતાં દ્રવ્યલિંગ મોક્ષનું જરાપણ કારણ નથી એવી સ્પષ્ટતા કરી. સ્વભાવને ગ્રહણ કરી તેમાં ટકવાની વાત કરી પરંતુ સ્વભાવ જણાતો જ નથી તેનું સમાધાન થયું નથી. હવે આપણે આપણી રીતે વિચારીએ તો જ્ઞે.જ્ઞા. સંબંધ પાસે કાંઈક માર્ગ મળે એવું લાગે છે. આપણે જ્યારે પરજ્ઞેયને જાણીએ છીએ જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર લક્ષમાં આવે છે. તેનો અભ્યાસ કરવાથી પરજ્ઞેયનો સ્વભાવ જાણી શકાય છે. પરદ્રવ્ય એના સ્વભાવને અનુરૂપ જ્ઞેયાકાર પર્યાયરૂપે પરિણમે છે. એ રીતે જો જ્ઞાનની પર્યાય પોતાને સ્વજ્ઞેય બનાવે તો તે પર્યાય જ્ઞાનાકાર થાય. અર્થાત્ જેવો પોતાનો-જ્ઞાયકનો સ્વભાવ લક્ષગત થાય. ત્યારે વિચારવામાં આવે કે ભલે સ્વભાવ પર્યાયમાં ન આવ્યો તો પણ જ્ઞાનાકાર જ્ઞાનમાં જ્ઞાયકના સ્વભાવનું જાણપણું અવશ્ય થયું. આ રીતે આચાર્યદેવ આપણને આપણી જ સ્વભાવ સન્મુખની પર્યાય દ્વારા શુદ્ધાત્મા દર્શાવે છે.

# ભવ્ય જીવનો ઈતિહાસ - જ્ઞાનની મુખ્યતાથી

**બધા જીવો સર્વજ્ઞ સ્વભાવી**

↓

અનાદિથી અજ્ઞાન દશા ઉપયોગાત્મક : શ્રુતજ્ઞાન – આવરણયુક્ત જ્ઞાન
અલ્પજ્ઞ દશા – નય જ્ઞાન
એક સાથે એક વિષયનું જ્ઞાન
જ્ઞાનનો વિષય પર દ્રવ્ય – મુખ્યપણે પુદ્‌ગલ સ્કંધો

સ્વાનુભૂતિ
સમ્યગ્દર્શન } શુદ્ધોપયોગ દશા
સમ્યગ્જ્ઞાન } નિર્વિકલ્પ દશા
સમ્યકચારિત્ર } સ્વાત્માનું વેદનપૂર્વક જ્ઞાન

સાધક દશા ઉપયોગાત્મક → નિર્વિકલ્પ દશા | સવિકલ્પ દશા
ભાવશ્રુત પ્રમાણ જ્ઞાન | સ્વાત્માનું જ્ઞાન + પરનું જ્ઞાન
સ્વપ્રકાશક દશા | સ્વ અને પરના અત્યંત ભિન્નપણાનો વિવેક
આત્મજ્ઞાનની મુખ્યતા
પરનું જાણપણું ગૌણ રૂપે

બંને પ્રકારનું જ્ઞાન – એક પછી એક થાય છે.
સાથે નથી હોતું

પરમાત્મ દશા → સર્વજ્ઞ દશા | જ્ઞાનનો વિષય – આખું વિશ્વ
સહજ | કેવળ જ્ઞાન | સાદશ્ય અસ્તિત્વ સત્તા
અનુપયોગાત્મક | યુગપદ જ્ઞાન | બધા પદાર્થોને – તેના ત્રણ કાળના
પ્રમાણ જ્ઞાન | ઈતિહાસ રૂપે – એક સમયમાં – યુગપદ જાણે છે.

જ્ઞપ્તિ પરિવર્તન નથી
જ્ઞાનના વિષયો બદલાતા નથી

કેવલ જ્ઞાનને જાણનારા → નિશ્ચય નયે પરમાત્મા પોતાને અભેદરૂપે જાણે છે.
અલ્પ જ્ઞાની | વ્યવહાર નયે આખા વિશ્વને જાણે છે.

# ભવ્ય જીવનો ઈતિહાસ - વિભાવની મુખ્યતાથી

| | | |
|---|---|---|
| અનાદિથી | શ્રદ્ધા ગુણ<br>મિથ્યાત્વ | ચારિત્ર ગુણ<br>રાગ – દ્વેષ<br>શુભ – અશુભ<br>ઈચ્છા – ભોગવટા } આ ત્રણ જોડકામાં બંનેમાંથી એક હોય છે. મિથ્યા ચારિત્ર |
| સમ્યગ્દર્શનની પ્રગટતા | મિથ્યાત્વનો અભાવ<br>સમકિતની પ્રાપ્તિ | અનંતાનુબંધી કષાયનો અભાવ<br>સમ્યકચારિત્ર |
| સાધક દશા<br>શ્રાવક દશા | – | અપ્રત્યાખ્યાન કષાયનો અભાવ |
| મુનિ દશા | – | પ્રત્યાખ્યાન કષાયનો અભાવ |
| શ્રેણી આરોહણ | – | સંજવલન કષાયનો ક્રમશઃ અભાવ<br>કષાયનો અભાવ |
| ક્ષીણ મોહ દશા | – | કષાયનો સર્વથા અભાવ<br>યોગનો સદ્‌ભાવ |
| પરમાત્મ દશા | – | ભાવઘાતિ કર્મો અને<br>દ્રવ્યઘાતિ કર્મોનો અભાવ |
| સિદ્ધ દશા | – | જીવના વિભાવમાં નિમિત્ત એવા<br>સર્વ કર્મોનો સર્વથા – કાયમ માટે અભાવ |

# ભવ્ય જીવનો ઈતિહાસ
# શ્રુતજ્ઞાન ઉપર વિભાવ ભાવની અસર

| | | | | |
|---|---|---|---|---|
| અજ્ઞાનીનું જ્ઞાન | → | આત્માનું અજાણપણું<br>જ્ઞાન આત્માથી વિમુખ | ← | ભાવ મિથ્યાત્વની અસર |
| | | સમ્યજ્ઞ દશા<br>એક સમયે એકનું જ્ઞાન | ← | રાગ-દ્વેષ ચારિત્રનો દોષ |
| સાધક દશા | → | નિજાત્માનું<br>વેદનપૂર્વક જ્ઞાન | ← | મિથ્યાત્વનો અભાવ<br>સમક્તિની પ્રગટતા |
| | | અલ્પજ્ઞતા ચાલુ | ← | રાગનો સદભાવ - પ્રભાવ |
| સાધકની<br>નિર્વિકલ્પ દશા | | ઉપયોગાત્મક પણે<br>માત્ર આત્માનું જ જ્ઞાન<br>અનુભૂતિ શુદ્ધોપયોગ | | |
| સાધકની<br>સવિકલ્પ દશા | | આત્માનું જ્ઞાન-સ્વરૂપ<br>પણ પરિણતિ રૂપ અને મુખ્ય | | પરનું ઉપયોગાત્મક જ્ઞાન<br>પરનું પરરૂપે જ્ઞાન<br>સ્વ પરના વિવેક રૂપ જ્ઞાન<br>ઉપયોગાત્મક હોવા છતાં ગૌણ રૂપ |
| ક્ષીણ મોહ દશા | | અલ્પજ્ઞતા ચાલુ<br>જ્ઞપ્તિ પરિવર્તનનો અભાવ | | આવરણનો સર્વથા અભાવ |
| પરમાત્મ દશા | | સર્વજ્ઞ દશાનો સદભાવ<br>અલ્પજ્ઞતાનો અભાવ<br>શ્રુતજ્ઞાનનો અભાવ | | ભાવઘાતિ કર્મો તથા તેનાં નિમિત્તરૂપ<br>ચાર દ્રવ્યઘાતિ કર્મોનો કાયમ માટે અભાવ |

# ભવ્ય જીવનો ઈતિહાસ - વિભાવના અભાવની રીત

| | | |
|---|---|---|
| અજ્ઞાન દશા | → | મોહ-રાગ-દ્વેષ રૂપ પરિણામો આસ્રવ-બંધ તત્વ |
| સાધક દશા | → | સંવર-શુદ્ધ પર્યાયની પ્રગટતા અને ક્રમમાં વૃદ્ધિ<br>મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો અભાવ<br>નિર્જરા-દ્રવ્ય કર્મનું ખરવું - નવા દ્રવ્ય કર્મ બનતા અટકે<br>આસ્રવ-બંધ તત્વોનો ક્રમશઃ અભાવ થવો |

**અશુદ્ધતાનો અભાવ સમજવાની બે રીત**

| | | |
|---|---|---|
| સૂક્ષ્મ પ્રવાહ | → | અશુદ્ધતાના અંશો ઘટતા જાય છે<br>હિંસાના ભાવ - સાતમી નરકનું આયુષ્ય બંધાય - તે ઘટતા ઘટતા<br>છેલ્લે માત્ર વનસ્પતિનો આહાર - આ રીતે ધીમી પ્રક્રિયા |
| સ્થૂળ અપેક્ષા | → | શ્રાવક દશા - અપ્રત્યાખ્યાન ભાવનો અભાવ<br>મુનિ દશા - પ્રત્યાખ્યાન ભાવનો અભાવ<br>શ્રેણી આરોહણ - સંજ્વલન કષાયનો ક્રમશઃ અભાવ<br>નોકર્મનો અભાવ |
| સૂક્ષ્મ પ્રવાહ | → | અશુદ્ધતા રૂપ અશુભ ભાવના અભાવની સાથોસાથ<br>સાપેક્ષતાથી અશુદ્ધતા રૂપ શુભ ભાવની વૃદ્ધિ |
| સ્થૂળ પ્રવાહ | → | એક પછી એક કષાયનો અભાવ થાય છે ત્યારે તે કષાયને<br>યોગ્ય શુભ-અશુભ બંને ભાવોનો અભાવ થાય છે<br>વૈરાગ્યની ભૂમિકા-બાહ્ય વિષયોનો પણ ત્યાગ જોવા મળે છે. |
| ક્ષીણ મોહ દશા | → | વિભાવનો સર્વથા અભાવ |
| અરિહંત દશા | → | ચાર ભાવકર્મો તથા ચાર ઘાતિકર્મોનો અભાવ |
| ભાવમોક્ષ દશા | → | ચાર અઘાતિ કર્મો તથા કર્મોદય અનુસાર શરીર અને<br>સંયોગોનો સદભાવ યોગનો સદભાવ |
| સિદ્ધ દશા | → | યોગ તથા શરીરનો અભાવ<br>અઘાતિ કર્મોનો કાયમ માટે અભાવ |

# ભવ્ય જીવનો ઈતિહાસ
# વિભાવના અભાવની પ્રયોગાત્મક રીત

અંતરંગના અનેકાંતપૂર્વક અસ્તિ-નાસ્તિ અનેકાંતનું જ્ઞાન. છ દ્રવ્યોનું સમાનપણું અને એકબીજાથી અત્યંત ભિન્નપણાનું જ્ઞાન. અંતરંગમાં અનેકાંતરૂપ નિજાત્માનું જ્ઞાન - તે પૂર્વક પ્રયોજનવશ નિર્ણયાત્મક જ્ઞાનમાં દ્રવ્ય સામાન્ય સ્વભાવનેઅપરિણામિ દૃષ્ટિથી જોવામાં આવે તે હું છું એવું જ્ઞાન.

આવા નિર્ણયાત્મક જ્ઞાનનો શ્રદ્ધાની કસોટી પૂર્વક સ્વીકાર.

દેહાધ્યાસ છોડીને જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપવા રૂપ શ્રદ્ધાનું કાર્ય.

સ્વભાવમાં વિભાવ પરિણામ નથી- વિભાવનું કારણપણ નથી એવો નિર્ણય આ સ્વભાવના જ્ઞાન-શ્રદ્ધાનપૂર્વક-સ્વરૂપલીનતા-તે શુદ્ધોપયોગ આ સ્વભાવના આશ્રયે પ્રગટતી જ્ઞાતાધારામાં આવરણ છે. અલ્પજ્ઞતા છે પરંતુ વિપરીતતા નથી.

તે જ્ઞાતા ધારામાં સમસ્ત વિભાવનો મૂળમાંથી નાશ કરવાની શક્તિ છે. બે પદાર્થો તદન ભિન્ન જ છે. એવા જ્ઞાનમાં - બે પદાર્થ એક છે એવી માન્યતા રૂપ મિથ્યાત્વનો નાશ કરવાનું સામર્થ્ય છે.

બે પદાર્થના અત્યંત ભિન્નપણા રૂપ વિવેકી જ્ઞાનના કારણે તથા શ્રદ્ધામાં પર દ્રવ્યના ત્યાગનો નિર્ણય - ચારિત્રની પર્યાયમાં રહેલા વિભાવને દૂર કરે છે.

ચારિત્રમાં કર્તૃત્વ ભાવ સાથે આત્માની અકર્તૃત્વ શક્તિ અને ભોગવવાના ભાવ સામે અભોક્તૃત્વ શક્તિને કામે લગાડવાથી કાર્ય સુગમ થાય છે.

સ્વરૂપલીનતા વધતા - શુદ્ધોપયોગની વૃદ્ધિ થતાં જે અતીન્દ્રિય સુખનો અનુભવ થાય છે. તે વિકલ્પની ભૂમિકામાં રહેતો નથી. તેથી સાધક વિકલ્પ તોડીને નિર્વિકલ્પ દશામાં જવા માટે પુરુષાર્થ ઉપાડે છે. જ્ઞાતા ધારાની પૂર્ણતા - સર્વજ્ઞતા પ્રગટતા પહેલા સંપૂર્ણ વિભાવનો અભાવ થાય છે. વિભાવરૂપ આવરણ દૂર થતા સર્વજ્ઞ દશા પ્રગટે છે.

# ભવ્ય જીવનો ઈતિહાસ
# વૈભાવિક શક્તિની અસર

અનાદિકાળથી જીવના પરિણામ ઉપર વૈભાવિક શક્તિની અસર છે. વૈભાવિક શક્તિ એટલે વિભાવરૂપે પરિણમવાની પર્યાયની યોગ્યતા તે અનુસાર જે પરિણામ થાય તે અશુદ્ધ અને નૈમિતિક હોય. તેમાં નિમિત્ત પણ દ્રવ્યકર્મોદયરૂપ પુદ્ગલની વૈભાવિક શક્તિ અનુસાર જ થતાં દ્રવ્યકર્મો જ હોય.

વિભાવમાં શુદ્ધ દ્રવ્ય-શુદ્ધ ગુણો કે શુદ્ધ પર્યાય નિમિત્ત ન જ હોય. વૈભાવિક શક્તિ અનુસાર શ્રદ્ધા અને ચારિત્રગુણની પર્યાયમાં જ અશુદ્ધતા થાય છે.

વૈભાવિક શક્તિની અસર બધા પરિણામમાં જોવા મળે છે. ચાર ભાવાંતરોએ વૈભાવિક શક્તિની દેન છે.

પ્ર. ચાર ભાવાંતરોમાં માત્ર ઔદયિક ભાવ જ અશુદ્ધ છે. અન્ય ત્રણ તો શુદ્ધતા રૂપ છે. તે પરમ પારિણામિક ભાવ છે તે ચાર ભાવાંતરોને અગોચર છે તેમ કઈ રીતે કહી શકાય ?

ઉ. આત્મા સ્વભાવ સન્મુખના જ્ઞાન દ્વારા જ ગોચર થાય છે જણાય છે. ચાર ભાવાંતરોને જ્ઞાન સાથે સંબંધ નથી. શ્રદ્ધા અને ચારિત્રના પરિણામ સાથે સંબંધ છે.

વિભાવ કરવો - શરીર ઉપર કાદવ નાખવો અને પછી ધોવા બેસવું એ બધું એક નીચે જ આવે છે.

વળી સ્વભાવને જાણી, તેમાં હુંપણું સ્થાપી તેનો આશ્રય કરવાથી જ જ્ઞાતા ધારા પ્રગટ થાય છે અને તેનાથી વિભાવનો અભાવ થાય છે. અસ્તિપણે જ્ઞાયકનું જ્ઞાન અને જ્ઞાયકનું અવલંબન - તેના ઉપર જ વજન આપવા જેવું છે. તેના ફળ ઉપર - નાસ્તિના કાર્ય ઉપર વજન આપવા જેવું નથી.



શ્રી નંદીશ્વર જીનાલય - રાજકોટ

# સુવર્ણપુરી તીર્થધામ

